

# બાલમુનિની સમાધિ યાત્રા

# સમાધિ મરણ






આ મૌનની ભાષામાં,
તમે કેવું બોલી જાઓ છો ?...
આંખોથી વાતો કરીને,
મનમાં વસી જાઓ છો !...

આ નબળી કાયા છે તો પણ,
કર્મોને સામા થાઓ છો,
બાળમુનિનું નામ ધરીને,
મહામુનિ થઈ જાઓ છો !...

સદ્ગુરુને શ્રીકૃષ્ણ કરીને,
પોતે અર્જુન થઈ જાઓ છો...
સમાધિ-રાધાવેધ સાધી,
જીવન જીતી જાઓ છો...

॥ ॐ હ્રીં અર્હં નમઃ ॥

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-જિતેન્દ્ર-ગુણરત્નસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

# બાલમુનિની સમાધિ યાત્રા

● દિવ્યાશિષ ●

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિશ્રી પ.પૂ.આ.ભ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**

મેવાડદેશોદ્ધારક પ.પૂ.આ.ભ. **શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

દીક્ષાદાનેશ્વરી ગુરુદેવશ્રી પ.પૂ.આ.ભ. **શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**

● આશીર્વાદ ●

ગચ્છાધિપતિશ્રી પ્રશાંતમૂર્તિ, પ.પૂ.આ.ભ. **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

● પ્રેરણા માર્ગદર્શન ●

દીક્ષા દાનેશ્વરી પ.પૂ.આ.ભ. **શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્યરત્નો

નિઃસ્પૃહયોગી પ.પૂ.આ.ભ. **શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.**

સૂક્ષ્મસંયમી પ.પૂ.આ.ભ. **શ્રી યશોરત્નસૂરીશ્વરજી મ.સા.**

● લેખક ●

વિદ્‌વદ્‌વર્ય પૂ. મુનિ **શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.**ના શિષ્ય

મુનિ **ક્ષમારત્નવિજય**



પ.પૂ.આ.ભ.
શ્રી કનકસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ.સા.

તસ્મૈ શ્રી ગુરવે નમઃ



પ.પૂ.આ.ભ. શ્રી જયઘોષસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ.
શ્રી રાજેન્દ્રસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ.
શ્રી જિતેન્દ્રસૂરિજી મ.સા.



પ.પૂ.આ.ભ.
શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.

# ભૂલ્યા ન ભૂલાય...



સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી
પ.પૂ.આ.ભ.
શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.



દીક્ષાદાનેશ્વરી ગુરુદેવશ્રી
પ.પૂ.આ.ભ.
શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

તાજેતરમાં આ શિરછત્રો ગુમાવીને,
**નિરાધારતાનો ભાસ છે...**
છતાં કૃપાદૃષ્ટિ સતત વરસે છે,
**તેથી આઘાતમાં હળવાશ છે...**

# દ્વિતીય આવૃત્તિના અવસરે
# સાદર શ્રદ્ધાંજલિ



**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**


**હિતેશભાઈ ગાંધી**
૨૦૧, સિદ્ધાર્થ એપાર્ટમેંટ,
માણેકલાલ રોડ, સાંઢ કુવા ગેટ,
પોલીસ સ્ટેશનની સામે, નવસારી-૩૯૬૪૪૫.
મો. : ૯૪૨૬૬૩૮૮૦૦

**પરેશભાઈ શાહ**
પ્લૉટ નં. ૧૭૬-૧૦૧, ચેતન કો.ઑ. સોસાયટી,
રોડ નં. ૧૧, જવાહર નગર, શાંતીનાથ જૈન ટેંપલ
પાસે, ગોરેગાંવ (વે.), મુંબઈ-૪૦૦ ૧૦૪.
મો : ૯૮૨૦૭૩૧૮૨૪, ૮૨૮૬૨૮૫૫૬૨




|| श्री महावीराय नमः ||
|| नमो नमः श्री गुरु भुवनभानुसूरये ||
300 पुस्तकों के लेखक सरस्वतीनंदन
जैनाचार्य श्रीमद् विजय
**रत्नसुंदरसूरीश्वरजी म.सा.**

## જે નીકળ્યું એ કલ્પનાતીત હતું



આખા જગતને
હરિયાળીથી વ્યાપ્ત બનાવી
દેવાની પ્રચંડ સંભાવના ધરાવતું બીજ,
જીવનભર કોઠારમાં પડ્યું પડ્યું
સડી જાય એ બીજનું દુર્ભાગ્ય છે.

*

લાખોને વંદનીય બની જવાની
ગજબનાક ક્ષમતા લઈને બેઠેલો પથ્થર,
પ્રતિમા બની જવાને બદલે
વરસો સુધી ખાણમાં જ પડ્યો રહે
એ પથ્થરનું દુર્ભાગ્ય છે.

*

સજ્જન- સંત ભગવંત પરમાત્મા
બની જવાની મંગળ સંભાવના લઈને
બેઠેલો એક ઉત્કૃષ્ટ આત્મા
જીવનભર સંસારની વિષય- કષાયોની
ગટરમાં જ રમમાણ બન્યો રહે
એ ઉત્કૃષ્ટ આત્માનું દુર્ભાગ્ય છે.

*

એક નાનો બાળક.
નામ એનું સંયમ.
કદાચ જનમો જનમનો આરાધક.
કદાચ જનમો જનમનો ચારિત્રવંત અને
કદાચ જનમો જનમનો અંતર્મુખ.
રૂપ એવું કે સહુને મોહી લે.
શબ્દોમાં માધુર્ય એવું કે સહુનો પ્રિય બન્યો રહે
અને
વ્યવહારમાં શાલીનતા એવી કે સહુ
આફરીન પોકારી જાય.
આવા બાળ સંયમને
સંયમજીવન મળી ગયું ખૂબ નાની વયમાં.

ज्ञान
चारित्र दर्शन


संपर्क सूत्र : रत्नत्रयी ट्रस्ट, 258, गांधी गली, स्वदेशी मार्केट, कालबादेवी, मुंबई-400002.
Ph.: +91 92233 49533 / 98251 21455 E-mail : gurudevshri1@gmail.com www.ratnaworld.com





પણ, આરાધના અને અધ્યયન ક્ષેત્રે,
પ્રવૃત્તિ અને પરિણતિ ક્ષેત્રે,
અંતર્મુખતા અને અનુરાગ ક્ષેત્રે,
સહિષ્ણુતા અને સમાધિ ક્ષેત્રે
એણે જે હરણફાળ ભરી
એ કલ્પનાતીત હતી
એનું ભવિષ્ય તો ઉજ્જ્વળ હતું જ પણ
એના થકી પ્રભુશાસનનું ભાવિ પણ
ઉજ્જ્વળ બનવાનું હતું
પણ અફસોસ!
કોક અકળ વ્યાધિએ એમના શરીરને
ભરડો લઈ લીધો. તમામ પ્રકારના
દ્રવ્ય-ભાવ ઉપચારો પણ
એમના શરીરને વ્યાધિમુક્ત ન કરી શક્યા
અને માત્ર છ વરસના સંયમપર્યાયમાં
વીસ વરસની વયે સંયમમાં જ
મુનિરાજ શ્રી દાનરત્નવિજયજી બનેલા
આ આત્માએ પરલોક વાટે પ્રયાણ આદર્યું

*

એમની માંદગી
દરમ્યાનની સમાધિ અને સ્વસ્થતા,
મસ્તી અને પ્રસન્નતા,
સ્મિત અને સહજતા
નિહાળવાનું મને સદ્ભાગ્ય મને
સાંપડ્યું છે. એ નિહાળીને
હું સ્તબ્ધ પણ થઈ ગયો છું તો
આનંદિત પણ થઈ ગયો છું.
આશ્ચર્યચકિત પણ થઈ ગયો છું તો
ભાવવિભોર પણ બની ગયો છું.
આટલી નાની વયમાં
આટલી ભીષણ વેદના વચ્ચે
આટલી ગજબનાક પ્રસન્નતા ટકાવી શકાય છે





|| श्री महावीराय नमः ||
|| नमो नमः श्री गुरु भुवनभानुसूरये ||
300 पुस्तकों के लेखक सरस्वतीनंदन
जैनाचार्य श्रीमद् विजय
रत्नसुंदरसूरीश्वरजी म.सा.


એ હકીકત
મને એ મુનિવર પ્રત્યે
જે બહુમાનભાવ પ્રગટાવ્યું છે
એને શબ્દોમાં વર્ણવવું મારા માટે
સર્વથા અશક્ય છે..

*

હા, એ મુનિવરની સેવા અને સમાધિ માટે
તપસ્વીરત્ન આચાર્ય શ્રી પુણ્યરત્નસૂરિજી,
પ્રવચનકાર આચાર્ય શ્રી યશોરત્નસૂરિજી
તથા એમના પરિવારના અન્ય મુનિવરોએ
જે ઉત્સાહપૂર્વક સમય આદિનો ભોગ
આપ્યો છે એ કાબિલેદાદ છે.

*

અહીં એ મુનિવરની
સેવામાં લીન રહેલા મુનિવર શ્રી
ક્ષમારત્નવિજયજીએ
અત્યંત રસાળ શૈલીમાં
દિલને જકડી રાખે એ રીતે
બાળમુનિના જીવનના
પ્રસંગોનું જે વર્ણન કર્યું છે
એ વર્ણન વાંચતા આંખો
અશ્રુસભર બની ગયા વિના રહેતી નથી

*

કળી પૂર્ણકળે વિકસિત બને, પુષ્પ બને
એ પહેલા અધૂરા સમયે છોડ પરથી
ખરી જાય ત્યારે પીડા તો જરૂર થાય પણ
એ ગાળામાં ય એણે જે સુવાસ પ્રસરાવી છે
એનો જ્યારે ખ્યાલ આવે ત્યારે કંઈક હળવાશ
જરૂર અનુભવાય.
બાળમુનિવરના જીવનની ભવ્ય યશોગાથાનું આલેખન
કરવા બદલ મુનિ શ્રી ક્ષમારત્નવિજયજીને
ખૂબ ખૂબ અભિનંદન.

દ..
રત્નસુંદરસૂરિ

ज्ञान दर्शन चारित्र
संपर्क सूत्र : रत्नत्रयी ट्रस्ट, 258, गांधी गली, स्वदेशी मार्केट, कालबादेवी, मुंबई-400002.
Ph.: +91 92233 49533 / 98251 21455 E-mail : gurudevshri1@gmail.com www.ratnaworld.com

# બાલ મુનિ... નો રાધા વેધ...

મનકમુનિની યાદ અપાવે તેવા અમારા બાળમુનિ શ્રી દાનરત્નવિજયજીએ પોતાની સાધનાને આગળ વધારવા માટે અષાઢ સુદ ૫, વિ.સં. ૨૦૭૬, તા. ૨૬.૦૬.૨૦૨૦ના દિવસે વિદાય લીધી. નાની વયમાં અચાનક થયેલી તેમની આઘાતજનક વિદાયના લીધે અમે સહુ અવાક્ બની ગયા.

દેવ-ગુરુકૃપાએ તેમને આરાધના કરાવવાનો લાભ અમને મળ્યો. તેમનો સાહજિક - નિર્મલ ગુણવૈભવ સ્મૃતિ પટ પર સતત આવ્યા કરે છે. બાલમુનિ અમારા કાળજાના ટુકડા હતા.

અલ્પકાલીન સંયમ-પર્યાયમાં પણ મહત્ત્વપૂર્ણ આન્તરિક ગુણોને આત્મસાત્ કરવા દ્વારા સહુના હૃદયમાં ચિરસ્થાયી બન્યા છે.

પૂ. ગચ્છાધિપતિ **શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**, પૂ. ગુરુદેવશ્રી **ગુણરત્નસૂરિજી મ.સા.** તથા પૂ.આ.ભ. **શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.**ની કૃપા અને અમૂલ્ય માર્ગદર્શનનો બાલમુનિની અંતિમ નિર્યામણા કરાવવામાં મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યો છે.

દીક્ષા પહેલા અને પછી પણ અંત સમય સુધી ''विनयमूलो धम्मो.'' ''आयओ गुरुबहुमाणो'', ''आयरिया पच्चवायं जाणंति'', ''साधु-सेवा सदा भक्त्या...''વગેરે સૂત્રોને જાણે તેમને આત્મસાત્ કરેલા હતા. તેના કારણે જ દીર્ઘકાલીન બીમારી વચ્ચે પણ જીવનભર સતત પ્રસન્નતા અને સમાધિમાં રહ્યા અને અંતકાલે ગુરુબહુમાનના જ કારણે અતિઉત્કટ વેદના વચ્ચે હિતશિક્ષાને અમલમાં લાવીને રાધાવેધ સાધી ગયા.

ક્યારેય પણ વડીલોનો વિનય અને નાનાને પ્રેમ આપવાનું ચૂક્યા નથી, તેમને દરેક પરિસ્થિતિ અને વ્યક્તિનો સમજણપૂર્વક સ્વીકાર કર્યો, ક્યારેય કોઈની પણ ફરિયાદ કરી નથી. પર દોષ દર્શન-સ્મરણ-ભાષણથી તો દૂર જ રહ્યા હતા ! તેમનો આ સ્વભાવ તેમની સદા પ્રસન્નતા (હસમુખતા)નું એક મહત્ત્વપૂર્ણ કારણ હતું.

તેમના સંસારી માતા-પિતાશ્રીએ ઉત્તમ સંસ્કારોનું સિંચન નાનપણથી કરેલ, તેના લીધે અમારે તેમને મૌલિક ગુણો માટે ઘડવા ન પડ્યા. પૂર્વના સાધક હોય તેમ સહેજ ટકોર કરતાં કે તે તુરંત ભૂલ સુધારી લેતા હતા. સંયમજીવનની વિકાસયાત્રા અને સમાધિમાં સફલ થવામાં માત્ર ગુરુભગવંતના માર્ગદર્શન - વાત્સલ્યથી કાર્ય થતું નથી તેમાં ઉત્તમ સેવા કરનાર અમારા શિષ્યવૃંદને પણ ધન્યવાદ છે.

ખાસ કરીને મુનિ ક્ષમારત્નવિજયજીએ છેલ્લા ૧ ૧/૨ - ૨ વર્ષમાં અત્યંત સ્નેહ અને કુનેહપૂર્વક બાળમુનિની સેવા કરીને તેમને સતત પ્રસન્ન અને સમાધિમાં રાખ્યા. હૉસ્પીટલ જવું હોય, ડૉક્ટર-વૈદ્યને મળવું હોય કે તેમને સ્વાધ્યાય કરાવવો હોય ત્યારે પોતાના સ્વાધ્યાય આદિ કાર્યોને ગૌણ કરીને બાલમુનિની પ્રસન્નતા અને સમાધિને જ સ્વકાર્ય માનીને અદ્ભુત સેવા કરીને અપૂર્વ નિર્જરા કરી.

તેવી જ રીતે મુનિ હિરણ્યરત્નવિજયજીએ છેલ્લા ૪ વર્ષથી છાયાની જેમ સાથે રહીને અદ્ભુત સેવા કરી તથા છેલ્લા મહિનામાં મહત્ત્વના કાર્યોને બાજુમાં મૂકી બાલમુનિમય બની ગયેલા મુનિ મૌર્યરત્નવિજયજીએ પણ બાલમુનિની સમાધિ માટે સેવા, સમાધિ વચનામૃત, તત્ત્વશ્રવણ કરાવી મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ત્રણેય મુનિવરોએ અમને સેવાની બાબતમાં નિશ્ચિંત કર્યા. તે ત્રણેય મુનિવરોને અંતરના આશીર્વાદ છે.

હસમુખ ચેહરો, મધુરવાણી, ઔચિત્યપૂર્ણ વ્યવહાર, નિર્દોષ મન અને વિચક્ષણ બુદ્ધિ આ બાલમુનિની વિશેષતાઓ સંપર્કમાં આવનાર સહુને અનુભવમાં આવતી હતી અને સહુને આકર્ષતી હતી.

અનાદિકાલથી રખડપટ્ટી કરાવનાર બુદ્ધિ (સમીક્ષાપ્રધાન વિચારધારા) અને અહંકારરૂપી દોષયુગલથી જીવનભર મુક્ત રહીને બાલમુનિ નિકટ મોક્ષગામી અને સહુના આદર્શરૂપ બન્યા છે.



૧) **સંસારનું આકર્ષણ** છોડીને દીક્ષા ગ્રહણ કરી.
૨) **સ્વજનોનું મમત્ત્વ** તોડી સંયમનો આનંદ માણ્યો.
૩) **દીર્ઘકાલીન રોગને** સમર્પણ અને ધૈર્યના બળે હસતા મુખે સહ્યો.
૪) ક્રમશઃ શરીર ક્ષીણ થવા છતાં **દેહની ચિંતા** કરતાંય સમાધિને મહત્ત્વ આપ્યું.
૫) ૨-૨ ૧/૨ મહિના પૂર્વે જ અંતકાલ નજીક લાગવા છતાંય **મરણનો ભય** નહીં પામ્યા.
૬) ઈલાજ લાગુ ન પડવા પર ''મારે જીવવું છે'' ''મને બચાવો'' એવી કોઈ **જિજીવિષા** નહીં લાવી.
૭) પ્રેમ-વાત્સલ્યપૂર્વક સતત સેવા કરનાર ગુરુવર્યો - **સહવર્તીઓ પરના રાગથી** પણ પરે થઈ એકત્વ ભાવમાં લીન બન્યા.
૮) અંતિમ હિતશિક્ષા પામી **મૃત્યુની વેદનામાં** પણ સમાધિસ્થ બન્યા અને મોહરાજાના આઠે ચક્રોને વીંધીને **સમાધિમરણરુપી રાધાવેધને** સાધી ગયા.

આજના કાલમાં જ્યારે છોકરાઓ mobile વગેરેથી અત્યંત નીચે ઉતરી રહ્યા છે, ત્યારે આ જ કાલમાં બાલવયમાં એક બાલમુનિ કેટલા ઉપર ચઢી શકે છે, તેનો એક આદર્શ જગતને મળે તે આશયથી અમારા શિષ્ય મુનિ ક્ષમારત્નવિજયજીએ બાલમુનિની જીવનયાત્રાની સફરે લઈ જતા આ પુસ્તકનું આલેખન કર્યું છે.

એમને જે મહેનત કરી છે તે કાબિલેદાદ છે. બાલમુનિના જીવન પ્રસંગોને વાંચીને સહુ કોઈ ગુણવિકાસ સાધે અને પરંપરાએ મોક્ષ સુખ પામે એ જ અભિલાષા સાથે...

**શ્રી જવાહર નગર જૈન સંઘ**
**૨૦૭૬, પ્ર. આસો સુદ ૫,**
**(બાળમુનિની તૃતીય માસિક તિથિ)**

પુણ્યરત્નસૂરિ
યશોરત્નસૂરિ



# સહવાસની સુવાસ...

સમયનું માપ સૂક્ષ્મ છે પણ એનું મહત્ત્વ અમાપ હોય છે,

અણુનું પરિમાણ સૂક્ષ્મ છે પણ તેની શક્તિ અપરિમિત હોય છે.

પાણીનું મૂલ્ય નહીંવત્ છે પણ તેની મહત્તા સર્વસ્વ તુલ્ય હોય છે.

દરેક પદાર્થ, વસ્તુ કે વ્યક્તિની ગરિમા તેના માપ કે વજનથી નહી, પણ તેની કાર્યશક્તિથી અંકાય છે.

જીવનની સાર્થકતા પણ માત્ર આયુની દીર્ઘતા કે કાર્યોની સિદ્ધિથી નહી પણ જીવનના પરમ તથ્યની ઉપલબ્ધિથી અંકાય છે. જીવન ભલે નાનુ અને કાર્યો ભલે ઓછા સિદ્ધ કર્યા હોય પણ જો વૈરાગ્ય અને સંવેગની ગહનતામાં પસાર થવાય તો ટૂંકુ પણ જીવન વરદાન તુલ્ય છે. એવું જ એક સફળ જીવન જીવી જનારા **બાળમુનિરાજ શ્રી દાનરત્નવિજયજી મ.સા....**

કદમાં નાના પણ મહાનતાની ટોચને સ્પર્શનારા હતા...

જીવન જેમનું નાનું પણ જીવનના હાર્દને હાથવગું કરનારા હતા.

સાધના જેમની ઓછી પણ સમાધિને વરનારા હતા...

એમની ૬ વર્ષની સંયમસાધના દરમિયાન એમનો થએલો સહવાસ મારા માટે ચિરસ્મરણીય બની ગયો છે. ૬ વર્ષના અતિનિકટ સંબંધના લીધે તેમની સાથે રહેતા...

પાઠ આપતા... ઉપચારો કરાવતા... સેવા કરતા...

એમના પવિત્ર વ્યક્તિત્વનો જે યત્કિંચિત પણ અનુભવ થયો તે ક્ષમતાનુસાર આ પુસ્તકમાં લખાયો છે.

આમ તો દરેક સહવર્તી એમના ગુણગૌરવનું બયાન કરવા લાગે તો અનેક પુસ્તકો ભરાઈ જાય. એમણે અમારી જોડે અલ્પ પણ સહવાસ કરીને જે સ્મૃતિઓની ભેંટ આપી છે, તે અવર્ણનીય છે. વય અને પર્યાયમાં નાના હોવા છતા અમને મોટા આદર્શો તે આપી ગયા છે. સમાધિ મરણ તો એક side effect હતું તેમનું જીવન જ એવુ સમાધિમય હતું કે એ શ્રેષ્ઠ ઉપલબ્ધિના કારણે અંત સમયે સમાધિ ખેંચાઈ આવી. તેમના ગુણવૈભવનું વર્ણન કરવા દ્વારા તેમના પ્રેમાળ સહવાસના ઋણથી મુક્ત થવા પ્રયાસ કરાયો છે.

સરસ્વતીલબ્ધપ્રસાદ

પ.પૂ.આ.ભ. **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**નો અનન્ય ઉપકાર માનીશ કે બાળમુનિને માત્ર સમાધિ નથી આપી, પણ તેમની સમાધિયાત્રાની આ પુસ્તક માટે પ્રસ્તાવના લખવાની વિનંતિ સ્વીકારી અને બધા કાર્યો ગૌણ કરીને ખૂબ જ ઝડપથી પ્રસ્તાવના લખી મોકલાવી.

બન્ને ગુરુદેવશ્રી પ.પૂ.આ.ભ. **શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.** તથા પ.પૂ.આ.ભ. **શ્રી યશોરત્નસૂરીશ્વરજી મ.સા.** એ મહત્ત્વપૂર્ણ અને માર્મિક માર્ગદર્શન - સલાહ આપી અને લખાણની ક્ષતિઓ દૂર કરી પુસ્તકને સાચો રંગ આપ્યો છે. તેમજ મારા ગુરુમહારાજશ્રી પૂ. મુનિરાજ **શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.** એ સચોટ સૂચનો આપીને ક્ષતિઓને સુધરાવી છે અને જાતે પોતાના અનુભવને લેખમાં ઉતારી સંકલનને સમૃદ્ધ કર્યો છે. મુનિ શ્રી બોધિરત્નવિજયજીએ Proof Checking આદિમાં ખૂબ સહાય કરી તેનો આભાર !

પૂ.પં. **શ્રી ધર્મરત્નવિજયજી મ.સા.**
પૂ. મુનિરાજ **શ્રી ત્યાગીરત્નવિજયજી મ.સા.**, પૂ. મુનિરાજ **શ્રી કુંથુરત્નવિજયજી મ.સા.**
પૂ. મુનિરાજ **શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.**, પૂ. મુનિરાજ **શ્રી નિરંજનરત્નવિજયજી મ.સા.**,
પૂ. મુનિરાજ **શ્રી બોધિરત્નવિજયજી મ.સા.**, પૂ. મુનિરાજ **શ્રી લાભેશરત્નવિજયજી મ.સા.** આદિ

ભગવંતોએ પોતાના અનુભવો જણાવી અને લેખન દરમિયાન પૂર્ણ સહાયક બની આ પુસ્તકને આકાર આપ્યો છે. તે દરેક ભગવંતોનો હું ખૂબ ખૂબ આભારી છું.

પૂ. મુનિરાજ **શ્રી યશરત્નવિજયજી મ.સા.** તથા પૂ. મુનિરાજ **શ્રી ત્રિભુવનરત્નવિજયજી મ.સા.**,
સા. **શ્રી લલિતાંગરેખાશ્રીજી મ.**, સા. **શ્રી દીપેશરેખાશ્રીજી મ.** આદિઠાણા ૧૮,
સા. **શ્રી મહાવીરરેખાશ્રીજી મ.**, સા. **શ્રી ઋજુરેખાશ્રીજી મ.**ને
પોતાના અનુભવો જણાવવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ-આભાર !

બાળમુનિની જીવન કથાની જેમ સાધુ સાધ્વીજી ભગવંતો તથા વૈયાવચ્ચી શ્રાવકોના પત્રાંશો પણ અવશ્ય વાચવા યોગ્ય છે. ખૂબ જ પ્રેરક અને મહત્વપૂર્ણ ઉદ્ગારો છે. સહુએ ઘણા પ્રેમથી હૃદયનો ભાવ વ્યક્ત કર્યો છે. **એમનો ગુણવૈભવ મને પણ પ્રાપ્ત થાય તેવી પ્રભુને પ્રાર્થના.**

**ભા.વદ ૫,**
**જવાહર નગર,**
**(ગોરેગાંવ)**

મુનિ ક્ષમારત્નવિજય.

# અનુક્રમણિકા


| ક્ર. | વિવરણ | પેજ નં. |
| --- | --- | --- |
| ૧. | એમણે જે પામ્યું, તેનો આનંદ એમને જે ખોયા તેનું દુઃખ... | ૧ |
| ૨. | પુણ્યશાળીને પગલે પગલે નિધાન... | ૨ |
| ૩. | સાહેબજી ! પધારો મારા ઘરે... | ૪ |
| ૪. | અમે બધા દીક્ષા લેવાના... | ૫ |
| ૫. | આજે મારે ઉપવાસ કરવો છે... | ૬ |
| ૬. | એક આદર્શ પિતા... | ૭ |
| ૭. | આરાધનામાં આનંદનું લક્ષ્ય... | ૮ |
| ૮. | જવાબ... લાજવાબ !... | ૧૦ |
| ૯. | વદ દશમનું એકાસણું... | ૧૩ |
| ૧૦. | પાયાની સાધના, સાધનાનો પાયો... | ૧૪ |
| ૧૧. | તે દિવસે તને દીક્ષાની અનુમતિ આપીશ !... | ૧૫ |
| ૧૨. | આના માટે જ તો દીક્ષા લીધી છે... | ૧૮ |
| ૧૩. | સહજ સમજ... | ૧૯ |
| ૧૪. | સરળતા સાથે પ્રજ્ઞા... | ૨૦ |
| ૧૫. | ગુરુની ઈચ્છા એજ મારું જીવન... | ૨૧ |
| ૧૬. | વિવેક બુદ્ધિ... | ૨૨ |
| ૧૭. | નિરહંકાર... | ૨૪ |
| ૧૮. | સ્વાધ્યાયમાં વિચક્ષણ... | ૨૬ |
| ૧૯. | ચંદ્રને તેજની સાથે રાહુનો સંગ... | ૨૭ |
| ૨૦. | સહવર્તીઓનો પ્રેમ... | ૨૯ |
| ૨૧. | નિર્યામણાની Net Practice... | ૩૦ |
| ૨૨. | પશ્ચાતાપનો તાપ... | ૩૨ |
| ૨૩. | કૃતજ્ઞતા... | ૩૩ |
| ૨૪. | અખેદ... | ૩૪ |
| ૨૫. | ઉત્તમ સાધુભક્તિ... | ૩૫ |
| ૨૬. | અદ્વિતીય શ્રવણ રુચિ... | ૩૬ |
| ૨૭. | સ્વજન ધૂનન... | ૩૮ |
| ૨૮. | કર્મની વિચિત્રતા... | ૩૯ |
| ૨૯. | ગુરુ બહુમાન... | ૪૦ |
| ૩૦. | અડધી રાતે પણ લક્ષ્ય સ્થિર... | ૪૧ |
| ૩૧. | સંવેદનશીલતા... | ૪૨ |
| ૩૨. | મુંબઈમાં નિદાનમાં નિષ્ફળતા... | ૪૪ |
| ૩૩. | શલ્યોદ્ધાર... | ૪૫ |
| ૩૪. | યુદ્ધની તૈયારી શરૂ... | ૪૭ |
| ૩૫. | ‘‘मेराए ठिओ धम्मो’’ | ૪૮ |
| ૩૬. | Lock Down માં ખુલજા સીમ સીમ... | ૫૦ |
| ૩૭. | આર્દ્રચિત્ત... | ૫૨ |
| ૩૮. | એક પાપના ઉદય વચ્ચે, અનેક પુણ્યના ઉદય... | ૫૪ |
| ૩૯. | ભૂલ મારી છે... | ૫૭ |
| ૪૦. | મનની માવજત... | ૫૮ |
| ૪૧. | સૌભાગ્ય સાથે સદ્ગુણ... | ૬૦ |
| ૪૨. | મારે કાંઈક સાંભળવું છે... | ૬૪ |
| ૪૩. | હજુ તો ઘણુ બાકી છે... | ૬૫ |
| ૪૪. | अकोउहल्ले जे स भिक्खू | ૬૬ |
| ૪૫. | एगोऽहं नत्थि मे कोइ | ૬૭ |
| ૪૬. | અન્ય ને સમાધિ... | ૬૮ |
| ૪૭. | હું ગુરુમહારાજને ઓળખી ન શક્યો !... | ૭૦ |
| ૪૮. | પહેલી નિર્યામણા... | ૭૩ |
| ૪૯. | સાહેબજી ! છેલ્લો નિર્ણય આપનો... | ૭૫ |
| ૫૦. | અંતિમ પ્રાયશ્ચિત્ત | ૭૬ |
| ૫૧. | રાધાવેધ સાધવો છે ? | ૮૦ |
| ૫૨. | રાત જગો... | ૮૧ |
| ૫૩. | આત્મા દેખાય છે... | ૮૩ |
| ૫૪. | જબ પ્રાણ તન સે નિકલે.. | ૮૪ |
| ૫૫. | એક સાચી વાત કહું ?... | ૯૧ |
| ૫૬. | ના મહારાજ સાહેબ ! આપની વાત ખોટી છે... | ૯૩ |
| ૫૭. | સમાધિનો આધાર સ્તંભ... | ૯૫ |
| ૫૮. | ૨ શ્રાવકોની શ્રેષ્ઠ વૈયાવચ્ચ... | ૯૭ |
| ૫૯. | દાન-સંવેદના | ૧૦૦ |
| ૬૦. | દુષ્કૃત ગર્હા સુકૃત અનુમોદના... | ૧૦૧ |
| ૬૧. | બાળમુનિએ છેલ્લી વાર... | ૧૦૨ |
| ૬૨. | એક વિહંગાવલોકન... બાલમુનિના વ્યક્તિત્વ પર... | ૧૦૪ |
| ૬૩. | હૃદયોદ્ગાર... | ૧૦૮ |
| ૬૪. | મને યાદ આવશે તારો સથવારો... | ૧૧૮ |
| ૬૫. | દાન અષ્ટક... | ૧૨૧ |
| ૬૬. | સાધના અષ્ટક... | ૧૨૨ |
| ૬૭. | સમાધિ અષ્ટક... | ૧૨૩ |
| ૬૮. | ‘‘બાલમુનિ’’નું પવિત્ર ‘‘સમતામય’’ જીવન દર્શન | ૧૨૫ |
| ૬૯. | સમતાના સાગર દાનમુનિવર | ૧૨૬ |

# પરિચય પરિમલ



| | | |
|---|---|---|
| નામ | :- | મુનિરાજ શ્રી દાનરત્નવિજયજી મ.સા. |
| જન્મ | :- | આસો સુદ ૧૩, વિ.સં. ૨૦૫૫, તા. ૨૨/૧૦/૧૯૯૯, સુવઈ (કચ્છ) |
| માતા-પિતા | :- | શ્રીમતી દક્ષાબહેન હિતેશભાઈ ગાંધી |
| સંસારી નામ | :- | સંયમકુમાર |
| નિવાસ | :- | નવસારી (રાપર - કચ્છ) |
| દીક્ષા | :- | મહા સુદ ૧૩, વિ.સં. ૨૦૭૦, નવસારી |
| દીક્ષાદાતા | :- | પ.પૂ.આ.ભ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષાગુરુ | :- | પ.પૂ.આ.ભ. શ્રી યશોરત્નસૂરીશ્વરજી મ.સા. |
| વિશિષ્ટ ગુણ | :- | ગુરુ સમર્પણ, પ્રજ્ઞાપનીયતા, વિનય-વિવેક, કૃતજ્ઞતા, સરલતા, નિર્દંભતા, દેવ-ગુરુ ભક્તિ, પાપભીરુતા, તત્ત્વશુશ્રુષા, ગાંભીર્ય, દાક્ષિણ્ય, ઉપશમ, નમ્રતા, સત્ત્વ, સહિષ્ણુતા, ગુણદૃષ્ટિ, મુમુક્ષા આદિ |
| વિશિષ્ટ ઉપલબ્ધિ | :- | ગુરુદેવ સહિત બધાના હૃદયમાં વાસ, અસાધ્ય રોગમાં અબાધ્ય પ્રસન્નતા અલ્પવયમાં ઉત્તમ સમાધિ મરણ |
| વિશિષ્ટ અધ્યયન | :- | તર્ક સંગ્રહ, મુક્તાવલી, વ્યાપ્તિપંચક, સિદ્ધાંત લક્ષણ, વ્યુત્પત્તિવાદ, અવચ્છેદકત્વ નિરુક્તિ, સામાન્ય નિરુક્તિ આદિ, યોગદૃષ્ટિ સમુચ્ચય (બહુભાગ), પિંડ વિશુદ્ધિ, પિંડ નિર્યુક્તિ, પંચવસ્તુક (બહુભાગ) આદિ |
| વિદ્યાગુરુ | :- | પૂ.આ. શ્રી પુણ્યરત્નસૂરિજી મ.સા., પૂ.આ. શ્રી યશોરત્નસૂરિજી મ.સા. પં. શ્રી ધર્મરત્નવિજયજી મ.સા., પં. સ્થિતપ્રજ્ઞવિજયજી મ.સા., મુનિ યશરત્નવિજયજી મ.સા., મુનિ કુંથુરત્નવિજયજી મ.સા., મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા., મુનિ હિરણ્યરત્નવિજયજી મ.સા., મુનિ ક્ષમારત્નવિજયજી મ.સા., પંડિતશ્રી સંતોષભાઈ શાસ્ત્રી (સુરત) |
| સમાધિ | :- | અષાઢ સુ. ૫, સં. ૨૦૭૬, તા. ૨૬.૬.૨૦૨૦ બપોરે ૨.૩૦ કલાકે, જવાહરનગર, ગોરેગાંવ. |



## ૧ એમણે જે પામ્યું, તેનો આનંદ એમને જે ખોયા તેનું દુઃખ...

સમયના પ્રવાહમાં વહી જનારી કેટલીય ઘટનાઓ અને વ્યક્તિઓ એવી હોય છે કે જેઓ અતીતના વાસી બનવા છતાં વર્તમાનને મહેકતું રાખતા હોય છે.

વરસાદનું નિર્મલ પાણી તો માટીમાં ભળ્યા પછી જ સુગંધ પ્રસરાવે છે. જ્યારે કેટલાક નિર્મલ જીવો તો માટીમાં ભળવા પહેલા પણ સુગંધ પ્રસરાવે છે અને પછી પણ...

એવા જ એક ઉત્તમ બાળમુનિરાજ શ્રી દાનરત્નવિજયજી જીવનકાળે અનુકરણીય હતા અને જીવન પશ્ચાત્ ચિરસ્મરણીય થયા.

પરમ કૃપાળુ પરમાત્માનું જયવંતુ શાસન છે, કે જ્યાં અલ્પવય અને અલ્પ પર્યાયવાળા બાળમુનિ પણ સૌ માટે આદરણીય હોય છે.

યાદ આવે છે... ખંધક આચાર્યના બાળમુનિ, શય્યંભવ આચાર્યના બાળમુનિ મનક મુનિ. જેમ એમણે પોતાનાં ગુરુદેવશ્રીની શિક્ષા પ્રાપ્ત કરીને અંતકાળે એમણા શ્રીમુખે નિર્યામણાની ભવ્ય આરાધના કરીને સદ્ગતિને જીતી લીધી તેમ, **બાળ મુનિરાજ શ્રી દાનરત્નવિજયજી**એ પણ પોતાના ગુરુદેવશ્રી **આ. શ્રી પુણ્યરત્નસૂરિજી મ.સા.** તથા **આ. શ્રી યશોરત્નસૂરિજી મ.સા.**ની શિક્ષાઓ પ્રાપ્ત કરીને એમના શ્રીમુખે નિર્યામણાની ભવ્ય આરાધના કરી પોતાની સદ્ગતિને જીતી બતાવી.







આ બાળ પરાક્રમીની વિજયગાથા આનંદ અને દુઃખ બન્નેનું અનુભવ કરાવે તેવી છે.

**'એમણે જે પામ્યું તેનો આનંદ,**
**એમને જે ખોયા તેનું દુઃખ'**

ચાલો ! આનંદ અને દુઃખનું અનુભવ કરાવતી એમની જીવન યાત્રાની સફરે...



# ૨ પુણ્યશાળીને પગલે પગલે નિધાન...

સૂર્યના પ્રતાપે આખું જગત નભે છે, તે વાત સાચી પણ જગતનું પુણ્ય છે એટલે જ તો સૂર્ય તપે છે, આ વાત પણ ક્યાં ખોટી છે ?

પુણ્ય એવી વસ્તુ છે જે પોતાના સ્વામીની સેવા માટે પત્થરને પણ મીણ કરી આપે છે અને સર્પને પણ વરમાળા કરી આપે છે.

મુનિ દાનરત્નવિજયજી પણ આવા જ કોક પુણ્યના સ્વામી હતા જેના કારણે તેમના ભાગ્યોદયની વ્યવસ્થા તેમના જન્મ પૂર્વે જ ઉભી થતી ગઈ.

રાપર (કચ્છ)ના વતની શ્રીમતી નંદુબેન ચમનલાલ ગાંધી પરિવારના બે ભાઈ રાજેશભાઈ, હિતેશભાઈનુ કુટુંબ નવસારી શહેરમાં વસી રહ્યું હતું. ૨૦ વર્ષ પૂર્વેની વાત છે. દીક્ષા દાનેશ્વરી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય **પ.પૂ.પં. પુણ્યરત્નવિજયજી મ.સા.** તથા **પ.પૂ.પં. યશોરત્નવિજયજી મ.સા.**નું ચાતુર્માસ શ્રી આદિનાથ જૈન સંઘ, નવસારી મુકામે નક્કી થયું. પર્યુષણા પર્વ પછી **હિતેશભાઈ ગાંધી** ઉપાશ્રયમાં સામાયિક કરવા આવ્યા.

ગુરુભગવંતને સામાન્ય વાર્તાલાપથી જાણવા મળ્યું કે ક્યારેક સામાયિક કરે છે પણ ધંધાને કારણે પ્રવચન સાંભળવાનો સમય નથી. ગુરુભગવંતની પ્રેરણા ઝીલીને બીજા દિવસથી



પ્રવચનમાં જ સામાયિક કરવાનું નક્કી કર્યું. હવે રોજે સામાયિક અને જિનવાણીની જોડી જામી ગઈ. ગુરુદેવની વાણીનો એવો રંગ જામ્યો કે હિતેશભાઈને જીવનમાં અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિનો અનુભવ થવા માંડ્યો. થોડા જ દિવસોમાં તો હૃદય પરિવર્તન થયું, સમજણ ને સાચી દિશા મળી. જીવનમાં અનેકવિધ આરાધનાઓનો પ્રવેશ થયો. આ જ ગાળામાં આસો માસની ઓળીના પવિત્ર દિવસો આવ્યા. એમના શ્રાવિકા શ્રીમતી દક્ષાબેનને સારા દિવસો ચાલી રહ્યા હોવાથી સુવઈ (કચ્છ) પોતાને પિયરે હતા. આસો સુદ ૧૩ના પ્રસૂતિનો સમય નજીક જાણી Hospital લઈ જવાની તૈયારી કરી પણ Hospital જતા  રસ્તા વચ્ચે જ ગાડીમાં તેમણે પ્રથમ પુત્રને જન્મ આપ્યો. દુનિયાને જોવા ઉતાવળીઓ થએલ આ નવજાત શિશુ એટલે મુનિ દાનરત્નવિજયજીનો જીવ.

શું આ ઘટના કોઈ સંકેત હતો ? કે ‘મહેનત પૂરી થાય તે પહેલા જ તમારા કાર્ય સિદ્ધ થશે.’

જેથી સાધના પૂરી થવાના પહેલા જ સમાધિ તેમને સિદ્ધ થઈ ગઈ...

દીર્ઘાયુની ફળશ્રુતિ ૨૦ વર્ષે જ પ્રાપ્ત થઈ ગઈ.







## ૩ સાહેબજી ! પધારો મારા ઘરે...



તેજસ્વી બાળકનું સૌમ્ય મુખ જોઈ બધાને આનંદનો કોઈ પાર ન રહ્યો. સૌથી પ્રથમ આ શુભ સમાચાર હિતેશભાઈને આપવામાં આવ્યા.

આનંદ સાથે હિતેશભાઈના પગ ઉપાશ્રય તરફ દોડ્યા. કદાચ કોઈ સામાન્ય માનસવાળો વ્યક્તિ હોત તો કોઈ મિઠાઈની દુકાને દોડ્યો હોત, પણ આ તો જિનશાસનના સ્વાદને ચાખેલા વ્યક્તિ હતા.

બપોરે ૧૨ વાગ્યાનો સમય હશે. ગુરુભગવંત ગોચરીની તૈયારી કરી રહ્યાં હતાં અને અચાનક ઉપાશ્રયમાં હિતેશભાઈએ પ્રવેશ કર્યો.

હર્ષ ઘેલા થઈ ગુરુભગવંતને વિનંતિ કરી 'સાહેબજી ! પધારો મારા ઘરે, પગલા કરવા પધારો.'

''પગલા કરવા ? પણ અત્યારે ૧૨ વાગ્યે શા માટે !'' ગુરૂભગવંતે પ્રશ્ન કર્યો.

''સાહેબજી ! કચ્છમાં મારા પુત્રનો જન્મ થયો છે તે નિમિત્તે પગલા કરો સાહેબ !'' ફરી ગુરુદેવે પ્રશ્ન કર્યો કે ''અરે ! જન્મ કચ્છમાં થયો તો પગલા અહીંયાં શા માટે ?''

હવે જવાબ હિતેશભાઈ નહીં પણ અંતરમાં વસેલી પ્રભુની વાણી આપશે !

''સાહેબજી ! આપ અત્યારે ઘરે પગલા કરો તો હું દીકરાને કહી શકું કે તારો જન્મ થયો હતો તે વખતે સાધુભગવંતના આપણા ઘરે પગલા થયા હતા માટે તારે પણ હવે સાધુ બનવાનું છે.''

જવાબ સાંભળીને ગુરુભગવંત તુરંત તૈયાર થઈ હિતેશભાઈની જોડે તેમના ઘરે પગલા કરવા પધાર્યા.

સૂર્યોદયની પૂર્વે અરુણોદય પ્રભાતની પૂર્વ ભૂમિકા સર્જી જાય છે તેમ મુનિ શ્રી દાનરત્નવિજયજીના ભાગ્યોદયની પૂર્વ ભૂમિકા તેમના જન્મના પૂર્વે સર્જાવા લાગી હતી.

આજે સંતાનના જન્મ પૂર્વે જ એના માટે સારામાં સારી School માં Admission ના સપના જોવાય છે. કોઈ પણ માતા પિતા પુત્રના જન્મ સાથે મોહના પડદા પર પુત્રવધૂ અને પોતાના ઘડપણની સેવાના સપના જોતા થઈ જાય છે. જ્યારે આ પિતા વિચારે છે કે એક જીવ સંસાર સમુદ્રમાં તણાતો ભાગ્યથી મનુષ્યભવમાં મારા કુલે આવ્યો છે તો બનતી કોશિશે એનું ઉત્તમ કલ્યાણ થાય એવું જ કાંઈક કરું !

ધન્યવાદ ! છે શાસનના હાર્દને પામેલા આ પિતાને !



## ૪ અમે બધા દીક્ષા લેવાના...



મારા બાળકને મારે દુઃખના માર્ગે નહીં પણ પરમસુખના માર્ગે મોકલવો છે. સંસારચક્રમાં ભમતા-ભમતા આ જીવ મારા સહારે આવ્યો છે, હવે એના ભવિષ્યને ઉજળુ કરવું તે મારું કર્તવ્ય છે. માટે આ જીવને મારે વિરતિના માર્ગે જ મોકલવો રહ્યો. આ ભવ્ય ભાવનાની સાથે હિતેશભાઈએ બાળકનું નામ પણ **'સંયમ'** પાડ્યું, જેથી જીવનની કોઈ પણ ક્ષણે એ પોતાના લક્ષ્યને ભૂલી ન જાય.

જ્યારે દક્ષાબહેન બાળક સાથે નવસારી આવ્યા ત્યારે હિતેશભાઈએ સંયમને **પં. પુણ્યરત્નવિજયજી મ.સા.**ના ખોળે વહોરાવ્યો. કેવું તો આ અહોભાગ્ય કહેવાય ? જીવનની આદિમાં જે ખોળું મળ્યું અંત સુધી તે સૌભાગ્ય ટકી રહ્યું.



પિતાના સ્વપ્નો સોળે શણગાર સજવા લાગ્યા. જિનભક્તિ, જયણા, વિનય, વિરતિ આદિ દરેક સંસ્કારો બાળ **''સંયમ''**ના વ્યક્તિત્વને ઘડવા લાગ્યા. જીવદળ પણ એવું ઉત્તમ હતું કે જે કાંઈ શિક્ષા આપવામાં આવે તે દરેક શિક્ષાઓ સુગમતાથી સ્વીકાર કરી અમલ કરતો હતો.

મેવાડ દેશોદ્ધારક પ.પૂ.આ.ભ. **શ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**નું ચોમાસું નવસારી હતું. તે વેળાએ પિતાજી સાથે ગુરુવંદન કરવા ગયેલ ૩ વર્ષના બાળ સંયમને ગુરૂભગવંતે સહેજ પુછ્યું કે ''સંયમ ! દીક્ષા કોણ લેશે ?'' સંયમે પોતાની સરલ-ઘેલી-મોહકવાણીમાં જવાબ આપ્યો ''હું દીક્ષા લેવાનો, મમ્મી પણ દીક્ષા લેવાની, પપ્પા પણ દીક્ષા લેવાના, અમે બધા દીક્ષા લેવાના.''

નિર્દોષ બાળકની પ્રેમાળ વાણી સાંભળી સૌના મુખ પર આનંદભર્યું સ્મિત છલકાઈ ઉઠ્યું.

આ છે ઉત્તમ સંસ્કારોની ઊંડી અસર કે એક બાળક પણ ભૌતિક સુખ અને રાગની દુનિયાને છોડવાના અને ત્યાગની દુનિયાને અપનાવવાના અરમાન સેવે છે. એટલે જ તો Fancy Dress Competitionમાં પણ સાધુનો વેશ ધારણ કર્યો.

# ૫ આજે મારે ઉપવાસ કરવો છે...

માતા પિતાએ ખૂબજ કુનેહથી સંયમ અને તેના નાના ભાઈ યશનું સંસ્કરણ કર્યું. School માટે તો ઘણા માઁ-બાપ Tution રાખે છે, પણ પાઠશાળા જવા ઉપરાંત હિતેશભાઈએ દીકરાઓ માટે ઘરે ધાર્મિક Tution રાખ્યું. પાઠશાળા ઉપરાંત ઘરે પણ ધાર્મિક અધ્યયન ચાલતુ હતું.

દીકરાઓને અષ્ટપ્રકારી પૂજા કરવા લઈ જવા, બજારના ચટાકેદાર અભક્ષ્ય ભોજનને ઘરે લાવવા નહીં અને દીકરાઓને તે વાપરવાની ઈચ્છા ન થાય તેની સમજણ આપવી, કુમિત્રોની સંગત ન થાય ઈત્યાદિ ઘણી કાળજી રાખી.

એક વાર હિતેશભાઈને ખ્યાલ આવ્યો કે છોકરાઓ રોજે જમતી વખતે T.V. ઘણું જોયા કરે છે અને આ વાત સહન ન થવા પર છોકરાઓ school ગયા ત્યારે Building ની Terrace પર જઈ T.V. ને Building ના પાછળની કચરા પેટીમાં ફેકી દીધો અને કોઈ T.V. ને કચરામાંથી ઉપાડીને વાપરી ન લે તે માટે પહેલેથી જ તેમણે ડાંડાથી કાચ ફોડી નાખ્યો હતો. આ હતો ઉન્માર્ગથી બચાવવા માટે પિતાનો સાચો પ્રેમ.

પિતાજીને ધર્મ ગમે છે એ વાત સંયમને ખ્યાલ હતી. એક સવારે School જવા માટે ઉઠાડ્યો ત્યારે School જવાનું mood ઓછું હતું. માટે કહ્યું કે ''પપ્પા મારે આજે School નથી જવું'' પપ્પાએ પૂછ્યું 'કેમ'? સાચો જવાબ આપે તો કદાચ દાળ ન ગળે માટે એમણે પિતાના ધર્મપ્રેમનો ટેકો લીધો 'આજે મારે ઉપવાસ કરવો છે.' સંયમને ખ્યાલ હતો કે પિતાને ધર્મ એટલો પ્રિય છે કે એના માટે School ન જવાની અનુકૂળતા ચોક્કસ કરી આપશે. અને પિતાને પણ ખ્યાલ આવી ગયો કે ઉપવાસ કરવાની ભાવના તો નથી પણ ફક્ત school ન જવા માટે ઉપવાસ કરવો છે.

પણ પિતાને School ના ભોગે પણ જો અગર ધર્મના સંસ્કાર પડતા હોય તો મંજુર હતું. ઉપવાસનું પચ્ચક્ખાણ અપાવી મધ્યાહ્ને અષ્ટપ્રકારી પૂજા કરવા દેરાસર લઈ ગયાં.



સવાર હતી ત્યાં સુધી School ન ગયાનો આનંદ હતો. બપોર થતા સંયમને ખ્યાલ આવી ગયો કે School ન જવા ઉપવાસ તો કર્યો પણ વિચાર્યું નહી કે ભૂખ લાગશે ત્યારે શું હાલત થશે ? દેરાસર જતી વખતે મનમાં જે કાંઈ વિચાર આવ્યા તે સહજ રીતે પિતાને કહેતો ગયો...

''પપ્પા કાલે મમ્મીને કહેજો કે બાજરીનો રોટલો બનાવે''

''હાં બેટા...''

''પપ્પા ! જોડે કઢી પણ બનાવવાનું કહેજો.''

''હાં બેટા ઠીક છે.''

અંદર હસી રહેલા પિતાને ખ્યાલ આવી ગયો કે આ આકરો લાગેલો ઉપવાસ બોલી રહ્યો છે.

પણ આ રીતે પણ ઉપવાસ કરાવીને તેને તપમાર્ગે વાળવાનો આનંદ એમણે હતો. દીકરાને તકલીફ પડી પણ પોતે ઢીલા ન પડ્યા. દીકરાને હિંમ્મત આપી તપ પૂર્ણ કરવાની ટેવ પડાવી.

આ કાળમાં આવા પિતાની પ્રાપ્તિ થવી એ પણ એક અદ્વિતીય પુણ્ય છે.



# ૬ એક આદર્શ પિતા...



હિતેશભાઈ અવારનવાર બન્ને ગુરૂદેવશ્રી પૂ.આ.ભ. **શ્રી પુણ્યરત્નસૂરિજી મ.સા.** તથા પૂ.આ.ભ. **શ્રી યશોરત્નસૂરિજી મ.સા.**ને વંદન માટે જતા અને પુત્રની કેળવણી અંગે માર્ગદર્શન પ્રાપ્ત કરતા હતા. અવસરે પર્યુષણ કરવા પરિવારસહિત ગુરુભગવંતની નિશ્રાએ જતાં અને પછી School ની Vacation માં પુત્રોની સાથે જ માતા-પિતા બન્ને ૧૦-૧૫ દિવસ ગુરુભગવંતની નિશ્રાએ રહેતા.

આ રીતે પુત્રોનો ગુરુભગવંત જોડે મીઠો સંબંધ બંધાઈ જવા પછી, સંયમની ૧૨ વર્ષની ઉંમરે એક સાહસિક નિર્ણય લીધો. હાં ! છટ્ઠા ધોરણ પછી એની School છોડાવી એને ગુરુભગવંત સાથે રાખવાનો નિર્ણય !

આમ તો આ કામ સહેલુ ન હતું. કેટલાય સંબંધિ પરિચિતોનો વિરોધ અને સૌથી મોટી વાત તો પોતાની પત્નીને સમજાવવી. એમણે પુત્ર પર અપાર પ્રેમ-સ્નેહ હતો. અને ન લઈ જવા ઘણો વિરોધ અને પ્રયાસો પણ કર્યા. પણ હિતેશભાઈની હિંમત અને સમજદારીને દાદ અપાય તેમ છે. બધાને સમજાવીને વિરોધની પરવાહ કર્યા વગર પુત્રની સાથે જોધપુર પોતે એક મહીનો ગુરુભગવંત સાથે રોકાયા, છોકરાને એકળવાયું ન લાગે માટે.

ધર્મને સમજેલી માતાને પણ ઘણો પશ્ચાતાપ થયો કે 'મેં ખોટો વિરોધ કર્યો, આવા ઉત્તમ માર્ગે જઈ રહ્યો છે, તો તેમાં શું ના પાડવી' અને તુરંત હિતેશભાઈને ફોન કરી, કરેલા વિરોધની માફી માંગી, ગુરુદેવ પાસે પ્રાયશ્ચિત્ત કર્યું.

આ જ તો છે પુણ્યનો ખેલ. બધી વ્યવસ્થા ગોઠવાઈ જાય, પ્રતિકૂળ પરિસ્થિતિ પણ અનુકૂળ થઈ જાય.

# ૭ આરાધનામાં આનંદનું લક્ષ્ય...



અત્યાર સુધી દરેક પરિસ્થિતિમાં સંયમે કોઈ પુરુષાર્થ કરવો ન પડ્યો પણ હવે પછી પુરુષાર્થ માત્ર સંયમને જ કરવાનો હતો. રાગને તોડવાનો પુરુષાર્થ.

શરુઆતમાં ઘણી વાર એવું બનતું કે, હિતેશભાઈ જોડે હોવા છતાં એક બાજુ એકલો બેઠો સંયમ રડતો હોય અને ઘણું પૂછવા પર જવાબ આપતો કે 'મમ્મીની યાદ આવે છે.'

'પણ ઘરે તો તું School જાય ત્યારે મમ્મી કયા જોડે હોય છે ?'

'પણ પછી તો મળી શકાય ને ?'

આ સમય હતો પ્રિય મમ્મીના સ્નેહને ભૂલી જવાનો. સંયમને માતા પ્રત્યે વિશેષ સ્નેહ હોવાને કારણે આ કામ તેના માટે અઘરું હતું. પણ સમય જતા એ પણ શક્ય બન્યું.

સંયમને હવે ગુરુદેવ પાસે એકલા રહેવું પણ ફાવવું જોઈએ માટે ૨ દિવસનું કામનું બહાનું કાઢી હિતેશભાઈ નવસારી ગયા. શરુઆતના બે દિવસ તો સંયમને ફાવ્યું નહી. ત્રીજા-ચોથા દિવસે થોડો હળવો થયો.

પહેલા જ અઠવાડિયે સંયમને તાવ આવ્યો. ગુરુદેવે અમને કહ્યું કે 'સંયમને તાવ આવ્યો છે, એકલો છે, કોઈ સેવા કરનાર ગૃહસ્થ પણ જોડે નથી, માટે ઢીલો પડી ગયો હશે, તો અત્યારે પ્રતિક્રમણ પછી એને થોડો fresh કરી દેજો.'

પ્રતિક્રમણ બાદ ગુરુદેવ સહિત અમે ૨-૩ મહાત્મા સંયમની પાસે ગયા. ગાદલુ પાથરીને સંયમ જાગતો સુતો હતો.



''સંયમ ! કેમ છે તને ?''

''મહારાજ સાહેબ ! આપ મારી ખબર લો છો ?''

''હાં તને તાવ છે ને ?''

''પણ આપ તો મુનિ છો...''

''તું પણ તો બાળ શ્રાવક છે'' જવાબ સાંભળીને સંયમ થોડો હસ્યો. થોડી વાતો શરુ થઈ. થોડા Jokes સંભળાવ્યા; થોડીવારમાં ત્યા બધા મુનિભગવંત ભેગા થઈ ગયા.

એના પગ તો દબાવી ના શકાય માટે વાતો અને વાર્તાઓ સંભળાવીને મન સ્વસ્થ રાખવા વધુને વધુ પ્રયત્ન કર્યા.

તાવ હતો, શરીર કમજોર હતું પણ મોઢા પર સ્મિત બદલાયું નહીં. પ્રસન્નતા ઓછી ન થઈ. વાતો - વાર્તાઓ સાંભળવાનો રસ અકબંધ હતો.

સૌ પ્રથમવાર અમને સંયમના જીવનમાં જોવા મળ્યું કે, તનમાં પ્રતિકૂળતા હોય અને શ્રવણ રુચિના કારણે મનમાં પ્રસન્નતા હોય.

આ જ નાનકડું બીજ આગળ જતા સમાધિમરણના વટવૃક્ષનું રુપ લેશે, તેવી તો કલ્પનાય ન હતી.

હવે પિતા વગર ગુરુભગવંતની નિશ્રાએ એકલા રહેવું પણ સંયમને ફાવી ગયું હતું.

સ્વાધ્યાય અને વિરતિના અભ્યાસે સંયમનું મન વધું પ્રસન્ન થતું ગયું.

જીવની યોગ્યતા જ એવી હતી કે સહજ રીતે તેની ગતિ માર્ગ પર જ થતી. આરાધનામાં પણ આનંદનું લક્ષ્ય હતું, આરાધનાઓની ગણતરીનું નહીં.

રાજસ્થાનના શ્રી બ્રાહ્મણવાડા તીર્થની ધ્વજારોહણનો પ્રસંગ હતો. દીક્ષાર્થી અંકુશની સાથે સંયમ બાવન જિનાલયની દેરીઓની ધ્વજા ચઢાવા લાગ્યો. અંકુશની ઉમર મોટી હતી અને મનમાં એક સ્પર્ધા ભાવ હોવાથી ફટાફટ વધારે ધ્વજા ચઢાવવાનું કામ શરુ કર્યું. પ્રસંગ સંપૂર્ણ થયા બાદ સંયમ અંકુશ જોડે વાપરવા બેઠો અને વાત કરી ''ભાઈ ! આજે તો કેવો આનંદ થયો - કેવી મજા આવી.''

અંકુશ તો વિચારતો રહી ગયો કે હું તો વધારેમાં વધારે ધ્વજા ચઢાવા પાછળ ગણતરીમાં જ રહી ગયો. અને આ તો ઓછી ધ્વજા ચઢાવીને પણ આનંદમાં છે !

સંયમનું જીવદળ જ એવું ઉત્તમ કોટીનું હતું કે - શરુઆતથી જ પોતાની આરાધનાની ગણતરી પર નહીં, પણ આનંદ પર જ વધારે લક્ષ્ય હતું. Quantity પર નહીં Quality પર લક્ષ્ય હતું.

## ૮ જવાબ... લાજવાબ !...

બાલ્યવય, ગુરુકુળવાસ, સૌમ્યમુખાકૃતિ, તેજસ્વી મુખમંડળ, ચેહરા પર છળકતી નિર્દોષતા, આ બધા તત્ત્વો મળીને જોનાર ઉપર એવું કામણ કરી જતા કે નજરો તો સ્થિર થાય જ સાથે હૈયામાં સંયમની છબી પણ સ્થિર થઈ જાય. આટલું થયા બાદ એમની વાણીના એકેક શબ્દો સાંભળનારનું હૈયું ખૂબ જ સહજતાથી ચોરી લેતા.

આ તો માત્ર આકર્ષક આકૃતિ અને મધુરવાણીનો કમાલ છે, વળી તેમાં મેધાની કુશાગ્રતા જ્યારે ભળતી ત્યારે એક વાર્તાલાપ પણ જીવનભર ચિરસ્મરણીય બની જતો અને આવો સાક્ષાત્ અનુભવ અનેકોને થયેલ છે, જેઓ આજે પણ ભૂતકાળની તે વાતને ભૂલી નથી શક્યા.

સૌ પ્રથમ School છોડીને જ્યારે સંયમ ગુરૂદેવની નિશ્રાએ રહેવા આવ્યો ત્યારે ૩-૪ દિવસ બાદ ઉકાળેલા પાણીનો ઘડો ભરીને સંયમકુમાર સાધ્વીજીના ઉપાશ્રયની બહારથી જઈ રહ્યો હતો. ૧૨ વર્ષનો તેજસ્વી બાળક, પાણીનો ઘડો અને વેષભૂષા જોઈને દરવાજા પર સ્વાધ્યાય કરવા બેસેલા સાધ્વીજી ભગવંતો સમજી ગયા કે કોઈ બાળક આચાર્યભગવંત પાસે રહેવા આવ્યો છે. સંયમે સહેજ ઝૂકીને સાધ્વીજી ભગવંતને ''મત્થએણ વંદામિ'' કર્યા. વળી બાળક એવો મનોહર લાગ્યો કે વડીલ સાધ્વીજી શ્રી અમિતરેખાશ્રીજી મ.સા.ને પૂછવાનું મન થઈ ગયું - ''તારે દીક્ષા લેવાની ભાવના છે ?''



પ્રશ્ન સાંભળી પહેલા તો જરાક અચકાયો પછી સહજ રીતે નિર્દોષ હાસ્ય સાથે જવાબ આપ્યો - ''પપ્પા મને આ ભાવ સાથે જ ગુરૂદેવ પાસે લઈ આવ્યા છે અને મારે પણ ભાવના તો જગાડવી છે, પણ પછી તો ગુરૂદેવશ્રીને મારામાં લાયકાત લાગશે તો જ દીક્ષા મળશે ને ? બધાને થોડી મળી જાય છે... એના માટે તો ખૂબ પુરૂષાર્થ કરવો પડે ને ? બસ ! ગુરૂભગવંતો અને મમ્મી પપ્પાના આશીર્વાદથી બધુ થશે, પછી હું પણ દીક્ષા લઈશ.'' આટલી નાની ઉંમરે જ્યાં રમત-ગમ્મતથી બાળકો ધરાતા નથી, એ નાજુક વયે આવી સમજણ - આવી પરિણતિ... બધા સાધ્વીજી ભગવંતો અવાક્ થઈ ગયા... વડીલ સાધ્વીજી ભગવંતના મોઢેથી ઉદ્‌ગારો સરી પડ્યા - ''આ ખૂબ જ આરાધક + પ્રભાવક સંયમી બનશે.''

પોતાના આ ઉદ્‌ગારો ભવિષ્યમાં સાક્ષાત્ થયાનો અનુભવ આ સાધ્વીજી ભગવંતે કર્યો.

---

જોધપુર ચૌમાસામાં પર્યુષણાના દિવસો આવ્યા. પિતા હિતેશભાઈએ ચૌસઠ પ્રહરી પૌષધની યોજના ગોઠવી. પિતાજીને ક્યારેય 'નકાર' તો ભણ્યો જ નહોતો... સહજ રીતે યોજના સ્વીકારી લીધી. પણ માતા દક્ષાબહેનને દીકરા પર ઘણો લાડ હતો. એમણે પૂછ્યું - ''પપ્પાએ ભલે ગોઠવણ કરી પણ તારાથી થશે ?'' આદર્શ પુત્રના ગુણોથી સમૃદ્ધ સંયમે પિતાની ઈચ્છાને વધાવતા કહ્યું - ''હા ! હા ! ઉલ્લાસથી થશે. મારી પણ ભાવના તો છે જ.'' માતાએ પૂછ્યું - ''તો તારે કોઈ વિશેષ જરૂરિયાત હોય તો કહેજે.'' સહજ ભાવે સંયમે કહ્યું - ''મમ્મી ! અહીં મચ્છરનો ઘણો ઉપદ્રવ છે, રોજે તો કુર્તો પહેરીને સુઈ જઉ છું, એટલે વાંધો નથી આવતો, પણ પૌષધમાં તો ખેસ હોય. એ રાતના ક્યારે સરકી નીકળે એનો કાંઈ ભરોસો નથી. તો કંઈક થાય તો જોજે.''

તરત જ દક્ષાબહેને Medical માંથી એક Mosquito Repellent (મચ્છર ન કરડે તે માટે Cream) લાવી આપી.

પર્યુષણા તો સ્વસ્થ રીતે ચૌસઠ પ્રહરી પૌષધમાં પસાર થઈ. પણ એક વાત જણાવી દઉં કે જેટલી લાગણીથી માતાએ Mosquito Repellent આપી હતી, તેટલી જ લાગણીથી પિતાએ Mosquito Repellent ગાયબ કરી દીધી હતી. ''મારો દીકરો પરીક્ષા પત્રના એક પણ પ્રશ્ને નાપાસ ન જ થવો જોઈએ.'' કમાલ કહેવાય આ પિતાની.

પણ એનાથી મોટી કમાલ તો સંયમે કરી, આઠે દિવસ એકાસણાના સમયે માતા મળવા આવે પણ Repellent ગાયબ થવાની ફરિયાદ તો શું, જાણ પણ નથી કરી. પાછળથી પૂછવા પર સંયમે જવાબ આપ્યો કે - **''પ્રભુ જ્યારે મારી પરીક્ષા કરતા હોય ત્યારે નાપાસ થોડી થવાય વળી મચ્છરોથી થોડી હું મરી જવાનો હતો, થોડું - થોડું સહન કરતા શીખીએ તો જ આગળ વધાય ને ?''** જવાબ સાંભળતા જ બધા સ્તબ્ધ થઈ ગયા કે આ ઉંમરમાં આવી વિચારસરણી કઈ રીતે આવી ?

---

૧૪ કિ.મી.નો વિહાર કરીને અમે હરજી નામના રાજસ્થાનના એક ગામમાં પહોંચ્યા. બે દેરાસરના દર્શન કર્યા. ગામમાં ઘરો ઓછા હતા અને એ દિવસે સાધ્વીજી ભગવંત પણ ૧૪ ઠાણા વિહાર કરીને ત્યાં આવ્યા હતા. મોટા ગુરૂદેવશ્રીએ પરિસ્થિતિ જોઈને ગોચરીની નિર્દોષતા સાચવવા ૪ કિ.મી. વિહાર કરી આગળ થવલા ગામ પહોંચી જવા નિર્ણય કર્યો. વિહાર માટે ઘડામાં પાણી ભરતા સંયમને સા. શ્રી દીપેશરેખાશ્રીજીએ કહ્યું - ''સંયમ ! તુ નવકારશી તો કરી લે આગળ લાંબુ ચાલવાનું છે અને ૧૦.૩૦ તો વાગી ગયા છે.''

''ના મ.સા. ! આજે આઠમ છે, એટલે મારે એકાસણું છે, નવકારશી વાપરવાની નથી.''

૧૪ કિ.મી. ચાલીને આવ્યા, ૧૦.૩૦ વાગ્યા છે, ૪ કિ.મી ચાલવાનુ છે, ૧૩ વર્ષની ઉંમર છે, હાથમાં પાણીનો ઘડો, શરીર પર ઉપધિ બાંધેલી, આગળ જઈને એકાસણું કરવાનું... આ બધુ વિચારીને સાધ્વીજી ભગવંતે સંયમને કહ્યું -

''તું અહીંયાં જ રોકાઈ જા, અહીંયાં ભોજનશાળા છે, એકાસણું કરીને પછી ગાડીમાં આગળ પહોંચી જજે, ત્યાં ભોજનશાળા તો નથી, પણ જૈનોના ઘર પણ નથી.''

વાત સાંભળી, સંયમે સામો પ્રશ્ન કર્યો –

"મ.સા. ! દીક્ષા પછી મોટો વિહાર આવશે તો મને ગાડીમાં મોકલશો ? અને આપ મને દીક્ષા પછી શું જૈનોની જ ગોચરી વપરાવશો ? જે ગુરૂમહારાજ વાપરશે તે હું પણ વાપરી લઈશ, પણ હું ગુરૂદેવથી છુટ્ટો તો નહીં જ પડુ..."

આ જવાબ સાંભળી સાધ્વીજી ભગવંત ઓવારી ગયા કે આટલો નાનો છે છતાં કેવી ખુમારી સાથે જવાબ આપે છે. સહનશીલતાના કેવા સરસ સંસ્કારથી ઘડાયો છે.

આવા જવાબો માત્ર સામેવાળાને impress કરવા માટે બોલાયા હોય તેવું પણ નથી. બુદ્ધિ એમના માટે માત્ર સહાયક બળ હતું, એમની વાણીનું ઉદ્‌ગમસ્થળ તો હૃદય જ હતું. જે ભાવ સ્પર્શાતો એજ વાણીમાં હોય, એ અમારો નિત્ય અનુભવ રહ્યો છે.

દીક્ષાના ૫ વર્ષ બાદ તબિયત જ્યારે ઘણી શિથિલ થઈ ત્યારે ઘણા ઉપચારો કરવા છતા, સ્વાસ્થ્યમાં સુધારો ન થવા પર એક મનોચિકિત્સક ડૉક્ટરે બાળમુનિ જોડે મુલાકાત કરી. લગભગ ૨ કલાકનો એકાંત વાર્તાલાપ કર્યા બાદ ડૉક્ટરે અભિપ્રાય આપ્યો – "बहोत ही sharp mind है, but very True Very True... कुछ छुपाने की आदत नहीं है ! जैसा मन है, वैसा ही बोलना।" આ તો માત્ર ડૉક્ટરે મોહર લગાડી બાકી અમે તો શરૂઆતથી એમના આ સ્વભાવથી પરિચિત જ હતા. ઉંમર અને સમજ જેમ-જેમ વધતી ગઈ તેમ-તેમ જીવનના તથ્યોને તે ઓળખતા ગયા અને જીવનના સાચા લક્ષ્યને પણ એમણે નિશાનો બનાવી દીધો હતો, એવું એમના જવાબોથી જણાઈ આવતું હતું.

ઘરમાં હતા પછી મુમુક્ષુપણામાં અને છેલ્લે સંયમજીવનમાં, દરેક અવસ્થામાં એ પોતાના લક્ષ્યને વળગી રહ્યા હતા. શું કરવું છે ? એ બાબતમાં ઘણા સ્પષ્ટ હતા. આ જ સંદર્ભમાં દીક્ષાના ૫ વર્ષ બાદ જ્યારે શરીર રોગગ્રસ્ત બન્યું ત્યારનો એક પ્રસંગ સહજ યાદ આવી જાય છે.

સુરતમાં ઉમરા જૈન સંઘમાં અમે રોકાયા હતા. ૧૯ વર્ષની ઉંમર હતી. સ્વાસ્થ્યના ઉપચારો ચાલતા હતા. પ્રવર્તિની સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ.સા. બાળમુનિને વંદન કરવા આવ્યા. વંદન કરીને શાતા પૂછ્યા પછી બાળમુનિને પ્રોત્સાહિત કરતા એમણે કહ્યું – "આપના સ્વાસ્થ્ય માટે અમે બધા "आरुग्ग बोहिलाभं"ની પ્રાર્થના કરીએ છીએ." સાંભળતાની સાથે બાળમુનિએ હસતા-હસતા જવાબ આપ્યો "આ પ્રાર્થના નહી કરો તો ચાલશે પણ "समाहिवरमुत्तमं दिन्तु"ની પ્રાર્થના કરજો."



જવાબ સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા, આરોગ્ય તે સાધન છે અને સમાધિ તે સાધ્ય છે. આરોગ્ય નહીં હોય તો ચાલશે, પણ સમાધિ તો ૧૦૦% જોઈશે. આ ઉંમરમાં... આ પર્યાયમાં... આવી પરિણતિ !... આવી દૃષ્ટિની સ્પષ્ટતા !...

કમાલ કહેવાય...

જીવનની દરેક અવસ્થાએ એમની ઉંમર કરતા પરિણતિ ૫ વર્ષ આગળ ચાલતી હતી. એમના મનના ભાવો એવા ઉત્તમ હતા કે એના અનુસારે જે જવાબો સાંભળવા મળતા, સાંભળીને ખરેખર મનમાં થઈ જતું, જવાબ... લાજવાબ !...



## ૯ વદ દશમનું, એકાસણું...



સંયમ એવો સ્થિર થઈ ગયો કે વિહારાદિ કરતાં પણ કોઈ જાતની ફરિયાદ, ખેદનો અનુભવ થતો ન હતો. હર ક્ષણ આનંદમાં વહેતી હતી.

વદ ૧૦નો દિવસ હતો. વિહાર કરીને અમે નાંદાણા (જીલ્લો-પાલી) તીર્થે પહોંચ્યા હતા. આમ તો વિહારનો થાક સંયમને હતો જ અને સવારે નવકારશી પણ વાપરી ન હતી. કેમકે આજે તો વદ ૧૦નું એકાસણું કરવું છે. ભોજનશાળાના વ્યવસ્થાપકે ઉપાશ્રય આવી ગોચરીની વિનંતિ કરી, ગુરુભગવંતોએ માત્ર પાણી વહોરવાની વાત કરી. ગોચરી તો ગામમાં ઘરોમાં જવાના હતાં. સાથે કહ્યું કે... "આ દીક્ષાર્થી બાળક છે, એને આજે એકાસણું છે' ભાઈએ તરત સંયમને પૂછ્યું "बेटा बोल क्या बनाना है ?"

ફલાણી વસ્તુ બનાવી દ્યો, આવો જવાબ કે Order ક્યારેય આપ્યો જ નથી અને આટલા દિવસોમાં જમવા જાય ત્યારે જે બન્યું હોય તે વાપરીને આવી જાય. માટે કહ્યું કે 'जो बनाओगे चलेगा !' ફરીફરી ભાઈએ વિનંતી કરી 'नही बेटा बोल, जो कहो बन जायेगा !'

ભૂખ અને થાક તો સખત લાગ્યા છે. પણ order તો કેવી રીતે અપાય. આખરે બાળકબુદ્ધિથી તરકીબ અજમાવી.

"अंकल ! आपके यहाँ आटा तो होगा ही।"

"हाँ ! है।"

"गुड भी होगा।"

"हाँ !"

"घी भी होगा।"

"हाँ !"

"बस तो फिर हिला दो।"

ભલે સામેથી પૂછે છે, પણ શીરો બનાવવા માટે આદેશ તો કઈ રીતે અપાય ? આ સાંભળી અમને બધાને મજા પડી ગઈ. બધા હસવા લાગ્યા. એક બાજુ સંકોચ અને એક બાજુ ભૂખના દ્વંદ્વમાં પીડાતા બાળકે સરસ રસ્તો ગોતી કાઢ્યો.

અમે બધા હસી પડ્યા પણ અમને કયા ખબર હતી કે આ નાનકડી ઘટના વરસો પછી પણ અમને યાદ આવશે. કેમકે આવું તો પહેલી વાર જ અમને જોવા મળ્યું હતું. બાકી જમીને આવ્યા પછી સંયમના મોઢે ભોજન સંબંધી ફરિયાદ અથવા પ્રશંસા સાંભળી ન હતી.

મારા ગુરૂદેવશ્રીનું માનવું છે કે ''ભોજનની વ્યવસ્થા ન હોય તેવા ક્ષેત્રોમાં ખાસ કરીને દીક્ષાર્થીને વિહાર કરાવી ભોજનની પ્રતિકૂળતાનો પણ અભ્યાસ કરાવવો.'' તે પ્રમાણે જ એક ગામમા જૈનનું એક પણ ઘર ન હતું અને વૈયાવચ્ચ માટે કોઈ રસોડું પણ ચાલતું ન હતું. તે ગામમાં વિહાર કરી અમે પહોંચ્યા અને એક સ્વામીનારાયણના શ્રદ્ધાળુના ઘરે સંયમને જમવા મોકલ્યો. જમી આવ્યા બાદ સંયમને પૂછવા પર અમને ખબર પડી કે એમના ઘરે કાંદા-લસણ તો વપરાતા નથી, પણ શાક આજે બટાકાનું બનાવ્યુ હતું. કોઈ પણ જાતના ખેદ વગર રોટલી-દાળ અને ભાતનું ભોજન એણે કર્યું.

સામાન્ય રીતે ગૃહસ્થોને રોટલીની જોડે શાકની જ matching ફાવતી હોય છે, પણ નાની ઉંમરમાં પણ ગૃહસ્થપણાની ટેવને ટાળી નાખવા એ પરીક્ષામાં પાસ થયો.

વળી મેવાડના ગામડાઓમાં વિચરતા જોયું કે કેટલાય ઘરોમાં ખાખરા તો હોય જ નહીં અને નવકારશી માટે દૂધ-Biscuit ની જ મહેમાનગિરી થતી હતી. ત્યાં પણ હસતા મોઢે સંયમનો જવાબ રહેતો ''કાંઈ નહીં મહારાજ સાહેબ ! એમના ઘરે સવાર-સવારના રોટલી બનાવી રહ્યા હતાં, તો દૂધ - રોટલીમાં જ મેં નવકારશી કરી લીધી.''

## ૧૦ પાયાની સાધના, સાધનાનો પાયો...

પાલી શહેરમાં ચૌમાસું થયું અને ગુરુદેવે વિરતિના અભ્યાસ માટે વિશેષ પ્રેરણા કરી. પ્રેરણા ઝીલીને સંયમકુમારે કુલ ૩ મહિના પૌષધવ્રતની આરાધના કરી. પૌષધ ચાલી રહ્યા હતા અને **મુનિ અમમરત્નવિજયજી**એ સંયમને વર્ધમાનતપનો પાયો નાંખવા પ્રેરણા કરી. આમ તો સંયમને આયંબિલ અઘરા લાગતા હતા, પણ પ્રેરણા એવી થઈ કે સામૂહિક વર્ધમાનતપનો પાયો નાંખવાનો સમય ન હોવા છતા off season માં જ પાયો નાંખવા સંયમ તૈયાર થઈ ગયો અને પૌષધમાં જ પાયાનો શુભારંભ કર્યો.



આ વર્ધમાનતપના પાયાની પણ એક વિશેષતા છે. પહેલા જ ઉપવાસના પારણે આયંબિલ કરવાનું હતું. પણ ઉપવાસના દિવસે જ આવતી કાલે પારણું કરવાનો સંકલ્પ થઈ ચૂક્યો હતો. થોડો સમજાવ્યો ખરો પણ સંકલ્પ ડગ્યો નહીં.

બીજા દિવસે સૂર્યોદય થયો અને પૌષધ પારીને પારણું કરવાની તૈયારી હતી. ગુરુદેવે સંયમને બોલાવી પૂછ્યું....

''કેમ પારણું કરવું છે ?''

''ભૂખ બહુ લાગી છે.''

''આજે એક આયંબિલ કરી લે, પછી તારી મરજી. અને આયંબિલ વહેલું કરી લેજે તો ઘણી વાર સુધી ભૂખ્યાં રહેવું નહીં પડે.''

આ એક પ્રેરણા એમણે સમર્પણ ભાવથી ઝીલી અને આખો પાયો સંપૂર્ણ થઈ ગયો.

એક રાણકપુર તીર્થના પાયામાં ધન્નાશાહે ઘી નાંખીને દેપા શિલ્પીને ખર્ચ માટે નિશ્ચિંત કર્યા તેમ સંયમે પણ વર્ધમાન તપના પાયામાં સમર્પણનું ઘી ઉમેરી સાધના વિષે ગુરુદેવને નિશ્ચિંત કર્યા.

આ સમર્પણનો પાયો મજબૂત હતો, માટે જ સમાધિનું શિખર નિશ્ચલ ટકી રહ્યું.



## ૧૧ તે દિવસે તને દીક્ષાની અનુમતિ આપીશ !...

હવે સંયમને સંયમી થઈ જવા વિશેષ ભાવોલ્લાસ જાગ્યો. સમય થતા સંયમે દીક્ષા માટે વાત કરી. પિતાજી તો તૈયાર હતાં જ. માતા દક્ષાબહેને કહ્યું કે ''જ્યારે પણ તું ઘરેથી ગુરુભગવંત પાસે રહેવા જાય છે, ત્યારે તને જતો જોઈ મને ઘણું રડવું આવે છે અને મને જોઈને તારી પણ આંખ ભીની તો થાય જ છે. ભલે પછી તું મને યાદ ન કરતો હોય !

માટે જ્યારે બધાની આંખમાં આંસુ હશે, પણ તારી આંખમાં આંસુ નહીં આવે, આવો તારો વૈરાગ્ય હશે તે દિવસે તને દીક્ષાની અનુમતિ આપીશ !''

રાગ હોવા છતાં કલ્યાણની ઉત્તમ ભાવના હતી. જે માર્ગે મોકલવો છે તે માર્ગની પૂરી યોગ્યતા આવવી જોઈએ.





૧૪ વર્ષની ઉંમરે પરીક્ષા કર્યા બાદ પરિવારે સંયમને દીક્ષા અપાવવાનો નિર્ણય કર્યો.

પાલિતાણામાં ગુરુદેવશ્રી દીક્ષાદાનેશ્વરી પ.પૂ.આ.ભ. **શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ની નિશ્રામાં ભવ્ય ચાતુર્માસનું આયોજન સુશ્રાવક શ્રી રમેશભાઈ મુથાએ કર્યું હતું. હજારો આરાધકોની ભક્તિ મનમૂકીને ભરતચક્રવર્તી ભોજનમંડપમાં ચાલી રહી હતી. પણ એ ચોમાસામાં સંયમકુમારે વર્ધમાનતપની ૩-૪ ઓળીઓ કરી અને આયંબિલ સાથે પૂરી દોસ્તી કરી લીધી હતી.

ભારતભરમાં પ્રસિદ્ધિ પામેલી વિનીતાનગરીમાં દીક્ષાદાનેશ્વરી પૂ. ગુરુદેવ ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.એ સંયમકુમારની **દીક્ષાનું મુહૂર્ત** પ્રદાન કર્યું.

ઘરના વડીલ રાજેશભાઈ ગાંધીએ દીક્ષાના જાજરમાન મહોત્સવની તૈયારી શરુ કરી દીધી. ખૂબ જ ઉદારતા અને ઉત્સાહપૂર્વક ૫ દિવસના (૧૬ ટંક સાધર્મિકભક્તિ સહિત) મહોત્સવનું આયોજન કર્યું. ભવ્ય વર્ષીદાન વરઘોડામાં સમસ્ત નવસારી સંઘે શાસનની શોભા વધારી. જૈનોસહિત પટેલ આદિ સમાજના ભાવિકોએ પણ પૂરા ઉલ્લાસ સાથે મહોત્સવનો આનંદ માણ્યો. આ પરિવારમાં એક વિશેષતા જોવા મળી કે









દેરાણીના દીકરાની દીક્ષા હોય અને દેરાણીની જોડે જેઠાણીના પીયરથી પણ મામેરુ થયું હોય. બન્ને ભાઈના ઘર જુદા હોવા છતાં, એક સાચા સ્નેહતંતુથી બંધાએલા કુટુંબની ઝાંકી સૌને જોવા મળી.

કાકી જિજ્ઞા બહેનને સંયમ ઉપર માઁની જેવો સ્નેહ હોવાથી કાકીના પીયરેથી પણ પોતાના ભાણેજની દીક્ષા હોય તે રીતે મામેરાનો પ્રસંગ થયો.

સાંજે વિદાય સમારોહ માટે ૮.૦૦ વાગ્યાનો સમય હતો, પણ ૭.૩૦ વાગે આવનારા ભાવિકોને મંડપની બહાર રહેવું પડ્યું એવી પડાપડી સાથે લોકોએ મંડપ ભરી દીધો હતો.

દીક્ષાના દિવસે વહેલી સવારે ગુરુદેવે મંડપમાં પ્રવેશ કર્યો એ પહેલા જ મંડપ ઉભરાઈ ગયો હતો.



આજે પણ નવસારી સંઘ તે દીક્ષા મહોત્સવને યાદ કરે છે. બધા કહે છે અંજનશલાકા પ્રતિષ્ઠા જેવો માહોલ હતો.

મહા સુદ ૧૩ની મંગલ પ્રભાતે :- પ.પૂ.આ.ભ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.ના વરદહસ્તે રજોહરણ સ્વીકારી પ.પૂ.આ.ભ. શ્રી યશોરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય બન્યા. તેમનું નવું નામ મુનિ દાનરત્નવિજયજી મ.સા. પડ્યું.

નાનુ કદ... નાની વય... નિર્દોષ ચહેરો... હોવાથી પ્રેમથી બધા એમને ‘‘બાળમુનિ’’ કહી બોલાવતા અને આગળ વધતા ૨૦ વર્ષની ઉંમર હોવા છતા એમનો દેખાવ નિર્દોષ બાળ જેવો જ હોવાથી સર્વત્ર ‘બાળમુનિ’ તરીકે એમની પ્રસિદ્ધિ થઈ.

નવા જીવનની સાથે તેમણે નવો વેગ પકડ્યો. ગુરુસમર્પણ, સ્વાધ્યાય, સેવા આદિ ગુણોથી અમુક જ સમયમાં પોતાના અભ્યુદયને આકર્ષવા લાગ્યા.









## ૧૨ આના માટે જ તો **દીક્ષા** લીધી છે...

દીક્ષાના બીજા જ દિવસે સવારે નૂતન દીક્ષિતના સંસારી ઘરે પગલા કરાવવા માટે હિતેશભાઈ ઉપાશ્રયમાં આવ્યા. હિતેશભાઈએ મને પૂછ્યું ''મહારાજ સાહેબ ! નવા મહારાજને શું પચ્ચક્ખાણ કરાવ્યું છે ?''

''બિયાસણું'' મેં કહ્યું.

''મહારાજ સાહેબ ! એકાસણું કરાવો, થઈ જશે.''

''ગુરુમહારાજને વાત કરું છું !'' એમ કહીને મેં વાત ટાળી. ગુરુદેવને પણ એકાસણું કરાવવા માટે કહ્યું પણ ગુરુદેવે એમણે બિયાસણું જ કરાવ્યું.



મોટા ભાગે તો મા-બાપ તપ ઓછું કરાવવાની જ ભાવનાવાળા હોય. પણ પુત્ર-મુનિની સાધનામાં બમણો વિકાસ ઈચ્છનારા આવા પિતા તો વિરલા જ હોય.

ઉપવાસનું પારણું કરી પ્રથમ બિયાસણું કર્યું અને બપોરે બીજું બિયાસણું કરવા બેઠા.

સહજ વાત છે કે ગોચરીમાં અનેક વસ્તુ વહોરેલી હોય. તેમાં કેટલીય વસ્તુ ઉત્તમ પણ હોય, નીરસ પણ હોય. નૂતન દીક્ષિત અને બાળમુનિ હોવાને કારણે ઉત્તમ વસ્તુથી એમની ભક્તિ કરવામાં આવી. એમણે જોયું કે આ અમુક નીરસ વસ્તુઓ મને પૂછી પણ નથી.

માંડલીના મહાત્માઓને તે સામાન્ય ઠંડી, સવારની બનેલી વસ્તુઓ વાપરવી પડશે એવું વિચારી એમને ઉત્તમ વસ્તુની ના પાડી અને સામે થઈને નીરસ વસ્તુની યાચના કરી 'મને પણ આ ચાલશે આપી દો.' અમને બધાને આશ્ચર્ય થયું. અમે કહ્યું 'આ તો નીરસ છે. તમે તો ગઈ કાલે જ દીક્ષા લીધી, તમને ન અપાય.' છતાંય ભાવ જાણવા માટે પૂછ્યું કે આ વસ્તુ તમને કેવી રીતે ફાવશે ?' **''એમા શું થયું ? આના માટે જ તો દીક્ષા લીધી છે.''**

જવાબ સાંભળીને આચાર્યભગવંત સહિત બધા મહાત્મા સ્તબ્ધ થઈ ગયા. નાની ઉમરમાં દીક્ષા લીધી છે, પણ સમજ સાથે લીધી છે. નાની ઉમરમાં Adjustment કરવાની ફાવટ હોવી, ખરેખર અનુમોદનીય લાગી.

એ દિવસથી માંડીને ક્યારેય કોઈ પણ વસ્તુ, પરિસ્થિતિ આદિની ફરિયાદ એમણા મોઢે સાંભળી નથી. બધે જ યથાશક્તિ Adjust કરતા જ રહ્યાં છે.



## ૧૩ સહજ સમજ...



દીક્ષાના બીજા દિવસે સાંજે વિહાર કર્યો અને થોડા દિવસ બાદ વિહારમાં મુનિ દાનરત્નવિજયના સંસારી પરિવારવાળા મળવા આવ્યા. ઉપાશ્રયમાં આવેલા જોઈને એમણે ખબર તો પડી ગઈ કે હવે મારી પાસે બેસીને વાત કરશે. દાનરત્ન મ.એ સહવર્તી મહાત્માને પૂછ્યું કે 'હવે આ લોકો આવીને બેસે તો આપણે શું વાત કરવાની ?'

મહાત્માને આનંદ સહ આશ્ચર્ય થયું કે નાની ઉંમરમાં ન શીખવાડવા છતાં ગૃહસ્થો જોડે ભાષા સમિતિ રાખવાનો ઉપયોગ ક્યાંથી આવ્યો ? અને એથી વધુ આનંદ તો એ વાતનો હતો કે - 'મમ્મી-પપ્પા', 'મારા સંસારી' આવા કોઈ મમત્વવાળા સંબોધન આપ્યા વગર એમને 'આ લોકો' આવો પારકો સંબોધન આપવું ક્યાંથી શીખ્યું ? સંયમ લીધા પછી સ્વજન પ્રત્યે મમત્વ ન રખાય, એ બોધ એમણે હશે એટલે જ તો આવું બોલી શકે !

સહવર્તી મહાત્માએ સહેજ સમજ આપી કે, પૂછે તો આપણી આરાધનાની વાત કરવી, એમની આરાધના પૂછવી અને જે ન કરતાં હોય એવી કોઈ આરાધનાની પ્રેરણા કરી દેવી. બીજી કોઈ આડી - અવળી વાતો કરે તો વધારે મહત્ત્વ ન આપવું. વાત બદલાવી દેવી.

બાલમુનિને વંદન કરી પરિવારવાળા બેઠા. થોડી વાતો ચાલી પછી પૂછ્યું કે ''તમે ગોચરી વાપરી ?'' ''હાં'' ટૂંકો જવાબ આપી ચૂપ થયા. જોડે બીજા બે પરિચિત વ્યક્તિએ આગળ વાત વધારી. ''શુ વાપર્યું ? કેટલા દ્રવ્ય વાપર્યા ?'' ''જે ગોચરીમાં આવે તે વાપર્યું.''

''પણ શું વાપર્યુ ?'' વારંવાર પૂછીને જવાબ આપવા આગ્રહ કર્યો. બાળમુનિએ પણ બુદ્ધિ વાપરીને જવાબ આપ્યો. ''એક દ્રવ્ય વાપર્યું.''

''શું ?''

''પુદ્ગલ દ્રવ્ય વાપર્યું.''

સાંભળીને બધાને હસવું આવ્યું.

સામેવાળાને નારાજ કર્યા વગર પરિસ્થિતિ સાચવવી એની એક કળા એમનામાં જાણે સહજ હતી.

જવાબ સાંભળીને ગૃહસ્થોને ખ્યાલ આવી ગયો કે ગોચરીની વાત ગૃહસ્થોને ન કરાય તે વાત બાળમુનિ સારી રીતે જાણે છે.

પછી ગુરુભગવંતને આ વાર્તાલાપ બાળમુનિએ જણાવ્યો અને સહેજમાં ગુરુભગવંતે પૂછ્યું ''તમે શું વાપર્યું, એ એમને કેમ ન કહ્યું ?''

અમને બધાને હસાવતા બાળમુનિએ જવાબ આપ્યો -

''ગુરુમહારાજ ! આ તો અંદરની વાત છે !''

## ૧૪ સરળતા સાથે પ્રજ્ઞા...



પડિલેહણ કરતી વખતે વડીલોનું પડિલેહણ થતું હોય અને મોડા પડી જાય ત્યારે બાલમુનિ પાછળથી બૂમ પાડતા "મારા માટે વીંટિયો રાખી લેજો." કપડું નહીં, ઉત્તરપટ્ટો નહીં પણ વીંટિયો જ કેમ રખાવ્યો? આવું ૨-૩ વાર બન્યા પછી પૂછવા પર સરળતાથી એમણે પોતાના ભોળા મનથી વાત કરી "જુઓ, બીજું કાંઈ પડિલેહણ કરું તો એક કે બે વસ્તુ પડિલેહણ માટે મળે. વીંટિયામાં તો બધું જ પડિલેહણ કરવાનો લાભ મળે. એમા કપડું પણ હોય, ચોલપટ્ટો પણ હોય, પાંગરણી પણ હોય, બધું જ હોય."

જવાબ સાંભળી અમે બધા હસવા લાગ્યા પણ સરલતાના કારણે એમના મોઢાની રેખા પણ ન ફરકી. આ તો મોડા પડતા હતા ત્યારે તે આવું કહેતાં, બાકી તો જ્યાં સુધી સ્વસ્થતા હતી ત્યાં સુધી વિદ્યા ગુરુઓનું પડિલેહણ અને ઓઘો અચુક રીતે બાંધતા હતા.

સરલ હોવાની સાથે તે પ્રાજ્ઞ પણ હતા. દીક્ષાને માત્ર ૩ મહિના થયા હશે અને પારિષ્ઠાપનિકા સમિતિ પાળવા તેઓ ગયા હતા. અડધો-પોણો કલાક થઈ ગયો. અને અમે બધા રાહ જોતા રહી ગયા. પાછા આવ્યા ત્યારે કારણ પૂછવા પર એમણે જણાવ્યું "જગ્યા નહીં મળી."

"અરે અહીંયાં તો ચારે બાજુ ખુલી જગ્યા છે, મકાનો પણ ઘણા દૂર-દૂર છે, જગ્યા તો મળી જ જાય."

"જગ્યા તો હતી પણ બરોબર ન હતી. કેટલા ઠેકાણે લાલ માટી, એ તો સચિત્ત હોય ને ? ક્યાંક થોડી ઘાસ હતી, એટલે અચિત્ત ભૂમિ ગોતતાં સમય લાગ્યો."

બધાને આશ્ચર્ય થયું કે આ ઉંમર અને અલ્પ પર્યાયમાં સંયમની આટલી કાળજી !

ખરેખર અનુમોદનીય છે !



## ૧૫ ગુરુની ઈચ્છા એજ મારું જીવન...



પહેલું ચોમાસું આવ્યું અને પહેલી પર્યુષણ. મેં થોડી પ્રેરણા કરી "આ વખતે તો આપણે અટ્ઠાઈ કરવી છે..."

થોડા જોશમાં આવી પહેલા દિવસે છટ્ઠનું પચ્ચક્ખાણ કર્યું. ત્રીજા દિવસે એમણે પારણું કરવાનું વિચાર્યું. ગુરુદેવે કહ્યું... "આજે તો અટ્ઠમ પૂરો થઈ જશે." "ગુરુમહારાજ ! મારે તો આજે પારણું કરવું છે."

"કેમ ? પિત્ત થાય છે ?"

"ના ! પણ બસ હવે કાંઈ કરવાની ઈચ્છા નથી રહેતી, સ્વાધ્યાય પણ ન ગમે એટલે..."

"જુઓ આજે એક ઉપવાસ કરી લ્યો, મારી ભાવના છે. અટ્ઠમ પૂરો થશે, પછી તમારી ઈચ્છા જેમ હોય તેમ."

ગુરુદેવની ઈચ્છા પૂરી કરવા ત્રીજો ઉપવાસ કર્યો.

ચોથો દિવસ આવ્યો. નવકારશીને વાર હતી. વંદન કરવા આવેલા સાધ્વીજી ભગવંત બાળમુનિને પણ વંદન કરવા ગયા. "દીક્ષા પછી પહેલો અટ્ઠમ કર્યો, શાતામાં છો ને ? ખૂબ ધન્યવાદ છે તમને"... "ના! મારે તો છટ્ઠ જ કરવો હતો, આ તો ગુરુમહારાજની ઈચ્છા હતી એટલે અટ્ઠમ કર્યો."

"એમ ! ગુરુમહારાજની ઈચ્છાથી એક ઉપવાસ કર્યો, તો અમારા બધા સાધ્વીજીની ઈચ્છા છે. આજે પણ એક ઉપવાસ થઈ જશે. અમારી ઈચ્છા ખાતર તમે એક ઉપવાસ નહીં કરો ?"

થોડો ભાવતાલ ચાલ્યો પણ આખરે માની ગયા અને ચાર ઉપવાસ થયા પછી ગુરુદેવે એમણે પારણું કરાવ્યું. ગુરુદેવ સિવાય બીજાની પણ ઈચ્છા હોય અને થોડી પણ શક્તિ પહોંચતી હોય તો અવશ્ય બીજાની પણ ઈચ્છા પૂરી કરતા.

એક વાર વિહારમાં વર્ધમાનતપની નાનકડી ઓળી કરી હતી અને ઉપવાસના બીજા દિવસે વિહાર કરી સાંડેરાવ ગામમાં પહોચ્યાં. ત્યાં છ'રી પાલક સંઘ માટે સામૈયું થવાનું હતું, માટે ગામ બહાર ઉતર્યા. એમણે એકાસણાનું પચ્ચક્ખાણ હતું. ગુરુદેવની ભાવના હતી કે સામૈયા પછી ગામમાં જઈને એમણે એકાસણું કરાવશું.

બાળ હોવા છતાં કેવી સહિષ્ણુતા કે એમણે સામેથી પારણા માટે કોઈ વાત ન કરી. સામૈયું થયા બાદ શ્રીસંઘની નવકારશી હતી તેમાં વહોરેલી ગોચરી ૧૦ - ૧૦.૩૦ વાગ્યે વાપરવા બેસાડ્યા અને કહ્યું કે ''આમાંથી થોડું વાપરો અને બેસી રહેજો, અમે પ્રવચન કરીને આવીએ છીએ. પછી બપોરની ગોચરી થોડી વહેલી લાવીને એમાંથી તમારી ભક્તિ કરશું.'' બપોરે પણ સંઘસ્વામિવાત્સલ્ય હતું.

થોડું વાપરીને એ બેઠા રહ્યા, પણ પ્રવચન તો લાંબુ ચાલ્યું. ૧$^{1}/_{2}$ કલાક થયો. મેં કહ્યું કે, ''હવે ખબર નહીં ગુરુમહારાજ ક્યારે આવે ? પ્રવચન કેટલું લાંબુ ચાલે ? આ સવારની ગોચરીમાં તમારું એકાસણું વ્યવસ્થિત થઈ જશે, તમે વાપરી લ્યો, હવે વધારે રાહ નહીં જુઓ.''

''ના ! ગુરુમહારાજે કહ્યું કે - હું આવીને વપરાવીશ.'' ગુરુની આજ્ઞાને ઉલ્લંઘવાનો સહેજ પણ વિચાર ન આવ્યો. ૨ કલાક રાહ જોઈને પછી ગુરુદેવના હાથે ગોચરી લઈ પારણું કર્યું. ગુરુની ઈચ્છા અને આજ્ઞા બન્ને જીવનની ગાડીના પાટા બની ગયા હતા.

પૂ.પં. પદ્મબોધિવિજયજી મ.સા. પણ છ'રી પાલક સંઘમાં અમારી જોડે જ હતા. બાળમુનિની આજ્ઞાંકિતતા અને આનંદ જોઈને એમણે બાળમુનિને મજાકમાં કહ્યું ''દાનરત્ન મહારાજ ! આમ હસતુ મોઢું રાખો એ ન ચાલે. મોઢું થોડું ઢીલુ પાડી રાખવું, થોડી કમજોરી દેખાવી જોઈએ. લાગવુ જોઈએ કે વર્ધમાનતપની ઓળીનું પારણું થયું છે, તો બધા શાતા પૂછે.''

# ૧૬ વિવેક બુદ્ધિ...

સંસ્કૃત બુક કર્યા પછી સંસ્કૃત કાવ્યોનું વાંચન પં. ધર્મરત્નવિજયજી પાસે બાળમુનિ કરતા હતાં. એક દિવસે પાઠ ચાલી રહ્યો હતો અને બાલમુનિને વંદન કરવા સંસારી કાકા-કાકી, ભાઈઓ વિગેરે દૂરથી આવ્યા હતા. આવીને ત્યાં બેઠા. વિદ્યાગુરુએ કહ્યું કે, ''આજે પાઠ આટલો જ રાખીએ.'' બાળમુનિએ વંદન કરવા આવેલા સંબંધીઓને કહ્યું, ''રોજે તો એક કલાકનો પાઠ થાય છે પણ તમારા માટે મહારાજસાહેબે ૧૫ મિનીટમાં જ પૂરો કર્યો'' ''ના... ના... મહારાજ સાહેબ આપ ચાલુ રાખો અમે બેઠા છીએ.'' શ્રાવકોએ જવાબ આપ્યો.

''તમારે કાંઈ વાંધો નથી ને ?'' બાળમુનિએ પૂછ્યું.

''ના મહારાજસાહેબ ! અમારા માટે સ્વાધ્યાય ઓછો ના કરો, એક નહીં સવા કલાક પાઠ ચલાવો.''

શ્રાવકોને સંમત કરીને પાઠ કર્યો અને પછી વંદનાર્થીને મળ્યા. ઓછો પર્યાય હોવા છતાં સ્વજનો કરતાં સ્વાધ્યાયમાં વધુ રસ હતો.







બીજા દિવસે પાઠ ચાલી રહ્યો હતો અને વિદ્યાગુરુને વંદન કરવા એમના સંસારી સંબંધી આવ્યા. બાજુમાં બેઠાં, એટલે બાળમુનિએ કહ્યું ''પંન્યાસજી મહારાજ ! આજે બસ એટલું જ રાખો !''

વિદ્યાગુરુએ જવાબ આપ્યો, ''ના, મારે વાંધો નથી, એ બેઠા જ છે, પછી મળીશું.''

''ના, પણ મારે પાઠ કરવો જ નથી. આજે બસ થઈ ગયું.'' સગા સંબંધીને એવું ન લાગે કે એક દિવસ માટે આવ્યા અને સમય ન મળ્યો માટે સામે થઈને દબાણ કરી પાઠ બંધ કરાવ્યો અને વિદ્યાગુરુને મુક્ત રીતે રહેવાની અનુકૂળતા કરી આપી.

આ હતી એમની વિવેકબુદ્ધિ, વ્યવહાર કુશળતા, નિયમો પોતા માટે હોય, વડીલો પ્રત્યે માત્ર સમર્પણ અને આવા ગુણોના કારણે જ તેઓ સહુના પ્રીતિ પાત્ર બન્યા.

અમારો ગઢસિવાણા ગામમાં ચોમાસાનો પ્રવેશ હતો. પ્રવેશ બાદ વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. ઉપર ઉપાશ્રયમાં પં. ધર્મરત્નવિજયજી મ.સા. માંદગીના કારણે સંથારો કરી આરામ કરી રહ્યા હતાં. બાળમુનિએ ગુરુદેવ પાસે અનુજ્ઞા માંગી ''ગુરુમહારાજ હું ઉપર જાઉં ?''

''કેમ ?''

''ઉપર પંન્યાસજી મ.સા. આરામ કરે છે, તો એમની સેવા કરીશ.''

''હા ! ઠીક છે.''

ઉપર જઈ બાળમુનિ એમના પગ દબાવવા લાગ્યા.

થોડી વાર પછી પં. ધર્મરત્નવિજયજી મ.સા. એ એમને કહ્યું, ''બસ હવે તમે જાઓ, સ્વાધ્યાય કરો !''

''આપ અહીં બીમાર સૂતા છો તો મને સ્વાધ્યાયમાં મન પણ નહીં લાગે. થોડી વાર મને લાભ આપો.'' થોડી વાર એમની સેવા કરી, પછી ઘણું કહેવા પર તે ગયા.

સ્વાધ્યાય કાળે અને પછી પણ તે વિદ્યાગુરુના વિનયમાં ક્યારેય ચૂક્યા નથી. સ્વાધ્યાય ઓછો થાય તે ચાલે પણ વિનય જરાય ઓછો ન ચાલે. આ વાત એમના જીવનમાં જોવા મળતી હતી.

**વિદ્યા વિનયેન શોભતે.**



## ૧૭ નિરહંકાર...

વડી દીક્ષા થયા બાદ સંયમૈકલક્ષી પૂ.આ.ભ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ને વંદનાર્થે જવાનું થયું. બાળમુનિને મળી તેઓ ખુશ થઈ ગયા.

પૂજ્યશ્રીએ બાળમુનિને પૂછ્યું...

''જોગમાં આયંબિલ - નીવી ફાવે છે ને ?''

''હાં જી !''

''તકલીફ નથી પડતી ને ?''

''ના જી !''

પૂજ્યશ્રીએ કહ્યું, ''તમને ખબર છે કે એકાસણું એટલે સ્વાધ્યાય. જો સ્વાધ્યાય કરવો હોય તો એકાસણાં કરવા.''

પૂજ્યશ્રીએ સ્પષ્ટતા કરી કે, ''નવકારશી હોય તો સવાર-બપોર-સાંજ પાત્રા પડિલેહણ કરવા, ગોચરી જવું, વાપર્યા બાદ પાત્રા ધોવા આદિમાં ઘણો સમય જતો રહે એટલે સ્વાધ્યાય ઓછો થાય અને એકાસણાથી તે બચેલા સમયમાં સ્વાધ્યાય થાય એટલે એકાસણું તે સ્વાધ્યાય છે !

તો હવે આજીવન એકાસણાનો અભિગ્રહ આપી દઉં ?''



બીજી જ ક્ષણે હાથ જોડી પૂજ્યશ્રીને પચ્ચક્ખાણ ફરમાવવા વિનંતિ કરી. એમનું સમર્પણ જોઈને પૂજ્યશ્રી પ્રસન્ન થયા અને ''તારા ગુરૂમહારાજની છૂટ રાખવી'' આમ કહી પચ્ચક્ખાણ આપ્યું. આ વાત પૂજ્ય ગુરુદેવશ્રી આ. ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ને ખબર પડી. તેઓશ્રી વાચનામાં સાધુ-સાધ્વીજી ભગવંતોને કહેતા કે 'જુઓ આ બાળમુનિ પણ જો આવો અભિગ્રહ લઈ શકે તો સક્ષમ સાધુ-સાધ્વીજીએ અવશ્ય 'एगभत्तं च भोयणं' નો આચાર પાળવો જોઈએ.' બાળમુનિને અમે કહેતાં કે ''જુઓ બાળમુનિ સાહેબજી પણ વાચનામાં તમારો આદર્શ બધાને આપે છે. કમાલ કહેવાય તમારી !''

પણ આ બધી વાતોનો ફક્ત હળવું સ્મિત કરી પ્રતિભાવ આપતા પણ કોઈ પ્રકારનો ગર્વ કર્યો હોય એવો અમને અનુભવ થયો નથી.

ઘણા સાધુ-સાધ્વીજી-શ્રાવક-શ્રાવિકાઓ આવીને બાળમુનિની સેવા-સમર્પણ-સ્વાધ્યાય આદિની અનુમોદના કરતા પણ એ ક્યારેય ફુલાતા ન હતા, પરંતુ પોતાની લઘુતા વ્યક્ત કરતા હતા. છેલ્લે જ્યારે શરીર ઘણું કમજોર થઈ ગયુ હતું, ત્યારે દરેક વ્યક્તિ એમની સમાધિની ખૂબ અનુમોદના કરતા હતા, એ સાંભળી એ સ્થિતપ્રજ્ઞ થઈ જોતા રહેતા કોઈ પ્રકારનો હર્ષ એમના મોઢાં પર જોવા મળતો ન હતો. ક્યારેય પણ એ Overconfidence માં ન આવ્યા કે મને સમાધિ સ્થિર થઈ ગઈ છે. સમાધિ સાચવવાના અને અંત સમયે સમાધિ મળે તે માટે હંમેશા અથાગ પ્રયત્નો એમણે કર્યા.

કાળધર્મ પામ્યાના ૨ દિવસ પહેલાની વાત છે... બાળમુનિની Room ની બાહર એક યુવાન પલાંઠી વાળીને ધ્યાન કરી રહ્યો હતો.

બાળમુનિની નજર એના પર પડી એમણે ઈશારો કરી પૂછ્યું ''આ કોણ છે ?'' મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ જણાવ્યું, ''આ હર્ષભાઈ છે. સુરતથી આવ્યો છે. પં. કલ્પજ્ઞવિજયજી મ.સા. પાસે દીક્ષા લેવાનો છે. ભક્તિયોગાચાર્ય પૂ.આ.ભ. શ્રી યશોવિજયસૂરિજી મ.સા.ની વાચનામાં તમારું નામ સાંભળ્યુ. સાહેબના મોઢે તમારી સમાધિની અનુમોદના સાંભળીને એની ભાવના થઈ છે માટે અહીં તમારી ઓરામાં બેસી સમાધિના સ્પંદનો મેળવવા ધ્યાન કરી રહ્યો છે.''

ભક્તિયોગાચાર્યશ્રીના મોઢે પોતાની અનુમોદના થતી હોય એ સાંભળ્યા બાદ પણ એમના મોઢાની આકૃતિમાં કાંઈ જ ફરક ન પડ્યો. સ્વપ્રશંસા સાંભળીને કોઈ જાતનો હર્ષ એમના મોઢાં પર જોવા ન મળ્યો.

એમના જીવનમાં અહંકારજન્ય કોઈ પણ પ્રવૃત્તિ અથવા વાણી અમે જોઈ નથી, આ એમની નિરહંકારતાનું પ્રમાણ છે.

## ૧૮ સ્વાધ્યાયમાં વિચક્ષણ...

સંયમ અંગીકારની સાથે જ બાળમુનિની સ્વાધ્યાય સાધના પણ શરુ થઈ ગઈ હતી.

૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૫ કર્મગ્રંથ તો સંસારીપણામાં જ કંઠસ્થ કર્યા હતા. હવે પ્રકરણ અને ભાષ્યમાં અર્થની વાચના શરુ થઈ. તેમની મેધા એવી તીવ્ર હતી કે સામાન્ય વ્યક્તિને કર્મગ્રંથ ભણતી વખતે જે પ્રશ્નો ઉઠતા હોય તે પ્રશ્નો તેમને જીવવિચાર ભણતી વખતે જ ઉઠી જતા હતા.

સંસ્કૃત બુકનું અધ્યયન કરતી વખતે નિયમોનાં વિશે તેમના પ્રશ્નોના જવાબ આપવા માટે ઘણી વાર ગુરુમહારાજે વ્યાકરણ ગ્રંથમાં જોઈને જવાબ આપવો પડતો હતો. એમની વિચક્ષણ બુદ્ધિ જોઈને મોટા ગુરુદેવે **(આ.શ્રી પુણ્યરત્નસૂરિજી)** પહેલા જ ભવિષ્યવાણી કરી દીધી હતી કે આમનો ક્ષયોપશમ ન્યાય અને કર્મગ્રંથમાં વિશેષ ખીલવાનો છે.

ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રનું વાંચન તેમને માત્ર આઠ મહિનામાં (શેષકાળે વિહાર સાથે) સંપૂર્ણ પૂરુ કર્યું અને સ્વાધ્યાયમાં એવા અપ્રમત્ત હતા કે વાંચતી વખતે જે કાંઈ પ્રશ્ન ઉઠે તે બધા કાગળમાં લખી રાખે અને પછી વિહાર કરતી વખતે તે કાગળ કાઢીને ગુરુદેવ જોડે ચાલતાં ચાલતાં તે બધા પ્રશ્નોના સમાધાન મેળવતા. સમયના સદુપયોગનો આ ગુણ જોઈ ગુરુદેવ અંતરમાં ખૂબ-ખૂબ પ્રસન્ન થતા.

નાકોડા ચોમાસામાં ગુરુદેવે તેમને ન્યાયના અધ્યયનમાં પ્રવેશ કરાવ્યો. તેમણે મોટા ગુરુદેવની ભવિષ્યવાણીને સાચી કરી બતાવી. પોતાની તીવ્ર-સૂક્ષ્મ-વિચક્ષણ પ્રજ્ઞાથી ન્યાયના ઉંડા પદાર્થોને સ્પર્શીને અધ્યાપકને ચમત્કાર બતાવ્યો. ૧૬ વર્ષની નાની ઉંમરે ન્યાયના ક્લિષ્ટ પદાર્થોને સરલતાથી સમઝવાની અદ્વિતીય પ્રતિભા હતી.

ન્યાયનું તલસ્પર્શી અધ્યયન કરવા છતાં, એમનું સમ્યગ્દર્શન એવું નિર્મળ હતું, કે ક્યારેય તે અધ્યયનની આડઅસર થઈ નથી. ન્યાય માત્ર મગજમાં હતો, તેને મન અને જીવનસુધી પ્રવેશવા દીધો નથી. ક્યારેય કોઈની જોડે કુતર્કો લગાવી પોતાની વાતને ખરી સાબિત કરવાનો તુચ્છ પ્રયાસ કર્યો નથી.

મુનિ **શ્રી યશરત્નવિજયજી** તથા મુનિ **શ્રી મૌર્યરત્નવિજય**ની પાસે પ્રમાણનયતત્ત્વાલોકનું અધ્યયન કરી જૈનદર્શન, સ્યાદ્વાદ, ષટ્દર્શનનો બોધ લીધો, જિનશાસનની દિવ્યદૃષ્ટિનો સ્પર્શ પ્રાપ્ત કર્યો.



સૌથી નાના છતાંય, દરેક પરીક્ષામાં પ્રથમ નંબરે જ આવતા હતાં.

ન્યાય સિવાયનું અધ્યયન. ૪ પ્રકરણ - ૩ ભાષ્ય - ૫ કર્મગ્રંથ - દશવૈકાલિક સૂત્ર - વીતરાગ સ્તોત્ર, શાંત સુધારસ (પ્રાયઃ ૧૨ ભાવના સુધી)

આટલું તો એમણે કંઠસ્થ કર્યું હતું અને અસ્વસ્થતામાં પણ સ્વાધ્યાય ચાલતો હતો.

૫ કાવ્યો, ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, હીર સૌભાગ્ય કાવ્ય-૨ સર્ગ, ૪ પ્રકરણ-૩ ભાષ્ય-૨ કર્મગ્રંથના અર્થ, પિંડવિશુદ્ધિ, પિંડનિર્યુક્તિ, પંચવસ્તુક (અધુરો રહ્યો), પ્રાકૃત બુક, પાઈઅવિન્નાણ કહા, સમરાદિત્ય મહાકથા (અધુરો). વગેરેનું તેમણે અધ્યયન કર્યું.

વધુ પડતી અસ્વસ્થતા થવાથી સ્વાધ્યાયની અનુકૂળતા ન રહેવાથી અમુક ગ્રંથો અધુરા રહ્યા.



## ૧૯ ચંદ્રને તેજની સાથે રાહુનો સંગ...

સ્વાધ્યાયની સાથે તેમણે નિત્ય એકાસણા અને દર સુદ ૫ (પાંચમ)ના ઉપવાસનો તપ કાયમ હતો.

સ્વાધ્યાયની મસ્તીમાં મસ્ત રહેતાં, તેમની સમજ અને પ્રજ્ઞા દિન પ્રતિદિન ખીલવા લાગી.

પણ ચંદ્રને રાહુનો ઉપદ્રવ હોય તેમ ચંદ્રવત્ મુનિ દાનરત્નવિજયના જીવનમાં પણ રોગરૂપી રાહુનો ઉપદ્રવ થયો. આમ તો તેમનો ખોરાક સહેજ ઓછો થઈ ગયો હતો, પણ ઘણી દવાઓ કરવા છતાં કોઈ ઉકેલ ન આવ્યો. એકાએક તેમને ભારે અપચાની તકલીફ ઉભી થઈ. દિવસમાં વારંવાર ઠલ્લે જવું પડતું હતું. એના કારણે હળવો ખોરાક જ લઈ શકતા હતા. ઘણી દવાઓ કરવા છતા આ સમસ્યાનો ઉકેલ ન આવ્યો.



આ પરિસ્થિતિમાં પણ એમનું ન્યાયનું અધ્યયન આગળ વધી રહ્યું હતું. હવે ગુરુદેવે તેમણે એકાસણા છોડાવીને નવકારશીના પચ્ચક્ખાણે રાખ્યા. આટલી તકલીફ હોવા છતાં, સ્વાધ્યાયમાં એમણો ઉત્સાહ અકબંધ રહ્યો અને એટલે જ સ્વસ્થતાથી અધ્યયનમાં આગળ વધ્યા.

આવી તબિયતમાં મેવાડથી સુરત સુધી ૭૦૦ કિ.મી. વિહાર કર્યો. ગુરુદેવસહિત બધા સહવર્તી એમનું સંપૂર્ણ ધ્યાન રાખતા હતાં. બીજી બધી અનુકૂળતા સચવાતી હોવા છતાં બીમારને વિહાર કરવો મુશ્કેલ જ હોય. પણ બાળમુનિએ કોઈ પણ ખેદ - ફરિયાદ વગર પ્રસન્નતા સાથે આ લાંબો વિહાર કર્યો.

એક બાજુ રાહુનો ઉપદ્રવ થયો તો બીજી બાજુ મિત્ર મળ્યો. એમના સંસ્કૃત બુકના વિદ્યાગુરુ મુનિ હિરણ્યરત્નવિજયજીએ એમની આવી તબિયતમાં પૂરી સંભાળ લીધી. પડછાયાની જેમ સાથે રહીને છેક અંતસમયસુધી પૂરા ૪ વર્ષ અખંડ સેવા કરી. એવી અદ્ભુત સેવા કરી કે જોનારા એમ કહેતા કે આ ''બાળમુનિની માઁ છે કે શું ?'' કોઈની પણ પ્રેરણા વગર પોતાના ઉત્સાહથી એમણે બાળમુનિને એ રીતે સાચવ્યા કે ગુરુદેવને ક્યારેય આ વિશે કોઈ ચિંતા જ ન થઈ.

ઘણીવાર એમની સેવા જોઈને બાળમુનિના સંસારી સ્વજનો અને મહાત્માઓની આંખો ભીની થઈ જતી.

મેવાડથી સુરત ચોમાસા માટે આવ્યા. જુદા જુદા વૈદ્યોની દવાઓ કરી. ઝાડા તો બંધ થઈ ગયા હતા. ભારે ખોરાક પચતો ન હતો. હળવો ખોરાક પણ પરિમિત માત્રામાં જ લેવાતો હતો. અને વજન પણ ખાસ્સુ ઉતરી ગયુ હતું.

સુરતમાં ન્યાયના પ્રસિદ્ધ અધ્યાપક પંડિતવર્ય શ્રી સંતોષભાઈની પાસે 'વ્યુત્પત્તિવાદ'નો પાઠ શરુ થયો. પંડિતજીએ એક વાર બાળમુનિને સહેજમાં પુછ્યું –

''महाराज साहेब ! आपका शरीर ऐसा क्यों है ?''

''मैं थोड़ा बिमार हूँ, इसलिए ।''

''लेकिन दिमाग तो आपका ठीक चलता है ।''

''ऐसा दुबला शरीर होते हुए भी इतना कठिन ग्रंथ, इतनी सरलता से आप पढ़ रहे हो, आश्चर्य है !''

''गुरुदेव के आशीर्वाद है ।''

''वो तो है ही, लेकिन आप अच्छी दवा करवाना, हमारा बचपन पेट की बिमारी में बीता, हमें सही इलाज नहीं मिला था, आपको देख के मुझे दुःख होता है ।''

કુશલ પ્રજ્ઞાના કારણે પંડિતજીને ઘણા પ્રિય હતા. માટે અવારનવાર તબિયત અંગે સમાચાર પૂછતા, સલાહ આપતા, ચિંતા વ્યક્ત કરતાં.

એમની માનસિક પ્રસન્નતા જોઈને પંડિતજી ઘણા ખુશ થતા અને બમણા ઉત્સાહથી એમણે પાઠ આપતા હતા.

એમની પાસે વ્યુત્પત્તિવાદ, સિદ્ધાંત લક્ષણ, સામાન્ય નિરુક્તિ, અવચ્છેદકત્વ નિરુક્તિ વગેરે અઘરા ગ્રંથોનું તલસ્પર્શી અધ્યયન કર્યું. આજે પંડિતજી એમને યાદ કરી દ્રવિત થાય છે. કહે છે **''२० साल के अध्यापनकाल में बहुत सारे आये – गये, लेकिन इतना लगाव कभी महसूस नहीं किया, इतना आघात भी कभी नहीं लगा । बीमारी में भी इतनी मानसिक प्रसन्नता थी, इसलिए अंत में इतनी समाधि रही ।''**





## ૨૦ સહવર્તીઓનો પ્રેમ...

ઘણાં ઉપચારો કરવા છતા કોઈ સુધારો થતો ન હતો અને એ વાત અમારા સૌના માટે મોટી ચિંતાનું મૂળ હતું. સહવર્તી ઘણા મહાત્માઓએ એમના સ્વાસ્થ્યના સંકલ્પથી જુદી-જુદી આરાધનાઓ શરુ કરી.

કોઈએ મિષ્ટાન્નનો ત્યાગ કર્યો તો કોઈએ જાપ શરુ કર્યા ઈત્યાદિ.

બાળમુનિને એક સરસ મજાનું વ્યસન હતું. બન્ને ગુરુદેવની ભક્તિનો અને તે માટે રોજે ગોચરી માંડલીમાં ગુરુદેવ ગોચરી વાપરી લે પછી તેમના પાત્રા-પાત્રી લુછવાની ભક્તિ તે પોતે હોંશે હોંશે કરતા. સુરત ઉમરા સંઘમાં એક વાર પાત્રા લુછતી વખતે તેમને વાત કરી ''ગુરુ મહારાજ ! આ કુંથુરત્ન મહારાજ કેમ શુદ્ધ આયંબિલ કરે છે. કેટલાં દિવસથી જોઉ છું.''

''પૂછો એમને...''

કુંથુરત્ન મ.એ જવાબ આપ્યો ''બસ આજે છેલ્લુ હતું, ત્રણ થઈ ગયા.'' ''પણ કેમ કરો છો ?''

ઈશારો કરી કુંથુરત્ન મ.એ જવાબ આપ્યો પણ એમણે કાંઈ સમજાયુ નહીં. ત્યારે ગુરુદેવે સ્પષ્ટતા કરી.... ''તમારું સ્વાસ્થ્ય જલ્દી સારું થાય, તે સંકલ્પથી ૩ શુદ્ધ આયંબિલ કર્યા છે.''

''શું ? મારા માટે...'' આટલું બોલી ચુપ થઈ ગયા અને ૨ સેકંડ પછી ધ્રુસકે – ધ્રુસકે રડવા માંડ્યા.

''મારા માટે આપે શુદ્ધ આયંબિલ કર્યા; ધન્યવાદ છે આપને !'' આટલું બોલીને મહાત્માને પગે પડ્યા, પણ કશું બોલી ન શક્યા.

અનેક સહવર્તીઓએ એમના સંકલ્પથી કરેલ તપ-ત્યાગ જાણવા મળતા ત્યારે આવાં જ કૃતજ્ઞભાવે તે ઉપકારભાવ વ્યક્ત કરતા.

સૌથી વિશેષ **મુનિ હિરણ્યરત્નવિજયજી**એ બાળમુનિની સેવામાં પોતાનું સર્વસ્વ મૂકી દીધુ હતું. ૪ વર્ષથી સેવાના યજ્ઞમાં એમણે પોતાનો સ્વાધ્યાય પણ હોમી દીધો હતો. જ્યારે પણ વિહાર કરતા કોઈ મોટા તીર્થે રોકાવાનું થાય ત્યારે બાળમુનિના સ્વાસ્થ્યના સંકલ્પથી અઠ્ઠમતપ કરી સંપૂર્ણ દિવસ દેરાસરમાં અપ્રમત્ત રીતે જાપ કરતા (પ્રાયઃ દિવસના ૧૨-૧૩ કલાક) આવા દર વર્ષે ૩ થી ૪ અઠ્ઠમ તે કરતા હતા. બાળમુનિ માટે એમનો હમેશા અદ્વિતીય પ્રેમ રહ્યો છે.

**પં. ધર્મરત્નવિજયજી મ.સા.**એ બાળમુનિના સ્વાસ્થ્ય માટે સળંગ ૭ મહિના આયંબિલ કર્યા. વળી તેમાં રોજ રાતે ૨.૩૦ વાગ્યે ઉઠીને ૧ કલાક જાપ કરતા હતા. બાળમુનિએ જ્યારે મુંબઈ તરફ પ્રયાણ કર્યું, ત્યારે પં. ધર્મરત્નવિજયજી મ.સા.એ એમના નિમિત્તે ૧૦૮મી ઓળી પણ કરી.



# ૨૧ નિર્યામણાની *Net Practice...*

ઉમરા સંઘ (સુરત) ચૌમાસા બાદ અમે ભટાર રોડમાં માસકલ્પ માટે રોકાયા હતાં. બાળમુનિનું વજન ઉતરતું હોવાથી gastro surgeon ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરના હિસાબે Malrotation એટલે આંતરડાનો વળાંક જુદી દિશામાં હોવાના કારણે ખોરાક વ્યવસ્થિત પચતો નથી માટે operation કરવું પડશે. મોડું કરશો તો વજન વધુ ઓછું થશે. ડૉક્ટરનો આવો અભિપ્રાય જાણીને 'કાંઈક નિદાન થયું છે' એ આશાને અવલંબીને અન્ય પરિચિત ડૉક્ટરોની સલાહ મેળવી તથા ગુરૂદેવશ્રી પૂ.આ. **શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ની આજ્ઞા પ્રાપ્ત કરીને operation કરાવવાનું નક્કી કર્યું.

Operation ના એક દિવસ પહેલા બાળમુનિએ ગોચરી વાપરવા બેઠેલા બધા મહાત્માઓને ૩ પ્રદક્ષિણા આપી માંગલિક કરી સહુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. હૉસ્પિટલ તરફ વિહાર કરતી વખતે મુનિ **શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.**એ બાળમુનિને પૂછ્યું ''તમને ખબર છે ? સુરતમાં કેટલાંય લોકો રોજે મરણ પામે છે, કેટલાંયના Operation વગેરે થાય છે છતાંય બધા મહાત્માઓ તમારા માટે જ જોડે આવી રહ્યા છે. આટલા બધા અપવાદો, વિરાધના કેમ સ્વીકારી રહ્યા છે ?''

''ખ્યાલ નથી.''

''તમે સંયમી છો, તમે સાજા થઈ આરાધના કરો તો વહેલા મુક્તિને પામશો. તેથી સર્વદા સહુ જીવોને અભયદાન મળશે. તમે સ્વસ્થ થઈ અનેકોના મિથ્યાત્વાદિ ભાવરોગને મટાડશો. તમે પણ સાધના ત્યારે જ કરી શકશો જ્યારે શરીર સ્વસ્થ અને મન સમાધિમાં હશે તે માટે જ આ Operaion આદિ બધા પ્રયાસો છે અને બધા તમારી સંભાળ લઈ રહ્યા છે.''

આ સાંભળી બાળમુનિએ પોતાનું લક્ષ્ય સ્થિર કર્યું.

Operation પહેલા Anesthesia અપાય છે. બેહોશ કરવામાં આવે છે અને જો કોઈ ગરબડ થાય તો... આ ચિંતા મનમાં રહેવાથી મુનિ **શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.**એ નાનકડી નિર્યામણા કરાવી.

''બાળમુનિ ! સંથારા પોરિસિ ભણાવીએ ત્યારે બધુ કેમ વોસિરાવીએ ? ઉંઘ આવ્યા પછી સ્થૂલ મન નિષ્ક્રિય થઈ જાય છે અને સૂક્ષ્મ મન જાગૃત થાય છે. એટલે જ્યારે સજાગ અવસ્થા હોય ત્યારે 'હું આત્મા છું - શરીર નથી.' તે ભાન ટકી શકે, સમાધિ શક્ય છે, તે હોવી જ જોઈએ. પરંતુ સૂતી વખતે શું ? માટે સંથારા પોરિસિ દ્વારા સૂક્ષ્મ મન (subconscious mind) ને સૂચન આપીએ છીએ. તે જ રીતે Operation પહેલા પણ આપણે ૪-શરણ - દુષ્કૃત ગર્હા - સુકૃત અનુમોદના, ૪ આહાર ત્યાગરૂપી સાગારિક અનશન લેવું જોઈએ, માત્ર અંત સમયે આ વિધિ કરવી એવું નથી. જ્યારે પણ હોશ-જાગૃતિ ઓછી થવાની સંભાવના હોય, ત્યારે આ પ્રક્રિયા કરી લેવી.'' (તે વખતે મૃત્યુનું નામ લેતા અમને ગભરાટ થતો હતો ! પણ કોણે ખબર હતી કે, આ વીરપુરૂષ તો મૃત્યુને પણ સહર્ષ વધાવે એવા છે.)

Hospital પહોંચ્યા બાદ તેમણે શક્રસ્તવ, નવસ્મરણ, પંચસૂત્ર વિગેરેની આરાધના કરી અને Operation પૂર્વે ચાર શરણ, સર્વક્ષમાપના, સાગારિક અનશન આદિ સ્વીકાર્યા.

આમ બાલવય હોવા છતા પ્રભુભક્તિ, ગુરૂસમર્પણભાવ અને સહવર્તીઓના બહુમાનભાવથી સત્યને જાણવાની - સ્વીકારવાની અને તે પ્રમાણે આચરણ કરવાની તૈયારી સ્વરૂપ યોગ્યતા પૂરબહાર ખીલેલી હતી, જે તેમના સમાધિનો પાયો હતો.

Operation theatre માં ખબર પડી કે એમણે Malrotation નહીં પણ SMA Syndrome છે (નસ વડે આંતરડાનુ દબાઈ જવું) એવું જણાયું અને તેનું operation કરવામાં આવ્યું પરંતુ કર્મ વિપરીત હોવાને કારણે પછી કોઈ સુધારો ન થયો.



# ૨૨ પશ્ચાતાપનો તાપ...

ન્યાયનું અધ્યયન ચાલી રહ્યું હતું, પંડિતજીને આવવાની જરા વાર હતી, મુનિ ત્રિભુવનરત્નવિજયજી, હું, અને બાળમુનિ અમારા ૩ જણાનો વાર્તાલાપ ચાલ્યો. મુનિ ત્રિભુવનરત્નવિજયજી મ.સા. બાળમુનિના અતિ આત્મીય મુનિ રહ્યા છે. દીક્ષાના પહેલાથી જ બાળમુનિ એમની પાસે હિતશિક્ષા ગ્રહણ કરતા અને સાહજિક કોઈ પૂર્વભવનો સંબંધ હોય એ રીતે તે બન્નેનો સ્નેહ રહ્યો અને એક બીજા માટે આલંબન પણ બન્યા છે. ''परस्परोपग्रहो जीवानाम्''

મેં મુ. ન્યાયરત્ન વિ.જી.મ.સા.ની વાત જણાવી, સૂક્ષ્મ વિરાધના ન થાય તે માટે કેવી કાળજી રાખે છે, એવા ૨-૪ આદર્શ પ્રસંગો બતાવ્યા. સાંભળીને બાળમુનિની આંખો ભરાઈ ગઈ. અને રડતા રડતા કહેવા લાગ્યા ''મારા જીવનમાં કાંઈ નથી, હું તો વાપરવા માટે અનુકૂળતા જ જોઉં છું. આ માર્ગ પર આવ્યા પછી કાળજી નહી રહે, તો મારું શું થશે ?'' શાંતિથી સમજાવવા પર શાંત થયા. પાઠ થયા બાદ મુ. ત્રિભુવનરત્ન વિજયજીએ મને કહ્યું ''એક વાત તો પાકી કે આમનું જીવદળ ઘણું ઊંચુ છે.''

'પિણ્ડવિશુદ્ધિ' ગ્રંથનો પાઠ ચાલી રહ્યો હતો. ગ્રંથમાં શરૂઆતમાં સૌથી પહેલા આધાકર્મીની વિશદ સમજુતી આપેલ છે. તે વાંચતી વખતે ''આધાકર્મી વાપરનાર સાધુ દુર્ગતિએ જાય છે'' આ પંક્તિ પૂરી વંચાઈ પણ નહીં અને વચ્ચે જ એમનું રૂદન ફાટી નીકળ્યું. ''હું તો આધાકર્મી જ વાપરું છું.'' આટલું જ બોલી શક્યા. ''પણ આ વાત તો નિષ્કારણ વાપરે એના માટે છે. તમારે તો નિર્દોષ ગોચરીથી પથ્યસેવન સચવાતું નથી માટે દોષિત વાપરવું પડે છે.'' મેં જવાબ આપ્યો, બાલમુનિએ કહ્યું - ''પણ એમાં રાગ તો થાય છે ને એનું શું ?''

''રાગ થાય તે વાત સાચી, પણ આપણે તો સાજા થઈ જઈએ ત્યારે બધુ જ છોડી દેવું છે. ક્યાં હમેશાં ચાલુ રાખવું છે. જો આનાથી છુટવું છે તો હવે રોજે પરમાત્માને પ્રાર્થના કરો કે પ્રભુ ! ઉત્સર્ગ માર્ગથી તારી આજ્ઞા પાળી શકું એવી કૃપા કર ! આ અપવાદના સેવનમાં હું પ્રમાદી ન બનું એવી કૃપા કર !'' સમજાવ્યા પછી શાંત પડ્યા, આવું એકવાર નહી અનેકવાર બન્યું છે.

કોરોનાના વાતાવરણમાં સુરક્ષા માટે મોટા ભાગના સાધુ સાધ્વીજી ભગવંતને ગોચરીમાં અપવાદનું સેવન કરવું પડ્યું છે અને તે અપવાદ કાળે રાગ પર અંકુશ રાખવો બધા માટે શક્ય ન પણ બન્યું હોય ત્યારે તે રાગના પશ્ચાતાપમાં આંસુ પાડનારા તો આ બાળમુનિ જેવા વિરલા જ હોય.

કાળધર્મના છેલ્લા બે મહિના પહેલા મુનિ મૌર્યરત્ન વિજયજીનો હાથ પકડી ગોવાલિયા ટેંક ઉપાશ્રયમાં તેઓ આંટો લગાવતાં અચાનક રડવા લાગ્યા કે, ''પરલોકમાં મારું શું થશે ? હું ઈન્દ્રિયોનો ગુલામ છું, ચટકા જોઈએ, જીભડી માનતી નથી'' તેમની જાગૃતિ-પશ્ચાતાપ નિહાળી આશ્ચર્ય થયું. તેમને સાંત્વના આપી કે, ''તમે પ્રભુને પ્રાર્થના કરો તમારી પ્રાર્થના નિષ્ફળ નહીં જાય કેમકે પ્રભુને રીઝવવાનો Best ઉપાય આંસુ છે. જે અતિદુર્લભ છે.''

''कुछ दो या ना महावीर, इस अपने दीवाने को, दो आँसू तो दे दो, चरणों में बहाने को...
गौतम ने बहाए थे, चंदना ने बहाए थे, जब जब भी कोई रोया, तुम दौड़ के आये थे...
काफी है दो बूंदे भगवान रीझाने को, दो आँसू तो दे दो, चरणों में बहाने को...''

તેમના તે અશ્રુપાત વખતે જ તેમને કહી દીધું હતું કે, ''તમારી સમાધિ Reserved છે. કેમકે તમે સાચા હૃદયથી પ્રાર્થના કરી છે.'' અને ખરેખર પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી અને ''શરણાગતવત્સલ''નું બિરુદ જગત સમક્ષ પુનઃ જીવંત કર્યું.



# ૨૩ કૃતજ્ઞતા...



Hospital માં Admit થઈ ૭ દિવસ રોકાવાનું થયું. તે દરમિયાન એક રાતે Hospital માં પ્રતિક્રમણ બાદ મુનિ શ્રી યશરત્નવિજયજી મ.સા.એ દાનરત્નવિજયજી ને કહ્યું ''બાળમુનિ ! જુઓ તમારું કેવું ભાગ્ય છે. કોઈ પણ ડૉક્ટર પાસે જવું હોય, કોઈ પણ Hospital માં બતાવવા જવું હોય, C.T. Scan વગેરે કાંઈ પણ કરાવવું હોય તો બધે તમારા ગુરૂમહારાજ (આ. યશોરત્નસૂરિજી) જોડે આવે છે. જાતે કાળજી રાખી બધી પૂછપરછ કરે છે અને અહીં Hospital માં પણ આટલા દિવસ પોતે જોડે રોકાયા. બીજા શિષ્યો હોવા છતાં, પોતે તમારું બધું ધ્યાન રાખે છે...''

ગળગળા થઈ જવાબ આપતા બાળમુનિએ કહ્યું ''અરે ! ગુરૂમહારાજ તો મારું આટલું ધ્યાન રાખે છે કે ૪ વર્ષ થવા આવ્યા પણ આજ સુધી મને માઁ ની યાદ આવવા નથી દીધી.'' આટલું બોલી ભીની આંખો સાથે પોતાના ગુરૂદેવને પગે વળગી પડ્યા.

ગુરુની કૃપા તો બધા પર વરસે જ છે પણ તેને ઝીલવા માટેનું કોઈ પ્રબળ તત્ત્વ હોય તો તે છે કૃતજ્ઞતા. આ કૃતજ્ઞતાના બળે શિષ્ય ગુરૂના શક્તિપાતને ઝીલી શકે છે, અનુભવી શકે. માટે જ અધ્યાત્મ જગતમાં ગુરૂકૃપા કરતાંય મહત્ત્વનું કોઈ શક્તિપૂંજ હોય, તો તે છે કૃતજ્ઞતા. અને બાળમુનિની કૃતજ્ઞતાની અભિવ્યક્તિનો એ મનોરમ દૃશ્ય જોનારા બધા મુનિભગવંતો ધન્ય બની ગયા.

Operation થયા બાદ ઉપાશ્રયમાં આવીને ૨-૩ દિવસ થયા હશે, બપોરે પડિલેહણનો સમય થયો. ઘણા મહાત્માઓ બાળમુનિના પડિલેહણનો લાભ લેવા માટે આવ્યા હતા અને અમુક વાર્તાલાપ થયા બાદ બાળમુનિ ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા. ''હું નાનો સાધુ છું, છતાં બધા મારી કેવી સેવા કરે છે. અરે ! ગુરૂમહારાજ પોતે દરેક વાતનું કેટલું ધ્યાન રાખે છે. મારી કાંઈ લાયકાત નથી... આટલી સેવા કેવી રીતે લેવાય ?'' આટલું જ બોલી શક્યા અને નેત્રો શ્રાવણ ભાદરવા થઈ વરસી રહ્યા હતા... રુદન હૈયાથી ઉભરાઈને મુખથી છલકાઈ રહ્યું હતું.

એ દિવસે દરેક મુનિભગવંતે એમની કૃતજ્ઞતાને વંદન કર્યા. સેવા તો ઘણાને ઘણીવાર લેવી પડે, પણ તેનો આ રીતે ઉપકાર સ્મરણ એ જવલ્લે જ જોવા મળે.

# ૨૪ અખેદ...



Operation થયા બાદ પણ સ્વાસ્થ્યમાં કોઈ સુધારો થયો નહીં. ખોરાકમાં કોઈ વધારો ન થયો અને વજન પણ ઉતરતું અટક્યું નહીં. હવે ત્રણ ટંકમાં ૧-૧ વાટકી જેટલો જ ખોરાક તે લઈ શકતા હતા અને શરીર એવું થઈ ગયું હતું કે સ્પષ્ટ રીતે હાડકા ગણી શકાય.

બધાની એક જ ફરિયાદ હોય કે ''મહારાજ સાહેબ ! બહુ પાતળાં પડી ગયા...'' પણ એમણે એ વાતનો ક્યારેય ખેદ વ્યક્ત ન કર્યો. બધાને એટલું જ કહેતાં કે ''કર્મના ઉદયની સામે કોણું ચાલે ?''

એ મસ્ત પ્રસન્ન રીતે પોતાની સ્વાધ્યાય - આરાધનામાં લીન થઈ જતા. એક વાર નવકારશીની ગોચરી માંડલીમાં **પૂ. ગુરુદેવશ્રી આ. ગુણરત્નસૂરિજી મ.સા.**ની સામે ગોચરી વાપરવા બેઠા એમનું કૃશ શરીર જોઈ એમને પ્રસન્ન કરવા સાહેબે સહેજમાં ઈશારો કરી એમને કહ્યું ''શ્રીમદ્જી.''

આ વાતનો જવાબ આપતા તુરંત જ શ્રીમદ્જીની જેમ ધ્યાનસ્થ મુદ્રામાં આંખો મીચી બેસી ગયા અને સાહેબને ખુશ કરીને વધુ ખુશ થયા. પોતાની નબળી પરિસ્થિતિનો ખેદ તો ન રાખ્યો પણ બીજાને ખુશ કરવા માટે ક્યારેક જાતે પોતાની મશ્કરી પણ કરતા હતા.





# ૨૫ ઉત્તમ સાધુભક્તિ...

દીક્ષાના થોડા દિવસો પહેલા વિશિષ્ટ સંયમી **પૂ.પં. કલ્પરક્ષિતવિજયજી**એ જોરદાર સુપાત્રદાનની પ્રેરણા કરી. મુમુક્ષુપણાના અંતે તે પ્રેરણા જાણે શક્તિપાત રૂપે કામ કરી ગઈ. સુપાત્રદાનનો એવો આનંદ લૂંટ્યો કે જાણે વ્યસન થઈ ગયું અને સંયમજીવનમાં પણ મહાત્માઓની ભક્તિની તક ક્યારેય છોડી નથી.

ત્રણે ટંક બાળમુનિ પોતાની ગોચરી લેવા જતાં. એટલી શક્તિ હતી માટે ગુરુદેવે તેમને છૂટ આપી હતી. તદુપરાંત વાપર્યા બાદ ૨ વાર થોડું ચાલવાનું પણ કરતા હતા, જેથી પાચનતંત્ર સ્વસ્થ રહે. જ્યારે પણ ગોચરી વહોરવા જાય અને આંટો લગાવવા જાય ત્યારે વચ્ચે એકાદ ઘરે ગોચરી પણ જઈ આવે અને ગુરુભગવંત અને અન્ય સાધુભગવંતને પ્રાયોગ્ય ભક્તિ માટે બીજી વસ્તુઓ અચૂકપણે વહોરી લાવતા. મોટા ગુરુદેવશ્રી (**આ. પુણ્યરત્નસૂરિજી મ.સા.**)ને જ્યારે પણ અઠ્ઠમનું - અટ્ઠાઈનું પારણું હોય ત્યારે અચૂકપણે ઉત્સાહથી પારણાની ગોચરી વહોરીને લાવતા અને પારણાનો લાભ લઈ ખૂબ પ્રસન્ન થતા. પૂજ્યશ્રીને જ્યારે પણ અઠ્ઠમનું અત્તરવાયણું હોય, ત્યારે એમની ભક્તિ લીધા વગર પૂજ્યશ્રીને ઉભા થવા જ ન દે. ગોચરી વપરાઈ ગઈ હોય તો મીઠો આગ્રહ કરીને પાત્રામાં મૂકી દેતા. અને ક્યારેક પૂજ્યશ્રી એમનો હાથ પકડીને અટકાવતા તો બીજા હાથે પૂજ્યશ્રીનો હાથ પકડી લેવાની તાકાત એમની હતી. સામે જોર કરી પૂજ્યશ્રીનો હાથ દૂર કરીને પાત્રામાં ગોચરી મૂકી દેતા. પૂજ્યશ્રી કેટલું વાપરી શકે એનો ખ્યાલ એમણે હતો. ગોચરી માંડલીમાં બાળમુનિ અને ગુરુદેવની આવી કુશ્તી તો અમે ઘણીવાર જોઈ છે. એમાં કાંઈ અવિનયનો દોષ ન લાગે. ભક્તિમાં તો ભગવાન જોડેય લડી જવાની તાકાત આવી જાય છે. અને ભગવાને હારવું જ પડે છે. માટે જ તો આવી ''ઝપા ઝપી'' થયા બાદ મૂકેલી ગોચરી હસતા મુખે પૂજ્યશ્રી વાપરી જતા.



ભક્તિ કરવાની એમની રીત પણ અનેરી હતી. કોઈ સાધુ ભગવંત એમની પાસે ૪ રોટલી મંગાવે, તો રોટલી ચોળી, તેમાં ઘી-ગોળ ભેળવી, ચુરમુ કરીને લાવે અને કહે ''લ્યો તમારી ૪ રોટલી'' કોઈ પણ પરિસ્થિતિમાં વધારેમાં વધારે ભક્તિ કઈ રીતે થાય તેનું અચૂકપણે ધ્યાન રાખતા. એમની ભક્તિની રીત **'મૂલદેવ'**ની યાદ અપાવે તેવી હતી.

મહાત્મા ગોચરી વાપરવા બેસી ગયા હોય અને પછી ફરીથી ગોચરી વહોરવા જવું હોય તો ભક્તિભાવને કારણે બીજી વાર બાળમુનિ જાતે વહોરવા જતા. નજીકમાંથી ગોચરી લાવવાનું કહ્યું હોય તો પણ તે ઉત્સાહ સાથે ૫-૬-૭ માળ ચઢીને ઉત્તમ રીતે ભક્તિ કરતા. એમની પ્રસન્નતા સાચવવા માટે મુનિભગવંત પણ બીજીવાર એમણે જ લાભ આપતા હતા.

જ્યારે ધુલિયાથી મુંબઈ ઉપચાર કરવા માટે જવાનું નક્કી થયું, ત્યારે જવાના એક દિવસ પહેલા **મુનિ હિરણ્યરત્નવિજયજી મ.સા.**ની સાથે ગોચરી ગયા. મહાત્માઓની ભક્તિ માટે ગોચરી વહોરી લાવ્યા અને ઉપાશ્રય આવીને બધા મહાત્માની ખૂબ ભક્તિ કરી. હવે કદાચ બધા મહાત્માઓને ૧-૧½ મહિને મળવાનું થાય તે પહેલા મજાની ભક્તિ કરી લઉં, મંગલ થઈ જશે, આ ભાવ સાથે ખૂબ ભક્તિ કરી હતી.

# ૨૬ અદ્વિતીય શ્રવણ રુચિ...

પહેલું ચોમાસું પહેલો લોચ. મોટા ગુરુદેવશ્રી એમનો લોચ કરી રહ્યા હતા. નાની ઉંમર એટલે પહેલો લોચ આકરો તો લાગે એવો ખ્યાલ આવતા મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા. પાસે બેસીને **પૂ. ભુવનભાનુસૂરિ મ.સા.** દ્વારા લિખિત ''વાર્તાવિહાર'' પુસ્તકમાંથી એકેક વાર્તાઓ રસપ્રદ શૈલીથી સંભળાવતા ગયા. એ વાર્તા સાંભળવામાં એવો રસ પડ્યો, કે પૂરો લોચ કર્યા પછી પણ અધૂરી વાર્તા પૂરી કર્યા બાદ જ આગળના કાર્યો કર્યા. શ્રવણ રુચિના બળથી પ્રતિકુળતામાંથી પસાર થવાની ગજબની કળા એમની પાસે હતી.

શરીરની માંદગીમાં પણ આત્મોન્નતિનો રસ જ્વલંત હતો. Operation થયા બાદ રોજે **મુનિ યશરત્નવિજયજી મ.** પાસે જઈ વાચના આપવાની વિનંતી કરતા કે ''મને હિતશિક્ષા આપો.'' મુનિ યશરત્નવિજયજી મ.સા. અદ્વિતીય કોટિના વિદ્વાન અને સંવેદનશીલ મુનિ ભગવંત છે. જો ભણનારની માગણી હોય તો દિવસમાં ૬-૭ કલાક પાઠ આપે એવા તે પાઠક મુનિવર છે. પાઠન અને લેખાદિ કાર્યમાં અતિવ્યસ્ત હોવાં છતાં બાળમુનિની શ્રવણરુચિથી પ્રોત્સાહિત થઈ માત્ર એમને લક્ષ્યમાં રાખી ''લક્ષ્યવેધ'' નામની હિતશિક્ષા પુસ્તિકા લખી અને રોજે એમાંથી એકેક મુદ્દાઓ ખોલીને એમણે સમજાવતા હતા.



બાલમુનિએ પણ સતત ૪ મહિના સુધી રોજે ૧ કલાક એમની પાસે વાચના ગ્રહણ કરી, પોતાના અધ્યાત્મની ભૂમિકાને દૃઢ કરી. રોજની વાચના સાંભળવા છતાં રોજનો અનેરો ઉત્સાહ એમની શ્રવણરુચિનું પ્રમાણપત્ર હતું.

એક વાર શારીરિક અસ્વસ્થતાને કારણે જરાક એમનું મન અસ્વસ્થ થઈ ગયું હતું. ગુરુદેવે મને વાત કરી. ''થોડા દિવસથી તબિયત અસ્વસ્થ છે માટે જરા અપસેટ થઈ ગયા છે. એમણે જરાક ફ્રેશ કરી દેજો.'' વિચાર કરીને એમની સૌથી પ્રિય વસ્તુથી એમને સ્વસ્થ કરવાનો રસ્તો કાઢ્યો; એમની સૌથી પ્રિય વસ્તુ ''હિતશિક્ષા'' થોડા-થોડા દિવસે જ્યારે બાળમુનિ પોતાની જગ્યાએ ન હોય ત્યારે એમના નામનો એક હિતશિક્ષાવાળો પત્ર એમની જગ્યાએ હું મૂકી રાખતો. થોડી ગમ્મત કરવા માટે તેમાં મારું નામ ગુપ્ત રાખ્યું અને મુનિ નિરાગરત્ન વિ.જી પાસે લખાવતો. એમના અક્ષર બાળમુનિને પરિચિત ન હતા. તે વખતે ઉપાશ્રયમાં ૪૦-૫૦ સાધુ ભગવંતો હતા એટલે પત્ર લખનારને ગોતવું એમના માટે મુશ્કિલ બની ગયું હતું. હું તો એમની પાસે જ બેસુ એટલે મને ખ્યાલ તો આવી ગયો કે લખેલી હિતશિક્ષા બાળમુનિને કેટલી ગમી રહી છે. અને મને ગોતવા માટે ઉત્સુક થઈ રહ્યા છે. બાળમુનિએ પણ મને અનામી પત્રની વાત કરી, પણ હું કાંઈ જાણતો જ નથી, એવો દેખાવ કર્યો. દર ૩-૪ દિવસે નવો પત્ર બાળમુનિની તરપણીમાં મૂકી રાખું જેથી સવારે પડિલેહણ કરતી વખતે એમના હાથમાં આવે. વચ્ચે વચ્ચે ૨-૩ વાર બાળમુનિ પણ પત્રને લખીને એમની જ તરપણીમાં મૂકી રાખવા પત્રમાં જણાવ્યું. બાળમુનિ પત્રમાં ખુલ્લા મને હિતશિક્ષાઓની અનુમોદના કરતા અને સામે આવી જવા માટે પત્રમાં વિનંતિ કરતા.

આમ કરતા કરતા લગભગ મહિના સુધી છુપાછુપીનો ખેલ ચાલ્યો, અંતે સામે થઈને હું પ્રગટ થયો. આ હિતશિક્ષાઓ મેળવતા તે એવા સ્વસ્થ થયા, કે શારીરિક પ્રતિકૂળતામાં પણ મન પ્રસન્ન પ્રસન્નતર રહેતું. એક વાત સ્પષ્ટ હતી કે ભલે છુપાછુપીની રમત થઈ પણ, બાલમુનિને એમાં એટલો રસ ન હતો જેટલો હિતશિક્ષા મેળવવામાં હતો. કેમકે પ્રકટ થયા પછી પણ દર વર્ષે એક વાર તે ભેગા કરેલા પત્રો વાંચતા અને મને ભેટી પડીને ધન્યવાદ આપતા. ''આજે પણ તે હિતશિક્ષા વાંચતા ખરેખર



પૂજ્ય મુનિરાજ શ્રી
"યોગાર્થમેવ ભવિનાં શરીરં, જ્ઞાનાર્થમેવ કિલ યોગિનાં વૈ"

શરીરના સુખમા સુખી થવુ અને દુઃખમા દુઃખી થવુ તે ભોગ છે. અને શરીરના સુખ અથવા દુઃખ બન્નેમા સ્વસ્થ રહેવુ તે યોગ છે - હા ! યોગ એટલે શાંત અને અવિરત સમુદ્રને આંબતી આનન્દની ધારા પર વિચરવુ ને
જાગૃતિ તે અનુકુલ પરિસ્થિતિઓમા શાતા ગારવથી બચાવે છે અને પ્રતિકુલતામા બચાવનાર સમતા અને સહિષ્ણુતા છે. જીવનમા ઈચ્છા શાતાની નહી પણ સમાધિની હોવી જોઈએ. જેથી આપણે ભોગથી છુટા પડી યોગમા પ્રવેશ કરી શકિયે જે આપણા સંયમ જીવનનુ મુખ્ય લક્ષ્ય છે ।
(શરીરં ખલુ આદ્યં ધર્મસાધનં) શરીરની માવજત પણ સાધના જીવનને આગળ ચલાવવા માટે જ છે
જો પ્રતિકુલતા અસહ્ય બનતી હોય, યોગોમા બાધક - બનતી હોય તો તેને દૂર કરવા મહેનત કરવી ચિંતા કરવી યોગ્ય છે પણ - - - -
હવે થોડા સમય થઈને વાંચજો, અત્રે તીક્ષ્ણ તીર મારવાનો પ્રયાસ કરૂ છુ - - -
જો યોગોની અતિસુંદર આરાધના થતી હોય તો શુ કરવુ?



તમારે સુંદર ભાવનો સ્વાધ્યાય છે, ગુરૂદેવની ઉચિત સેવા પણ છે
સંયમ યોગોની આરાધના છે, ગુરૂકુલવાસનો આનંદ છે
સહવર્તિઓનો સ્નેહ-સહકાર-સંતોષ છે, ગુરૂદેવશ્રીનો અમૂલ્ય પ્રસાદ છે
આત્મા સ્વવિચાર અને ભાવવૃદ્ધિની ઝંખના છે
શાશ્વત કલ્યાણ કરનારા આવા ઉત્તમ પરિબળો હોવા છતા
૩૦ વર્ષની સાથીદાર આ નશ્વર કાયાની ચિંતાની શુ હિંમત છે
તમને યોગી બનવાથી રોકી શકે ?
તમારી આરાધના તમને જ્ઞાન આપી રહી છે
અને આ શરીરની શાતા ભોગ આપશે
તો પ્રકૃતિ જો તમને યોગમાર્ગમા લઈ જઈ રહી છે તો શરીરની
અનુકૂળતા થોડી ઓછી પણ હોય તો શું વાંધો છે ?
આરાધનાઓનો આનંદ માણવો અને ચિંતાઓથી નિશ્ચિંત થવુ આજ યોગ છે ! હવે આટલી આરાધનાના બળે શાતાને પરિષહ બનાવવા જ્ઞાન
યોગ માર્ગ તમારો સ્વાગત કરી રહ્યુ છે ।
* * * * * * *
(મેં આટલી તમને જોયુ છે કે.) હવે તમારી શીરની સીમા આવી ગઈ લાગે છે.
ગુરુ થઈ જાવું તમારા તપનુ પારણુ નજીક છે :
આજીવન હિતવચન સંભળાવવાની તમે જે માંગણી કરી
હતી (તમારા પત્રમા) તેને કદાચ હુ પુરી કરી શકીશ કે કેમ?
એ પ્રશ્ન છે. [illegible]
[illegible]



નિષ્કારણકરૂણાકારી - મહાત્મહિતચિંતક આત્મીય મુનિરાજશ્રીના
ચરણારવિંદમાં 6 અવાજના શ્રોતા દાનરત્નાપદપદની વંદનાવલી
આપશ્રીની 6 અવાજોએ તો 7 અજાયબીઓની જેમ મારા હૃદયની આંખોને પલકારો લેવામાં અસમર્થ કરી દીધા. એક(૨) અવાજમાં હૃદયને સંવેદનામાં નૃત્ય કરવા પ્રેરિત કરે એવા સુમધુર સુરો ગુંજી રહ્યા છે. આપશ્રીએ આટલો નિઃસ્વાર્થ વાત્સલ્યનો ધોધ વહાવ્યો કે જેમાં ન્હાઈને મને ચંદન જેવી શીતલતાનો અનુભવ થયો. હૈયાનો નાદ તો એવો જ છે કે આ ભવ રૂપી ગ્રીષ્મઋતુમાં આપના આ હિતવચન રૂપી ઝરણામાં ઝીલીને સતત સંવેદનશીલતા - આર્દ્રતા રૂપી શીતલતાને અનુભવ કરું.
શું આ બાળને ઝરણામાં નવડાવશોને ? મારૂં આત્મહિત થાય એ માટે મને સતત જાગૃત કરશો ને ?
આપશ્રીને મળવાની ઉત્કંઠાનો તો કંઠાભરણ તપ પણ થયો છે, હવે જલ્દી(૨) પારણું કરાવશો ને ? આપશ્રીની હવે સાક્ષાત્ અવાજ સાંભળવાની ઈચ્છા રાખું છું, પૂરી કરશોને ?
સંવેદનાભરકૃપાકાંક્ષી
મુ. દાનરત્ન

મજા આવી જાય છે.''

પત્રની રમતમાં બાળમુનિએ છેલ્લા પત્રમાં લખ્યું હતું કે ''આ જ રીતે આજીવન આપ મને હિત વચનોનું પાન કરાવતા રહેજો.'' અને કુદરતની કરામાતે એમની તે ઈચ્છા પણ પૂર્ણ થઈ.

તેમની હિતવચન શ્રવણની ઉત્કટ પિપાસાને ધન્યવાદ છે કે જે દેહની પ્રતિકૂળતાનું ભાન પણ ભૂલાવી દેતી હતી. એમની અંતસમયની સમાધિ પણ એમની જીવનભરની શ્રવણરુચિને જ આભારી છે.

## ૨૭ સ્વજન ધૂનન...

દીક્ષાને ૧ ૧/૨-૨ મહિના થયા હશે ત્યારે બાળમુનિને વંદન કરવા હિતેશભાઈ આવ્યા હતા. કોઈએ બાળમુનિને કહ્યું ''તમારા પપ્પા આવ્યા છે'' બાળમુનિએ તરત જવાબ આપ્યો. ''મારા પપ્પા અને આવ્યા એટલે શું ? મારા તો પપ્પા પણ અહીંયાં જ છે અને મમ્મી પણ અહીંયાં જ છે. એમાં આવવાની ક્યા વાત આવી ?''

૧૪ વર્ષની ઉંમરમાં આટલો તો બોધ હતો કે સાધુને મમ્મી પપ્પા આવા સંબંધો જોડે મેળ ન જામે.

---

૩ વર્ષ બાદ બાળમુનિના સંસારી પરિવારનો અદમ્ય આગ્રહ હોવાને કારણે તેમના ઘરાંગણે નવસારી સંઘમાં અમારે ચોમાસું કરવાનું નક્કી થયું. પણ બાળમુનિના મનમાં કોઈ જાતનો ઉમળકો ન હતો. એમની કોઈ પણ પ્રવૃત્તિ કે વાર્તાલાપથી એવું જણાતું ન હતું કે તેમણે પોતાના સંસારી નિવાસસ્થાને જઈ ચોમાસું કરવું ઈષ્ટ છે. ચોમાસાનો પ્રવેશ કર્યા બાદ પણ ઘણા પરિચિતો આવતા પણ કોઈની જોડે ફોગટની વાતોમાં સમય પસાર કરી બેસી રહેતા ન હતા. ઔપચારિક વાતો કરી તુરંત પોતાના સ્વાધ્યાયની ચોપડી ખોલીને બેસી જતા. પગલા કરવા માટે ઘણા લોકો વિનંતી કરે પણ કોઈના ઘરે જવા ઉત્સાહી નહીં. ગુરુભગવંત આદેશ કરે તે ઘરે જઈ આવતા, પોતે થઈને કોઈના ઘરે જવાની ક્યારેય વાત કરી ન હતી.

૨ વર્ષ સુધી પોતાનો નાનો ભાઈ યશ પણ સંયમની તાલીમ લેવા ગુરુભગવંતની નિશ્રામાં રહ્યો હતો. પણ, આ દીક્ષા લઈને મારો શિષ્ય બનશે એવો કોઈ જાતનો આનંદ અથવા એના ઉપર કોઈ જાતનો અધિકારભાવ એમણે રાખ્યો ન હતો. નાનોભાઈ રહેવા આવ્યો એની પહેલા જેમ હતા એવા જ નાનોભાઈ આવ્યા પછી પણ હતા. શિષ્ય માટેનો કોઈ ઉત્સાહ ૨ વર્ષમાં જોવા ન મળ્યો.



નાનાભાઈના ભાવ વિશેષ આગળ ન વધ્યા માટે સંયમ સ્વીકારનો અધ્યવસાય તેને ન થયો અને ઘરે જઈ School નું ભણતર શરૂ કર્યું તોય બાળમુનિની ચહેરાની રેખા ન ફરકી... મનમાં કોઈ જાતનો ખેદ એમણે ન થયો. ભવિતવ્યતા વિચારી પૂર્વની જેમ જ સ્વસ્થ રહેતા. દીક્ષાર્થી તરીકે રહ્યો અને પાછો ઘરે ગયો તે બંને અવસ્થામાં બાળમુનિની પ્રસન્નતા યથાવત્ રહી.

આ નાની ઉંમરમાં આવું સ્વજન ધૂનન કરનાર બાળમુનિને નમન છે.



## ૨૮ કર્મની વિચિત્રતા...

કોઈ પણ ઉપચારો કામ કરી રહ્યા ન હતા. એક હોંશિયાર જ્યોતિષીને એમની કુંડલી બતાવવામાં આવી. જ્યોતિષીએ કહ્યું ''એમણે શારીરિક તકલીફ છે, પણ શું છે ? એ ખબર નહીં પડે. તમે મહેનત કરતા રહો, પણ છેલ્લે સુધી તમને જાણવા નહીં મળે કે તકલીફ શું છે ? એમની ગ્રહસ્થિતિ જ એવા પ્રકારની છે.'' અમને જાણી નવાઈ લાગી પણ પુરુષાર્થ ચાલુ જ રાખ્યો. બધા જ્યોતિષીએ એક વાત તો કરી જ હતી કે ''એમની કુંડલીમાં આઠમાં સ્થાને રાહુ બેઠો છે. માટે જીવનમાં કસોટી તો ભયંકર આવવાની પણ સાથે જ Positive ગ્રહસ્થિતિ એટલી જ Powerful છે કે ખરેખર ખૂબ જ ઊંચો આત્મા છે. Willpower તો પર્વત જેવો છે, સામાન્ય જીવો કરતા ઊંચી કક્ષાનો જીવ છે.''

બધી તપાસ કર્યા બાદ ડૉક્ટરને કાંઈ હાથ ન લાગે ત્યારે એક જ શરણ હતું એમના માટે ''મહારાજજી કો માનસિક બીમારી હૈ, શરીર તો પૂરા બરાબર હૈ.'' બાળમુનિના વર્તન અને વ્યવહારથી અમને લાગે જ નહીં કે એમને માનસિક રોગ હોય. પણ છતાંય ડૉક્ટરના કહેવાથી મગજના ડૉક્ટરનો પણ ઈલાજ કરાવી જોયું, પણ કોઈ સફળતા ન મળી. ડૉક્ટરને પૂછ્યું કે એમને મગજનો કયો રોગ છે ? જવાબ મળ્યો, ANOREXIA NERVOSA... તે રોગના લક્ષણોની સરખામણી કરી તો ખબર પડી કે આ રોગ તો એમને બેસતો જ નથી. આ રોગમાં ભૂખ ન લાગે. એમને તો પૂરી ભૂખ લાગે છે. આ રોગમાં દર્દી ખાવા પીવાથી બને તેટલો દૂર રહે, પણ બાળમુનિના જીવનમાં આવું કાંઈ જ ન હતું. બીજા મગજના ડૉક્ટરને પૂછ્યું તો કહે કે એમને ANOREXIA NERVOSA નથી કેમકે લક્ષણો મેળ નથી ખાતા. વળી મુંબઈના ડૉક્ટરે કહ્યું કે એમનું પેટનું operation ખોટું કર્યું. એમને જરૂરત જ ન હતી. અમે તો જ્યાં દિશા દેખાય ત્યાં પ્રયત્નો કરીએ. પણ ક્યાંયથી આશાની કિરણ દેખાય જ નહીં અને આ બાજુ શરીરની પરિસ્થિતિ ધીમે ધીમે કથળતી જ રહી. ૪૫ કિ.ગ્રા.થી શરીરનું વજન હવે ૨૫ કિ.ગ્રા. થઈ ગયું હતું.



# ૨૯ ગુરુ બહુમાન...



દાનરત્ન મ.ની તબિયત દિવસે દિવસે શિથીલ થઈ રહી હતી, પણ પ્રસન્નતા એમની અકબંધ હતી. નવસારી, આદિનાથ જૈન સંઘમાં અમારું ચોમાસું હતું. એક દિવસે બાળમુનિને એમના સંસારી માતાજી દક્ષાબહેન વંદન કરવા આવ્યા હતા. એમણે બાળમુનિને વાત કરી ''મહારાજ સાહેબ ! મારા મનમાં એક વિચાર છે.''

''શું ?''

''મને મોટા મહારાજ **(આ. પુણ્યરત્નસૂરિજી)** ઉપર ઘણી શ્રદ્ધા છે. એમના તપ-સંયમ-સાધનાના પ્રભાવે તમારું સ્વાસ્થ્ય સારું થશે. પણ...'' આટલું કહી અટકી ગયા.

''પણ શું ?''

''પણ એક અઘરું કાર્ય કરવું પડશે.''

''એ શું ?''

''સાહેબજી ! મહાપુરૂષોની પવિત્રતાના પ્રભાવે દુનિયા પણ પવિત્ર થઈ જાય છે. એમના તપ-આત્મબલ-આત્મશુદ્ધિના પ્રભાવે માત્ર એમના આશીર્વાદ નહીં પણ એમની વાણી અને કાયામાં પણ પવિત્ર શક્તિનો પૂંજ હોય છે. અને કાયા જ નહીં કાયાના મેલમાં પણ ઉર્જા હોય છે. મને શ્રદ્ધા છે. આપ જો મોટા મહારાજ સાહેબના માત્રુંને તમારી દવા બનાવો, તો નિયમા ફાયદો થશે'' બીજી જ Second એ બાળમુનિ એ જવાબ આપ્યો ''એમા શું મોટી વાત, એમ પણ ગુરુદેવનું માત્રુનો લાભ તો ભાગ્યશાળીને જ મળે. હું તો વિચારું છું આ વિચાર તમને આવ્યો, પણ મને કેમ નહીં ?''

અને થોડા દિવસ પછી આચાર્ય ભગવંતને ૯ ઉપવાસની તપશ્ચર્યા ચાલુ હતી તે સમય પૂજ્યશ્રીને મનાવીને બાળમુનિએ રોજ સવારે એમનું માત્રું વાપરવાનું શરૂ કર્યું. પ્રાયઃ સળંગ ૧ મહિના સુધી પૂજ્યશ્રીનું માત્રુ એમણે ઔષધ સ્વરૂપે વાપર્યું અને પછી આચાર્ય ભગવંતે એમણે ના પાડી અટકાવ્યા, આ હતો ગુરુબહુમાન ભાવ.

દેહને લાભ થયો ન થયો પણ, ચોક્કસ રીતે એમની આત્માને લાભ થયો જ છે. **આવા પ્રકારના ગુરુબહુમાનથી એમના અશાતા વેદનીયકર્મ નબળા ન પડી શક્યા પણ મોહનીયકર્મ તો ચોક્કસપણે ધ્રુજી ઉઠ્યું.**



# ૩૦ અડધી રાતે પણ લક્ષ્ય સ્થિર...



આવી શરીરની પરિસ્થિતિમાં વાપરવાનું, આંટો લગાવવાનો, દવા લેવી વગેરે કાર્યો પતે એટલે તુરંત પોતાના સ્વાધ્યાયમાં જોડાઈ જાય. સમય વેડફવાનો વિચાર પણ ન હતો. નંદુરબાર ચોમાસામાં એક રાત્રે ઉંઘ ઉડી ગઈ. એટલામાં **મુનિશ્રી કુંથુરત્ન મ.સા.** ઉઠ્યા. બાળમુનિએ એમને કહ્યું કે ''મને ઉંઘ આવતી નથી તો મારી જોડે સ્વાધ્યાય કરશો ?'' તે રાત્રે ૧૧/૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી સ્વાધ્યાય કર્યો અને ઉંઘ આવી ત્યારે ફરી સંથારો કર્યો.

એજ ચોમાસામાં અષાઢ સુદ ૫ ની રાતે ૧૧/૨ વાગે બધા સાધુઓની ઉંઘ ઉડી ગઈ. ''આ... આ...'' અવાજ આવી રહ્યો હતો, જોતાં ખબર પડી કે બાલમુનિ પેટના દુખાવાના કારણે જોર-જોરથી અવાજ કરી રહ્યા હતા. જઈને પૂછ્યું તો ખબર પડી કે રાતે ૧૦.૦૦ વાગ્યેથી પેટ દુખે છે, ઉંઘ આવી નથી અને અત્યારે અસહ્ય પીડા થઈ રહી છે.

ડૉક્ટરને શ્રાવકો લઈ આવ્યા, તેણે Injection આપ્યું તોય એક કલાક સુધી હજુ વેદના થઈ રહી જ હતી. તેમાં માત્ર ''પ્રભુ... પ્રભુ...''ની પોકાર કરી રહ્યા હતા. એક કલાક પછી માંડ રાહત થઈ ત્યારે ઉંઘ આવી ૧૧/૨ કલાક સૂતા પછી ફરી દુખાવો ચાલુ થયો ફરી ''પ્રભુ... પ્રભુ...''ની બૂમો પાડવા લાગ્યા. ફરી ડૉક્ટરને બોલાવી Bottle ચઢાવી injection આપ્યું. બીજા દિવસે સવારે Hospital Admit કર્યા ૩ દિવસ ઉપચાર કરી સ્વસ્થ થયા. પેટમાં infection થઈ જવાથી દુખાવો થયો હતો.

આખી રાત પીડાના કારણે ઉંઘ ન આવી પણ રડવાનું નિઃસત્ત્વ કાર્ય ન કર્યું. ''પ્રભુ... પ્રભુ...''નું સ્મરણ કરી સહિષ્ણુતા રાખી.

આ પ્રસંગ કદાચ એક સંકેત રૂપ હતો કેમકે, બરાબર ૧ વર્ષ પછી અષાઢ સુદ ૫ ના જ દિવસે ગોરેગામમાં પણ ''પ્રભુ... પ્રભુ...'' બોલતા તેઓએ વિદાય લીધી.

# ૩૧ સંવેદનશીલતા...

સન્ ૨૦૧૮, અમારું ચોમાસું નવસારી આદિનાથ જૈન સંઘમાં હતું, આમ તો દર ચોમાસામાં મોટા ગુરૂદેવશ્રી અઠ્ઠમતપ કરી, ૩-૪ એકાસણા બાદ ફરી અઠ્ઠમ તપની સાંકળ ચલાવ્યા જ કરે. આ વર્ષે એક વિશેષ વાત હતી કે અઠ્ઠમતપના પારણા અને અત્તરવાયણા સિવાય બધા એકાસણા માત્ર ૨ દ્રવ્યથી કરતા હતાં, રોટલી અને શાક અથવા દાળ. થોડા એકાસણા કરી ફરી પાછો અઠ્ઠમ. આ રીતે ઘણા અઠ્ઠમ થયા બાદ એક દિવસે બાળમુનિ મોટા ગુરૂદેવને વિનંતિ કરી...

''સાહેબ ! આજે તો કાંઈ વાપરો, થોડો શરીરને હવે ટેકો આપો.''

''મારે વાંધો નથી, એવી કાંઈ તકલીફ લાગશે તો હું વાપરીશ, મારે કાંઈ નથી જ વાપરવું એવો નિયમ નથી. ચાલે છે, સારું છે, ૨ વસ્તુમાં થઈ જાય છે.'' મોટા ગુરૂદેવનો જવાબ સાંભળી ધડ-ધડ આંસુ ટપકાવતા બાળમુનિ રડવા લાગ્યા.

''હું તો આખો દિવસ વાપરું છું, તોય કાંઈ છૂટતું નથી, આપ તો અઠ્ઠમ કર્યા કરો છો છતાંય બધુ ત્યાગ રાખો છો.''

આ એમની અંતરની આવાજ હતી, એક ગુરૂદેવ પ્રત્યેનો સ્નેહ અને બીજું પોતાના દોષોનો સ્વીકાર. આ બન્ને સંવેદનોમાં એ એવા તણાઈ ગયા કે આ અણમોલ દશ્ય અમારી સામે સર્જાયું.

---

ચોમાસા બાદ અમે વિહાર કરી સુરત ગયા, ત્યાં ઉમરા જૈન સંઘમાં અમે રોકાયા હતા. ઘણા મહાત્માઓ ઉપાશ્રયમાં ભેગા રોકાયા હતા. બધાને બાળમુનિ પ્રત્યે વિશેષ પ્રેમ હતો. બાળમુનિને અસ્વસ્થતામાં રાહત મળે એવા ઉપચાર, આહાર-પદ્ધતિ આદિ બતાવી જતા. એક મહાત્માએ બાળમુનિને વિનંતિ કરી. ''તમારી માટે આ વસ્તુ અનુકૂલ રહેશે. હું ગોચરી જઉં છું તો વહોરતો





આવીશ.'' બાળમુનિને તે વસ્તુ પસંદ પડી, પણ એમને ખબર હતી કે ગુરૂદેવને પૂછ્યા વગર કોઈ પણ વસ્તુનો ઉપયોગ ન કરાય, છતાં એમણે મહાત્માને હા પાડી.

થોડી વાર થઈ કે બાળમુનિને મનમાં ખટકવા લાગ્યું. ગુરૂદેવ પાસે આવીને બાળમુનિ બેઠા અને કહ્યું - ''ગુરૂ મહારાજ ! આ મ.સા. મારી પાસે આવ્યા હતા, એમણે મને આ વસ્તુ લાવવા માટે પૂછ્યું અને મેં હા પાડી દીધી, એ હવે લેવા ગયા છે.'' ગુરૂદેવે કહ્યું ''આની શું જરૂરત છે ? તમને આનાથી કાંઈ ફાયદો નથી. ફોગટની આ વસ્તુ વાપરીને શું મતલબ ? આ વસ્તુઓ લાવી, વાપરવી, રાખવી એમાં દોષ છે અને પૂછ્યા વગર બારોબાર મંગાવવી એ સાધ્વાચાર નથી.''

થોડી વાર સુધી તો એ સાંભળી રહ્યા અને અચાનક રડવા લાગ્યા. ''મને ખબર છે ગુરૂમહારાજ આ ઉચિત નથી, છતાં મેં મંગાવી, મારી ભૂલ થઈ ગઈ, મને માફ કરો, બીજીવાર પૂછ્યા વગર કાંઈ નહીં મંગાવું, મને મનમાં ખટકવા લાગ્યું કે આપને પૂછ્યા વગર કેમ મંગાવી ?'' રડતાં-રડતાં ગુરૂદેવ પાસે અપરાધનો સ્વીકાર કર્યો. ગુરૂદેવે શાંત પાડતા કહ્યું - ''આપણી ક્યાં ના છે પણ કોઈ પણ વસ્તુ મંગાવવા પહેલા પૂછી લેવું, નહિ તો સ્વચ્છંદતા વધતી જાય.'' ગુરૂદેવે પછી એમને ફરી સ્વસ્થ કર્યા.

**પોતાના અપરાધનો ડંખ બીજી જ ક્ષણે ખૂંચવા લાગ્યો અને ગુરૂદેવ સામે જઈ પ્રકટ કર્યો.** આમ શુદ્ધ થવાની તલસાટ બહુ જ દુર્લભ હોય છે.

---

નાકોડા ચોમાસામાં ઉપાશ્રયમાં કામ કરનાર ગોપાલ રોજની જેમ ઝાડુ લગાવતા અમારી રુમમાં આવ્યો. હું અને બાળમુનિ અમે બન્ને ડેંગ્યુ તાવમાં હતા અને ગોપાલ અમારી પાસે આવીને વાત કરતો હતો. ''મહારાજ સાહેબ ! મારે કાલે ગામ જવું છે, પણ તમે બીમાર છો. તો આપ સાજા થયા પછી જઉં, કંઈ કામ આવી પડે તો ?'' મેં જવાબ આપ્યો ''ના, અમારા માટે કાંઈ રોકાવાની જરૂરત નથી. અમારે તો આ મહારાજ સાહેબો સેવા કરે જ છે અને બીજી કાંઈ જરૂરત પડે તો આ ધર્મશાળાના માણસો છે જ.''

બાળમુનિએ સહજમાં ગોપાલને પૂછ્યું તમારા ઘરે કોણ છે ? તમે શું કરો છો ? અને જવાબમાં ગોપાલે પોતાનો ઈતિહાસ ખોલ્યો - ''મારી પત્ની, ૨ છોકરા. મારો ભાઈ ગુજરી ગયો એની પત્ની એના છોકરા, આ બધાનું હું પૂરુ પાડું, ખેતરે કામ પર જઉં, પગાર મળે, તેમાંથી બચાવીને ભેગુ કરું, ખર્ચો આવે, સાફ થઈ જઉં, પાછું કમાઉં, કરજ થાય...'' આખી વાત સાંભળીને બાળમુનિની આઁખ પહોળીની પહોળી રહી ગઈ. એમણે બીજો પ્રશ્ન કર્યો ''આટલી ઓછી કમાણી અને આટલા બધા લોકો તો શાકનો જ કેટલો ખર્ચો થઈ જાય ?''

''શાકની ક્યાં વાત છે મહારાજ સાહેબ ! (હસતા-હસતા ગોપાલે કહ્યું) અમે તો રોટલી પર તેલ મરચું - મસાલો ચોપડીને જ ખાઈએ. શાક અમારે ન હોય.''

મકાનની પરિસ્થિતિ વગેરે આગળ - આગળની વાત પૂછવા પર જે જવાબ મળ્યા, એ સાંભળીને બાળમુનિની આંખો સાથે મોઢું પણ ખુલ્લુ જ રહી ગયું, એના ગયા બાદ એ મને કહેવા લાગ્યા ''આ કેવી જિંદગી? આપણને તો જે જોઈએ તે શ્રાવકો ભક્તિથી પડાપડી કરીને સવાઈ સગવડ આપે અને આ બેચારાને તો રોટલા જોડે શાક કે દાળ પણ નથી !''

એમની વાણીમાં પીડા હતી. કોઈનું દુઃખ ન સાંભળી શકવાની લાચારી હતી. સમઝેલા પ્રૌઢ વ્યક્તિને આવી પરદુઃખમાં પીડા જોવા મળે પણ ૧૭ વર્ષની ઉંમરના વ્યક્તિમાં તીવ્ર રીતે જોવા મળે, તે આ કલિકાળનું તો આશ્ચર્ય જ કહેવાય. એ વ્યક્તિની પ્રતિકૂલતા સાંભળ્યા બાદ બાલમુનિને પોતાના જીવનની અનુકૂલતા પણ ખૂંચવા લાગી, એ એમના હૃદયની કોમલતાનું પ્રતિબિંબ છે.

એમની સંવેદનશીલતા એટલી ઉત્કટ હતી કે - મનમાં ભાવ સ્પર્શે અને તરત જ મોઢા પર તેની સ્પષ્ટ અભિવ્યક્તિ થઈ જતી.

## ૩૨ મુંબઈમાં નિદાનમાં નિષ્ફળતા...



તબિયતમાં કોઈ સુધારો ન થવાથી ગચ્છાધિપતિશ્રી અને ગુરુદેવ **ગુણરત્નસૂરિજી**ની આજ્ઞાથી મુંબઈ જઈ ઉપચાર કરવાનું નક્કી થયું. મુંબઈ પહોંચી મોટા-મોટા ડૉક્ટરોની મુલાકાત લઈ નિદાન કરવાની કોશિશ કરી. ૩ વર્ષથી તપાસ કરતા કરતા Reports ની મોટી ૩ File ભેગી થઈ ગઈ હતી. File વાચતા ડૉક્ટરો આશ્ચર્ય ચકિત થઈ ગયા. ''તમે બધી તપાસ કરી દીધી પણ કાંઈ હાથમાં આવ્યું નથી, બીમારી તો છે તે વાત નક્કી, પણ ખબર નથી પડી.'' છેવટે બધા ડૉક્ટરોની એક વાત ''એમને માનસિક બીમારી હશે.'' કોઈક ડૉક્ટર કહે, ''માનસિક બીમારી નથી, તમે ખોરાક પર ધ્યાન આપો એનાથી સુધારો થશે.'' વળી, કોઈ ડૉક્ટર કહે ''એમણે પાચનની જ તકલીફ છે આયુર્વેદથી ઈલાજ કરાવો.'' ડૉક્ટરો એક મત ન થયા. અમને જ્યોતિષીની વાત યાદ આવ્યા કરે ''તમે મહેનત કરી લ્યોં, પણ બીમારી ખબર નહીં પડે.''

૧ મહિના સુધી જુદા જુદા ડૉક્ટરોની મુલાકાત કરી ૭ દિવસ માટે ખ્યાતનામ Gastrologist ડૉક્ટરની દેખરેખમાં Hospital માં Admit પણ કર્યા પણ કાંઈ હાથ ન આવ્યું. ભારતમાં ત્રીજા નંબરે જેનું નામ આવે એવા તે પેટના ડૉક્ટરે કહ્યું ''महाराजजी ! आप मुझसे ठीक हो जाओ... तो मुझे विश्व में नोबल अेवोर्ड मिल जायेगा.''

અંતે અમે મુંબઈના જાણીતા વૈદ્ય દેવચંદભાઈ ગાલાની દવા ચાલુ કરી. વૈદ્યજીએ અમને કહી દીધું હતું ''મહારાજ સાહેબ case ઘણો અઘરો છે. આપણે પ્રયત્ન કરી લઈએ.''

January પછી એમની તબિયતમાં વાયુવેગે ઘટાડો થવા માંડ્યો. March મહિને તો શક્તિ એટલી ઘટી ગઈ કે હવે પાટ ઉપરથી ઉભા થતા પણ ઘણો શ્રમ પડતો હતો. ડગલે અને પગલે પોતાની અશક્તિ એમણે અનુભવાતી હતી. પોતે હવે સહવર્તીને કહ્યું કે ''શક્તિ બહુ ઓછી થઈ ગઈ છે અને ખોરાક પણ પહેલા કરતા ઘણો ઓછો લેવાય છે, પેટ ભરાઈ જાય છે.''

આ ફરિયાદ એમના મન ઉપર અસર કરી ન જાય, માટે મેં વાતને હળવી બનાવતા કહ્યું ''આ તો અત્યારે Hospital માં C.T. Scan માટે પેલું Liquid પીવડાવ્યું હતું ને, ત્યારથી થોડી પેટ પર અસર થઈ છે. થોડા દિવસમાં control આવશે અને Normal થઈ જશે. પછી થોડી શક્તિ પણ અનુભવાશે'' પણ મને તો ખ્યાલ હતો કે, શું તકલીફ છે.





## ૩૩ શલ્યોદ્ધાર...

મને શંકા પડી કે બાળમુનિના મનમાં કોઈ વિચાર રમી રહ્યો છે. જે એમને નિરુત્સાહ કરે છે. સાંજે પ્રતિક્રમણ કરવા પહેલા મેં વાર્તાલાપ શરૂ કર્યો અને પ્રોત્સાહનની વાતોમાં Track Change કરી દીધી. બાળમુનિ પર અસર થઈ રહી છે એમ જાણી વધુ વાત આગળ ચલાવી. ધીરે ધીરે તત્ત્વરૂચિ, મોક્ષરૂચિ, ભવિષ્યની નિર્ભયતા વગેરે વાતોને સમાવતો ગયો, પ્રાયઃ ૩૦-૪૦ મિનિટ પસાર થઈ ગઈ.

''શ્રેણિક મહારાજા આરાધના વિશેષ કરી ન શક્યા પણ પ્રભુની વાણી ગમી ગઈ અને એ ગમાના આધારે સંસાર સમુદ્રને ખાબોચીયું કરી દીધું.''

''બાળમુનિ ! આવો પ્રભુની વાણી પરનો સાચો પ્રેમ જીવનમાં અનેકવાર આપણે અનુભવ્યો છે તો આપણે એમાં જ કૃતાર્થ થઈ ગયા છીએ. જીવનમાં બીજુ કાંઈ થયુ નહીં, પણ અનંતકાળે, ન થયેલી ઘટના અહીં થઈ છે. પ્રભુની વાણી-માર્ગ પર પ્રેમ, આ સાચા પ્રેમની તાકાત છે કે આવતી કાલે ઊંચી અવસ્થાએ આરુઢ કરીને આપણને પાર ઉતારશે.

બાળમુનિ ! પ્રભુના વાણીના પ્રેમનો આનંદ એવો હોય છે કે દુનિયાની કોઈ પણ વસ્તુની - પરિસ્થિતિની ચિંતા આપણી પ્રસન્નતા ઓછી ન કરી શકે. માટે જ તો નરકમાં પણ શ્રેણિક મહારાજ પ્રભુના પ્રેમના આધારે સાધના ચલાવી રહ્યા છે. પ્રભુના માર્ગના ગમાનો આનંદ, સંસાર તરી જવાનો વિશ્વાસ અપાવે છે. અને તે વિશ્વાસમાં એવી શાંતિ છુપાયેલી છે કે આ દુનિયાના સુખ દુઃખ મળ્યા ન મળ્યાનો કોઈ રંજ રહેતો નથી. અનંતકાળે જે નથી મળ્યું તે મળી જવાથી દુનિયાની આપણા પર અસર ઓછી થઈ જાય છે.

બાળમુનિ ! આ સમ્યક્ત્વનો ધમાકો આપણા દિલમાં એક વાર તો થઈ જ ચૂક્યો છે. તો એ ઘટના જ એટલી આનંદદાયક છે કે બીજાની તો આપણે કાંઈ પરવા જ ન કરવી જોઈએ, બીજું બધું ખેંચાઈને આવશે.''

આ બધી વાતો સાંભળી છેલ્લે બાલમુનિ બોલ્યા, ''હા ! આવી કંઈ વાત થાય તો આમ charge થઈ ગયાનો અનુભવ થાય'' બસ આ વાત સાંભળી હું એમની પરિસ્થિતિને સમજી ગયો.

પણ, બાળમુનિની નસ નસને જાણનાર ગુરુદેવ, મુખાકૃતિને જોતા જ જાણી ગયા હતા કે એમને શું તકલીફ છે. એક બપોરે Room નો દરવાજો બંધ કરી બાળમુનિનો હાથ પકડી ગુરુદેવે બાળમુનિનું મન ખોલાવ્યું.

ભીની આંખે બાળમુનિ બોલ્યા
''ગુરુમહારાજ ! મને એવું લાગે છે હવે આટલી ઓછી શક્તિથી વધારે જીવાય એવું લાગતું નથી. હવે જીવનનો છેડો આવી રહ્યો હોય એવું લાગે છે.

ગુરુ મહારાજ ! જ્યોતિષીનું શું કહેવું છે ?''

ગુરુદેવે કહ્યું, ''તમે જ તો મને પહેલા ઉમરા (સુરત)માં કહ્યું હતું કે, જે થવું હોય તે થાય મને કોઈ ચિંતા નથી, તો હવે કેમ ઢીલા પડો છો ?''

''હા ! કહ્યું તો હતું.''

''બસ ! તો હવે હિંમત રાખીને શૂર થઈને સામનો કરવો છે. જે થવું હોય ભલે થાય. શરીર એનું કામ કરશે. **આપણે આપણો આત્મા સાચવવો છે. સમજી રાખજો, આપણે શરીર સાચવવા આ માર્ગે નથી આવ્યા.** આત્માનું લક્ષ લઈને આવ્યા છીએ. શરીરને સાથ આપવો હોય તો આપે એની સામે ભિખારી નહીં બનવાનું. આપણા આત્માની અનંત શક્તિ છે. એકલા આત્માના સહારે સાધના કરશું... શરીરની તો પૂરે પૂરી માવજત અમે કરીએ જ છીએ. તમે બસ તમારા આત્માનું ધ્યાન રાખો. જ્યોતિષી કહે કે ગ્રહસ્થિતિ ખરાબ છે એટલે આવું થાય છે. પણ તમને જો જીવનનો અંત દેખાય છે તો હવે આગળની તૈયારી ચાલુ કરી દેવી જોઈએ. હવે આ જગતની ચિંતા છોડી, આ શરીરના Tension છોડી સમાધિને દૃઢ બનાવવી છે. આટલામાં ઢીલા પડો એ ન ચાલે, હજુ તો ઘણું બાકી છે. મજબૂત બનીને તૈયાર થઈ જાઓ. શરીર તો એમ પણ આજે નહી તો કાલે ઢળી પડવાનું છે. એની પાછળ દીન ન બનાય, આત્મા અમર છે અને એને સાચવવા જ આ માર્ગે આવ્યા છીએ. **હવે નશ્વરને છોડી શાશ્વતને પકડો...**''

ગુરુદેવની અમૃતવાણીથી બાળમુનિનું મન પુનર્જીવિત થયું. એમના મનનો શલ્યોદ્ધાર થયો અને પોતાના લક્ષમાં સુસ્થિર થયા. હવે એમણે સમાધિને પોતાના જીવનનો Target બનાવી દીધો.

૮૦ વર્ષના ઘરડાને પણ જ્યારે ખ્યાલ આવે કે હવે મરવું પડશે ત્યારે Hospital માં ધમ પછાડા કરી Doctor ને ભીખ માંગતા હોય છે, ''મને બચાવી લ્યો.''

જ્યારે માત્ર ૨૦ વર્ષની ઉંમરમાં મૃત્યુને ભેટી લેવા, આ મહામુનિ પોતાના મનને તૈયાર કરી રહ્યા છે.



## ૩૪ યુદ્ધની તૈયારી શરૂ...

પૂર્વે ઘણા જ્યોતિષીઓને કુંડલી બતાવેલી હતી પણ આવી મરણાંત પરિસ્થિતિ આવશે, આવું બતાવનાર કોક જ હતા. ફરીથી અમેં હોશિયાર જ્યોતિષીનો સંપર્ક કર્યો. જ્યોતિષીએ આ વખતે વર્તમાન સમયની ગ્રહસ્થિતિને ધ્યાનમાં લઈને દિગ્દર્શન આપ્યું.

જન્મકુંડલીમાં જ આઠમાં સ્થાને રાહુ હોવાથી જીવન સંકટમય તો જણાઈ ગયું હતું. વળી ૨૪ January થી શનિની પનોતી એમને શરૂ થઈ ગઈ હતી અને તેમાં લોઢાનો પાયો ચાલી રહ્યો હતો. દિવસે દિવસે તબિયત શિથિલ થઈ રહી હતી. જ્યોતિષીના હિસાબે હવે વધુ સમય કાઢે તેવું લાગતું ન હતું. જ્યોતિષીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે ''મરણ થવાની શક્યતા જણાય છે. સાવધ રહેજો !'' ઈશ્વરને પ્રાર્થના કરો એના પ્રતાપે કદાચ બચી પણ જાય.''

ગુરુદેવે બધા મુનિ ભગવંતોને બાળમુનિના સ્વાસ્થ્યના સંકલ્પથી વિશેષ આરાધના કરવાની પ્રેરણા કરી. સાંકળી શુદ્ધ આયંબિલ, સામૂહિક જાપની આરાધના શરૂ થઈ ગઈ. પણ, અમારા માટે સૌથી મોટી ચિંતાની વાત એ હતી કે ''બાળમુનિને આ ૨૦ વર્ષની ઉંમરે મૃત્યુનો સામનો કરવા માટે તૈયાર કઈ રીતે કરશું ?'' ગુરુદેવે અંત સમય નજીક જાણી સૌ પ્રથમ બાળમુનિ પાસે અતિચારોની આલોચના કરાવી.

સમય કેટલો છે એની અમને કોઈ જાણ નથી માટે તૈયારી ઝડપથી કરવી પડે તેમ હતી. ગુરુદેવે રોજ બપોરે બાળમુનિની રૂમમાં બેસીને તેમની મૌખિક આલોચના લેવી શરૂ કરી. ૪-૫ દિવસમાં બાળમુનિએ બધી આલોચના ગુરુદેવને સંભળાવી ગુરુદેવે એકેક મુદ્દાઓ યાદ અપાવી તેમની આલોચના શુદ્ધ કરાવીને આત્મનિર્મળતા કરાવી આપી. ખરા અર્થમાં એક ગીતાર્થ ગુરુની અદાએ ગુરુદેવે તેમની આત્મજાગૃતિ, સમાધિ અને ભાવોલ્લાસ વધારવા બધી જાતની ગોઠવણ કરી.



ગુરુદેવે સહવર્તી અમુક મહાત્માઓને વ્યક્તિગત સૂચન પણ કર્યું હતું કે ''હવે એમને સમાધિપ્રેરક વાતો, પ્રસંગો, ઈત્યાદિ સંભળાવો. સમય કાઢીને એમને આત્મજાગૃતિ પ્રેરક ભાવનાઓ કરાવો. પસંદ પડે તે રીતે હિતવચન સંભળાવો. સ્વાસ્થ્યની કાળજી તો કરીએ જ છીએ, પણ હવે આની વિશેષ જરૂરત છે.''

અવારનવાર મહાત્માઓએ એમને પરમાત્મા ભક્તિ, અરિહંત શરણાગતિ, આત્માની ઓળખાણથી અભયદશા વગેરે વાતો અલગ અલગ રીતે સંભળાવવી શરૂ કરી. એમની શ્રવણ રુચિ અવ્વલ કોટિની હતી માટે આવી પરિસ્થિતિમાં તે દરેક ભાવનાઓને આત્મસ્થ કરી રહ્યા હતા.

''અંતિમ સમયે સમાધિ ટકાવવા માટે મને તૈયાર કરી રહ્યા છે'' આવો ખ્યાલ આવી જવાથી કદાચ ગભરાઈ ન જાય માટે અમે ખૂબ જ વિચારી વિચારીને સ્પષ્ટ ન થઈને એમની જોડે વાતો કરતાં, પણ એ તો સામે થઈને કહેતા કે ''ગમે ત્યારે કંઈ પણ થઈ શકે છે. મારે સાવધાન બની તૈયારી કરવી છે.'' આટલું જ નહીં સામે થઈને સહવર્તી મહાત્માઓને તે કહેતા કે ''હવે મારે ભાવિત થવું છે, મને તમે એવું સંભળાવો, જેથી અધ્યાત્મમાં વિશેષ રીતે વિકાસ થાય, આ દુન્યવી ભાવોથી મારે હવે ઉપર ઉઠવું છે.''

અમે ગભરાઈ રહ્યા હતા પણ, મૃત્યુને ભેટી લેવા માટે એમણે પૂર્વેથી જ તૈયારી શરૂ કરી દીધી હતી.

૩૫

# ''मेराए ठिओ धम्मो''



**''તન નિર્બળ અને મન સબળ,**
**સ્વાસ્થ્ય શિથિલ અને સંયમ પ્રબળ.''**

આ ભાવ બાળમુનિના જીવનમાં બેઠો જોવા મળતો હતો.

સ્વાસ્થ્યની નબળાઈના કારણે બાળમુનિ આરાધના ઓછી કરી શકતા હતા, પણ સંયમની મર્યાદા એમણે ખુમારીથી પાળી હતી.

દીક્ષાના પૂર્વથી બાળમુનિના પરિચિત હોવાથી સા. **શ્રી મહાવીરરેખાશ્રીજી મ.સા.** અને સા. **શ્રી ગુર્વાજ્ઞારેખાશ્રીજી મ.સા.**, બાળમુનિની તબિયતની શાતા પૂછવા અવસરે આવતા હતા. એકવાર વંદન કર્યા બાદ શાતા-સમાચાર પૂછતા થોડો સમય પસાર થયો. એટલામાં એક મુનિભગવંતે Printed લખાણવાળું એક Pamphlet જેવું કાગળીયું બાળમુનિના હાથમાં આપ્યું અને ઈશારો કરી સાધ્વીજી ભગવંતને આપવા માટે સૂચિત કર્યું. એજ વેળાએ બાળમુનિના હાવભાવ બદલાઈ ગયા. આંખો લાલ અને મુખાકૃતિ સહેજ પ્રતાપી થઈ ગઈ અને ''આ કામ મારું નથી'' આવુ બોલતા



પેલું Pamphlet બાજુમાં સહેજ ફેંકી દીધું. વાતને સ્પષ્ટ કરતા બાળમુનિ બોલ્યા ''ગુરૂદેવને આપો તેઓ આપશે...'' મુનિ ભગવંત કશું બોલ્યા વગર નીકળી ગયા અને સાધ્વીજી ભગવંત અહોભાવથી ભરાઈ ગયા. બાળમુનિની મર્યાદા પાલન માટેની ખુમારીને એમનું મન નતમસ્તક થઈ વંદન કરી રહ્યું હતું.

સાધ્વીજી ભગવંત સદ્ભાવવાળા હોય, ઉપકારી બને તેવું છપાએલું લખાણ પણ હોય પરંતુ તેના આદાન-પ્રદાનનો અધિકાર પોતાને નથી તે માટે સારા પણ આલંબને મર્યાદાને ન તોડવા બાળમુનિ કૃતનિશ્ચય હતા.

---

મુંબઈ આવીને Saifee Hospital માં બાળમુનિની Colonoscopy કરાવી. Colonoscopy થઈ ગયા બાદ પણ ઘણા સમય સુધી બાળમુનિને હોશ ન આવ્યો. ડૉક્ટરે કહ્યું કે શરીર નબળું છે એટલે ઘેનમાંથી બાહર આવતા એમણે વધારે સમય લાગશે. પાછળના બધા પેશન્ટ હોશમાં આવી ઘરે જઈ રહ્યા હતા અને ૨ કલાક થવા છતા બાળમુનિને હોશ ન આવતા ડૉક્ટરને શંકા પડી અને તપાસ કરતા ખ્યાલ આવ્યો કે Sugar Level અત્યંત ઓછું - માત્ર ૨૨ છે. ખાલી પેટે Colonoscopy કરવી પડે માટે નવકારશી વાપર્યા વગર જ ૮.૩૦ વાગ્યે દાખલ થયા અને અત્યારે ૧૧.૩૦ વાગ્યે આ હાલત થઈ. શરીર એટલું નબળું થઈ ગયુ હતું કે, નવો ખોરાક ન મળે તો શરીર જાતે ટકવા અસમર્થ હતું.

Emergency જાણીને ડૉક્ટરે તુરંત ઉપચારો ચાલુ કર્યા. બાળમુનિના સંસારી માતાજી આ બધુ જોઈ ગભરાઈ ગયા. જોખમ હોવાના કારણે ડૉક્ટરે અમને પૂછ્યા વગર જ નર્સોને કામે લગાડી દીધી. Glucose ની બોટલ ચઢાવી. ૨૦ મિનિટ બાદ થોડું થોડું ભાન આવવા માંડ્યું. અમને થોડી રાહત થઈ. વચ્ચે વચ્ચે નર્સો Oxygen level આદિ તપાસી રહ્યા હતા. હું પાછળ ખસી ગયો. લાગણીવશ એમના સંસારી માતાજીએ મદદ કરવા માટે પૂછ્યું. પણ અર્ધજાગૃત અવસ્થામાં પણ બાળમુનિએ સંસારી માતાજીને અડવાની ના પાડી દીધી.

અર્ધ જાગૃત અવસ્થામાં પણ તે જાણતા હતા કે નર્સ મને અડે છે તે પરિસ્થિતિવશ છે, જ્યારે સંસારી માતાને અડવાની કોઈ જરૂરત નથી. બાળમુનિની આ જાગૃતિ અને સમજ પર ઓવારી જવાય કે **પૂરો હોશ ન હોવા છતાં તે પૂરા હોશમાં હતા.**

મર્યાદાનું પાલન સજાગપણે ઘૂંટ્યુ હતું, માટે સંપૂર્ણ ભાન ન હોવા છતા મર્યાદા પાલનના સંસ્કાર જાગૃત હતા.

ઉંમર નાની પણ સમજણનું સ્તર ઘણું ઊંચું હતું.

'मेराए ठिओ धम्मो' (મર્યાદામા ધર્મ વસે છે)

આ સૂત્રનો પડછાયો એમના જીવનમાં જોવા મળતો હતો.

૩૬

# Lock Down માં ખુલજા સીમ સીમ...

કોરોનાનો પ્રકોપ વધી રહ્યો હતો અને પ્રશાસને રવિવારના દિવસે Curfew લગાડી બીજા દિવસથી lockdown જાહેર કર્યું. એક ઉપાશ્રયમાં અમે ૧૨ ઠાણા + પૂ.આ. **મલયકીર્તિસૂરિજી મ.સા.** ૧૨ ઠાણા + પૂ. નેમિસૂરિજી સમુદાયના પૂ.આ. **રાજહંસસૂરિજી મ.સા.** ૬ ઠાણા કુલ ૩૦ ઠાણા lock થઈ ગયા.

મહાત્માઓને વિચાર આવ્યો અને પૂ.આ. રાજહંસસૂરિજી મ.સા.ને વાચના ફરમાવવા વિનંતી કરી. પૂરા ૨ મહિના અસ્ખલિત રીતે તેઓશ્રીએ ભાવચારિત્રની સુગંધ પ્રસરાવી. એકેક વાચનામાં ભાવચારિત્રના રહસ્યને ખોલી ખોલીને બધા મહાત્માઓને આનંદિત કર્યા. બાલમુનિ તો આફરીન પોકારી ઉઠ્યા. વાચનામાં Diary Pen લઈને બેસે અને મનને સ્પર્શતા મુદ્દાઓ નોંધી રાખતા.

– ''બાહ્ય સાધુતા જ્ઞાનની પરબ છે. અંતરંગ સાધુતા પ્રેમની પરબ છે.

જ્ઞાનનું ફળ વિરતિ = વિશિષ્ટ રતિ = પ્રેમ છે. પ્રેમ – જીવ પ્રીતિ તે જ્ઞાનનું ફળ છે.''

– સ્વાર્થના ચાર સૂક્ષ્મ સ્વરૂપ.

(૧) મને કોઈ દુઃખ ન આપે.

(૨) મને બધા સુખ આપે.

(૩) મારા દોષ કોઈએ બોલવા-જોવા-સાંભળવા નહી.

(૪) બધા મારી પ્રશંસા કરે – મારા ગુણો ગાય – મને આદર આપે.





– તમે કેટલાને ગમો છો એ મહત્ત્વનું નથી, તમને કેટલા ગમે છે એ મહત્ત્વનું છે.

– દેહ વિલય પહેલા દોષ વિલય થવો જરૂરી. દોષ વિલય વિનાનો દેહવિલય દુષ્ટ મૃત્યુ છે.

– જે કાંઈ સારું થયું એ બધુ બીજાથી થયું, આ વિચાર અહંકારના બળને તોડે.

– ઊંચો રસ જાગશે, તો નીચો રસ ડૂબી જશે.

આવા, અનેક મુદ્દાઓ બાલમુનિએ પોતાની ડાયરીમાં નોંધી રાખ્યા અને અવસરે તેનું વાંચન કરતા હતા. પૂજ્યશ્રી રોજે વાચના ઉપરાંત સવારે દેરાસરથી આવતાં પહેલે માળે બાળમુનિને ૧૫-૨૦ મિનિટ મળી, થોડી ભાવનાઓ કરાવી, એમને પ્રસન્ન કરીને જ પોતાના આસને બિરાજતા હતા. બાળમુનિના મન પર એમની વાચનાનો જાદુ ચાલી ગયો. ભાવ ચારિત્રની શુદ્ધિની વિચારણામાં અનેક વાર ડૂબી જતા.

એક વાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સરળ ભાષામાં એમણે સમજાવ્યું. તેમાં પરમને પામવાનો તલસાટ, પરમ રસની સામે બધા તુચ્છ રસો નીચોવાઈ જાય વગેરે વાતો હતી. વાચના સાંભળ્યા બાદ રોજની જેમ બાળમુનિના આસન પાસે તેઓશ્રી આવીને બેઠા અને બાળમુનિ ધ્રુસકે – ધ્રુસકે રડી પડ્યા. ''આવું સમ્યગ્દર્શન મને ક્યારે મળશે ?'' એમની રુદનભરી પ્રાર્થના સાંભળીને એમની આંખો ભીની થઈ.

પ્રેમથી એમના માથે હાથ ફેરવતા આચાર્ય ભગવંતે કહ્યું, ''આવી અશ્રુભીની પ્રાર્થનાથી પરમાત્મા પ્રસન્ન થાય. અવશ્ય આ તમારું સમ્યગ્દર્શન જ છે, જે તમને રડાવે છે.''

એમની વાચના શ્રેણીથી બાળમુનિએ તીવ્ર ગતિએ ભાવ જગતની સફર કરી. એમની વાચના બાળમુનિ માટે ખજાના જેવી સાબિત થઈ ''ખુલજા ! સીમ સીમ...''

ભિન્ન સમુદાયના આચાર્ય ભગવંત હોવા છતાં ક્યારેય એમણે ભિન્નતાનો અનુભવ થવા ન દીધો. એવો આત્મીય વ્યવહાર એમનો હતો. એમની ૨ મહિનાની વાચના બાળમુનિના અધ્યાત્મવિકાસ માટે ખૂબ ઉપયોગી બની.

આહાર સંજ્ઞા પર વિજય મેળવવા, એમનો બતાવેલો ઉપાય બાળમુનિને ખૂબ ગમી ગયો હતો.

''બાળમુનિ ! તમે છાસ વાપરો ત્યારે તે શ્વેત વર્ણથી આ અરિહંતની કૃપાને હું મારામાં પ્રવેશાવું છું, આવો સંકલ્પ કરવો. તેમજ તમારા દાડમ રસમાં સિદ્ધની કૃપા, આમરસમાં આચાર્યકૃપા, શાકમાં ઉપાધ્યાય કૃપા અને આ ચ્યવનપ્રાશ કે વૈદ્યોની કાળી દવાઓમાં સાધુઓની કૃપાનું ધ્યાન કરવું પછી આસક્તિ અને આહાર સંજ્ઞાને ત્યાં ઉભા રહેવું નહીં ગમે'' અને બાળમુનિ પણ તે તે કાળે તે પ્રયોગો ખૂબ ભાવપૂર્વક કરતા હતા.

પૂજ્યશ્રીના શિષ્ય મુનિ **શ્રી નેમિહંસવિજયજી મ.સા.** દર સાંજે સૂર્યાસ્ત બાદ બાળમુનિને પોતાના મધુર કંઠે સ્તવન, ભજન, પદો સંભળાવી ખૂબ જ પ્રસન્નતા અને ઉત્સાહમાં રાખતા હતા.

તે આધ્યાત્મિક પદો વગેરે પણ બાળમુનિને માટે એક લ્હાવો બની રહ્યા હતા.

# ૩૭ આર્દ્રચિત્ત...



હવે એકલા ચાલી શકે એવી પરિસ્થિતિ ન હતી, માટે મુનિભગવંત હાથ અને કમરથી પકડી રાખી, એમને ચલાવતા હતાં, એવું ઘણીવાર બન્યું છે કે ચાલતાં ચાલતાં ઉભા રહી જતા અને રડતાં રડતાં કહેતા, ''તમે મારી કેવી સેવા કરો છો ? એક માઁની જેમ સાચવો છો. ખરેખર ધન્ય છે તમને, ધન્ય છે તમારી સેવાને.''

ક્યારેક કોઈ કામ ભળાવીને રડી પડતા અને ક્યારેક કામ પતી ગયા બાદ રડી પડતા, એમની કૃતજ્ઞતા એવી જબરદસ્ત હતી કે રડતી આંખે પોતાની થયેલ સેવાનો આભાર વ્યક્ત કરતા.

પ.પૂ.મુ. મૌર્યરત્ન મ. બાળમુનિને પરમાત્મા ભક્તિની ભાવના કરાવી રહ્યા હતા અને તે દત્તચિત્ત થઈ એક રસે સાંભળી રહ્યા હતા.

(૧) **પ્રભુ છે** – અહીં નહીં તો અન્ય ક્ષેત્રમાં અને મોક્ષમાં પ્રભુ છે જ.

(૨) **તે આપણને જાણે છે** – કેવલજ્ઞાનથી આપણી દરેક ક્ષણને, દરેક અવસ્થાને સંપૂર્ણ રીતે જાણે છે.

(૩) **કરૂણાવંત છે** – આપણે આપણને જેટલા ચાહીએ છીએ એના કરતાં **એ** આપણને વધુ ચાહે છે.

(૪) **સર્વ સમર્થ છે** – દુનિયાની દરેક આપત્તિઓને સદા માટે દૂર કરવા સમર્થ છે.

મુક્તિમાં વિરાજિત પરમાત્મા પોતાના કેવળજ્ઞાનમાં આપણને





જુએ છે. આપણે આપણું જેટલું હિત કરવા ઈચ્છિએ છીએ એ કરતાં વધુ પરમાત્મા ઈચ્છે છે. બસ, આંખ મીચીને એમણે યાદ કરો, એ તો તમને જુએ જ છે. Connection શરૂ થઈ જશે. એમનું શરણ સ્વીકારો બસ એટલી જ વાર છે, પછી જુઓ શું ચમત્કાર થાય છે. ''પ્રભુ! મારે કાંઈ માંગવું નથી, તારી જે ઈચ્છા હોય તે આપજે.'' આ પ્રભુના અનુગ્રહને આકર્ષવાનું સૂત્ર છે.

**''અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો.''**

**''સિદ્ધા સિદ્ધિં મમ દિસન્તુ.''**

**''હોઉ મમ તુહ પભાવઓ''** – આ સૂત્રો એમને એમ નથી રચાયા. પ્રભુની નજર સતત આપણી ઉપર છે. બસ, વાર છે... આપણે આપણી નજર એમની તરફ કરી એમનું શરણ સ્વીકારવાની.

શ્રી કૃષ્ણ જાણતા જ હતાં કે દ્રૌપદીનું ચીરહરણ થાય છે. પણ દ્રૌપદીએ પોકાર કરી ત્યારે પહોંચીને રક્ષણ કર્યું. બધું જ Ready છે જરૂરત છે એક સાચા દિલની પોકારની.

આ રીતે અરિહંત શરણ સ્વીકારની ભાવના એમને કરાવી અને શરણ સ્વીકારના બળે થયેલા ચમત્કારો પણ સંભળાવી ભાવના દૃઢ કરાવી. ખૂબજ ભાવનામગ્ન બન્યા બાદ એ રડવા લાગ્યા અને કહ્યું, ''આ બધુ આપના કહેવા – સમજાવવાથી હું વિચારું છું. પણ મને પોતાને આવા ભાવ કેમ સહજ રીતે નથી જાગતા? હું અધ્યાત્મ માર્ગમાં આટલો પરાધીન કેમ છું ? કેમ મારે આપને બોલાવીને સાંભળીને ભાવના કરવી પડે છે ?''

**મૌર્યરત્નવિજયજી મ.સા.**એ એમને કહ્યું, ''જુઓ, તમને તલપ જાગી છે તો હવે તમારામાં ચોક્કસપણે આ બધુ ઉતરશે જ. આંખ મીચીને પ્રભુને પ્રાર્થના કરો – આ બધા ભાવો પ્રભુ તું મને આપજે. સાચા દિલથી થયેલ એક પોકાર કાફી છે. પછી અનંત ભવ સુધી પણ એ એક પોકાર આપણને સાચવી લે છે. પછી પ્રભુનું તંત્ર સક્રિય બની આપણને ઉગારી લેશે. હવે તમે જોતા રહેજો પ્રભુની કૃપાથી શું થાય છે ?'' આવી રીતે પ્રાર્થના કરાવવાનું ૩-૪ વાર બન્યું અને છેલ્લા ૨ ૧/૨ મહિનામાં પ્રભુનું તંત્ર એવું સક્રિય થયું કે બધી જ ગોઠવણ થઈ ગઈ એમના અધ્યાત્મ વિકાસ માટે. તે આ રીતે...

### ૩૮

# એક પાપના ઉદય વચ્ચે, અનેક પુણ્યના ઉદય...

ડૉક્ટર અને વૈદ્યોની એ વાત હતી – ''महाराजजी इनका Case Science की मर्यादा के बाहर है, इनकी Reports देखकर लगता है कि यह तो संन्यास का (Spiritual) प्रभाव है, इनको कोई शक्ति सहाय में है, बाकी इस हालात में सामान्य आदमी टिक नहीं पाता। सामान्य आदमी का Sugar Level अगर ४० हो जाय तो बेहोश या कोमा में भी चला जाता है और महाराजजी तो २०-२५ Sugar Level में भी मस्ती से हमसे बातें कर पा रहे हैं।''

હાઁ, એમને એક પાપના ઉદય વચ્ચે અનેક પુણ્યોનો ઉદય એવો હતો કે સાધના, સમાધિની દરેક સામગ્રી સામે ચાલીને આવી જતી. ગોવાલિયા ટેંક ઉપાશ્રયમાં અમે રોકાયા હતા અને સરસ્વતી લબ્ધપ્રસાદ **પ.પૂ.આ.ભ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.** એક સાંજે વિહાર કરી ત્યાં આવ્યા અને રાત રોકાઈને સવારે વિહાર કર્યો. ત્યાં આવવાનું બીજું કોઈ પ્રયોજન ન હતું, માત્ર Accident માં ઈજાગ્રસ્ત થયેલ **પ.પૂ.આ. મલયકીર્તિસૂરિજી મ.સા.**, **બાળમુનિ દાનરત્નવિજયજી મ.** તથા **પ.પૂ.આ. શ્રી રાજહંસસૂરિજી મ.સા.**ના શિષ્ય મુનિ **ભાગ્યહંસવિજયજી મ.સા.**ની શાતા પૂછવા ત્યાં પધાર્યા હતાં.







જે.સુ.૧૪
સાંતાક્રુઝ

વહાલા
બાળ મુનિરાજ શ્રી
દાનરત્નવિજયજી
યોગ્ય,
સાદર અનુવંદના..

દુઃખને
સહન કરવાનું
જે સામર્થ્ય
નારકો પાસે છે
એના અનંતમા ભાગનું
સામર્થ્ય માનવ
પાસે નથી હોતું

દુઃખમાં
સમાધિ ટકાવી રાખીને
પ્રચંડ કર્મનિર્જરા
કરતા રહેવાનું જે
સામર્થ્ય માનવ પાસે છે
એના અનંતમા ભાગનું
સામર્થ્ય પણ
નારકો પાસે નથી..

જવાબ આપો,
પ્રત્યેક સમયે
૫, ૬૮, ૯૯, ૫૮૪
રોગોના ભોગને
૩૩/૩૩ સાગરોપમ
સુધી
સહન કરી ચૂકેલો
એક પણ નારક
આજ સુધીમાં
મોક્ષે ગયો છે ખરો?
જવાબ છે. ના..

જ્યારે
કેવળ એક જ રોગને
થોડાક વરસો સુધી જ
સમાધિ સાથે
સહન કરી ચૂકેલા
કેટલા માનવો આજસુધીમાં
મોક્ષે પધારી
ગયા છે?
જવાબ છે. અનંતા!

મારા
વહાલા દાનરત્નનો નંબર
આજે એ અનંતામાં
આવી રહ્યો છે.

કબૂલ,
ઔદારિક શરીર છે
પીડા પારાવાર છે પણ
એની પાસે
સંયમ છે, સદ્‌ગુરુ
સમજ છે, સહવર્તીઓ
ઠીક છે.
અને એના બળે જ એ આજે
કર્મસત્તાને હંફાવી રહ્યો
છે.

મારા
એ વહાલા પરાક્રમી
દાનરત્નને ખૂબ ખૂબ
વંદન- અભિનંદન!

લિ. રત્નસુંદરસૂરિ

એક રાતના રોકાણ માટે પધારી બન્ને ગ્લાનને Special ૧-૧ કલાકની ૨ વાચના, એટલે કુલ ૪ વાચના આપી બન્નેની પ્રસન્નતા-સમાધિમાં ઉમેરો કર્યો.

પૂજ્યશ્રીની કામણગારી વાણીથી બાળમુનિનો ઉત્સાહ બમણો થઈ ગયો.

''શક્તિકાળે સાધના છે અને
અશક્તિકાળે સમાધિ છે...
સાધનામાં અપવાદ છે,
સમાધિમાં કોઈ અપવાદ નથી...''

– એક રોગને લાવનાર પાપનો ઉદય છે, જ્યારે માનવભવ, સંયમજીવન, કૃપાવંત ગુરુદેવ, લાગણીસભર સહવર્તી, આરાધનાનું લક્ષ્ય, ઈત્યાદિ અનેક પ્રકારે પુણ્યનો ઉદય ચાલી રહ્યો છે. તો પછી આપણને કેમ ન લાગે કે જીવન જીતી ગયા ?

– દુઃખનો Power તોડવાનો એક જ ઉપાય છે – સ્વીકારભાવ. સ્વીકારભાવ આવે એટલે દુઃખ મટીને માત્ર કષ્ટ રહે છે. સ્વીકારભાવ ન હોય તો રાઈનું દુઃખ પર્વત જેટલું લાગે અને સ્વીકારભાવ આવે તો પર્વતનું દુઃખ પણ રાઈ જેટલું લાગે.

– કર્મનો ઉદય ખરાબ નથી, કોણે થાય છે? તે મહત્ત્વની વાત છે. ચંડકૌશિકને ફાયદા માટે થયો અને ગોશાળાને નુકસાન માટે.

– દુઃખ આપણી મૂડી છે, તેમાં કમાવતા આવડવું જોઈએ. સમકિતી નરકમાં પણ કમાણી કરે.

– સિંહ હરણ પાછળ દોડે ત્યારે હરણ ભાગી નીકળે છે કેમકે સિંહ ખોરાક માટે દોડે છે અને હરણ પ્રાણ માટે. ગમે તેવી મુશ્કેલી આવે તો આપણે આત્માને બચાવી લેશું. આત્મા આપણો પ્રાણ છે.

આવા અનેક પ્રકારના સમાધિપ્રેરક વચનો સાંભળી બાળમુનિ પૂરા Charge થઈ ગયા.

અમુક દિવસો પછી બાળમુનિએ પૂ.આ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા. ને પત્ર લખ્યો કે – ''આપની ૨ વાચનાથી હું પુરો Charge થઈ ગયો છું, મારી ઈચ્છા છે કે આપ આવા પ્રકારની સમાધિપ્રેરક વાચનાનું એક પુસ્તક રચી આપો, આપનો અનંત ઉપકાર રહેશે !''

થોડા દિવસો બાદ તેઓશ્રીનો સમાધિપ્રેરક પત્ર આવ્યો. બાળમુનિના મનને ખૂબ જ ગમી ગયો. તે પછી દર રોજ સવારે અચૂકપણે તેઓશ્રી બાળમુનિને ૧ પત્ર લખી સમાધિ માટે પ્રોત્સાહિત કરતા અને અંતિમ દિવસ સુધી સળંગ ૨½ મહિના આ પત્ર ધારા ચાલુ રહી. જેનાથી એમની સમાધિ માટે ઉત્તમ પીઠબળ મળ્યું. તે બધા પત્રો ''દાનને સમાધિદાન'' નામની પૂજ્યશ્રીની ૩૫૩મી પુસ્તકમાં પ્રકાશિત થયા છે.

આ બાળમુનિની ઈચ્છાશક્તિનો પ્રભાવ હતો કે એ વખતે ભલે સમાધિપ્રેરક પુસ્તક લખવાની અનુકૂળતા ન રહી પણ આખરે પૂજ્યશ્રી દ્વારા સમાધિપ્રેરક પુસ્તક લખાઈ જ ગઈ.


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

જેઠ સુદ પૂર્ણિમા
જવાહર નગર

કરુણાવત્સલ, અનંતોપકારી,
કૃપાનિધાન, પ.પૂ. આ.ભ.
શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા. ના ચરણકમલમાં મધુકર સમા દાનરત્નની અનંતાનંત વંદનાવલી
આજ દિવસ સૂધના બધા પત્રો મળ્યા ખૂબ ② આનંદ આવ્યો
આપશ્રી સુખશાતામાં હશો. આપશ્રીના તત્ત્વમય વચનો દ્વારા આ પરિસ્થિતિમાં સહનશીલતા અને સમતા ટકાવી રાખવાનું સત્ત્વ મળે છે. બસ આવી કૃપા વર્ષા સતત વરસાવતા રહેશોજી જેથી કર્મસત્તા સામે બરાબર નું યુદ્ધ લડી શકું.
આવી સમયની વ્યસ્તતામાં પણ મારા જેવા નાના મુનિનું આટલું બધું ધ્યાન રાખો છો એ જ આપની સૌથી મોટી હૃદયની વિશાળતા છે અને મારું સદ્‌ભાગ્ય છે. બસ હવે જલ્દી મળીયે એ જ અભિલાષા.

આપનો નિત્યકૃપાકાંક્ષી
મુ. દાનરત્ન. વિ
ભુવનભાનુ શિબિર અર્ધશતાબ્દી વર્ષ




# ૩૯ ભૂલ મારી છે...

સાંજનો સમય હતો... ગોવાલિયા ટેંક ઉપાશ્રયમાં હું બાળમુનિને હાથ પકડી ચલાવીને Room માં લઈ ગયો. એક દવા લેવા માટે ગુરુદેવને પૂછી લેવાની વાત થઈ. પાછળ પાટ તો હતી પણ, Room માં બેસી જવા માટે કોઈ પોચું આસન હતું નહીં, અને ઉભા રહેવામાં કોઈ તકલીફ ન હતી. માટે, બાળમુનિને એક મિનિટ ઉભા રહેવા કહ્યું અને હું ગુરુદેવને દવા માટે પૂછવા ગયો. મેં વાત પૂછી એટલામાં એક મુનિભગવંત દોડતા બોલાવવા આવ્યા ''નાના મહારાજસાહેબ પડી ગયા છે.''

તે જ ક્ષણે ગુરુદેવસહિત મહાત્માઓ બધા દોડીને પહોચ્યાં. જોયું તો બીજા મહાત્માએ એમને ખુરશી આપી બેસાડ્યા હતાં. માથે વાગ્યુ હતું અને નીચે લોહીના ટીંપા પડ્યા હતાં. ''શું થયું ?'' પૂછવા પર બાળમુનિએ કહ્યું ''હું ઉભો હતો અને પાછળ પાટ પડી હતી. મને વિચાર આવ્યો કે બેસી જઉં. હું જાતે બેસવા ગયો એમાં Balance ચૂકાઈ ગયું અને પડી ગયો.'' માથે લોહી આવેલું હતું પણ મોઢા પર કોઈ વેદના કે દુઃખની નિશાની ન હતી. એજ પ્રસન્ન મુખાકૃતિએ બધાને સ્મિત આપી નિશ્ચિંત થવા કહ્યું.



એક મહાત્માએ મશ્કરી કરવા કહ્યું કે ''બધી ભૂલ આ મહારાજની છે, ધ્યાન નથી રાખતા એકલા મૂકીને જવાય ?'' ત્યારે તરત વળતો જવાબ આપ્યો ''**એમની ભૂલ નથી ભૂલ તો મારી છે.** હું બેસવા ગયો. કોઈને બહારથી બોલાવ્યા નહીં. ખોટી હિંમત કરી હવે ફળ તો ભોગવવું પડે ને ?''

મેં ક્ષમાયાચના કરી તોય એમને નિશ્ચિંત થઈ ભૂલી જવા માટે કહ્યું, ''તમારી કોઈ ભૂલ નથી ભૂલ તો મેં કરી છે.''

ભૂલ તો મારી હતી પણ એને ભૂલીને પોતાની ભૂલને સામે કરી દર્દ સહન કરવાની એમની બળવાન મનસ્થિતિને નમસ્કાર છે.

# ૪૦ મનની માવજત...

અકસ્માતથી બચી ગયા પણ સમય એમના માટે ઘણો કપરો છે, એમ લાગતા બન્ને ગુરુદેવશ્રીએ વિશેષ સાવધાની રાખવા મને ભલામણ કરી. બાળમુનિની પાસે બેસી દિવસમાં ૨-૩ વાર દેહથી પર થઈ જવા પ્રેરક ઉપદેશ આપતાં જિનશાસનના આત્મકલ્યાણ-રસિક ગુરુદેવે પોતાની સાચી ફરજ બજાવી. અને આ બધી શિક્ષાઓ બાળમુનિને ખૂબજ ગમતી હતી અને તે તે રીતે ભાવિત બની પુરૂષાર્થ કરતા હતા એ બાળમુનિના જીવદળની ઉત્તમતા હતી.



ગુરુદેવના કહેવાથી હવે બાળમુનિ રોજે મારી પાસે ઉપમિતિભવપ્રપંચા ગ્રંથનું વાંચન અને તબિયત વધુ શિથિલ થવા પર શ્રવણ કરવા લાગ્યા. પહેલો પ્રસ્તાવ પૂરી રૂચિ અને આનંદપૂર્વક શ્રવણ કર્યો. સહવર્તી મહાત્માઓ તેમને ચલાવતી વખતે મનુષ્યભવની દુર્લભતાના ૧૦ દૃષ્ટાંતો સમજાવતા.

અવસરે અવસરે **મુનિ મૌર્યરત્નવિજયજી** એમની પાસે બેસી એમને ભક્તિયોગ, ભેદજ્ઞાનની ભાવનાઓ કરાવતા. આ બધા જ પ્રયત્નોના કારણે એમનું મન શરીરની ચિંતાથી દૂર થઈને આત્મચિંતામાં જોડાઈ જતું.

એમનો એક નિત્યક્રમ પ્રાયઃ હતો કે રોજે સવારે નવકારશી વાપરતી વખતે પરમાત્માની સ્તુતિથી ભાવિત થતાં. નેમિનાથ ભગવંતની સ્તુતિઓનું એક સરસ મજાનું સંપુટ...

- ''ઈન્દ્રિયવિજયનો ચાંદલો મુજ ભાલ પર ચમકાવજો,<br>હે નેમિજિન ! મારા હૃદયમાં શૌર્યરસ પ્રગટાવજો.''

બીજા એમના મનગમતા સ્તવન ભક્તિગીતોથી વારંવાર તેઓ ભાવિત થતા હતા...

- हे ! दीनबंधु, हे ! दीनानाथ, तेरी कृपा से सब है सनाथ,<br>अब डोर है तेरे हवाले, तुं चाहे बिगाडे सवारे,<br>मैं तेरा हूँ तूं ही संभाल,<br>तेरी कृपा से सब है सनाथ...          हे दीनबंधु...





- हम सब तो कटपुतली है, डोर उपरवाले के हाथ,<br>किनारे पे लगती वो कस्ती नहीं, थी रुक जिसमें तूफान से घेरा नहीं,<br>दिया तेरे दिल का जो जलता रहें, तो जहान में कही भी अंधेरा नहीं,<br>सिर्फ अपने रोने मत रो, देख औरों के भी हालात          डोर उपरवाले के हाथ...
- मन उसी की करो प्रार्थना,<br>जिसने जीवन दिया, जिसने दी आतमा,<br>जो है संसार में सबका परमात्मा,          मन उसी की.....<br>जग में सबसे बड़ी एक ही शक्ति है,<br>उसकी भक्ति से बढ़कर नहीं भक्ति है,<br>छल कपट लोभ के सारे संताप से,<br>बस उसी की शरण में तेरी मुक्ति है,<br>वो हरेगा तेरी यातना...          मन उसी की...
- कौन कहता है भगवान आते नहीं,<br>मीरा की तरह हम बुलाते नहीं.
- तारा गुणोनी पाट मने आप मारा स्वामी...
- असली है वीर वही जो गिरके खड़ा होता है,<br>हस के जो गम सह जाये वो ही बड़ा होता है,<br>जितना तपता है सोना उतना खरा होता है...  असली है...
- ધન ધન તે મુનિવરા જે જિન આણા પાળે,<br>રાગ દ્વેષથી મુક્ત થઈને આતમ શુદ્ધિ ભાળે...     ધનધન મુનિવરા...
- આત્મા છું હું આત્મા છું,<br>હું દેહાદિસ્વરૂપ નથી, સ્ત્રી પુત્રાદિ મારા નથી.<br>હું શુદ્ધ ચૈતન્ય અવિનાશી એવો આત્મા છું હું આત્મા છું...<br>છુટે દેહાધ્યાસ તો નહીં કરતાં તું કર્મનો<br>નહીં ભોક્તા તું તેહનો એહ મર્મ છે ધર્મનો.   આત્મા છું...

આ બધા મન ભાવતા ગીતો સાંભળી તે મસ્તીપૂર્વક પ્રતિકૂળતાનો સામનો કરી રહ્યાં હતા. દરેક ગીતો એમના મનના પડદા પર ઘા કરી કરી અસર મૂકી જતા હતા. શક્રસ્તવ મહાસ્તોત્રનું ભક્તિપૂર્ણ ગાન સાંભળી તે ભાવવિભોર થઈ જતાં. આ દરેક પ્રકારનું શ્રવણ એમના મનને સદ્ધ્યાન માટે પુષ્ટ આલંબન બની રહ્યું અને એમની પ્રસન્નતા નિષ્કલંક બની રહી.

તેમને સમાધિની એટલી તાલાવેલી અને સજાગતા હતી કે પ્રેરણા-હિતશિક્ષા માટે અનેકવાર અનેક મહાત્માઓને વિનંતી કરતા. છેલ્લા એક મહિના પહેલા તબિયત નબળી થવા લાગી ત્યારે બાલમુનિએ મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા.ને ખાસ વિનંતી કરી ''મારે તમારી જરૂરત છે. તમે પણ મારી પાસે જ રહો.'' આ પ્રમાણે વિનંતી કરતાં-કરતાં એમની આંખો ભીની થઈ ગઈ.

કોટી વંદન છે તે મહામુનિને, જેમણે પ્રતિકૂળતામાં પણ સદ્ધ્યાન ટકાવી રાખવાનું લક્ષ્ય સતત હતું અને તે સિદ્ધ થયું.

૪૧

# સૌભાગ્ય સાથે સદ્ગુણ...

બાળમુનિની એક સૌથી વિશેષ આકર્ષક વાત હતી, એમનું 'સૌભાગ્ય' ! સંસારીપણાથી જ તેઓ જે ઠેકાણે જતા ત્યાં લોકો આપો-આપ એમનાથી પ્રભાવિત થઈ જતા.

અમારું ચોમાસું બ્યાવર (રાજસ્થાન) હતું, ત્યારે સૌ પ્રથમવાર હિતેશભાઈ પરિવાર સહિત પર્યુષણાની આરાધના કરવા ત્યાં રોકાયા હતા. સંયમની ૧૦ વર્ષની ઉંમર હતી. હિતેશભાઈએ ખૂબ મહેનત કરી એમને તૈયાર કર્યો હતો. પ્રતિક્રમણમાં પર્યુષણની થોય, સ્તવન, હાલરડું, ૨૭ ભવનું સ્તવન, અજિતશાંતિ, મોટી શાંતિ વિગેરે સૂત્રો બોલી, આખી સભાને મંત્રમુગ્ધ કરી દીધી. હાલરડા અને ૨૭ ભવના સ્તવન બાદ તો પ્રતિક્રમણમાં શ્રાવકો "Once more" ની બૂમો પાડવા લાગ્યા અને બહુમાનની રાશિ લખાવતા ઢગલો કરી દીધો. એક તો મધુર કંઠ અને બીજી બાલ્યવય તો કોણે ન ગમે ? બીજા વર્ષે તો સંઘવાળા અમને વિનંતિ કરવા લાગ્યા કે ''આ વર્ષે પર્યુષણામાં હિતેશભાઈને કહો કે બન્ને છોકરાઓને મોકલી દે, અમારે સરસ આરાધના થઈ જશે.''



---

અમારું ચોમાસું જોધપુર હતું, ત્યાં સંયમ પણ જોડે ભણવા રહ્યો હતો. ત્યાંના શ્રાવક રાજુભાઈ શ્રીશ્રીમાલનો હંમેશાનો એક પ્રશ્ન મને હજુ યાદ છે –

''संयम ! एक सवाल पूछुं तुझे ?''

''हाँ ! पूछो.''

''यार ! तु इतना मीठा क्यों है ?''

પ્રશ્ન સાંભળી સાવ confuse થઈ ગયેલો સંયમ, માત્ર એટલો જ જવાબ આપતો – ''यह कैसा सवाल है ?''

સંપર્કમાં આવેલ દરેક વ્યક્તિ પોતાની તરફ આકર્ષિત થઈ જાય એ એમના માટે સામાન્ય અનુભવ હતો.

માત્ર પુણ્ય નહીં એમનો ગુણવૈભવ પણ એવો જ હતો કે આકર્ષાયા વગર કોઈ રહી ન શકે.

જોધપુરમાં ક્રિયાભવનમાં કામ કરનાર મનોજભાઈ... રોજે સંયમને નાસ્તો કરતી વખતે દૂધ પીવાનો આગ્રહ કરીને થાકી જાય, પણ એ માને નહી. દૂધ ભાવે નહી માટે પીધા વગર જ નવકારશી કરે. બાળક હોવા છતા એમનો દરેકની સાથે એવો જ વ્યવહાર હતો કે કોઈ પણ વ્યક્તિ પારકા હોવા છતા સ્વજનની જેમ જ એની જોડે વ્યવહાર કરે.



''तुम छोटे हो संयम ! तुम्हारे शरीर को दूध की जरुरत है, इसलिए पीना पड़ेगा । अच्छा नहीं लगे तो भी पीना पड़ेगा ।''

નાના ભાઈની જેમ પ્રેમથી જમાડે અને ન માને તો આંખ લાલ કરી ડરાવીને પણ જમાડે.

વળી સંયમ પણ એમની હિતચિંતા કરીને વારંવાર એમને આગ્રહ કરતો – ''आप ये गुटखा कब छोड़नेवाले हो ? मेरे शरीर की चिंता करते हो, आपके शरीर का क्या ?''



પણ હવે ગુટખા ખાનારો છોકરાથી ક્યારેય સમજવાનો ? રોજ દૂધ અને ગુટખાની રકઝક ચાલતી. એક દિવસ આચાર્ય ભગવંતની સામે બન્નેનો મીઠો ઝઘડો શરૂ થયો. ઘણી ખેંચતાણ થયા બાદ અંતિમ નિર્ણય લેતા સંયમે કહ્યું – ''चलो मैं कल से दूध पीने को तैयार, लेकिन आप अगर गुटखा छोड़ दो, तो कल से मेरा दूध शुरु ।'' આમ તો ગુટખો છોડવો ઘણું અઘરું કામ હતું, પણ સામે પ્રિય વ્યક્તિને લાભ થતો હોય તો વ્યસન છોડી દેવા સુધી આ વ્યક્તિ તૈયાર થઈ ગયો. મનોજે પણ કહી દીધું – ''हाँ ! मंजूर लेकिन पहले दूध पीके बता, फिर मैं छोडुंगा ।'' એમનું પ્રેમનું બંધન એવું મજબૂત હતું કે, ગમે તેવી મુશ્કેલીમાં પણ માણસ તણાયા વગર રહે નહી. બન્ને પક્ષોની સંધિ થઈ.

આમ તો દૂધ વાપરી જવું પણ સંયમ માટે કાંઈ સાવ સહેલું ન હતું, પણ મારો સ્વજન (ભલે નોકર હોય) એ ગુટખો છોડી દેતો હોય તો હું એની વ્યસનમુક્તિ ખાતર રોજે સજા ભોગવવા તૈયાર છું. આ હતી એમની પરકલ્યાણની ભાવના. ''મુશ્કેલી વેઠીને પણ કોઈનું ભલુ થતું હોય તો આપણે શું વાંધો ?''

---

એમનું મધુર સ્મિત પણ કાંઈ ઓછું મોહક ન હતું. પાલીતાણા ચૌમાસામાં પૂ.આ. રશ્મિરત્નસૂરિજી મ.સા. ઘણીવાર સંયમને કહેતા – ''સંયમ ! તું જ્યારે પણ મારી પાસે આવે છે, ત્યારે મને એક જ વિચાર આવે છે.''

''શું ? સાહેબ !''

''બસ ! કે તારું નામ દીક્ષા પછી 'હસમુખરત્ન' પાડવાનું છે.''

**વાત સાંભળીને પોતે સંયમ હસી પડતો. ખરેખર આ તો એનો સહજ સ્વભાવ જ હતો કે હૃદય કોમલ, મગજ ઠંડુ અને મોઢું હસતું રાખવું.**

---

દીક્ષા બાદ અમે વિહાર કરીને રાજસ્થાન જઈ રહ્યા હતા અને ગુજરાતના કુકરવાડા ગામે અમે દિવસે વિશ્રામ કર્યો. એ ગામમાં એક પ્રૌઢ શ્રાવક સુરેશભાઈ જેમની રાજનીતિ – પ્રશાસનિક ઓળખાણ સારી હતી, તે ઉપાશ્રયે આવ્યા. આવીને આચાર્ય ભગવંત પાસે બેઠા અને કલાક સુધી બેઠા બાદ એણે પોતાની ૨ Pen કાઢીને વિનંતિ કરી ''સાહેબજી ! આ પેન મારે બાળમુનિને વહોરાવવી છે. હું જોઉં છું આ બાળમુનિ બેઠા બેઠા સ્વાધ્યાય કરે છે, બહુ જ આગળ વધે, એવી ભાવના છે.''

બાળમુનિને Pen ની વિનંતિ કરતાં કહ્યું – ''મહારાજ સાહેબ ! આ પેન ગ્રહણ કરો. આપ લખો આનાથી. પ્રવચન આપો છો ? જાતને પ્રવચન આપવાની Practice કરો. વિચાર – ચિંતન કર્યા કરો. એનાથી આપને ફાવટ આવશે. પછી આપ જ્યારે મોટા થઈને સેંકડોની સભામાં બોધ આપશો ત્યારે મને અને મારી આ પેનને યાદ કરશો. અત્યારે ગુરુદેવ પાસે જ્ઞાન ઉપાર્જન કરો !''

કોઈ પરિચય નહીં – વાર્તાલાપ નહીં, પણ દર્શનમાત્રથી ભાવિકો આવર્જિત થઈ તેમના ભક્ત બની જતા હતા.

---

અમે સાંચોર (ગુરૂદેવ **ગુણરત્નસૂરિજી મ.સા.**ની નિશ્રામાં) પાર્શ્વશાંતિ ધામની પ્રતિષ્ઠા માટે ગયા હતા, અને પ્રતિષ્ઠા બાદ સાંચોર ગામમાં થોડા દિવસ રોકાયા હતા. શિયાળાના દિવસોમાં અમે ત્યાંથી વિહાર કરીને આગળ જઈ રહ્યા હતા. ઉપાશ્રયેથી નીચે ઉતર્યા અને સાંચોર સંઘના મુખ્ય ટ્રસ્ટી નીચે ઉભા હતા. કોઈ ઓળખાણ - પરિચય ન હતો અને તે ટ્રસ્ટીએ ગુરૂદેવને કહ્યું - '' મહારાજ સાહેબ ! એક વિનંતિ છે, આ નાના મહારાજની ઉંમર ઘણી નાની છે, માટે ખૂબ ધ્યાન રાખજો. ખાસ વિનંતિ છે, ખૂબ ધ્યાન રાખજો'' અમને આશ્ચર્ય થયું કે પહેલી વાર જોયા છે અને ૧ મિનટના દર્શનથી આ ભાઈ આટલા અનુરાગવાળા કેવી રીતે થઈ ગયા. પણ આ તો બાળમુનિની વિશેષતા હતી કે પરિચય વગર પણ બધાને પરિચિત બનાવી દેતા હતા.

એમનો કંઠ એવો મધુર હતો કે એકવાર જે સાંભળે તે વારંવાર એમની બોલેલી સ્તુતિ, સ્તવન કે સજ્ઝાય સાંભળવા લાલાયિત થઈ જતા. પ્રતિક્રમણમાં આવવા માટે શ્રાવકોને પ્રેરણા કરીએ, તો ઘણા શ્રાવકો શરત કરતાં કે બાળમુનિ સ્તવન અથવા સજ્ઝાય બોલશે તો હું પ્રતિક્રમણમાં આવું અને બાળમુનિ પણ ધ્યાન રાખીને આવા શ્રાવકો પ્રતિક્રમણ કરવા આવે ત્યારે સ્તવન / સજ્ઝાયનો આદેશ અચૂકપણે માંગતા હતા.

બાળમુનિના મોઢે સ્તવન સાંભળવા માટે ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો એમના ચૈત્યવંદનના સમયે દેરાસરમાં હાજર થઈ જતા. બાળમુનિને ખ્યાલ આવે કે મને સાંભળવા માટે આવ્યા છે, તો એમને સંભળાય એ રીતે સ્તવન ગાવી એમની ઈચ્છા પૂર્ણ કરતા હતાં. સાંભળનાર પણ એમનું બોલેલું સ્તવન સાંભળતા આખી દુનિયા ભૂલી જતા...

બાળમુનિની જોડે એક દિવસનો પણ જેમણે સહવાસ કર્યો હોય એમના હૃદયમાં બાળમુનિ અંકિત થઈ જતા.

પૂ.પં. **શ્રી લબ્ધિવલ્લભવિજયજી મ.સા.**, મુનિ **શ્રી તીર્થબોધિવિજયજી મ.સા.**, મુનિ **શ્રી યશરત્નવિજયજી મ.**, મુનિ **શ્રી ત્રિભુવનરત્નવિજયજી મ.**, મુનિ **શ્રી ત્રિપદીરત્નવિજયજી મ.**, મુનિ **શ્રી જ્ઞાનરુચિવિજયજી મ.**, મુનિ **શ્રી બોધિસત્ત્વવિજયજી મ.સા.** આદિ અનેક સાધુ ભગવંતોને એમની સાથે આત્મીય સંબંધ હતો. એક અમારો વિશેષ અનુભવ રહ્યો છે કે એમની જોડે નિકટતા રાખનાર દરેક મહાત્મા ઉત્તમ રસવાળા જ હતા. બાળમુનિએ પણ ક્યારેય વિકથા-પંચાયત આદિમાં રસ રાખીને કોઈની જોડે સંપર્ક કર્યો નથી, માત્ર સ્વાધ્યાય-ગુણાનુરાગ-સહાયકતા આદિના કારણે જ કોઈનો પણ સંપર્ક રાખ્યો હતો.

પૂજ્ય ગુરૂદેવશ્રી **ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.** ઉપરાંત પૂજ્ય ગચ્છાધિપતિશ્રી **જયઘોષસૂરિજી મ.સા.** પણ બાળમુનિની અત્યંત કાળજી રાખતા હતા. અવાર નવાર એમની તબિયતના સમાચાર લઈને ઉપચાર માટે સલાહ-સૂચનો આપતા હતા. મુંબઈમાં રહેલા ડૉક્ટરને ખાસ ભલામણ કરીને બાળમુનિને તપાસવા માટે સુરત મોકલ્યા હતા. તેઓશ્રીએ બાળમુનિના સંકલ્પથી જાપ આદિ આરાધના કરી ખૂબ કૃપા વરસાવી હતી.

સરસ્વતીલબ્ધપ્રસાદ પ.પૂ.આ.ભ. **શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.** હજુ તો બાળમુનિને મળ્યા ન હતા, એની પહેલા અન્ય મહાત્માઓના મોઢે એમના ગુણાનુવાદ સાંભળી મળવા ઉત્કંઠિત થઈ ગયા હતા અને એમની અસ્વસ્થતા જાણી, મળ્યા ન હોવા છતાં અનેકવાર સમાધિપ્રેરક પત્રો લખી ઉપકૃત કર્યા હતા. ૨ વર્ષ પછી પહેલી વાર જ્યારે બલસાણા તીર્થમાં બાળમુનિને મળ્યા, તે પછી એમણે પોતાને એવો અનુભવ થયો કે જાણે ભવોભવની પ્રીતિ હોય, તેવી



આત્મીયતાનું સંવેદન થયું. કરોડો લોકોને પ્રવચન દ્વારા મંત્રમુગ્ધ કરનારા પૂજ્યશ્રીએ પોતે બાળમુનિને પાસે બેસાડી ૩/૪ કલાક સુધી બાળમુનિની આત્મકથા મસ્તીથી સાંભળી આનંદ લીધો અને એમના મધુર કંઠે સ્તવન - સજ્ઝાય સાંભળી તૃપ્તિનો અનુભવ કર્યો. તે પછી પૂજ્યશ્રીએ જે કૃપા વરસાવી છે, એનું બયાન આ પુસ્તકે કરી દીધું છે.

પૂ.આ.ભ. **શ્રી કુલચંદ્રસૂરિજી મ.સા.**નો સ્નેહભર્યો હાથ સદા એમના માથે ફરતો હતો. એમના સમાચાર લેતા રહેવું, એમના સંકલ્પથી જાપ કરી વાસક્ષેપ મોકળવો, એ એમની કૃપાનો નિત્યક્રમ હતો.

પ્રાયશ્ચિત્તદાતા પૂ.આ.ભ. **શ્રી જયસુંદરસૂરિજી મ.સા.**એ બાળમુનિને કંઠસ્થ સૂત્રોના પુનરાવર્તનનું ૭ દિવસનું Time Table ગોઠવી આલોચનામાં આપ્યું હતું. તે બદલ બાળમુનિ વારંવાર આભાર વ્યક્ત કરતા હતાં. ખૂબજ આનંદ અને ઉત્સાહ સાથે તેનું પાલન કરીને પોતાનો સ્વાધ્યાય ધબકતો રાખ્યો હતો. પૂજ્યશ્રીની લાગણીનો આ અનેરો પ્રકાર હતો.

મુનિ **શ્રી હંસબોધિવિજયજી મ.સા.** ગોવાલિયા ટેંક સંઘમાં ૩ મહિના જોડે રોકાયા હતાં. એ વખતે એમને બાળમુનિ પ્રત્યે એવી લાગણી બંધાઈ ગઈ કે દિવસમાં ત્રણે ટંક બાળમુનિને ગોચરીનો લાભ આપવા માટે વિનંતિ કરતા હતા. બાળમુનિને પણ એમની ભક્તિ અનુકૂળ લાગી અને રોજે ગોચરી માટે એમણે બોલાવીને લાભ આપતા હતા. મુનિ શ્રી હંસબોધિવિજયજી મ.સા.એ આટલા દીર્ઘ પર્યાયવાળા હોવા છતાં, બાળમુનિની ખૂબ જ દિલથી સેવા કરી. એકવાર તો પોતે જાપ કરી રહ્યા હતાં, એટલામાં એમને સમાચાર મળ્યા કે બાળમુનિ ગોચરી માટે યાદ કરી રહ્યા છે, એ જ ક્ષણે અડધી નવકારવાળી મૂકી દઈ, અધુરો જાપ છોડી, જાપના વસ્ત્રો બદલાવી, દાંડો લઈને હાજર થઈ ગયા.

''બોલો બાળમુનિ ! શું લાભ આપશો ?'' બાળમુનિ ગ્લાન હતા એ વાત સાચી, પણ એમનું ગુણમય વ્યક્તિત્વ બધાને વધુ આકર્ષિત કરતું હતું.

મુનિ **શ્રી અક્ષયકીર્તિવિજયજી મ.સા.**, મુનિ **શ્રી સંવેગકીર્તિવિજયજી મ.સા.** સરસ મજાની વાર્તાઓ સંભળાવી કલાકો સુધી બાળમુનિને પ્રસન્ન રાખતા હતા.

બાળમુનિનું પુણ્ય જ એવું હતું કે, એ જ્યાં જતા ત્યાં સામેથી એમને અનુકૂળતાઓ થઈ જતી. હું અને બાળમુનિ બલસાણા ગામમાંથી બાહર વિશ્વકલ્યાણ તીર્થમાં જઈ રહ્યા હતા, એટલામાં ઘરની બાહર કપડા ધોઈ રહેલી એક બહેન દોડતી અમારી પાસે આવીને કહેવા લાગી - ''महाराजजी ! इनको कोई भी जरुरत हो तो मुझे कहना, मैं सारी तैयारी कर दुंगी ।'' અમે વિશ્વકલ્યાણ તીર્થમાં રોકાયા હતા, અને સામે બાજુ એક ઢાબો હતો. તે ઢાબાવાળાએ બાળમુનિને વિનંતિ કરી ''महाराजजी मेरे यहाँ हर वस्तु बनती है, आप जो चाहो कहना, आपकी तबीयत के हिसाब से मैं सब बराबर बनाऊँगा, लेकिन जरुर कृपा करना ।''

રાજસ્થાનની ભોળી ગ્રામીણ પ્રજા તો કઈ રીતે ભૂલાય જે ''ટાબર બાવસી ! ટાબર બાવસી !..'' બોલતાં - બોલતાં બાળમુનિને ટગમગ જોયા કરતી.

આવા તો અનેક પ્રસંગો છે જ્યાં બાળમુનિને સામેથી લોકો આવીને દરેક જાતની સેવા પૂરી પાડતા હતા.

આ બાળમુનિનું એક વિશેષ પ્રકારનું સૌભાગ્ય હતું કે દરેક વ્યક્તિને એમણા પ્રત્યે લાગણી બંધાઈ જતી હતી.

## ૪૨ મારે કાંઈક સાંભળવું છે...

"હિરણ્ય મ. ! ઉઠો જલ્દી..."

રાતના ૧ વાગ્યાનો સમય હશે. પોતાના નામની બૂમો સાંભળી મુનિ હિરણ્યરત્ન વિ. ઉંઘમાંથી જાગ્યા. ઉઠીને જોયું તો હમેશા પાટ ઉપર બેસનાર બાળમુનિ અત્યારે નીચે જમીન પર બેઠા છે અને મેં એમને માથા સહિત પકડી રાખ્યા છે. અને મુ. હિરણ્યરત્ન મ.ને ઉઠાડવા માટે એમના નામની બૂમો પાડી રહ્યો છું. તરત મહાત્માએ ઉભા થઈને બાજુમાં સુતેલા અરુણભાઈ અને જંબૂભાઈને જગાડ્યા. બધા દૃશ્ય જોઈ હબક ખાઈ ગયા. બાળમુનિને માથે લોહી નીકળી રહ્યું છે. હું એમના ઘાને દબાવીને લોહી બંધ કરવા પ્રયત્ન કરી રહ્યો છું, નીચે જમીન પર લોહીના ડાઘા છે. ગુરુદેવને ઉઠાડીને બોલાવવામાં આવ્યા. ઝડપ સાથે ગુરુદેવ ત્યાં પહોંચ્યા ત્યારે પ્રાથમિક ઉપચાર ચાલી રહ્યો હતો. પૂછવા પર ખબર પડી કે બાલમુનિ રાતના જાગ્યા બાદ મારા સહારે પાટ પરથી ઉભા થઈને રોજની જેમ થોડા આગળ ચાલી રહ્યા હતા. પણ આજે પગમાં વધારે કમજોરી હશે માટે પગ ઉપડ્યો નહી. અને એકાએક બન્ને ઢીંચણ વળી ગયા. મારા હાથમાંથી એમનો હાથ લપસી પડ્યો, હું નીચે વળીને એમણે પકડું એની પહેલા તો બાળમુનિ પોતાનું શરીર કાબૂમાં રાખવા અસમર્થ હોવાથી નીચે પાછળની તરફ ઢળી પડ્યા અને જમીન પર માથું પટકાયું.

આ બધુ બનતા માત્ર ૧ sec. થઈ હશે અને નારિયેળ ફુટે એવા અવાજની સાથે બાળમુનિને માથે ઈજા થઈ અને લોહી નીકળવા માંડ્યું. ઉપરના માળથી આ. રાજહંસસૂરિજી મ.ના શિષ્ય મુનિ મલયગિરિવિજયજી મ.ને Dressing માટે બોલાવવામાં આવ્યા. ડૉક્ટરે ફોન પર જણાવ્યું કે "Dressing કરી ઠંડો શેક કરો દુખાવામાં રાહત થશે. કાલે સવારે જોઈ જઈશ." બાળમુનિને Dressing કરવા બેસાડ્યા, એમને કહ્યું, "ગુરુ મ. ! આંખે અંધારા આવે છે. માથામાં દુઃખે છે. જલ્દી કરો ! બેસાતું નથી."

ઝડપથી Dressing કરી એમને સુવડાવી દીધા. દુખાવાના કારણે ઉંઘ આવતી ન હતી. અમે બન્ને મુનિ જમીનની સફાઈ વગેરે કામમાં વ્યસ્ત હતા. એમણે કહ્યું "મૌર્યરત્ન મ.ને બોલાવો **મારે કાંઈક સાંભળવું છે.**" રાતે ૨½ વાગ્યાનો સમય હશે એમને ઉઠાડી બોલાવ્યા. મહાત્મા બોલાવવા આવે તે પહેલા જ મૌર્યરત્નવિજયજી મ.ની અચાનક ઉંઘ ઉડી ગઈ (Telepathy !!). આવું નબળું શરીર, આવી ગંભીર ઈજા અને આ અડધી રાતે બાળમુનિ શુભધ્યાન ટકાવવા ઝંખે છે, કમાલ કહેવાય. આને કહેવાય "અસમાધિની Allergy (એલર્જી)"

મુનિશ્રીએ ભેદજ્ઞાન, લક્ષ્યની સ્પષ્ટતા અને પરમાત્માનું શરણું સ્વીકારવાની ભાવના કરાવી. બાળમુનિ લગભગ અડધો કલાક શ્રવણ કરી સ્વસ્થ થયા. પછી મને બોલાવીને કહ્યું, "તમે ચિંતા કરશો નહીં. તમારી કોઈ ભૂલ નથી આ તો પરિસ્થિતિ જ એવી હતી. તમે મનમાં ખોટુ લગાડશો નહી. તમે નિશ્ચિંત થઈ જાઓ." ઉંઘ આવી એટલે સંથારી ગયા. બીજા દિવસે મેં એમણે પૂછ્યું કે, "તમે પડ્યા, ત્યારે શું વિચાર આવ્યો ?" એમણે કહ્યું કે, "આ વખતે માથાનો મુખ્ય ભાગ પટકાયો એટલે મને લાગ્યું આજે કાંઈ ગરબડ ન થઈ જાય." હવે વિચારતા મને લાગે છે એ વખતે પ્રાણ ઉડી જવાનો એમણે ભાસ થયો હશે. અને સમાધિ સાચવવા માટે અડધી રાતે પણ પૂ. મૌર્યરત્નવિજયજી મ.ને બોલાવવા કહ્યું.

**અડધી રાતે પણ પીડાના અનુભવમાં મનને સ્વસ્થ, સ્થિર રાખવાની જાગૃતિ એમની હતી. લક્ષ્ય તો ઘણાને હોય, પણ મોકાના સમયે લક્ષ્યને વીંધવાની જાગૃતિ કો'ક ને જ હોય.**





## ૪૩ હજુ તો ઘણુ બાકી છે...




બીજા દિવસે સવારે બધા મહાત્મા સામૂહિક જાપ માટે આવી ગયા. જાપ બાદ રોજની જેમ પૂ.આ. **રત્નસુંદરસૂરિજી મ.સા.**નો પત્ર બાલમુનિને વાંચી સંભળાવ્યો. તે બાદ રાતના પડી ગયા છતા સમાધિપૂર્વક પીડામાંથી પસાર થયા એની અનુમોદના બધા મહાત્માઓએ કરી. અને એ વખતે બાળમુનિએ જવાબ આપ્યો. "આમાં શું છે, હજુ તો ઘણું બાકી છે." એમના જવાબની પાછળ એક દૃશ્ય છુપાયેલું હતું. એક દૃશ્ય, જે પોતાના અંતિમ કાળે થનારી વેદનાને બતાવી રહ્યું હતું...

પણ, આ દૃશ્ય જોતાં એમના મનમાં ગભરાટ નહીં, ગંભીરતા હતી. ચિંતા નહી, સાવધાની હતી. અને અંતિમકાળને લક્ષ્ય બનાવી જાણે જીવી રહ્યા હોય, એવું ભાન એમની ઘણી પ્રવૃત્તિઓને જોઈને થતું હતું...

૪-૫ દિવસ પછી માથાના ઘા ઉપર રોજની જેમ Dressing થઈ રહ્યું હતું. માથાના વાળ ઘા ની અંદર ફસાઈ ગયા હતા. તેને કાઢતા મુશ્કેલી થઈ રહી હતી અને વારંવાર બાળમુનિના ચહેરાની નોંધ લેવાતી હતી કે એમણે પીડા તો નથી થઈ રહીને ? ૨૦ મિનીટ સુધી Dressing ચાલ્યા બાદ પૂછવા પર બાળમુનિએ ગંભીર અવાજે કહ્યું, "આજે તો બસ આંખ ભીની થવી બાકી હતી." આંખમાં પાણી આવી જાય એવી પીડામાં પણ મોઢા પર કોઈ જાતની વિકૃતિ આવવા દીધી નહી. અંતકાળની વેદનાને આલિંગન કરવા એ પોતાની સહિષ્ણુતાને ઉત્તેજિત કરી રહ્યા હતા.

બપોરે વાપર્યા બાદ આરામ કરી રહ્યા હતા અને બાળમુનિ જાગી રહ્યા છે એમ જોઈને હું એમને પ્રોત્સાહક સ્તવનાદિ સંભળાવવા પાસે બેઠો. પૂ. **મોક્ષરતિ મ.** રચિત ૪ શરણ સ્વીકારની ગુજરાતી સ્તુતિઓ સાંભળી એમના મોઢા પર પ્રસન્નતા છવાઈ ગઈ. મે અંતિમ સમયના મનોરથથી ભરેલું ગીત સંભળાવવાનું શરૂ કર્યું...

"આટલું તો આપજે ભગવન મને છેલ્લી ઘડી,
ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી.
હાથ પગ જ્યારે નિર્બળ હશે ને શ્વાસ છેલ્લો સંચરે,
તું આપજે શાંતિ ભરી નિદ્રા મને છેલ્લી ઘડી... આટલું તો"

શાંત અને ધીમા સ્વરે ચાલી રહેલ ગીતમાં આંખો મીચી બાળમુનિ ડૂબી ગયા. પોતાની છેલ્લી ઘડીને શણગારવા માટે દિલથી પ્રાર્થનામાં ભળી ગયા.

આ દૃશ્ય જોઈ મને આનંદ થયો કે ખૂબ ધગશ સાથે મૃત્યુને ભેટવાની તૈયારી બાળમુનિ કરી રહ્યા છે. સામાન્ય દૃષ્ટિનો માણસ નબળો પડી ભાંગી જાય, પણ આ વીર મુનિ ખૂબ જ હોશિયારીથી મૃત્યુને હરાવવા શસ્ત્રો સજ્જ કરી રહ્યા હતા.

# ૪૪

# अकोउहल्ले जे स भिक्खू



બાળમુનિનો એક જબરદસ્ત ગુણ હતો નિર્વિકલ્પતા. પોતાની સારવાર વિષે ગુરુદેવ જે ઉપચાર કરે તે વિષે નિર્વિકલ્પતા ''હવે કયા ડૉક્ટરની દવા કરવી છે ? કોઈ ફરક પડતો નથી તો બીજાની દવા કરવી છે, આ વૈદ્ય કરતા પેલો વધારે સારો છે. બીજાને તેનાથી ફાયદો થયો તો મારે પણ પેલાની દવા કરવી છે. એલોપેથી કરવી છે કે આયુર્વેદિક ?'' ઈત્યાદિ અનેક વિકલ્પોથી તે દૂર હતા. ગુરુદેવ માત્ર એટલું જ કહે કે, ''આપણે આને બતાવવા જવું છે.'' બસ, આટલામાં વાત પૂરી. પછી, કોણ ડૉક્ટર છે ? કેવો ડૉક્ટર છે ? કોણે ભલામણ કરી છે? ઈત્યાદિ કોઈ પ્રશ્નો કર્યા નથી. ગુરુદેવ જે ડૉક્ટર, જે દવા, જે ઈલાજ બતાવે બસ તે કરવું, પછી તેના વિશે કોઈ ઊહાપોહ નહીં. એક દર્દી માટે આટલું નિશ્ચિંત થવું ઘણું અઘરું છે.

આટલું જ નહી Doctor, વૈદ્ય, જ્યોતિષી કે પછી તાંત્રિક હોય, તેઓ તપાસ કરી લે પછી એમને Room થી બાહર જવાનું થતું અને ગુરુદેવ ઉપચાર કરનારની જોડે વાત કરે ''શું છે ? કેવો ઈલાજ કરવો છે.'' પણ મારી ગેરહાજરીમાં શું વાત થાય છે એ જાણવાનું કોઈ કુતૂહલ નહીં. ગુરુદેવ સાથે તો બાળકની જેમ ખુલ્લા મનવાળા હતા. પણ, ક્યારેય એમ નથી પૂછ્યું કે ''મારા ગયા પછી શું વાત થઈ ? એમણે શું કહ્યું ? મને શું તકલીફ છે ? હું સાજો તો થઈ જઈશ ને? શું ઘણી ચિંતાની વાત છે ?'' આવા કોઈ જાતના પ્રશ્નો ક્યારેય કર્યા નથી. આવા અનેક પ્રકારના કુતૂહલથી તે પર હતા. દશવૈકાલિક સૂત્ર યાદ આવી જાય.

'अकोउहल्ले जे स भिक्खू' જે કુતૂહલથી પર છે તે ભિક્ષુ (સાધુ) છે. (દશ. ૧૦/૧૩)

સુરતમાં ડૉક્ટરે Operation કર્યું તેની કોઈ જરૂરત ન હતી, એવું મુંબઈના નિષ્ણાત ડૉક્ટરોના અભિપ્રાય જાણ્યા બાદ ''પેલા ડૉક્ટરે મારા આંતરડાની ખોટી ચીરફાડ કરી, મારું શરીર બગાડી દીધું, એના કારણે વધુ ને વધુ બીમાર પડુ છું.'' આવું ક્યારેય બોલ્યા નથી. ક્યારેય પણ ખોટું Operation કરનાર પેલા ડૉક્ટરની નિંદા કરી નથી.

**એ જાણતા હતા કે મારા કર્મ અવળા ન હોત તો કોઈ મારું બગાડી ન શકે. એ જાણતા હતા કે પેલો ખરો ડૉક્ટર હોય કે ન હોય, પણ મારે તો ખરા સાધુ બનવું છે.**



# ૪૫

# एगोऽहं नत्थि मे कोइ



બાળમુનિ બાહ્ય જગતથી નીડર હતા એવું જ નહીં, પણ પોતાના પ્રિયજનોના વિયોગનું પણ દુઃખ ન હતું. ગોવાલિયા ટેંક ઉપાશ્રયમાં રોજની જેમ ગુરુદેવ બાળમુનિ પાસે આવીને બેઠા. એમની જોડે થોડી વાતો કરી સ્વાસ્થ્યના સમાચાર લીધા અને દેહ ચિંતાથી પર થઈ જવાનો ઉપદેશ આપી રહ્યા હતા. એકાએક અધૂરા વાક્યે ગુરુદેવ અટકી ગયા. બોલવું બંધ થઈ ગયું. આંખો છલકાઈ ગઈ. ગુરુદેવને રડવું આવી ગયું. મને ખ્યાલ આવી ગયો, ગુરુદેવ કેમ રડી રહ્યા છે ? અંતસમય માટે બાળમુનિને તૈયાર કરી રહ્યા હતા. પણ, 'અંત સમય' અને 'બાળમુનિ' આ Combination જોઈ ગુરુદેવને રડવું આવી ગયું. માઁની જેમ ૬ વર્ષ સુધી સાચવ્યા છે. સ્નેહ તો બંધાઈ જ જાય. બાળમુનિને પણ ખ્યાલ હતો કે, ગુરુદેવ શા માટે રડે છે? એ પણ ચકોર હતા. પણ એ શાંત ચિત્તે ગુરુદેવને રડતા જોઈ રહ્યા હતા. એક માઁની જેમ તેમને ગુરુદેવની આંગળી પકડી રાખી હતી અને પોતાનું તન-મન સમર્પિત કર્યું હતું. તેઓ ગુરુદેવથી ક્યારેય છૂટા નથી પડ્યા. માત્ર એક વાર ૧ અઠવાડિયા માટે અને મુંબઈ આવતી વખતે ૧ ૧/૨ મહિના માટે છૂટા પડ્યા, ત્યારે બન્ને વાર રડતાં રડતાં, બાળમુનિ ગુરુદેવથી છૂટા પડ્યા હતા. પણ હવે કોઈ જાતનો ખેદ એમના મોઢા પર દેખાતો ન હતો. એમને ખ્યાલ હતો કે મારા અંતસમયની કલ્પનાથી ગુરુદેવ રડી રહ્યા છે અને મારે પણ હમેશા માટે કદાચ છૂટ્ટુ પડવું પડશે. આ બધુ હવે છૂટવાનું જ છે એ વાત એમણે પોતાના મનમાં સ્થિર કરી દીધી હતી. અને એના મોહથી પણ પર થઈ ગયા હતા. એ મે મારી નજરે જોયું છે. એમને પોતાના પ્રિયના વિયોગનો પણ ડર ન હતો એટલી હદે એમણે પોતાની સમાધિ સાચવી રાખી હતી.

ઉપાશ્રયમાં આંટો લગાવતાં મેં એમને મનની વાત પૂછી.

''તમે શું વિચારો છો ?'' આત્મીયતાના કારણે એમણે કહ્યું કે, ''હવે કાંઈ પણ થઈ શકે ગમે ત્યારે...''

''તો ચિંતા થાય છે ?''

''હા !''

''શું થશે ? અહીંથી જવાનું થશે તો ક્યાં જવાનું થશે ? ત્યાં કેવી પરિસ્થિતિ હશે ? આ બધા છૂટી જશે. એવી કોઈ ચિંતા ?''

''ના, એવું કાંઈ નહીં, ફક્ત મારે ૧ ૧/૨ -૨ કલાકે વાપરવું પડે છે. તો એક વિચાર થાય કે હવે શું માફક આવશે? શું વાપરું ? એના વિચાર વધારે આવે અને આવા વિચારોમાં જો જવાનું બને તો મારી શી ગતિ થશે ? બસ, એની જ ચિંતા છે. મારે હવે આનાથી ઊંચો રસ ઉત્પન્ન કરવો છે જે જતી વેળાએ મારું રક્ષણ કરે ! બસ ! એની ચિંતા છે.''

એમના આ વાર્તાલાપથી સ્પષ્ટપણે જણાય છે કે એમણે પોતાની સદ્ગતિની જ ચિંતા હતી બાકી ઈહલોક છૂટી જવાની કોઈ ચિંતા ન હતી.

# ૪૬ અન્ય ને સમાધિ...



બાળમુનિની તબિયત વધુ કથળતી ગઈ. Lockdown લાગુ પડી જવાથી લોકોની અવર જવર બંધ થઈ ગઈ હતી. લગભગ ૨ મહિનાથી બાળમુનિને વંદન કરવા એમના સંસારી માતુશ્રી દક્ષાબહેન આવી ન શક્યા. એમની તબિયતની ચિંતા થયા કરે. એમને બાલમુનિની ઉતરતી તબિયતના સમાચાર મળતા રહેતા હતા. હવે ચાલવાનું પણ ઘણું ઓછું થઈ ગયું હતું, માટે તેમને ઘણી ચિંતા થવા લાગી.

ઘણીવાર જંબૂભાઈ પર ફોન આવતા અને બાળમુનિની શાતા પૂછાવી રડી પડતા. એક વખત એમની અસમાધિ જોઈને બાળમુનિએ જવાબ આપ્યો. ''તમે ઘણી ચિંતા ન કરો. કેમકે તમારા ચિંતા કરવાથી અથવા રડી પડવાથી જો હું સાજો થઈ જતો હોઉ તો દુનિયામાં કોઈને દુઃખ આવત જ નહીં. ઈન્દ્ર જેમની સેવા કરતા હોય એવા પ્રભુ મહાવીરને પણ જો ૧૨ $^{૧}/_{૨}$ વર્ષ ઉપસર્ગથી કોઈ બચાવી ન શક્યું, તો મારી આ હાલત છે તેમાં શું નવાઈ છે ?

સમજી રાખજો, આ ડૉક્ટરો, વૈદ્યો કે તમે બધા પણ મારું કાંઈ ભલું કરી શકો તેમ નથી. માત્ર ''અરિહંત'' એક જ શરણ છે. બીજું કોઈ આ દુનિયામાં શરણ નથી.

અરે ! શ્રેણિક મહારાજાને એના દીકરાએ કેદ કર્યો, તો શ્રેણિક એની પત્નીને કહી ન શક્યો કે તારા દીકરાને સમજાવ કે મને છોડી દે !

કર્મનો સકંજો લાગ્યા પછી કોઈનું કશું ચાલતું નથી. માટે, મારા જે કર્મો છે તે મારે જ ભોગવવા પડશે. એટલે ચિંતા કરવી એ કાંઈ ઉકેલ નથી. માટે સ્વસ્થ રહો. હું શાંતિમાં છું. એની મજા માણો. આવી, તકલીફમાં સંયમ જીવન છે. આવા ગુરુદેવો છે. આવી સેવા મળે છે. ઘણું થઈ ગયું. આ બધાના સહારે પ્રસન્નતા છે. એ ઘણું છે !''

આવો ઉપદેશ આપીને પોતાની સંસારી માતાની અસમાધિને દૂર કરી. આવું એક વાર નહીં, અનેક વાર બન્યું છે, કે અસમાધિ કરાવનાર પરિસ્થિતિમાં હોવા છતાં પોતાની સંસારી માતાની અસમાધિ દૂર કરતા હતા. કમાલ કહેવાય !

ઘણીવાર દક્ષાબહેન ચિંતાગ્રસ્ત થઈ ફોન કરી રડી પડતા હતા. પણ, એક દિવસે તેમનો જંબૂભાઈ ઉપર ફોન આવ્યો... ''મહારાજ સાહેબ ! આપને ધન્યવાદ છે. મને ખૂબ આનંદ છે કે આપ સિંહની જેમ સંયમ લઈને



સિંહની જેમ પાળી રહ્યા છો. ખરેખર ! ખૂબ જ આનંદ છે !'' ખુશ થઈને બાળમુનિએ વળતો જવાબ આપ્યો. ''તમે જે બોલ્યા તેનો મને આનંદ થયો. દક્ષાબહેન ! ઘરમાં ઘી-સાકર છે ને ? જલ્દીથી મોઢું મીઠું કરો ! મને ગમતી વાત કરી. બસ ! આવી વાતો કરવાની.''

એકવાર બાળમુનિનો સંસારી નાનો ભાઈ યશકુમાર એમની ચિંતા કરતો હતો. અને એમની જોડે વાત કરતા બાળમુનિએ કહ્યું, ''ભગવાન જ શરણ છે. મારી ચિંતા નહીં કર, તારી આરાધના કર. અત્યારે ભલે આપણે મોજ-શોખમાં છીએ, શાંતિમાં છીએ, સુખમાં છીએ, શરીર સાથ આપે છે. કાંઈ પણ તકલીફ નથી એટલે સારું લાગે છે. માટે ધર્મની કિંમત ન સમજાય. પણ જ્યારે શરીર લથડે, માણસો ડોસા થઈ જાય ત્યારે ધર્મ યાદ આવે કેમકે આંખે અંધારા દેખાય. મેં જીવનમાં કાંઈ ન કર્યું, મારી હાલત શું થશે ? ત્યારે ધર્મ કરવાનું સુઝે. પુણ્ય પરવાર્યું ત્યારે સનત્ ચક્રવર્તીને પણ ૧૬ રોગ ઉત્પન્ન થઈ ગયા.''

યશે કહ્યું, ''પણ સાહેબજી ! મનમાં તો લાગે ને...''

''લાગવાનું જ છે. અનાદિકાળથી મોહ બધાને સતાવવાનો છે, પણ એણી આગળ જ આપણે જીતવાનું છે. મારી દીક્ષા થઈ ત્યારે બધાને દુઃખ થયું પણ પછી તો આનંદ થયો ને ? લાગણીના કારણે યાદ આવે, મોહ આપણને સતાવે... એ સંસારનું ચક્ર ચાલ્યા જ કરવાનું આ તો પંખીનો મેળો છે. બધાએ ઉડી જવાનું છે.

આપણે આપણા આત્માનું વિચારવાનું. ગમે ત્યારે ગમે તેવી પરિસ્થિતિ થઈ જાય **ત્યારે Main સમાધિ જોઈશે.**

**સમાધિ નહીં હોય તો ક્યાંય ફેકાઈ જશું કોઈ ઠેકાણા નથી.** નરક તિર્યંચના ભવ પણ આવી જાય. મરણ વખતે વેદના માટે સ્વસ્થતામાં Training કરવી પડશે. મરણ વખતે ૧૦૦% પરીક્ષા છે. એમા પાસ થવા માટે અત્યારે Training છે, ઉપવાસ-એકાસણા વિગેરે... ક્યારેક એવો રોગ આવી જાય કે, કાંઈ ખાવાનું-પીવાનું જાય જ નહીં તો એ વખતે ઉપવાસના સંસ્કાર કામ લાગશે. જો મરણ વખતે સમાધિ રાખવી હોય, ભગવાનને યાદ કરવા હોય તો આજ ઉપાય છે. ધર્મ આરાધના કર !

અત્યારે Corona માં જુવાન જુવાનની ગીલ્લી ઉડી જાય છે. આપણને કાંઈ નથી. ભગવાનનો આભાર માન ! ''ભગવાન ! તું રોજ મને સવાર બતાવે છે. ચા પીવડાવે છે. ૩ time ખવડાવે છે. ખૂબ આભાર. Thank you ! God ! Thank you ! મને શક્તિ આપો ! હું ધર્મ આરાધના કરૂં.'' આ તો, મનની વાત તને કરૂ છું. બસ, આરાધના કરજે. પ્રાર્થના કરજે. ''સાહેબજીને સમાધિ મળે !'' તું પ્રાર્થના કરશે તો મને Power મળશે, આખિર ભાઈનો સંબંધ છે. તો Power તો મળે ને ?''

આ ઉપદેશ આપી ચિંતાતુર ભાઈને સ્વસ્થ કર્યો. પણ, આ ઉપદેશ એમના મનના વિચારોનું દર્પણ હતું. એ પરિસ્થિતિએ બાળમુનિ શું ભાવના કરી રહ્યા હતા, મૃત્યુ માટે કેવા જાગૃત હતા એ સ્પષ્ટ જણાઈ આવે છે.

# ૪૭

# હું ગુરૂમહારાજને ઓળખી ન શક્યો !...

બાળમુનિને ચાલવાનું બંધ થઈ ગયુ હતું. ઉભા પણ થાય ત્યારે પકડી રાખવા પડે. ઉભા પણ જાતે થઈ ન શકે પકડીને ઉભા કરવા પડે. બેસવું-સુવું બધુ કરાવવું પડે, પોતે કાંઈ જ કરી ન શકે. આ પરિસ્થિતિએ અંતિમ આરાધનાની તૈયારીરૂપે ગચ્છાધિપતિશ્રી આ. **રાજેન્દ્રસૂરિજી**એ આપેલ 'સમાધિનો અમૃતકુંભ' વગેરે પુસ્તકોમાંથી પર્યંત આરાધના પ્રકરણમાં બતાવેલ (૧) અતિચાર આલોચના (૨) મહાવ્રત પુનઃ ઉચ્ચરણ (૩) સર્વક્ષમાપના (૪) ૧૮ પાપસ્થાનક ત્યાગ (૫) ૪ શરણ (૬) દુષ્કૃત ગર્હા (૭) સુકૃત અનુમોદના (૮) શુભભાવના (૯) ૪ આહાર ત્યાગ (૧૦) નવકારસ્મરણ આદિ ૧૦ દ્વારોના ભાવાર્થ સમજાવીને **મુનિ મૌર્યરત્નવિજયજી** દ્વારા આરાધના કરાવવામાં આવતી હતી અને રોજે બપોરે પૂ. ગુરૂદેવશ્રી પણ બાળમુનિ પાસે આવીને બેસતા, થોડી વાત કર્યા બાદ એમને અવસરે અવસરે સમાધિશતક વગેરે અર્થ વિવેચન કરી સંભળાવતા. બાળમુનિને એ સાંભળવું ખૂબ ગમતું. તે ઉપદેશને સાંભળતાં સાંભળતાં બાળમુનિ સંવેગ ભાવમાં આરૂઢ થઈ જતા હતા.

એમના ગુરુ બહુમાનભાવનું જ્વલંત પ્રતીક છે કે, કાળધર્મના ૨ મહીના પૂર્વે જ્યારે કોઈ ડૉક્ટર - વૈદ્યનો ઉપચાર લાગુ ન પડ્યો ત્યારે કોઈની પ્રેરણા વગર બાળમુનિએ બન્ને ગુરૂદેવશ્રીને મનાવીને તેઓશ્રીના ચરણ પ્રક્ષાલન કરી એ પાણી પોતે વાપર્યું. ''હવે આપની કૃપાથી જ મારૂં કલ્યાણ થશે'' આ ભાવ સાથે માત્ર ૧ વાર નહીં પણ પ્રાયઃ પૂરા ૧ મહિના સુધી પગનો અંગુઠો પ્રક્ષાલન કરીને એ જલ આંખો અને માથા પર લગાડી પૂર્ણ શ્રદ્ધાથી તે વાપરતા હતા. કદાચ ક્યારેય જોવા ન મળે એવી તે ગુરૂબહુમાનની મનોરમ ક્ષણોના સાક્ષી અમે સહુ બન્યા.

ગુરૂદેવ સહિત અમે અમુક મહાત્મા બાળમુનિની Room માં હતાં. તાજેતરમાં બનેલો એક પ્રસંગ જેમાં ગુરૂદેવની સૂક્ષ્મ પ્રજ્ઞા અને સંયમકાળજી પર ઓવારી જવાય, એવો તે પ્રસંગ અમે બાળમુનિને જણાવ્યો. સૂતા-સૂતા સાંભળીને બાળમુનિએ કહ્યું ''અરે ! હું તો ક્યારનો વિચારૂ છું. ગુરૂદેવના આ બધા પ્રસંગો લખી રાખવા જોઈએ. આપણને આવા ગુરૂમહારાજ મળ્યા છે ! હવે તો લખો કોઈ...'' આટલુ બોલી એમણે ગુરૂદેવનો હાથ પકડ્યો.

બાળમુનિએ ગુરૂદેવને ખુરસી પર બેસવા વિનંતિ કરી. ગુરૂદેવશ્રી બેઠાં પછી કહ્યું, ''થોડા પાછળ બેસો'' અમને આશ્ચર્ય થયું પણ એમના કહ્યા પ્રમાણે ગુરૂદેવશ્રીની ખુરસી અમે થોડી પાછળ ખસેડી. મને નજીક બોલાવી સૂતા-સૂતા મારા કાનમાં કહ્યું ''ગુરૂમહારાજના પગ ઊંચા કરો.'' હું એમની ઈચ્છા સમજી ગયો અને ઉતાવળથી મેં ગુરૂદેવના પગ ઊંચા કરીને બાળમુનિના માથાની બાજુમાં મૂક્યા. બાળમુનિ સૂતા-સૂતા જ ગુરૂદેવના પગ પકડી પોતાની આંખો પર લગાડી માથે ઘસવા લાગ્યા. ''આપણને કેવા ગુરૂમહારાજ મળ્યા છે !'' આવું બોલી બહુમાન વ્યક્ત કર્યો.



પુષ્પ પર ચોંટીને ભમરો જેમ રસ પીયે છે, તેમ બાળમુનિએ ગુરૂદેવના ચરણે વળગીને ભરપૂર રસ માણ્યો. જાણે એમણે ખબર પડી ગઈ હોય કે આ ગુરૂદેવના ચરણનો છેલ્લો સ્પર્શ છે. અમે બધા એ અવિસ્મરણીય દૃશ્ય જોતા જ રહી ગયા. આ અંતિમ ચરણસ્પર્શનું દૃશ્ય બધાને હૃદયસ્પર્શી બની ગયું.

મોકા પર એક પ્રસંગ યાદ આવતા મેં બાળમુનિને કહ્યું ''બાળમુનિ! ખ્યાલ છે ? તમે નાકોડા ન્યાય ભણતાં હતા ત્યારે છેલ્લે પરીક્ષા લેવાઈ હતી.''

''હા ! યાદ છે.''



''એ પરીક્ષાના પેપર તમારા વિદ્યાગુરુ મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા.એ તપાસ્યા હતા. પેપર તપાસ્યા બાદ એમણે ગુરૂદેવ પાસે આવીને કહ્યું કે 'પહેલો નંબર બાળમુનિનો આવ્યો છે ૯૬/૧૦૦ marks છે. બીજો અને ત્રીજો નંબર 85 marks ની અંદર છે.' પછી બધાના Marks સંભળાવ્યા.'' ગુરૂદેવે કહ્યું ''બાળમુનિનો પેપર ફરી તપાસો અને જેટલા Marks ઓછા થાય તેટલા Marks ઓછા કરી દો. ભૂલ હોય ત્યા વધારે Marks ઓછા કરો. પહેલો નંબર બાળમુનિનો જ રાખજો. ફક્ત Rank જાહેર કરી બધા વિદ્યાર્થીઓને તેમના તપાસેલા ઉત્તર પત્રો હાથમાં આપી દેવા.'' ૪ વર્ષ સુધી આ વાત કોઈનેય જણાવી નથી પણ મારી સામે બનેલી આ ઘટના આજે તમને જણાવી છે.

વિચારો કેવા ગુરૂમહારાજ મળ્યા છે આપણને !''

પૂરેપૂરો રંગ જમાવતા મુનિશ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ કહ્યું ''શરૂઆતના ગ્રંથોમાં જો અહંકાર આવશે તો આગળ દાટ વળી જશે એમ વિચારી ગુરૂમહારાજે કૃપા કરી.''



આ બધુ સાંભળી બાળમુનિની આંખો પહોળી થઈ ગઈ અને ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા. બોલવાનો પ્રયત્ન કર્યો પણ એક તો શક્તિ બહુ જ ઓછી, એમાં વળી રડવું આવ્યું, એટલે બોલવું મુશ્કેલ થઈ જતાં ઘણો શ્રમ કરી ધીમા આવાજે બોલવું શરૂ કર્યું ''**મેં ગુરૂમહારાજને પૂરા ઓળખ્યા નહીં એનું મને દુઃખ છે બીજું કશું જ નહીં હું ગુરૂમહારાજને ઓળખી ન શક્યો...''** આવું બોલતાં-બોલતાં રડતા ગયા. છલકતી આંખો સાથે

ગુરૂદેવનો હાથ પકડી થએલા ઉપકાર માટે પોતાનો ઋણીભાવ વ્યક્ત કરી રહ્યા હતાં.

થોડી વારમાં સ્વસ્થ થયા બાદ એમને બેઠા કર્યા. સામે સંસારી પિતાજી હિતેશભાઈ ઉભા હતા. એમને નજીક બોલાવી એમનો હાથ પકડી બાળમુનિએ કહ્યું ''તમારો ખૂબ ખૂબ ઉપકાર છે, મને અહીં સુધી લાવ્યો, ખરેખર ખૂબ ઉપકાર છે તમારો, મારૂં ઘડતર કર્યું...''

હિતેશભાઈએ જવાબ આપ્યો ''બધી ગુરુમહારાજની કૃપા છે, મેં કશું કર્યું નથી. ઘડતર તો શિલ્પી કરે છે, ગુરુમહારાજ શિલ્પી છે.'' જવાબ સાંભળી બધાને સંબોધીને બાળમુનિએ કહ્યું ''આપ બધા શિલ્પી જ છો. હું તો પથરોનો પથરો જ છું, સાવ પથરો... આપ બધા મળીને હવે એવી મસ્ત મૂર્તિ ઘડજો કે આમ જોતા જ મજા પડી જાય.'' આ આભાર વ્યક્ત કરતાં - કરતાં એમના મોઢા પર સ્મિત વિકસી ઉઠ્યું...



આજે એમના આવાજમાં રણકાર હતો,

એક જુદા પ્રકારની શક્તિ એમની વાણીમાં જોવા મળી,

એક જુદા પ્રકારની ભીનાશ એમના શબ્દોમાં અનુભવવા મળી. એમનો સ્વર રોજ કરતા વધુ તેજસ્વી હતો.

પણ આ બધુ ઓલવાતાં દીવાના ઝબકારા હતા. આ એમની છેલ્લી વાગ્ધારા હતી. બીજા દિવસથી માત્ર એકાદ શબ્દ બોલીને ઈશારાથી અમને સંકેત આપી દેતા હતા. બાળમુનિએ પોતાના વાણીને કૃતજ્ઞતાની અભિવ્યક્તિ સાથે વિરામ આપતા કૃતાર્થ કરી. અમે પણ જાણતા ન હતા કે હવે પછી આ મધુર સ્વર અગોચર થઈ જશે.

આ વાર્તાલાપ થયા બાદ બધા મહાત્માઓ ગોચરી વાપરવા ગયા. વાપરીને બધા ઉઠી રહ્યા હતા એટલામાં બાળમુનિએ કહ્યું ''મારે આજે ગોચરી માંડલીમાં જવું છે, બધાના પાત્રામાં ગોચરી મૂકીને ભક્તિ કરવી છે.'' મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ કહ્યું ''હવે બધાને વપરાઈ ગયું હશે. કાલે સમયસર પહોચીને ભક્તિ કરશું.''

''ના, આજે ઉલ્લાસ છે, મારે આજે જ ભક્તિ કરવી છે.''

બીજી જ ક્ષણે મુ. શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ ગોચરી માંડળીમાં આવીને કહ્યું ''બધા બેસી રહેજો ઉઠતા નહીં, હું ગોચરી વહોરી આવું છું. બાળમુનિની ભાવના છે પોતાના હાથે બધાની ભક્તિ કરવી છે.''

થોડી વારમાં બાળમુનિને Wheelchair માં બેસાડી લઈ આવ્યા અને દરેક મહાત્માની દિલથી ભક્તિ કરીને ખૂબ આનંદિત થયા. મહાત્માઓને પણ ખૂબ આનંદ થયો કે બાળમુનિની પ્રસન્નતા ખાતર વાપરવાનું પૂરૂં થઈ જવા છતાં બેઠા રહ્યા. પણ કોણે ખબર હતી કે આ છેલ્લી વાર બાળમુનિ ગોચરી માંડળીમા આવ્યા છે. હવે પછી એમની શક્તિ જ ન રહી કે એમને સંથારામાંથી નીચે ઉતારી શકીએ. બીજા દિવસથી બાળમુનિનું સંથારામાંથી ઉતરવું તો દૂર બેસવું પણ બંધ થઈ ગયું હતું. Total Bed Rest માં તે રહ્યા.

બાળમુનિએ આ છેલ્લી વાર પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કેવી મજાની વાત છે, ''અંતિમ ઈચ્છા-સાધુભક્તિની'' અને તે પણ પૂરી કરી.



## ૪૮ પહેલી નિર્યામણા...

શરીર ઘણું કમજોર થઈ જવાના કારણે ઘણી વાર સુધી એક મુદ્રાએ સુઈ શકતા ન હતા. હાડકાઓ દુખવા માંડે એટલે અમે પડખું બદલી આપતા હતા, જાતે પડખું બદલી શકે એવી શક્તિ જ ન હતી. રાતે દર કલાકે અમે એમને પડખું ફેરવી આપતા હતા.

બોલવાની પણ શક્તિ ન હોવાથી માત્ર ઈશારો કરી અથવા એકાદ શબ્દ બોલી અમને સૂચન કરતા હતા. પણ આ પરિસ્થિતિમાં પણ તે ખૂબ ચકોર હતા. હું એમને દવા પીવડાવું તો મને અટકાવીને તુરંત ઈશારાથી સૂચના કરતા ''Shake well before use...''

એમને Glucose ના Bottle ચઢાવતો હોઉ તો ચોકસાઈ કરતા ''હાથ sanitize કર્યા ?''

થોડો નજીક આવીને વાત કરૂં, તો ઈશારો કરી સાવધ કરતા ''ધ્યાન રાખો હાથમા સોય અને નળી લાગેલી છે...''

પ્રતિક્રમણ ભણાવતા ક્યારેક અનુપયોગથી ભૂલ કરૂં તો spot પર અટકાવીને સુધારો કરતા ''આ સૂત્ર બોલવાનું છે...'' આ બધુ જોઈ ક્યારેક તો મને વિચાર આવી જતો કે ''હું તમારૂં ધ્યાન રાખું છું કે તમે મારૂં ?''

જેઠ વદ ૧૦, તા. ૧૬.૬.૨૦૨૦ના દિવસે નવકારશીનો સમય થયો હશે. બાળમુનિ ચૈત્યવંદન કર્યા પછી મસ્ત હતા. ગુરૂદેવ શાતા પૂછવા આવ્યા. હસતાં હસતાં મળ્યા, વંદન કર્યા, સ્મિત સાથે ગુરૂદેવને Room થી વિદાય આપી. મેં એમણે પૂછ્યું કે ''તાકાત તો અનુભવાય છે ને ? Sugar Level માં કાંઈ ગરબડ લાગતી નથી ને ?'' એમણે સ્વસ્થતાનો ઈશારો કર્યો. હું Room ની બાહર જઈ રહ્યો હતો એટલામાં બાળમુનિના મોઢાના હાવભાવ બદલાઈ ગયા. મને ખ્યાલ આવી ગયો કે એમનું Sugar Level અત્યંત Low છે. કદાચ ૧૦-૧૫ હશે અને હવે બેહોશ થવાની તૈયારીમાં હતા. જો બેહોશીમાંથી જલ્દી બાહર ન લાવીએ તો Coma માં સરી પડે અને આયુષ્ય પણ પૂર્ણ થઈ શકે.



અમે તુરંત ઉપચારો ચાલુ કર્યા પણ કાંઈ ફરક ન પડ્યો. બાળમુનિ બેભાન થઈ ગયા હતા. પૂર્વે ડૉક્ટરે સૂચિત કર્યા હતા કે આ Sugar Level ની problem વધ્યા કરશે અને છેલ્લા દિવસો નજીક આવશે. આ વાત ધ્યાનમાં રાખી અમે બધા નવકાર શ્રવણ કરાવવા લાગ્યા.

મોટા ગુરૂદેવે ૪ શરણ - નવકાર સંભળાવ્યા, આ.ભ. **શ્રી કુલબોધિસૂરિજી મ.સા.**, સા. **શ્રી રાજરત્નાશ્રીજી**, સા. **શ્રી અમિતરેખાશ્રીજી**, સા. **શ્રી નિર્મોહરેખાશ્રીજી** આદિ બધા સાધુભગવંત - સાધ્વીજીભગવંત નિર્યામણા કરાવવા હાજર થઈ ગયા. એક બાજુ ઉપચાર ચાલતા હતા, એક બાજુ નવકાર ધૂન. બાળમુનિના સંસારી માતાજી પણ હાજર થઈ ગયા. દૃશ્ય જોઈ એમને આંચકો લાગ્યો. રડવા લાગ્યા પણ હિમ્મત રાખીને એ પણ મોટેથી નવકાર ઉચ્ચારણ કરવા લાગ્યા.

થોડી જ વારમાં ડૉક્ટર આવ્યા. એક તો સમયની તાણ, ઉપરથી બાળમુનિની સાવ કૃશ થઈ ગયેલી પાતળી નસો. Bottle ચઢાવવા હોય તો અત્યંત અનુભવી વ્યક્તિને પણ ખૂબ સાવધાનીથી કાર્ય કરવું પડે. Dr. Vaibhavbhai એ પણ નવકાર સ્મરણ કરી પ્રયત્ન કર્યો; ચમત્કાર થઈ ગયો. ૨૦ મિનિટ શોધવા છતાં, બાળમુનિની નસો બીજા ડૉક્ટરોને જડતી ન હતી, આજે એક ક્ષણમાં જ નસ મળી ગઈ. તરત સોય નાંખી Bottle ચઢાવી ઝડપી ગતિથી Bottle ચાલુ કરી, અડધી Bottle થઈ અને ૫ મિનટમાં જ બાળમુનિ પાછા ભાનમાં આવી ગયા. મજા તો હવે આવશે...

બાળમુનિ આંખ ખોલીને જુએ છે કે બધા મારી આજુ-બાજુ ભેગા થઈને ગંભીર મુખાકૃતિ સાથે નવકાર સંભળાવી રહ્યા છે. પહેલા તો આશ્ચર્યચકિત થઈ ગયા. 'આ શું ચાલે છે.' પછી વાત ખ્યાલમાં આવતા મોઢું હસતું થઈ ગયું. બધા Tension માં અને આ મહાશયજી તો હસવા લાગ્યા. એમનો હસતો ચેહરો જોઈ બધા સ્વસ્થ થયા. અપાતા ધન્યવાદને વૈભવ ડૉક્ટરે નવકારમંત્રના નામે જવા દીધો ''આપ બધા નવકાર ગણતા હતા એટલે જલદી નસ મળી ગઈ. પ્રભાવ છે ને નવકારનો ?''

એ દિવસે બપોરે મુનિ જ્ઞાનરુચિ મ.સા. પોતાના આત્મીય મિત્ર બાળમુનિને સમાધિપ્રેરક સ્તવનો-ભક્તિગીતો પોતાના મધુર કંઠે સંભળાવી રહ્યા હતા. લગભગ ૧/૨ કલાક સુધી એક પ્રવાહે ભક્તિ સંવેદન એમણે કરાવી. એ જાણતા હતા કે કદાચ મારા મિત્ર જોડે મારી આ છેલ્લી મુલાકાત હશે, માટે સમાધિ અર્પણનું ભેટણું આપી છેલ્લી મુલાકાતને યાદગાર બનાવી. મુનિશ્રીની હૃદયની ભીનાશ આંખોથી છળકાઈને બાહર આવી રહી હતી. પણ બાળમુનિ પોતાના ભાવમાં સ્થિર હતા. મિત્રના આંસુઓની એમની સમાધિ પર અસર ન થઈ.

બીજા દિવસે મેં બાળમુનિને પૂછ્યું ''તમે ભાનમાં આવ્યા ત્યારે બધા તમારી સામે ઉભા નવકાર સંભળાવી રહ્યા હતા, તે વખતે શું વિચાર આવ્યો ?''

બોલવાની શક્તિ ન હોવાથી એમણે મૌનપણે આંખોથી ઉપર જોઈને, ભંવર ઊંચી કરતાં સહેજ માથું વાંકું કરીને હસતા હસતા ઈશારો કર્યો 'બસ સીધો ઉપર' અને અમે બેઉ હસવા લાગ્યા.

અમને સંતોષ થયો કે એમણે મૃત્યુના વિચારથી કોઈ ભય ન હતો. આ હતી એમની પહેલી નિર્યામણા, જ્યારે જતા જતા બચી ગયા.





જેઠ વદ ૧૨, તા. ૧૮/૬/૨૦૨૦ ડૉ. વૈભવ શાહે એક Blood Report કઢાવવા કહ્યું. Report આવતા ડૉક્ટરે બન્ને ગુરૂદેવ પાસે બેસીને એક ખાનગી વાર્તાલાપ - વિચારણા કરી. દૃશ્ય જોતાં ખ્યાલ આવી ગયો કે સ્થિતિ ગંભીર હોવી જોઈએ. એમણે જણાવ્યું કે ''Haemoglobin ખૂબ જ ઓછું છે. આટલા ઓછામાં બાળમુનિ જીવી રહ્યા છે એજ ચમત્કાર છે, પણ સ્થિતિ ગંભીર છે. નિર્ણય આપે લેવાનો છે. Hospital લઈ જવા કે અહીં જ રાખવા. આપ જેમ કહેશો તેમ કરીશ, મારો કોઈ આગ્રહ નથી. હું માત્ર શરીરને જાણું છું, આપ આત્માને જાણો છો. આવી પરિસ્થિતિમાં વધુ સમય નીકળે તેમ નથી.''



''Hospital માં ઉપચાર કરવાથી સુધારો થવાની શક્યતા છે ?'' મોટા ગુરૂદેવશ્રીના પ્રશ્નનો જવાબ ડૉક્ટર માટે અઘરો હતો. એમણે કહ્યું ''આ બધા પ્રશ્નો થવાના જ છે, માટે અંતિમ નિર્ણય આપનો રહેશે. આવી પરિસ્થિતિમાં કોઈ પણ ડૉક્ટર એડમિટ થવાનું જ કહે. એમણે Hospital માં જે treatment અપાય તે ૨૪ કલાક ડૉક્ટરની દેખરેખમાં હોય, ઈલાજ લાગુ પડશે એવું નક્કી નથી, પ્રયત્નો જ થશે. શરીર કે આત્મા, કોણે preference વધારે આપવું ? તે આપ જાણો.''

એક બાજુ Corona ના વાતાવરણમાં બાળમુનિને Hospital લઈ જવા એટલે શેરના મોઢામાં હાથ નાખવા જેવું છે. Hospital ગયા પછી corona ની પરિસ્થિતિના અનુસારે, જોડે એક વ્યક્તિને જ અંદર રહેવા અનુમતિ મળે. જ્યારે અહીં તો ૩ સાધુ ભગવંત મળીને સેવા કરે ત્યારે બધુ સચવાતું હતું. ૨ મહિના પહેલા ગોવાલિયા ટેંકમાં sugar level low થવા પર બેહોશ થઈ જવાથી Hospital લઈ જવા જરૂરી હતા. નજીકની Hospital માં Corona ના ભયથી પ્રવેશ પર પ્રતિબંધ હતો, ત્યારે ૩ કિ.મી. દૂર લઈ ગયા અને ત્યાં પણ માત્ર એક જ વ્યક્તિને જોડે પ્રવેશ મળ્યો. બાકીના બધા બાહર રાહ જોતા ઉભા રહ્યા. Hospital માં પણ infection નો ભય અત્યંત હતો. આ અનુભવથી અમે નક્કી કરી લીધું કે કોઈ પણ ઉપચાર ઉપાશ્રયમાં કરવો. તે માટે ઉપાશ્રયમાં જ વ્યવસ્થા ઉભી કરાવી લેવી, પણ Hospital લઈ ન જવા.

આવી પરિસ્થિતિમાં જો Hospital લઈ જઈએ અને તબિયત વધારે બગડી જવાથી અગર નિર્યામણા કરાવવી પડે તો ત્યાં આચાર્યભગવંત આદિ આવીને આરાધના કરાવે વગેરે તો અશક્ય જ હતું. મોટા ડૉક્ટરને પૂછવા પર સલાહ મળી કે લોહી ચઢાવીને પણ ઈલાજ નથી થવાનો. ચઢાવેલું લોહી થોડા દિવસમાં પૂરુ થઈ જશે પછી શું ? મૂળ જેનો ઈલાજ કરવો છે એ વસ્તુ તો પકડાઈ જ નથી. લોહી ચઢાવીને પણ Reaction, infection આદિ Risk તો છે જ.

આ બધી વાત વિચારીને જો સ્વાસ્થ્ય સુધરવાની કોઈ આશા ન હોય અને સમાધિને પૂરેપૂરું જોખમ હોય તો સમાધિ સાચવી લેવાનો નિર્ણય મોટા ગુરૂદેવશ્રીએ લીધો. ડૉ વૈભવે નિર્ણય સાંભળી ગુરૂદેવને આશ્વાસન આપ્યું ''સાહેબજી આપ ચિંતા નહીં કરો, અહીં જે વ્યવસ્થા-સેવા જોઈએ એનું હું પૂરે-પૂરું ધ્યાન રાખીશ. આપે જે નિર્ણય લીધો છે તે ૧૦૦% યોગ્ય છે.''

# અંતિમ પ્રાયશ્ચિત ૫૦

૩-૪ દિવસ બાદ બાળમુનિને શ્વાસ લેવામાં થોડી તકલીફ થવાથી oxygen ની નળી મૂકવામાં આવી. ઘણા Bottle ચઢી ગયા હોવાથી હવે હાથમાં સોજો આવી ગયો હતો, ઘણો દુખાવો થતો હતો. સૂતા રહેવાને કારણે વારંવાર પડખું ફેરવવા છતાં કમરની નીચે મણકાની છેલ્લી હાડકી પર નાનુ ચાંદુ પડી ગયું હતું અને ત્યાં પણ દુખાવો વધવા લાગ્યો.



સવારના પ્રાયઃ ૧૧.૩૦ વાગ્યા હશે. Glucose નો બાટલો ચઢી રહ્યો હોવા છતાં, Sugar Level ઘટી ગયું હતું અને થોડી વારમાં ભાન ગુમાવી દેશે એવું લાગ્યું. અમે બધા મહાત્મા ભેગા થઈને બાજુમાં બેઠા. મેં નવકારમંત્ર, ચાર શરણસ્વીકાર, આટલું સંભળાવ્યું એટલામાં બન્ને ગુરૂદેવશ્રી હાજર થયા. શાસનના મર્મ અને છેદ ગ્રંથોના રહસ્યને પામેલા મોટા ગુરૂદેવશ્રીએ નવકાર સંભળાવ્યો, ૪ શરણ સ્વીકારાવ્યા અને ગીતાર્થતાના આધારે બાળમુનિને કહ્યું ''જુઓ બાળમુનિ ! આપણે સ્વાસ્થ્ય માટે ઘણા અપવાદો આચર્યા, ઘણી વિરાધના પણ થઈ, ઘણા અતિચારો લાગ્યા. એ બધાની આલોચના શુદ્ધિ હેતુ તમને પ્રાયશ્ચિત્ત આપુ છું...'' અમને આશ્ચર્ય થયું આ હાલતમાં શું પ્રાયશ્ચિત્ત કરી શકવાના ? શું પ્રાયશ્ચિત્ત આપશે ? એ જાણવા મન ઉત્સુક થયું અને મોટા ગુરૂદેવશ્રીએ તેમને તત્કાલીન પરિસ્થિતિના અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપ્યું.

ગજબ છે જિનશાસનની સર્વજ્ઞપ્રસ્થાપિત વ્યવસ્થા ! મરણ પથારીએ રહેલા વ્યક્તિને પણ જીવનના પાપોથી મુક્ત કરવા માટે યથાશક્તિ થનારી આરાધનાથી શુદ્ધિ અપાય છે. જેથી પરલોક પ્રયાણ વખતે જીવ પોતે નિઃશલ્ય, પાપમુક્ત અને ભારમુક્ત થયાનો અનુભવ કરી શકે. આ રીતે ચિત્ત સમાધિને પ્રાપ્ત કરી શકે.

ખૂબ જ મોકાના સમયે મોટા ગુરૂદેવશ્રીએ પોતાની ગીતાર્થતાનો ચમકારો બતાવ્યો. આ ચમકારાની પાછળ **સ્વ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**નો હાથ હતો. જેમણે છેદ ગ્રંથોનું અધ્યયન જાતે કરાવીને આ સૂઝ અર્પણ કરી હતી. પૂજ્યશ્રી હયાત નથી, પણ તેઓશ્રીના ઉપકારો આજે પણ અમારું રક્ષણ કરે છે તેનો અમને અનુભવ થયો.

મોટા ગુરૂદેવશ્રીએ નવકાર સંભળાવવા શરૂ કર્યા. માત્ર ત્રણ પદ બોલીને અટકી ગયા. એમનું ગળું રૂંધાઈ ગયું, આંખો છલકાઈ ગઈ. સહુને આશ્ચર્ય થયું, મોટા ગુરૂદેવશ્રી એટલા વૈરાગી કે ક્યારેય એમણે લાગણીમાં તણાઈ જતા અમે જોયા નથી, પણ આજની તો ઘટના જ એવી હતી. સાવ નાની ઉંમરના પોતાના હૃદયમાં વસેલા લાડકા બાળમુનિને નિર્યામણા કરાવવી એટલે છપ્પનની છાતી જોઈએ. જેના પર સેંકડો આશા બંધાએલી હોય...

આને મારા જ્ઞાનનો વારસો આપીશ...

જિનશાસનનો પ્રભાવક સિતારો બનશે...

મને અંતિમ સમયે નિર્યામણા કરાવશે, નવકાર સંભળાવશે...

આજે એને નિર્યામણા - નવકાર સંભળાવવો એટલે ?... આખિર તો ગુરૂ છે, આખું જીવન વાત્સલ્ય વરસાવ્યું છે, તો હવે આંખો છલકાઈ જાય તેમાં શું આશ્ચર્ય ? ૩ second નો વિરામ લઈ મોટા ગુરૂદેવે ''નમો ઉવજ્ઝાયાણં''થી નવકાર પૂરો કરી નવકાર સંભળાવ્યા. પણ બાળમુનિની આંખો બંધ જ હતી. આંખો મીચીને હજુ ભાવપૂર્વક નવકારનું સ્મરણ કરી રહ્યા હતા. છેલ્લા ૧ મહિનાનો અમારો અનુભવ રહ્યો છે. સામૂહિક જાપના અંતે ૧૨ નવકાર ગણવામાં બાળમુનિ એવા તન્મય થઈને નવકાર સ્મરણ કરતા કે સૌથી છેલ્લી આંખ એમની ખુલતી અને સૌથી વધુ શાંતિ એમના મોઢા પર જોવા મળતી. આ જ અભ્યાસવશ તે લીન થઈને આજે નવકાર સ્મરણ કરી રહ્યા હતા.



અમે બધા નવકાર-ધૂન ચલાવવા લાગ્યા, બાળમુનિ સામેની દીવાલ પર લાગેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, જવાહર નગર મંડણ શ્રી ધર્મનાથ પ્રભુ, શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-જિતેન્દ્ર-ગુણરત્નસૂરિજી ગુરૂદેવોના ચિત્રોના દર્શન કરતા કરતા પ્રસન્નચિત્તે નવકાર ધૂનનું શ્રવણ કરી રહ્યા હતા. ધીરે ધીરે હોશ ઓછો થઈ રહ્યો હતો. માત્ર 'નમો અરિહંતાણં'ની ધૂન અમે ચાલુ રાખી.

લગભગ ૧૨.૩૦ વાગ્યા થોડુ વાપરવા માટે પૂછ્યુ. વાપરવાનું ચાલુ કર્યું ધીમે-ધીમે નવકાર ધૂન સાંભળતા તે વાપરી રહ્યા હતા. ૫ મિનિટમાં એકાએક ચેતના-સ્ફૂર્તિ આવવા લાગી. અમને આશ્ચર્ય થયું Glucose નો બાટલો ચઢી રહ્યો છે છતાં Sugar level ઊંચકાતું નથી અને મોઢે વાપરવાથી સ્વસ્થતા આવે છે, ગજબ કહેવાય !

અમે બધા પ્રસન્ન થઈને નવકાર ધૂન ચલાવતા ગયા અને બાળમુનિએ ભાવપૂર્વક શ્રવણ કરતાં કરતાં ગોચરી વાપરી. આ બીજી વાર નિર્યામણા કરાવી અને પુણ્યોદયથી તે બચી ગયા.

હવે સ્થિતિ ગંભીર જાણીને ગચ્છાધિપતિશ્રી **આ. રાજેન્દ્રસૂરિજી મ.સા.**, ગુરૂદેવ **શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.**, **આ. રત્નસુંદરસૂરિજી મ.સા.** આદિ આચાર્યભગવંતોને બાળમુનિના સમાચાર મોકલાવ્યા. બધાના આશીર્વાદ, હિતોપદેશ પ્રાપ્ત થયા. બાળમુનિએ પ્રસન્નમુખે બધાનો આભાર વ્યક્ત કર્યો.



વંદના... વંદના...વંદના...



પૂજ્ય ગુરૂદેવશ્રી **ગુણરત્નસૂરિજી મ.સા.** બાળમુનિના ગંભીર સમાચાર જાણી તુરંત એમના સ્વાસ્થ્યના સંકલ્પથી જાપમાં બેસી ગયા. આ વાત જાણી બાળમુનિને ખૂબ આનંદ થયો અને પૂજ્યશ્રીની હિતશિક્ષા પ્રાપ્ત કરી ધન્યતાનો અનુભવ કર્યો.

## પૂ. ગુરૂદેવશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.નો હિતશિક્ષા પત્ર

જેઠ વદ ૬,
તા. ૧૮.૬.૨૦૨૦

વિનયાદિગુણોપેત **મુનિરાજ શ્રી દાનરત્નવિજયજી,**
અનુવંદના - સુખશાતા પૃચ્છા.

દેહમાં વ્યાધિ પણ મનમાં અપૂર્વ સમાધિ !
આ તમારી ઓળખ છે !
નાની વયમાં તમે સાચા વીર બન્યા છો !
કર્મના ઉદયે આવી પડેલ અશાતાને
હસતા મોઢે સહી રહ્યા છો !
જ્ઞાનસારનો વિવેક અષ્ટક પૂજ્ય દાદાગુરૂદેવશ્રી
પ્રેમસૂરિજી ને પ્રિય હતું.
એમાં લખ્યુ છે
**''देहात्माद्यविवेकोऽयं सर्वदा सुलभो भवे ।**
**भवकोट्याऽपि तद्भेदविवेकस्त्वतिदुर्लभः ॥२॥''**
દેહ જુદો છે, આત્મા જુદો છે.
દેહ પૂરણ ગલન સ્વભાવવાળો છે. આત્મા અજર અમર છે.
દેહ વિનાશી છે, મારો આત્મા અવિનાશી છે.
હું આત્મા છું - અજર અમર અવિનાશી પૂર્ણ આનંદઘન છું.
હું શુદ્ધસ્વરૂપી છું, સહજાનંદી છું - ''રોગ શરીરને છે.''
હું નિરોગી છું, રોગો મારું કશું બગાડી શકતા નથી.
મારા કર્મ નિર્જરામાં નિમિત્ત છે'' એનું સતત ચિંતન કરજો.
આત્મધ્યાનમાં લીન બની મોક્ષ પામો...

# રાધાવેધ સાધવો છે ? ૫૧



લગભગ ૨૩.૦૬.૨૦૨૦ની સવારે મોટા ગુરૂદેવે બાળમુનિને ઉપદેશ આપવો શરૂ કર્યો. બાળમુનિ ચાતક નજરે જોઈ રહ્યા છે. એમની આખી વાચનાને 'કાન મારગ થઈ હિયડે પેસી' જેવી ઉતારી. 'બાળમુનિ! હવે રાધાવેધ સાધવાનો છે ? રાધાવેધ ખ્યાલ છે ને ? પાણીની અંદર ત્રાજવું હોય તેમાં બન્ને પગ મૂક્યા હોય અને ત્રાજવામાં ઉભા રહીને મોઢું નીચું કરી, પાણીમાં પ્રતિબિંબ જોઈને, ઉપર ચક્ર ફરતુ હોય અને તે ચક્રની ફરતી દાંડીઓની વચ્ચેથી દેખાતી પૂતળીની આંખ પર નિશાન તાકવું. પહેલા તો ત્રાજવું સ્થિર કરવું પડે અને પાણી સ્થિર થાય પછી પાણીમાં પડતા પ્રતિબિંબમાં ઉપર ફરતું ચક્ર દેખાય. તે ચક્રની દાંડીઓની વચ્ચેના અવકાશમાં પાછળ રહેલી ફરતી પૂતળી દેખાય અને તે પૂતળીની આંખ પર નિશાન તાકવું, એટલે કેટલી સાવધાની જોઈએ ? કેવું મન સ્થિર જોઈએ ? બધે ફસાયેલા મનને ત્યાંથી કાઢી, નિશાના પર સ્થિર કરવું પડે. તેમ અંત સમયે શરીર-સ્વજન-સ્વાસ્થ્ય બધુ ભૂલી જવું (ગંભીર સ્વરે ઉમેરો કરતા આગળ કહ્યું...) અમને પણ ભૂલી જવા...'

માત્ર એક આત્મા અને બીજા પરમાત્મા આ બે સિવાય બધું ભૂલી જવું. શું થયું ? શું ન થયું ? કેવું થયું ? કશું જ નહીં. માત્ર મારો આત્મા અને અરિહંત. આ છે **રાધાવેધ !** આ રાધાવેધ સધાઈ ગયો તો જીવન જીતી ગયા... બધું જ જીતાઈ ગયુ સમજો... અને નિશાન ચૂક્યા તો સમજો બધું હારી ગયા. અનંતની જીત મેળવવી હોય તો સાવધાન થઈ, બધું ભૂલી જવું, માત્ર 'આત્મા અને અરિહંત ! યાદ રાખવા.' ''અનંતકાળમાં જે કામ નથી કર્યું તે હવે કરવાનું છે, એ નથી થયું માટે જ તો આપણે ભટકીએ છીએ. આ અવસર પાછો નહીં આવે, સંયમ મળ્યું, સેવા મળી, સમઝણ મળી અને સમજાવવાળા પણ મળ્યા તો હવે આ બધુ સફળ કરવું છે. હિમ્મત રાખો !''

''બોલો રાધાવેધ સાધવો છે ને ?''



બાળમુનિએ ખૂબ જ પ્રસન્ન થઈને માથું હલાવી મોટા ગુરૂદેવને હોંકારો આપી રાધાવેધ સાધવાની તૈયારી બતાવી. હોઠ હલાવીને આવાજ વગરનું અભિવાદન પણ કર્યું ''આભાર !... આભાર !...'' મજાની વાત તો હવે તમને કહું કે મુનિ મૌર્યરત્નવિજયજીએ ૨-૩ દિવસ પહેલા આ જ પદાર્થ ''ચંદાવિજ્ઝયં'' પયન્નાના આધારે સમજાવી આપ્યો હતો અને આવાજ રસ સાથે, આવા જ ઉત્સાહ સાથે એ વખતે પણ આનંદ માણ્યો હતો અને બીજી વાર સાંભળવા છતાં કોઈ પણ ઉત્સાહની કમી આજે ન હતી. એવું ન હતું કે એમણે યાદ ઓછું રહેતું હતું, પણ આત્માને ઉપયોગી સાંભળેલો પણ ઉપદેશ પાછો સાંભળવા મળે ત્યારે એજ ઉત્સાહ સાથે ગ્રહણ કરવાની તાકાત એમની તત્ત્વ શુશ્રુષામાં હતી.

એમનું જીવન એટલે યોગદષ્ટિની ત્રીજી દષ્ટિનું જ્વલંત ઉદાહરણ. ત્રીજી દષ્ટિના શુશ્રુષા ગુણને ખરેખર એમણે જીવંત કરી બતાવ્યો ''परा च तत्त्वशुश्रुषा ॥यो.दृ. ४९/द्वा. द्वा. २२/१०.''

જિજ્ઞાસાના કારણે તત્ત્વ સાંભળવાની તીવ્ર ઈચ્છા.



# ૫૨ રાત જગો...

અષાઢ સુદ ૩, તા. ૨૪.૬.૨૦૨૦. આજે શ્વાસ લેવામાં તકલીફ હતી. બાળમુનિને છાતીમાં ભરાવો લાગી રહ્યો હતો. ઉધરસ ખાઈ શકે, એટલી તો તાકાત જ ન હતી. ડૉ. વૈભવ શાહે છાતીનો X-ray કઢાવ્યા બાદ એનો Report પોતે લઈ આવ્યા અને બન્ને ગુરૂદેવ જોડે બેસીને વાર્તાલાપ કર્યો.

''મહારાજ સાહેબ ! X-ray Report ખરાબ આવ્યો છે. ફેફસામાં પાણી ભરાયું છે. Infection થયું છે. ૧૫ કલાકથી બાળમુનિને માત્રુ થયું નથી, એટલે કીડનીની કાર્યશક્તિ પણ ઘણી નબળી થઈ લાગે છે, માટે શરીરમાં પાણી ભરાઈ રહ્યું છે. Room માં બહારના કોઈને પણ પ્રવેશ આપવો નહી. મહાત્માઓએ પણ ફરજિયાત માસ્ક પહેરી રાખવો.'' જરા ગંભીરતાથી નજીક આવીને કહ્યું ''વધુમાં વધુ ૭૨ કલાક હાથમાં લાગે છે.''

સાવધાન થઈને બન્ને ગુરૂદેવે અમુક મહાત્માઓને સાવચેત કર્યા. રોજ પ્રમાણે સામૂહિક જાપ કરી, પૂ.આ. **રત્નસુંદરસૂરિજી મ.સા.**નો પત્ર બાળમુનિને વાંચી સંભળાવ્યો. તે ખૂબ આનંદિત થયા. આખો દિવસ કોઈના કોઈ મહાત્મા એમની પાસે રહીને કાંઈ સંભળાવતા હતા અથવા કોઈ સારી વાત કરતા હતા. બપોર પછી પાણી ગળવામાં પણ તકલીફ થઈ રહી હતી, ચમચીથી થોડું થોડું પાણી મુશ્કેલીથી ઉતરતું હતું. આના કારણે સાંજે વાપરવા માટે પણ તેમણે ના પાડી. બાળમુનિ પોતાના શરીરની કથળતી અવસ્થાને જાણતા હતા, પણ મન પર કોઈ જાતની ગ્લાનિ ન હતી. પ્રસન્નચિત્તથી બધી ભાવના કરી રહ્યા હતા. પૂજ્ય ગુરૂદેવશ્રી **ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**, મુનિ **ત્રિભુવનરત્નવિજયજી મ.સા.** આદિ પૂજ્યોના પત્રો અમે વાંચી સંભળાવતા હતા, તેમાં કોઈ વિશેષ ઉપદેશ હોય, ત્યારે સ્વસ્થ રીતે આંખો પહોળી કરી માથું સહેજ હલાવી પોતાનો ગમો - ઉત્સાહ વ્યક્ત કરતા હતા.

એમનો શુભ ભાવ ખંડિત ન થાય તે માટે મેં સ્તવન સંભળાવાનું શરૂ કર્યું ''ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો... દુઃખ ટળ્યા સુખ મળ્યા સ્વામી તુજ નિરખતા...''

બાળમુનિ પ્રસન્નતાની સાથે માણી રહ્યા હતાં. માથું હલાવી ભાવલીન બની રહ્યા હતા. એમણે ગમતું સ્તવન 'સુખદાઈ દાદો પાસજી સુખદાઈ' સંપૂર્ણ ગાવી સંભળાવ્યું, એ આનંદથી સજાગપણે સાંભળી રહ્યા હતા. ગચ્છાધિપતિશ્રીએ સૂચન કર્યું હતું કે એમની આજુ બાજુ દેખાય તે રીતે સાધુ ભગવંતોને સતત ઉભા રાખજો. અને તે પ્રમાણે કોઈના કોઈ સતત ઉભા રહી બાળમુનિને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખ્યા.

આજે રાતે હાથના દુખાવાના કારણે ઉંઘ આવતી ન હતી. પ્રાયઃ રાતના ૩ વાગ્યાનો સમય હશે. મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા. એમની સેવા કરી, રહ્યા હતા. દુખાવો અસહ્ય થવા લાગ્યો ત્યારે તેમણે બાલમુનિને સમાધિ આપવા માટે ''બાળમુનિ ! જ્યારે વારંવાર પીડામાં મન જતું હોય ત્યારે ઉપયોગ Divert કરવો પડે'' એમ કહી વાત ચાલુ કરી, એ રાતે અવંતિસુકુમાલ આદિ વિવિધ મહાપુરૂષોની કથા એમને સંભળાવી. વચ્ચે વચ્ચે ભેદજ્ઞાનની સમજ પણ આપતા જતા હતા. 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા'ની સમજુતી આપી ઉપયોગ કેન્દ્રિત સમાધિનો બોધ આપ્યો. ''જે દેખાય તે બધુ સત્ય હોય એ જરૂરી નથી. પંખાની ત્રણ પાંખો છે છતાંય ફરતો હોય ત્યારે ચક્ર દેખાય છે, તે ભ્રમ છે. તેમજ દરેક અનુભવ સાચો હોવો જરૂરી નથી. આ શરીરમાં 'હું' પણાનો અનુભવ પણ તેવો જ છે. આત્માનો અનુભવ ન થાય તો કમ સે કમ એટલું પકડી રાખો, જે અનુભવાય છે તે હું નથી, આ શરીર હું નથી, વેદના હું નથી, મારી નથી. આના આધારે આપણા સમ્યક્ત્વનું બીજ સચવાઈ રહેશે અને સમાધિ સુલભ બનશે.''

''હું આત્મા માત્ર છું, બીજા બધા અનુભવો ખોટા છે, પરના છે'', ''ब्रह्म सत्यं जगन्मिथ्या...'' ૪.૩૦ વાગ્યા સુધી ધર્મકથા ચાલી.

બાળમુનિના જીવનની આ પહેલી રાત એવી હતી જેમાં ઉંઘના બદલે આટલો સમય ધર્મકથા ચાલી હોય, પણ આ રાત એમના જીવનની શ્રેષ્ઠ રાત હતી. જેમાં જાતને જગાડવું શીખી ગયા. **પીડામાં ઉંઘ ઉડી જાય એ તો સામાન્ય વાત છે, પણ આત્મજાગૃતિની ક્ષણોમાં પીડા ઉડી જાય એ સૌથી અસામાન્ય વાત હતી.** આ હતી કમાલ એમની શુશ્રુષાની, જેના બળે આખી દુનિયા સૂતી હતી અને એ જાગી રહ્યા હતાં...

ભાવ નિદ્રાને ઉડાડીને... મોહ નિદ્રા ઉડાડીને...

આ મોહનિદ્રા એવી હોય છે કે ધોળા દિવસે, ખુલી આંખે, બોલતો ચાલતો માણસ પણ એના કબજામાં હોય. અનંતકાળ લાગી જાય પણ કોઈક વિરલાની જ આ ઉંઘ ઉડતી હોય છે. આજે બાળમુનિની આ અનંતકાળની ઉંઘ ખરા અર્થે ઉડી ગયી હોય એવું લાગ્યું...

ખરા અર્થમાં તે મુનિ બન્યા હતા....

सुत्ता अमुणी.... मुणिणो सया जागरन्ति... (आचारांग सूत्र १/३/१/सू. १०६)

(મોહની ઉંઘમાં સુનારા મુનિ નથી... મુનિઓ હમેશા જાગતા હોય છે.)



# ૫૩ આત્મા દેખાય છે....

અષાઢ સુદ ૪, વિ.સં. ૨૦૭૬, તા. ૨૫.૦૬.૨૦૨૦ આજે સાંજનું પ્રતિક્રમણ થવાની સાથે જ ઉંઘ આવી ગઈ. ૯.૩૦ વાગ્યે ડૉક્ટર જોવા આવ્યા. એ વખતે ઉંઘ ઉડી ગઈ હતી. ખભાના ઉપરના ભાગમાં Drip ચાલુ હોવાના કારણે ઘણો દુખાવો થઈ રહ્યો હતો. હવે દુખાવાના કારણે ઉંઘ ન'હોતી આવતી. બીજી કોઈ નસ પકડાએ તો Drip ત્યાંથી આપીએ, એમ વિચારી નસ ગોતવા લાગ્યા, પણ કોઈ બીજી નસ મળતી ન હતી. ગુરૂદેવશ્રી પણ પધારી ત્યાં બેઠા. બાળમુનિને થોડા પ્રસન્ન રાખવા બાજુમાં બેસી રહ્યા.



સાંજથી જ અમે નોંધ કરી કે રોજ કલાકે - કલાકે બાળમુનિને પડખું બદલવું પડે, પણ આજે તો સળંગ ૩-૪ કલાકથી એમના એમ સુતાં છે, પાછળ હાડકીમાં કોઈ જાતના દુખાવાની ફરિયાદ નથી કરી રહ્યા, એ અમને આશ્ચર્ય લાગ્યું. પૂછવા પર ડૉક્ટરે કહ્યું - એમના શરીરમાં પાણી ભરાય છે, માટે હવે બીજા અવયવોમાં સંવેદન ઓછું થઈ જવાથી દુખાવો લાગતો નથી. બાળમુનિને પણ પૂછ્યું કે ''દુઃખે છે ? પડખું બદલવું છે ?'' તો એમણે ના પાડી અને જ્યાં ચાંદુ પડ્યું હતું ત્યાં પણ કોઈ જાતનું સંવેદન ન'હોતું થતું. અમને થયું સારું છે, પીડાનું સંવેદન ઓછું છે, તો સમાધિ સારી સચવાશે.

મોટા ગુરૂદેવ અને માંડળીની સેવામાં રત હોવાને લીધે મુનિ શ્રી કુંથુરત્નવિજયજી મ.સા. વધારે સમય કાઢી શકતા ન હતા. પણ એમણે સંકલ્પ કર્યો કે આજે તો બાલમુનિની સેવા કરવી જ છે અને રાતે ૧.૦૦ વાગ્યે તે Room માં આવીને બાળમુનિની બાજુમાં બેઠા અને બાળમુનિને જાગતા જોઈ, એમના પગ દબાવવા લાગ્યા અને સવારે ૪.૦૦ વાગ્યા સુધી ત્યાંથી ખસ્યા નહીં. બાળમુનિના સંસારી પિતાશ્રી હિતેશભાઈ પણ જાગતા જ રહ્યા હતા.

રાતે ૧.૩૦ વાગ્યાની વાત છે - શરીરમાં પીડાનું સંવેદન ઘણું ઓછું થયું એ ધ્યાનમાં રાખી ડૉક્ટરે જતાં - જતાં બાળમુનિને એક વાત કરી - ''મહારાજ સાહેબ ! હવે તમે આ શરીરમાં નથી માત્ર આત્મામાં જ છો. તેનું ધ્યાન કરો ! આત્મા દેખાય છે ? જ્યોતિ જેવું કાંઈક ?'' આવી અવસ્થામાં પણ એમનો ઉપયોગ તીક્ષ્ણ હતો કે પ્રશ્ન પૂરો થતા જ બાળમુનિએ હોઠ હલાવીને silent જવાબ આપ્યો. ''અનુભવાય છે.''

ધ્યાન કરનાર વ્યક્તિઓ, યોગીઓ પણ જ્યોતિ વગેરેના દર્શનમાં ભ્રમિત થઈને આત્મદર્શન કર્યાનો મિથ્યા સંતોષ માની લેતા હોય છે. ત્યારે બાલમુનિનું તત્ત્વજ્ઞાન આવી વેદના વચ્ચે પણ સ્પષ્ટ હતું કે આત્મા દેખાતો નથી પરંતુ તે અરૂપી છે, જ્ઞાન સ્વરુપ છે, અનુભવગમ્ય છે. આ એમની છેલ્લી રાત હતી. સામાન્યથી વેદના, અશક્તિ અને મૃત્યુના ભણકારા વખતે જ્યારે માત્ર શરીરની ચિંતા સતાવતી હોય છે, તત્ત્વજ્ઞાન બધું ઉડી જતું હોય છે. ત્યારે આ બાલમુનિએ મનને સતત તત્ત્વજ્ઞાનથી ભાવિત કરીને અંતિમ ક્ષણ સુધી જાગૃતિ ટકાવી રાખી હતી. પરમાત્માનાં તત્ત્વજ્ઞાનથી મળેલી જાગૃતિએ જ તેમને અંતિમ સમાધિની વિજય પતાકા મેળવવામાં સફળતા અપાવી હતી.

# ૫૪ જબ પ્રાણ તન સે નિકલે....

અષાઢ સુદ ૫, વિ.સં. ૨૦૭૬, (તા. ૨૬/૦૬/૨૦૨૦) : આજે સવારે બાળમુનિ પ્રતિક્રમણ, ચૈત્યવંદન આદિ કરી તૈયાર થયા. ગુરૂદેવ બાળમુનિને શાતા પૂછવા આવ્યા. પ્રસન્ન થઈ બાળમુનિએ વંદન કર્યા, સાધ્વીજી ભગવંત વંદન કરવા આવ્યા હતાં. બાળમુનિની પ્રસન્નતા જોઈને બધા ખુશ થઈ ગયા. મળવા આવનાર દરેક વ્યક્તિને હમેશા મધુર સ્મિતનું ભેટણું બાળમુનિ આપતા હતા. માટે મેં બાળમુનિને (બાળમુનિના ગાલપર ટપકું આપતા કહ્યું) – ''બાળમુનિ ! Smile આપી સાધ્વીજી ભગવંતને શાતા પૂછો !'' તરત જ મોઢા પર સ્મિત લાવી બધાને ખુશ કરી દીધા.

સવારથી જ આજે બાળમુનિને શ્વાસમાં તકલીફ થઈ રહી હતી. ડૉક્ટરે તપાસ કરી, થોડા Injection આદિ ઉપચારો કર્યા. બહાર આવી ડૉક્ટરે બન્ને ગુરૂદેવોને 'અંત સમય નજીક છે' એવી સૂચના કરી સાવધાન કર્યા. ડૉક્ટરે કહ્યું – ''સાહેબજી હવે આપ બધા એમની આજુ-બાજુ પડિલેહણ વગેરે ક્રિયાઓ કરો, એમને નજરે આવે એ રીતે. હવે વધુને વધુ સંયમમાં ઉપયોગ રખાવો, શ્રાવકોને પણ દૂર ખસેડી દો. બસ, સાધુભગવંત, સાધુક્રિયા અને સાધુ ઉપકરણમાં ધ્યાન સ્થિર કરાવો.''

આ સાંભળીને અમને આશ્ચર્ય + આનંદ થયો. આ વૈભવભાઈ માત્ર ડૉક્ટર નથી, એક ગીતાર્થ શ્રાવક પણ છે. માત્ર દર્દીના ઈલાજ માટે નહીં પણ સાધુની સમાધિ માટે તે આવ્યા હતા. પાત્રા-પોરિસી ભણાવવાનો સમય થઈ ગયો હતો. **મુનિ મૌર્યરત્નવિજયજી મ.સા.**એ બાળમુનિને પોરિસી ભણાવતી વખતે મુહપત્તીના ૫૦ બોલ બોલીને ઉપયોગ અપાવ્યો. દરેક સ્થલમાં બાળમુનિ જાગૃતિપૂર્વક બોલથી ભાવિત થઈ રહ્યા હતા. ''ક્રોધ-માન પરિહરું – માયા – લોભ પરિહરું'' હોશપૂર્વક માથું હલાવી પરિહરવાનો ઉપયોગ બાળમુનિ કરી રહ્યા હતાં.

અમે બધા વારાફરતી બાળમુનિને કાંઈક સંભળાવી રહ્યા હતા. જેથી શુભધ્યાન સ્થિર રહે. મુનિ **હિરણ્યરત્નવિજયજી મ.સા.**એ બાળમુનિને સ્તવનો સંભળાવ્યા –

**करुणासागर जीवजीवन...**
**ऋषभ जिनराज मुज आज..,**
**ऐसी दशा हो भगवान...,**
**जब प्राण तन से निकले**

અને પછી... આત્મજાગૃતિ પ્રેરક ગમતા ગીતો સંભળાવ્યા. ''આત્મા છું હું આત્મા છું હું દેહાદિસ્વરુપ નથી'' પછી ગદ્‌ગદ્ હૈયે ઉપદેશ આપ્યો ''ધ્યાન રાખો ! હું આત્મા છું – આ પાતળું શરીર હું નથી, હું આત્મા છું, અવિનાશી છું'' બાળમુનિ બધુ સાંભળી ભાવિત થઈ રહ્યા હતા. ખોરાક તો ગળે ઉતરતો જ ન હતો. મેં ચમચીથી થોડું-થોડું મગનું પાણી વપરાવ્યું, તે ધીમે-ધીમે ગળે ઉતર્યું.

બાજુમાં ઉભા બાળમુનિના સંસારી માતાજી દક્ષાબહેન રડી રહ્યા હતા. પણ, બાળમુનિના મોઢાં પર કોઈ જાતની વિકૃતિ ન હતી. એ સ્વસ્થ શાંત-પ્રશાંત હતા. બાળમુનિએ આંગળીથી ઈશારો કરી દક્ષાબહેનને સામેની દીવાલ પર રહેલું પ્રભુ મહાવીરને સંગમે કરેલા ૨૦ ઘોર ઉપસર્ગોનું ચિત્ર બતાવ્યું. અગ્નિ, જંગલી પશુ, રાક્ષસો આદિના ભયાનક ઉપસર્ગો વચ્ચે સમતાલીન ધ્યાનસ્થ પ્રભુ હતા. બોલી શકતા ન હતા પણ ઈશારો કરી બાળમુનિએ માતાને ઉપદેશ આપ્યો ''જો



ભગવાનને વિચલિત કરવા કરેલા ૨૦ દારુણ ઉપસર્ગો



ઉપસર્ગોથી પ્રભુ મહાવીરનું કોઈ રક્ષણ ન કરી શક્યું, તો મારી આ સ્થિતિ માટે ખેદ શું કરવો ?'' આ જોઈને અમને બધાને આનંદ થયો કે અંતિમ ક્ષણોમાં પણ એમની સમજ સાબૂત છે. સંસારીપણામાં જે માતાને રડતી જોઈ પહેલા પોતે રડી પડતા હતા, આજે તે માઁની ભીની આંખો અને રુદન બાળમુનિને કોઈ પણ જાતના સ્નેહપરિણામમાં તાણી જવા સમર્થ ન હતું. ખરેખર ! બાળમુનિએ પોતાના સ્વભાવનું, પરિણામોનું પરિવર્તન કરી સંયમજીવન સાર્થક કરી બતાવ્યું. આજે ભલે અમે બધા છુપાવી રહ્યા હતા, પણ બધાની આંખ ભીની હતી અને એ જોવા છતાં બાળમુનિ પોતાના પરિણામમાં સ્થિર હતા. આ એમનો ખરો વૈરાગ્ય હતો ! શીઘ્ર પ્રાણ પંખેરૂ ઉડી જશે એવું બાળમુનિને પણ અનુમાન તો હતું જ, પણ છતાં લાગણીમાં તે તણાયા નહીં. ધન્ય છે !

ગઈકાલે રાતે પ્રિય ભગવાનનો પ્રશ્ન પૂછવા પર બાળમુનિએ જવાબમાં **'શ્રી મહાવીરસ્વામી'** જણાવ્યા હતાં. આ વાત યાદ આવતા મુનિ **શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.**એ બાળમુનિના સંસારી કાકા રાજુભાઈને પૂછ્યું ''તમારી પાસે નવસારીના ચૌમુખજી જિનાલયના મહાવીરસ્વામી ભગવાનનો Photo છે ?''

રાજુભાઈએ Photo પ્રાપ્ત કરીને બાળમુનિને દર્શન કરાવ્યા ''આ આપણા નાગતલાવડી દેરાસરના મહાવીરસ્વામી'' સંસારીપણામાં રોજ આ ભગવાનની ભક્તિ કરેલી હતી. તેથી આ સંપ્રતિકાલીન ભવ્ય પ્રભુજીના દર્શન કરી આનંદ સાથે બાળમુનિની આંખો પહોળી થઈ ગઈ અને મોઢા પર સ્મિત અને ચમક આવી ગઈ. શ્રાવકોએ તુરંત બહાર જઈને Printing Press માં જણાવ્યું – ''એકદમ Urgent છે, આ Photo નો એકદમ મોટી Size નું Wallpaper બનાવીને જલ્દીમાં જલ્દી લઈ આવો.''

રોજની જેમ આજે સામૂહિક જાપ કરી, ગુરૂદેવે બાળમુનિને બધા જોડે ક્ષમાપના કરવા કહ્યું. વારા ફરતી બધા મહાત્માઓને બોલાવી બાળમુનિને ક્ષમાપના કરાવી. સંસારી માતા-પિતા હિતેશભાઈ દક્ષાબહેન પાસે પણ ક્ષમાપના કરાવી. સકલ જીવરાશિ-ક્ષમાપના કરાવી. મોટા ગુરૂદેવે પંચ-મહાવ્રત આરોપણનું શ્રવણ કરાવવું શરૂ કર્યું. કરેમિ ભંતે-પ્રથમ મહાવ્રત... બાળમુનિ ધ્યાનથી ભાવપૂર્વક સાંભળી રહ્યા હતા. મુનિ મૌર્યરત્નવિજયજી વચ્ચે-વચ્ચે દરેક આલાવાના અર્થ સમજાવી રહ્યા હતા. પંચ મહાવ્રત ઉચ્ચારણ પછી ૧૮ પાપસ્થાનક વોસિરાવતા મોટા ગુરૂદેવે કહ્યું 'બોલો વોસિરામિ' ત્યારે બોલવાની તાકાત ન હોવા છતાં, આંગળી હલાવી સજાગપણે 'વોસિરામિ'નો ઈશારો કર્યો. મોટા ગુરૂદેવે આહાર-શરીર અને ઉપધિ ત્રણે વોસિરાવવા કહ્યું.

હવે શ્વાસની તકલીફ થઈ રહી હતી અને શ્વાસ ઓછો લેવાય છે, એ વાત ભૂલાવવા મેં એમનું ગમતું ગીત ગાવવું શરૂ કર્યું ''સંયમ મારો શ્વાસ, સંયમ પ્રભુનો એહસાસ, પરથી થયા પરાયા અમે સ્વના...'' આટલું ગાવીને મારો આવાજ થંભી ગયો, વધારે કાંઈ ગાવા-બોલવામાં રડવું આવી જશે માટે ચુપ થઈ ગયો. બાળમુનિને સાંભળવું ગમી રહ્યું હતું માટે દક્ષાબહેને મને આગ્રહ કર્યો ''સાહેબજી ! આગળ ગાવોને...'' સાચી પરિસ્થિતિ જણાવવામાં જોખમ હતું માટે, ગળું ખોખરૂ હોવાનું બહાનું કાઢ્યું.

મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ બાળમુનિને ચાર શરણ નવકાર સ્મરણ, સંથારા-પોરિસી અર્થસહિત સંભળાવી, શ્રાવકોએ આવીને વિનંતિ કરી ''સાહેબજી ! નીચેથી શાંતિનાથ ભગવાન બાળમુનિને દર્શન કરવા માટે લઈ આવીએ ?''

મોટા ગુરુદેવની અનુમતિ મેળવી શાંતિનાથ પરમાત્માને રૂમમાં પધરાવ્યા. બાળમુનિ દર્શન કરી આનંદિત થયા. હું સ્તુતિઓ ગાવી રહ્યો હતો. બાળમુનિ ભક્તિનો આનંદ લઈ રહ્યા હતા.



''સાગર દયાના છો તમે કરુણાતણા ભંડાર છો,
અમ પતિતોને તારનારા વિશ્વના આધાર છો.
તારા ભરોસે જીવન નૈયા આજ મેં તરતી મુકી,
શત કોટી-કોટી કરું વંદન નાથ તુજ ચરણે ઝુકી.

સંકટ ભલે ઘેરાયને વેરાય કંટક પંથમાં,
શ્રદ્ધા રહો મારી સદા જિનરાજ આગમ ગ્રંથમાં,
પ્રત્યેક પળ પ્રત્યેક ક્ષણ હૈયે રહો તુજ હાજરી,
પ્રભુ આટલું તો **આજ પળે** દેજે મને કરૂણા કરી.''

પણ હવે મારાથી બોલાય તેવી પરિસ્થિતિ ન હતી. હું મારી લાગણીને રોકી ન શક્યો. હવે વધુ રહી શકાય તેવું ન હતું અને બાળમુનિના ભાવને કાંઈ આંચકો ન લાગે, માટે હું સ્તુતિઓ છોડીને રૂમથી બહાર જતો રહ્યો. એકાંતમાં જઈને ઉભરાયેલું મન ખાલી કરી સ્વસ્થ થયો. આજનો દિવસ પાછો નહીં આવે અને અત્યારે બાળમુનિને ભક્તિ કરાવવી જરૂરી હતી, માટે હું જરાક મક્કમ થઈને પાછો આવ્યો. **મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા., મુનિ શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.** સ્તુતિઓ બોલી રહ્યા હતા. ઈરિયાવહિયા કરી મેં વડીલ **મુનિશ્રી કુંથુરત્નવિજયજી મ.સા.**ને ચૈત્યવંદન બોલવા ઈશારો કર્યો, પણ એમણે વળતો ઈશારો કરી કહ્યું 'તમે જ બોલો', એમનું મોઢું જોઈને હું એમની પરિસ્થિતિ સમજી ગયો, હવે એમનાથી બોલી શકાય તેવું ન હતું.

મેં સૂત્રો બોલી સ્તવન શરૂ કર્યું.

''હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં,
બિસર ગઈ દુવિધા તન-મન કી અચિરાસુત ગુણગાન મેં.''

બોલવામાં તકલીફ પડતી હતી, ક્યાંય રડવું ન આવી જાય પણ હિમ્મત રાખી સ્તવન પૂરુ કર્યું. સ્તવન સાંભળનાર બધાને મારી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો, પણ ફક્ત મારી જ નહીં, બધાની પરિસ્થિતિ એવી જ હતી. ભાવપૂર્વક બાળમુનિએ સ્તવન સાંભળ્યું. જયવીયરાય સૂત્ર બોલતા પહેલા મુનિશ્રી મૌર્યરત્નવિજયજીએ બાલમુનિને હૃદયથી પ્રાર્થના કરવાની ભલામણ કરી. તેમાં પણ 'ભવ નિવ્વેઓ, સુહ ગુરુ જોગો, સમાહિમરણં ચ બોહિલાભો અ' આ પ્રાર્થનાઓમાં પ્રાણ પૂરાય તેવી ભાવનાઓ કરાવી. ઉપયોગપૂર્વક ભાવનાઓ ભાવીને તેમણે અંતિમ ભાથુ બાંધ્યુ. ચૈત્યવંદન પછી બાળમુનિને ૪ આહારનું પચ્ચક્ખાણ કરાવ્યું ''પાણી વગેરે વાપરવું હોય તો ૩ નવકાર ગણીને - સાંભળીને વાપરવું, બાકી ચારે આહારનો ત્યાગ'' સાગારિક અનશન જેવું કરાવ્યું અને અંતે સ્તુતિઓ બોલી. હવે બાળમુનિ વધુ પ્રસન્નતાને પામ્યા.

આજે સવારે જ સત્યેનભાઈએ પૂ. ગચ્છાધિપતિ **શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.**નું રજોહરણ અમને આપ્યું. તેના દર્શન-સ્પર્શન કરી બાળમુનિને ખૂબ આનંદ થયો. તે રજોહરણ બાળમુનિના માથાની બાજુમાં રાખી મૂક્યું. ભાવિકાબહેને પૂ.આ.ભ. **શ્રી મુક્તિદર્શનસૂરિજી મ.સા.**નું અંતિમ આસન અમને આપ્યું. તે પણ એમના માથાની બીજી બાજુ રાખી મૂક્યું. આ બન્ને આધ્યાત્મિક વિભૂતિઓના પરમાણું એમની સમાધિના પોષક બની રહ્યા હતાં.

ડૉક્ટરે ચતુર્વિધ સંઘને દર્શન માટે આવવા દેવાની સલાહ આપી. ''બાળમુનિ Serious છે'', તેવા સમાચાર મળતા જ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ એક-એક કરી રૂમની બહારથી બાળમુનિના દર્શન કરીને જઈ રહ્યા હતા. મુનિ શ્રી મૌર્યરત્નવિજયજીએ બાળમુનિને પૂછ્યું ''બાળમુનિ ! આ બધા લોકો દર્શન કરવા આવી રહ્યા છે. તમને ખબર છે ને શું થઈ રહ્યું છે ?''

સ્વસ્થચિત્તે બાળમુનિએ માથું હલાવી હાં પાડી. બાળમુનિને ખ્યાલ હતો કે મારા શુભ ભાવ સાચવવા મને ભક્તિ આદિ કરાવી રહ્યા છે અને મારી સમાધિના દર્શન કરવા લોકો આવી રહ્યા છે. પણ, શીઘ્ર પોતાનું મૃત્યુ થશે એનો કોઈ ડર કે ગભરાટ ન હતો. તે વિશેષ સાવધાન થઈ ગયા હતા.

મુનિશ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ સામે શત્રુંજયના મોટા ચિત્ર તરફ બાળમુનિનું ધ્યાન દોરતા કહ્યું ''જુઓ બાળમુનિ આ સામે ગિરિરાજ છે, ગિરિરાજની છાયા છે...''




બાજુમાં બન્ને ગુરૂદેવ છે...

તમારૂં મન પણ સરળ છે, કોઈ માયા નથી...

કેવો સરસ સંયોગ બેઠો છે. લોકો તો માંગણી કરે છે, પણ તમને અનાયાસે મળી ગયું. ઐસી દશા હો ભગવન્... જબ પ્રાણ તન સે નિકલે...''

મેં સ્તવન ગાવું શરૂ કર્યું. ધીમી ગતિએ ગવાતું સ્તવન ખૂબ જ શાંતિથી બાળમુનિ સાંભળી રહ્યા હતાં અને થોડું મોઢું હલાવી તેમાં લીન બની રહ્યા હતા. આખું સ્તવન પૂરુ થયું.

ઉપયોગ સ્થિર રાખવા માટે મેં બીજું ગીત લીધું.

''તું મને ભગવાન એક વરદાન આપી દે...
જ્યાં વસે છે તું...''

મેં બાળમુનિના કાન પાસે જઈ પૂછ્યું ''બાળમુનિ ! કોઈ ઈચ્છા છે ? કાંઈ કહેવું હોય... કાંઈ કરાવવું હોય... કહો ! જે કહેશો તે થશે... બોલો...''

૨ વાર પૂછવા છતાં, મોઢું હલાવીને ના પાડી.

દક્ષાબહેને પણ આગ્રહ કરી પૂછ્યું, પણ જવાબ એ જ હતો.



આ બાજુ બન્ને ગુરુદેવ બેઠા હતા. મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ બન્ને ગુરુદેવોનો હાથ બાલમુનિના હાથ પર મૂકાવતા કહ્યું - ''બાળમુનિ! કેમ ? ગુરૂદેવે તમારી પાસે વચન માંગ્યું છે ને કે દેવ બનો તો મળવા આવજો, તો હવે તમે બન્ને ગુરૂદેવનો હાથ પકડી વચન માંગો... ગુરૂદેવ ! આ ભવમાં સુકાની થયા છો, ભવોભવ આપનું સોનેરી સાંનિધ્ય આપજો'' વાત સાંભળતા જ બાળમુનિના મોઢાં પર મોહક સ્મિત છલકાઈ ઉઠ્યું અને માથું હલાવીને માંગણી કરવા લાગ્યા.

આ દુર્લભ દશ્ય જોઈને આંખો ભરાઈ ગઈ. ખરેખર શું નસીબ છે! મૃત્યુશય્યા પર આવી ઘટના... આવો સંયોગ... હૃદય પોકારી ઉઠે - 'તે ધણ્ણા જેહિં दिठ्ठोऽसि !'

(એ વેળાએ તમને જોનારા ધન્ય થઈ ગયા)

મહાવીરસ્વામી પ્રભુનો wallpaper તૈયાર થઈને આવી ગયો હતો. બરોબર આંખ સામે વિશાલકાય ચિત્ર દીવાલ પર લગાડ્યું. દર્શન કરી બાળમુનિ હરખ-હરખ થઈ ગયા. જે પ્રભુની વરસો સુધી ભક્તિ કરી આજે એ અંતિમ ક્ષણે સમાધિ આપવા ખરેખર પધારી ચૂક્યા હતા.

મોટા ગુરુદેવે બાળમુનિને ફરીથી કરેમિ ભંતે ઉચ્ચરાવ્યું, મહાવ્રતોનું સ્મરણ કરાવ્યું, રાધાવેધ સાધવાનો ઉપદેશ ફરીથી સંક્ષેપમાં આપ્યો અને કહ્યું - ''તમે ઝાંઝરિયા ઋષિની સજ્ઝાય બોલતા હતાં ને? તમને ગમતી હતી તે સંભળાવું છું.'' બાળમુનિએ હા પાડી અને છેલ્લી ઢાળ સંભળાવવી શરૂ કરી.

'અણસણ ખામણા કરે મુનિ તિહાં કને, સમતા સાયરમાં ઝીલે,
ચોરાશી લાખ જીવયોનિ ખમાવે, પાપ કર્મને પીલે રે, મુનિવર તુ મોરે મન વસિયો.
ઉદય આવ્યા નિજ કર્મ આલોવી, ધ્યાન જિનેસર ધ્યાવે રે,
ખડગે હણંતા કેવલ પામી, અવિચલ ઠામે જાવે રે, મુનિવર તુ મોરે મન વસિયો.'

શ્વાસની તકલીફ વધવા લાગી અને અડધી ઢાળ મુકીને નવકાર ધૂન ચાલુ કરી. થોડી-થોડી વારમાં બન્ને ગુરૂદેવ બાળમુનિને સાવધાન કરતા હતાં - ''સાંભળો છો ?... સાવધાન છો ?... હિમ્મત રાખજો...'' બાળમુનિ બધી વાતનો પ્રતિભાવ આપતા હતા.

અચાનક બાળમુનિ બોલ્યા ''ગુરુ મહારાજ !... ગુરુ મહારાજ !...'' ગુરુદેવે કાન પાસે જઈ પૂછ્યું ''બાળમુનિ ! શું થાય છે ?''

''ગુરુમહારાજ ! શ્વાસમાં તકલીફ થાય છે.''



અત્યાર સુધી કોઈ પણ ફરિયાદમાં પૂ. ગુરુદેવ સાંત્વના આપતા હતાં પણ, પરિસ્થિતિ પામી ગયા હોવાથી **હવે ગુરુદેવે ગંભીરતા સાથે કહ્યું - ''જુઓ બાળમુનિ ! હવે આ તકલીફ તો વધશે... હવે એને ભૂલી જાઓ, એને વિચારવું બંધ કરી દો. હવે માત્ર અરિહંત - અરિહંતનું રટન કરો, માત્ર અરિહંત એક શરણ છે,** બીજું બધુ ભૂલી જાઓ, બસ અરિહંત - અરિહંત.''

થોડી જ વારમાં બાળમુનિએ કહ્યું - ''ગુરુમહારાજ ! કાન બંધ થાય છે.'' ''વાંધો નહિ, જેટલું સંભળાય તે સાંભળજો.'' ગુરુદેવે જવાબ આપ્યો.

ગુરુદેવે હિમ્મત રાખવા કહ્યું અને બાળમુનિ પણ ગજબના હતા, એજ ક્ષણે વાત સ્વીકારી લીધી. **હવે તકલીફ વધવા પર 'પ્રભુ... પ્રભુ...'નું રટણ કરવા લાગ્યા.** આ પ્રભુ - પ્રભુની રટણ સાંભળી અમને બધાને આનંદ થયો કે બાળમુનિ સાવધાન થઈ ગયા છે. બાળમુનિના મુખ પર કોઈ ગ્લાનિ, ખેદ, ચિંતાની નિશાની દેખાતી ન હતી. વેદના કેંદ્રિત માનસ હોય તો વ્યક્તિ ડૉક્ટરને યાદ કરે અને સમાધિ કેંદ્રિત માનસ હોય તો વ્યક્તિ ગુરૂદેવને યાદ કરે. અત્યાર સુધી તકલીફ હતી પણ બાળમુનિ ડૉક્ટરને નહિ, ગુરૂદેવને યાદ કરી રહ્યા હતા.

ગુરુદેવની વાણી સાંભળી બાળમુનિ સાવધાન થઈ ગયા. આ કમાલ છે આટલા વર્ષના ગુરૂસમર્પણ ભાવનો. તકલીફ ભલે વધી પણ ગુરૂ સમર્પણભાવના કારણે જીવનની છેલ્લી હિતશિક્ષાનું પણ બાળમુનિએ આચરણ કરી બતાવ્યું, ખરેખર એમણે સાચું શિષ્યત્વ સાધી બતાવ્યું.

યાદ આવે છે સમતાસાગર પ.પૂ. **પં. પદ્મવિજયજી મ.સા.** છેલ્લી ક્ષણોમાં જ્યારે પીડા વધવા લાગી ત્યારે પૂ. **ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરિજી મ.**એ પોતાની કુશળ નિર્યામણાના બળે હિતશિક્ષા આપી જાગૃત કર્યા અને પૂ.પં. પદ્મવિજયજી મ.સા.એ cancer ની અસહ્ય પીડા વચ્ચે પણ સમાધિને સિદ્ધ કરી બતાવી. બાળમુનિને cancer નો રોગ નહીં પણ બાલ્યવયમાં આ પરિસ્થિતિનો ભેટો થવો cancer થી ઓછું ન કહેવાય, અને આ સ્થિતિમાં પણ સમર્પણભાવના બળે, તેઓએ હિતશિક્ષાને આત્મસાત્ કરી બતાવી. **મુનિશ્રી મૌર્યરત્નવિજયજી**એ અરિહંત ધૂન ચલાવી, બધા ઝીલાવતા હતા.



''એક જ આધાર અરિહંત-અરિહંત,
સંસારમાં સાર અરિહંત - અરિહંત,
અરિહંત - અરિહંત - અરિહંત - અરિહંત.''

તકલીફ વધવા માંડી એટલે મેં બાળમુનિનો ડાબો હાથ પકડી લીધો એમણે પણ કસીને મારો હાથ પકડ્યો. મુનિશ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.એ એમના જમણા હાથમાં ઓઘો પકડાવી રાખ્યો અને બન્ને ગુરૂદેવશ્રી એમની પાસે બેસી માથા અને છાતી પર હાથ ફેરવતા હતા. ધર્મપિતાશ્રી હિતેશભાઈ પણ બાજુમાં રહી બાળમુનિના માથે હાથ ફેરવતા હતા. હું એમના હાથ પર હાથ ફેરવતો રહ્યો. થોડી અકળામણ એમને થવા લાગી, છેલ્લે બેભાન થયા, આંખો બંધ થઈ પણ મોઢાથી પરાણે શ્વાસ ચાલુ હતો. થોડી વારમાં **ગુરૂદેવશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ના દર્શન કરાવ્યા અને બાલમુનિએ આંખ ખોલી. આ એમની છેલ્લી ચેષ્ટા હતી. ડૉક્ટરે તપાસ કરીને અમારી નવકાર-ધૂન અટકાવતા જણાવ્યું કે એમણે પરલોક પ્રયાણ કરી દીધું છે.

પ્રાયઃ ૨.૩૦ વાગ્યાનો બપોરનો સમય હતો.

આજે અષાઢ સુદ ૫, પ્રભુ મહાવીરનો ચ્યવનકલ્યાણક (૬નો ક્ષય હોવાથી), બપોરે ૨.૩૦ વાગે રવિયોગ અને સિદ્ધિયોગનો સુમેળ, આ ત્રિવેણી સંગમે બાળમુનિએ પ્રયાણ કર્યું.

જાહેરાત થતાં જ રાજુભાઈ (મોટા કાકા) બાલમુનિના ચરણોમાં ઢળી પડ્યા.

દક્ષાબહેન પોતાનું રડવું અટકાવી ન શક્યા પણ એમણે વીરમાતા થઈ મોટા આવાજે જાહેરાત કરી ‘‘કોઈએ રડવું નહીં, મારો દીકરો પરાક્રમ કરી વીરગતિ પામ્યો છે, કોઈએ રડવું નહીં...’’

પાર્થિવ દેહની નજીક જઈ માતાએ આશીર્વાદ આપ્યા ‘‘જલ્દી જલ્દી મુક્તિ વધૂને વરજો.’’

સમાધિમૃત્યુના દર્શન કરી બધા અવાક્ બની ગયા. બાળમુનિના આ પરાક્રમ સામે બધા નતમસ્તક થઈ ગયા. વાયુ વેગે ચારે દિશામાં સમાધિમરણના સમાચાર પહોંચી ગયા.

નાનકડા જીવનમાં પણ ઘણું મેળવી લીધું.
દીર્ઘ સંયમ, શાસ્ત્રોનો ગહન અભ્યાસ,
મોટી તપશ્ચર્યા, શાસન પ્રભાવના,
પ્રભાવક પ્રવચનો,
આ બધું કર્યા પછી પણ જેની અભિલાષા રહે છે, એ વસ્તુ એમને આ બધુ કર્યા વગર જ પ્રાપ્ત થઈ ગઈ.

ઘણાના મનમાં આજ અનુભવ હતો કે ‘‘અમે સંયમના ૬૦ વરસમાં જે ન પામી શકીએ, એ માત્ર ૬ વરસના પર્યાયમાં એમને મળી ગયું. અમને ચિંતા છે કે આવું સમાધિમરણ અમને મળશે કે શું ?’’

બીજાને ઈર્ષ્યા આવે એવું જીવન જીવનારા તો ઘણા હોય છે, પણ ઈર્ષ્યા આવે એવું મરણ પામનારા તો આ મુનિરાજ શ્રી દાનરત્નવિજયજી મ.સા. જેવા કો’ક જ હોય છે.

**‘‘પ્રભુ ! મારું શેષ જીવન તુજને આપુ છું,**
**પણ બદલામાં આવું મોત માંગુ છું...’’**





## ૫૫ એક સાચી વાત કહું ?....

બપોરે ૨.૩૦ વાગે બાળમુનિ કાળધર્મ પામ્યા અને બીજી જ ઘડીએ ચારે દિશામાં સમાચાર વાયુ વેગે પ્રસરવા લાગ્યા. ‘બાળમુનિ’ અને ‘કાળધર્મ’ આ સંયોજન લોકોના ગળે ઉતરતા વાર લાગતી હતી. આશ્ચર્ય, આઘાત, શોક, આક્રંદ આવા અનેક જાતના અનુભવોથી લોકો ઘેરાવા લાગ્યા. સમાચાર મળતા જ કેટલાક લોકો ભીની આંખે, રડતે હૈયે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા લાગ્યા. કલ્પના પણ ન હતી પણ જે બન્યું તેથી બધાના હૃદય દ્રવિત થઈ ગયા. ઘણા ભાવિકોનો એવો અનુભવ હતો કે સાંજે વાપરવા બેઠા પણ ગળે કોળીઓ ઉતરતો ન હતો.

અનેક આચાર્ય ભગવંત, સાધુ-સાધ્વીજી ભગવંતોના પત્રો અમને પ્રાપ્ત થયા. બાળમુનિના આ પરાક્રમને બધાએ ભાવભીનું નમન કર્યું. સુરતના એક યુવાન શ્રાવકનો પત્ર નજરે ચઢી જાય તેવો હતો. તેણે જણાવ્યું હતું કે ‘‘મેં બાળમુનિના સ્વાસ્થ્ય માટે ઘણા સંકલ્પો કર્યા હતા. તેમાંથી એક હતો **બ્રહ્મચર્ય વ્રત.**’’

તેણે બાળમુનિની સ્વસ્થતાના સપનાઓ તો ઘણા જોયા હતાં. કલ્પના પણ ન હતી અને સમાચાર મળતા તીવ્ર આઘાત લાગ્યો. એક શ્રાવક માટે યુવા અવસ્થામાં આટલો ત્યાગ કરવો તે કલ્પનાતીત ઘટના છે. બાળમુનિ સ્વસ્થ થઈને પોતાની આરાધનામાં પુનઃ જોડાય એ ભાવના કેવા તીવ્ર અહોભાવ સાથે એમણે ભાવી હશે તે આ પત્રથી અમને ખ્યાલ આવ્યો.

પ્રતિક્રમણ બાદ રાતે હિતેશભાઈ અને એમના એક સ્નેહી વ્યક્તિ ગુરૂદેવ પાસે બેઠા હતાં. વાત વાતમાં તે ભાઈએ ગુરૂદેવને કહ્યું ‘‘સાહેબજી ! એક સાચી વાત કહું !’’

‘‘બોલો !’’ ગુરૂદેવે અનુજ્ઞા આપી.

‘‘સાહેબજી ! હું ઘણા વખતથી હિતેશભાઈને આગ્રહ કરતો હતો, કે કાંઈ સુધારો થતો નથી તો બાળમુનિને હવે પાછા ઘરે... અને પછી ઈલાજ કરીને જોઈએ, તો કદાચ સુધારો થઈ જશે. પણ હિતેશભાઈએ ક્યારેય મારી વાત ન માની. તબિયત ઘણી બગડી ત્યારે પણ મેં ઘણો આગ્રહ કર્યો. પણ આપ તો એમને ઓળખો જ છો, એમને આવી નબળી વાત ગળે ન ઉતરે.’’

હું આવું બધુ વિચારતો હતો પણ સાહેબજી ! અહીં આવીને મેં જે જોયું... સાહેબજી ! આવી સેવા ઘરમાં કોઈ શ્રાવક ન કરી શકે. આ છેલ્લો માહોલ જે જોયો, મને થઈ ગયું કે **‘‘૫ વરસ વહેલા મરવું સારું પણ મૃત્યુ તો આવું મળજો !** ખરેખર આવું દૃશ્ય જીંદગીમાં ક્યારેય જોવા ન મળે. આવુ મૃત્યુ તો કોઈ નસીબદારને જ મળે.’’ બહુજ સરળતા સાથે ભાવિકે પોતાના અપરાધનો સ્વીકાર કર્યો. **ખરેખર બાળમુનિએ કોઈ પણ ઉપદેશ વગર માત્ર પોતાના જીવનથી બધાને બોધ આપી દીધો.**

પ.પૂ.આ.ભ. **શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.**
તથા મુનિ **શ્રી દાનવલ્લભવિજયજી મ.સા.** એ બાળમુનિના
સ્વાસ્થ્યના સંકલ્પથી ૩ દિવસ વિશિષ્ટ જાપ તથા અર્હદ્ મહાપૂજનનું
જિનભક્તિ અનુષ્ઠાન કર્યું હતું.

Operation વખતે મુનિ **શ્રી ગીતાર્થરત્નવિજયજી મ.સા.** તથા
મુનિ **શ્રી યશરત્નવિજયજી મ.સા.**ની યાદગાર સેવા રહી.
બાળમુનિના સ્વાસ્થ્યના સંકલ્પથી પૂ. મુનિ **શ્રી જિનેંદ્રરત્નવિજયજી મ.સા.**,
પૂ. મુનિ **શ્રી ગણધરરત્નવિજયજી મ.સા.**, પૂ. મુનિ **શ્રી ત્રિભુવનરત્નવિજયજી મ.સા.**
આદિ સાધુ ભગવંતોએ અનેક આરાધના તપ-ત્યાગ આદિ કર્યા હતાં.

બાળમુનિના કાળધર્મના અઠવાડિયા પહેલા જ્યારે તબિયત વધારે નાદુરસ્ત થઈ, તે સમયે અમારા **ગુરૂદેવશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.**ના આજ્ઞાનુવર્તી પ્રવર્તિની સા. **શ્રી પુણ્યરેખાશ્રીજી મ.સા.** એ બાળમુનિના સંકલ્પથી અનેક આયંબિલ કર્યા હતા.

અમળનેર ચાતુર્માસાર્થે સ્થિત સા. **શ્રી લલિતાંગરેખાશ્રીજી મ.સા.** તથા સા. **શ્રી દીપેશરેખાશ્રીજી મ.સા.** આદિઠાણા ૧૮, બાલમુનિના સંકલ્પથી ૧૦૮ અઠ્ઠમ, ૧૦૮ શુદ્ધ આયંબિલ, ૧૦૦૮ આયંબિલ, સવાલાખ નવકાર મંત્ર જાપ, ૯ લાખ 'नमो जिणाणं जिअभयाणं' જાપ, ૯ લાખ કલાક સ્વાધ્યાય, ૯ હજાર કલાક મૌન - આટલી આરાધના કરવાનો સંકલ્પ કરી બાળમુનિને જણાવ્યું હતું, જે સાંભળી બાળમુનિ ખૂબ ખુશ થયા હતાં અને એમના પ્રત્યે ઉપકાર ભાવ વ્યક્ત કર્યો હતો. પૂર્વે પણ વર્ષ ૨૦૧૯ ના ચાતુર્માસમાં આ સાધ્વીજી ભગવંતોએ બાળમુનિના સ્વાસ્થ્યના સંકલ્પથી ૪ મહિના સુધી સાંકળી અટ્ઠમ કર્યા હતા અને છુટી-છુટી રીતે પ્રાયઃ ૫૦ અટ્ઠમ કર્યા હતા.

૫ મહિના સાંકળી શુદ્ધ આયંબિલ, સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી અખંડ જાપ - ૧ વાર ૩ દિવસનો, ૨ વાર ૨ દિવસનો, ૧ વાર ૧ દિવસનો - આ બધી આરાધના સાંભળી બાળમુનિ આનંદિત થતા અને નતમસ્તક થઈ આ સાધ્વીજી ભગવંતોની ભાવનાને વંદન કરતા હતા.

સૌથી વિશેષ આ ૧૮ ઠાણાના વડીલ સા. **લલિતાંગરેખાશ્રીજી મ.સા.** પોતે ૪ મહિના સુધી રોજ ''नमो जिणाणं जिअभयाणं'' ની ૧૨૫ માળા બાળમુનિના સંકલ્પથી ગણતા હતા.

- વાગડ સમુદાયના સા. **શ્રી જયદર્શનાશ્રીજી મ.સા.** એ બલસાણા તીર્થમાં બાલમુનિના સંકલ્પથી અઠ્ઠમતપયુક્ત વિશિષ્ટ જાપ કર્યો હતો.
- સા. **શ્રી અમિતરેખાશ્રીજી મ.સા.** આદિઠાણા ૬, જેમનું ચૌમાસું (૨૦૨૦) જવાહર નગર જોડે હતું તેમણે બાળમુનિના સંકલ્પથી સવા લાખ ''ॐ अर्हं नमः'' નો જાપ કર્યો હતો.
- સા. **શ્રી ઋજુરેખાશ્રીજી મ.સા.**એ ૬ મહિનાથી વધુ બલસાણા મંડણ શ્રી વિમલનાથ સ્વામીનો જાપ કર્યો.
- સા. **શ્રી અર્પણરેખાશ્રીજી**, સા. **શ્રી હિમાંશુરેખાશ્રીજી**, સા. **શ્રી તત્ત્વાંશુરેખાશ્રીજી**, સા. **શ્રી ધર્માંશુરેખાશ્રીજી**એ જાપ સહિત અનેક શુદ્ધ આયંબિલ કર્યા. સવા લાખનો 'નમો જિણાણં', 'વિમલનાથ ભગવાન' આદિનો જાપ તથા એક લાખ નવકારનો જાપ કર્યો.

**આ બધાની સદ્ભાવના બાળમુનિની સમાધિ માટે સહાયક બની રહી.**





## ૫૬ ના મહારાજ સાહેબ ! આપની વાત ખોટી છે....

બાળમુનિના કાળધર્મ બાદ મુનિ **મૌર્યરત્નવિજયજી મ.સા.** પાસે ઉભા Dr. Vaibhav Shah એ બાળમુનિની પરિચાયક માહિતી લીધી અને મૃત્યુના ૩-૪ કારણ જણાવી Death Certificate પર સહી કરી. સહી પૂરી થઈને તરત Pen છૂટી ઉડતી મૂકી. Pen નીચે પડે એની પહેલા પોતાનો રોષ વ્યક્ત કરતા તે બોલ્યા ''આના પણ signature કરવા પડતા હોય છે !''

બીજા દિવસે ડૉક્ટરના પિતાજી ઉપાશ્રયે આવ્યા હતાં. એમણે મોટા ગુરૂદેવને જણાવ્યું કે ''સાહેબજી ! ગઈ કાલે વૈભવ ખૂબ રડ્યો. કોઈ દિવસ નહીં પણ કાલે ખૂબ રડ્યો, ઘણા દર્દીઓને તપાસે છે, પણ કાલે ઢીલો પડી ગયો.'' અમને પણ જાણીને આશ્ચર્ય થયું કે અહીં તો બહુ જ સ્વસ્થ દેખાતા હતા. બધાને આશ્વાસન પણ આપતા હતા અને ઘરે જઈને શું થયું ?

થોડા દિવસ બાદ ડૉક્ટર પોતે ઉપાશ્રયે આવ્યા. મોટા ગુરુદેવે એમને પૂછ્યું ''કેમ તમે ઘરે જઈને ઘણા રડ્યા હતા, મેં સાંભળ્યું ?''

''આપને કોણે વાત કરી ?''

''તમારા પપ્પા આવ્યા હતા.''

''સાહેબજી ! આટલા દિવસ અવર-જવર થવાથી થોડું attachment થઈ ગયું હતું. એમના સંસારી પિતાજીએ પણ અગ્નિસંસ્કાર માટે મને ઘણો આગ્રહ કર્યો હતો. હું પાલખીમાં હાજર હતો, પણ ત્યાં નહીં ગયો. હું અંદરથી બહુ પોચો છું. (પોતાની વેંત ઉંચી કરતા કહ્યું) મેં સાહેબ ! આટલા બધા certificate આપી દીધા છે, પણ ત્યાં જઈને આમ દાહ આપવો એ નથી થતું. એટલે હું ન ગયો. હું જોઈ ન શકું ! પણ તમે બધા તો સ્વસ્થ છો ને ?''

"હા ! હવે બધા સ્વસ્થ થઈ ગયા છે."

"તમે ખૂબ સેવા આપી. તમે હતા એટલે તમારા ભરોસે અમે અહીં જ રાખવાનો નિર્ણય લીધો. સરસ સેવા આપી તમે, તમારા ભાવ બહુ ઉત્તમ છે. તમે હતા એટલે એમનું બધું સચવાઈ ગયું..."

વાત પૂરી થાય તે પહેલા જ વાત કાપતાં ડૉક્ટર બોલ્યા, "**ના, મહારાજ સાહેબ ! આપની વાત ખોટી છે,** આ બધુ એમનું પુણ્ય હતું એટલે થયું છે. આપણો કર્મ સિદ્ધાંત યાદ રાખો સાહેબજી ! હું તો ખાલી નિમિત્ત છું, હું કાંઈ જ ન કરી શકું. એમના પુણ્યે મારી પાસે કરાવ્યું. આપણે કાંઈ ન કરી શકીએ. એમના પુણ્યે આપને, મને, બધાને કામે લગાડ્યા." અમને આશ્ચર્ય સાથે આનંદ થયો કે, ગજબના શાસનપ્રેમી ડૉક્ટર છે.

તેમને વાત આગળ ચલાવી "સાહેબજી ! બાળમુનિ એવા ગજબના હતાં એમની આગળ હું શું છું ? હું એમને સોય લગાવું, Injection આપું તોય એ કાંઈ જ પ્રતિભાવ આપતાં ન હતા. હસતાને પ્રસન્ન જ રહેતા હતા, છેલ્લે સુધી કેવા પ્રસન્ન હતા. બાકી સાહેબ ૯૦ વરસનો ઘરડો હોય ને, એ પણ ડૉક્ટર પાસે ભીખ માંગે 'મને જીવતો રાખો, ગમે તેમ કરીને' મૃત્યુ તો ઘણા જોયા, પણ આવું ઉત્તમ સમાધિમરણ ક્યાં જોવા મળે ? મને એક જ દુઃખ છે આજે એ રહી જાત તો આપની પાસે પડેલા આ શાસ્ત્રોનું અધ્યયન કરત, એમ તો ઘણા Brilliant હતાં. કેટલાયને ઉપદેશ આપત, કેટલાનું કલ્યાણ કરત. પણ એ બધુ કર્યા પછી પણ જે જોઈએ એ એમને મળી ગયું. એનો આનંદ છે. બધુ સાંભળ્યું, ચતુર્વિધ સંઘના દર્શન કર્યા, બન્ને ગુરૂદેવ અને સાધુ ભગવંતોના મોઢે નવકાર સાંભળતા આમ મહોત્સવપૂર્વક ગયા છે. Hospital માં ક્યાં આવો માહોલ થવાનો ? સાહેબ ! આપે સૌથી શ્રેષ્ઠ નિર્ણય લીધો.



સાહેબજી ! હું મારા મનમાં પૂછું કે "બાળમુનિ ક્યાં છો તમે ? શાતામાં છો?" તો એમનો હસતો ચેહરો કહે છે શાતામાં છું, દેવલોકમાં છું.

સાહેબજી ! મારૂં મન તો આવું જ કહે છે."

આ જિનશાસનના સેવાભાવી ડૉક્ટર છે, જે બોલાવ્યા વગર પણ બાળમુનિને જોવા આવી જતા અને કહેતા કે 'આપ બોલાવો અને હું આવું એ તો મારી ડૉક્ટર હોવાની ફરજ છે, પણ વગર બોલાવ્યે હું આવું તો મને સેવાનો ચોક્ખો લાભ મળે.'





૫૭

# સમાધિનો આધાર સ્તંભ....

બાળમુનિના સમાધિમૃત્યુનું સૌથી મોટું કોઈ કારણ હોય, તો તે છે એમનું સમાધિમય જીવન. જીવનમાં ક્યારેય બાળમુનિએ -

(૧) કોઈની નિંદા કરી નથી.

(૨) કોઈના પ્રત્યે દુર્ભાવ સંગ્રહી રાખ્યો નથી.

(૩) કોઈને દુર્ભાવ થાય, તેવો વ્યવહાર કર્યો નથી.

(૪) ગુરૂદેવથી કશું છુપાવ્યું નથી.

(૫) ભૂલ બતાવવામાં આવે, ત્યારે ખોટો બચાવ ન કરતા સહજ સ્વીકાર કર્યો હતો.

બન્ને ગુરૂદેવના હૃદયમાં વાસ બાળમુનિએ કર્યો તે તેમના જીવનની સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ હતી અને એ ગુરૂકૃપાના પ્રભાવે અંતસમય સુધી સમાધિ અકબંધ રહી.

ક્યારેય એમણે જીવનમાં આવી રહેલા કષ્ટોની સામે હાર માની ન હતી. બધા ઉપચાર કર્યા બાદ પણ સુધારો ન થયો, તોય ક્યારેય મરણના વિચાર નથી કર્યા અને મૃત્યુ સામે આવ્યું ત્યારે જીવન માટે શોક નથી કર્યો. જે પરિસ્થિતિ આવી તેને સ્વીકારી લીધી. આ મનોવૃત્તિના પાયામાં છે અમારા બન્ને ગુરૂદેવશ્રી.



બન્ને ગુરૂદેવશ્રીએ શરૂઆતથી જ એમનું એ પ્રકારનું ઘડતર કર્યું હતું કે પોતાના લક્ષ્યની વિસ્મૃતિ ક્યારેય ન થાય. અસ્વસ્થતા આવી, તો એમણે એટલું જ સમજાવ્યું કે અસ્વસ્થતા શરીરને આવી છે, તમે હજું સ્વસ્થ રહી શકો છો. ઉપચાર કરવા છે તોય લક્ષ્ય આપ્યું કે આરાધના સારી થાય માટે ઉપચાર કરવો છે. ખૂબ જ વાત્સલ્ય આપી એમને તૃપ્ત કર્યા હતાં. માટે જ તો બાળમુનિ કહેતા હતા કે "આટલા ઉપચારો કર્યા, અને આવી પરિસ્થિતિ મારી સર્જાઈ ગઈ, છતાં માત્ર મારી સમાધિ જ નહીં, હું પણ જીવંત છું, તો આ ગુરૂદેવશ્રીની કૃપાથી" સૌથી છેલ્લે અંતસમય સુધી સમાધિના પૂરેપૂરા પ્રયાસ કરી સફળતા પ્રાપ્ત કરી. એક આદર્શ ગુરૂના દરેક કર્તવ્યો બજાવી, જે ભાવથી દીક્ષા આપી તે ભાવ સફળ થયો છે.

વંદનાર્થે આવેલ સા. **શ્રી ઋજુરેખાશ્રીજી મ.સા.** સમક્ષ બાળમુનિના પોતાના આ શબ્દો હતા. ''ગુરૂમહારાજ સતત મારી ચિંતામાં હોય છે... તન્મય થઈ જાય છે...''

''૪ મમ્મી બરાબર ૧ મમ્મી છે.''

''ગુરૂમહારાજ મારી સાથે હશે તો મને સમાધિ રહી જશે.''

બાળમુનિની આ કૃતજ્ઞતા પ્રત્યે ગુરુદેવશ્રીનો એક જ જવાબ રહેતો ''આ બધા સેવા કરે છે, બાકી હું એકલો તો શું કરી શકું?'' ત્યારે પૂર્ણ વિશ્વાસ સાથે બાળમુનિ બોલી ઉઠતા કે **''ગુરુ મહારાજ ! આપ એકલા શું ન કરી શકો એ પ્રશ્ન છે?''** આ ગુરુશિષ્યના સંવાદના સાક્ષી બનવું પણ અમારા માટે એક લ્હાવો હતો.

મુનિ **શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.**એ ૪ વર્ષ સુધી માત્ર સેવા નહીં, પણ પૂરી લાગણી સાથે સેવા કરી છે. કદાચ બાળમુનિને ઠોકર લાગી હશે તો દુખાવો એમને થયો હશે. અખંડપણે નિત્ય જાપ સાથે એમની સેવા કરી છે. સેવાની સાથે ૩-૩ આયંબિલ તથા અટ્ઠમતપયુક્ત જાપાદિ અનેકવાર તેમણે બાળમુનિના સંકલ્પથી કર્યા હતા.

બાળમુનિના શબ્દો :-

''મારી આવી સેવા કરે છે, કે મારે વળવુંએ નથી પડતું. માં પણ ન કરે એવી સેવા મારી કરે છે.''

**મુનિશ્રી મૌર્યરત્નવિજયજી મ.સા.**એ છેલ્લે મહિને ખૂબ ઉત્તમ સેવા કરી. અલ્પકાળ પણ ખૂબ મહત્ત્વની સેવા કરી છે. બાળમુનિને સમાધિ માટે ભાવનાઓ કરાવવી, ઉપદેશ સંભળાવવો, વાર્તાઓ સંભળાવવી વગેરે અને અંતકાળે નિર્યામણા સમયે વચ્ચે-વચ્ચે માર્મિક સમજૂતી, સૂચનો અને સંવેદનાઓ કરાવી બાળમુનિની પ્રસન્નતાને દઢ કરી હતી.

પૂ.પં. **ધર્મરત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી ત્યાગીરત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી કુંથુરત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી નિરંજનરત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી બોધિરત્નવિજયજી મ.સા.**, મુનિ **શ્રી લાભેશરત્નવિજયજી મ.સા.** આ બધા મહાત્માઓએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે બાળમુનિની સેવા-યજ્ઞમાં સ્વ-સ્વ સ્થાનાનુસાર આહુતિ આપી છે. જે કારણે બાળમુનિની અંતસમયની સમાધિ માટેના પડકારને જીતવામાં અમે સફળ થયા.



## ૫૮ ૨ શ્રાવકોની શ્રેષ્ઠ વૈયાવચ્ચ...



જાન્યુઆરી મહિને મુંબઈ આવ્યા બાદ, પૂ.આ.ભ. **શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.**એ Dr. Shyam ને મુંબઈ બોલાવી બાળમુનિને તપાસવા કહ્યું. તે રાતે Dr. Shyam બાળમુનિને તપાસવા આવ્યા. એમણે અમુક આયુર્વેદિક ઉપચારો બતાવ્યા. એ સમયે ભીવંડીથી **અરુણભાઈ** અમને વંદન કરવા આવ્યા હતાં. એમણે આ ઉપચારો આદિ સાંભળીને મને વિનંતિ કરી ''મહારાજ સાહેબ ! આ બધા ઉપચારો કરવાના છે માટે હવે હું જોડે રોકાઈ જઉ છું.'' અને તે દિવસથી માંડી સળંગ ૫ મહિના સુધી અમારી જોડે રોકાયા. માત્ર ૨ વાર કુળ ૩ અઠવાડિયા પોતાના ઘરે રોકાયા. બાકીના બધા દિવસો ઘર-પરિવારને પિતાજી અને શ્રાવિકાના ભરોસે મૂકીને અમારી જોડે રહ્યા અને અખંડપણે બાળમુનિની સેવા કરી ભરપૂર લાભ લીધો. ૨૪ કલાકની પૂરી વૈયાવચ્ચ કરી તેમણે બાળમુનિના અંતરના આશીર્વાદ મેળવ્યા. જ્યારે પણ બાળમુનિ અરુણભાઈને કહેતા ''અરુણભાઈ ! તમે મારી ખૂબ સેવા કરો છો ખૂબ ખૂબ આભાર !'' ત્યારે રમૂજી જવાબ આપી બાળમુનિને ખુશ કરી દેતા કે ''શું ? બાળમુનિ ! હંમેશા આભાર અને ધન્યવાદ જ આપો છો, કાંઈ માલ તો આપો ! ૪ મહિના થઈ ગયા છે, હજું પગાર મળ્યો નથી.''

ખરેખર ધન્યવાદને પાત્ર છે આ સુશ્રાવક જેમણે આટલા દીર્ઘકાલ માટે પોતાના સંસારનો રસ મૂકી દઈ, સાધુભગવંતની વૈયાવચ્ચમાં દિલથી લાભ લીધો. વધુ ધન્યવાદ તો એમના પરિવારને છે, એમના પિતાશ્રી સુરેશભાઈ તથા એમના શ્રાવિકા સિંપલ બહેનને, જેમણે હમેશા એમને અનુકૂળતા કરી આપી. ઘરમાં મોટી ઉંમરના અરૂણભાઈના દાદીજીએ વારંવાર પૌત્ર અરૂણભાઈને જોવા મળવાની ઈચ્છા વ્યક્ત કરવા છતાં માત્ર ફોનથી વાત કરાવીને સંતોષ અપાવ્યો. પરંતુ એમના ખાતર ઘરે આવી જવા આગ્રહ ન કર્યો. ઘરમાં કોઈને માંદગી આવી હોય તો પણ અરૂણભાઈની વૈયાવચ્ચમાં જરાય ઉણપ આવવા ન દીધી. આવા વૈયાવચ્ચપ્રેમી પરિવારને ધન્ય છે.

એમના સુપુત્ર વંશકુમારે પણ જોડે ભણવા રોકાઈને ૨ વર્ષ સુધી બાળમુનિની અવસરે-અવસરે સેવા કરી બાળમુનિના અંતરના આશીર્વાદ મેળવ્યા છે. બાળમુનિની wheelchair ચલાવવી હોય, ગોચરીની વ્યવસ્થા કરવી હોય, કે પછી દવાની વ્યવસ્થા કરવી હોય દરેક સમયે ઉત્સાહ અને લાગણી સાથે એમના ઉપચારોમાં સહાય કરી જબરદસ્ત લાભ લીધો છે.



બીજા વૈય્યાવચ્ચી ભાયંદરના **શ્રી જંબૂભાઈ**ને ધન્યવાદ છે. તેઓ પૂ. ગુરુદેવશ્રીના સંસારી ભાઈ છે. છેલ્લે ૪ મહિનાથી અમારી જોડે રોકાઈને બાળમુનિની અખંડપણે સેવાનો લાભ લીધો. માલીશ કરવી, પથ્ય આહાર, ઔષધ આદિ અનેક જાતની સેવા કરી બાળમુનિની સમાધિ સાચવી છે.



આ બન્ને વૈયાવચ્ચીઓએ છેલ્લે ૫ મહિનાથી અખંડપણે ૨૪ કલાકની સેવાનો લાભ લૂંટ્યો છે.

પૂ.પં. **શ્રી મોક્ષાંગરત્નવિજયજી મ.સા.**ના સંસારી ભાઈ સુશ્રાવક **શ્રી યોગેશભાઈ**એ ૧½ મહિના સુધી રોજ બાળમુનિની સેવાનો લાભ દિલથી લીધો છે. સવાર-સાંજ-રાત ત્રણે વારના ભેગા મળી કુળ ૩-૪ કલાક તે ઉપાશ્રયમાં રોકાઈ બાળમુનિની નાભિ-બસ્તિના ઉપચારમાં ઉલ્લાસપૂર્વકની સેવા, આજે એમણા માટે જીવનની અવિસ્મરણીય પળો બની ગઈ છે.

- પૂ.આ.ભ. **શ્રી કુલચંદ્રસૂરિજી મ.સા.**ના સંસારી પુત્ર કુમારપાળભાઈએ બાળમુનિના સ્વાસ્થ્ય માટે જુદા જુદા ડૉક્ટરોની Appointment લેવી, Hospital માં સુવિધાઓ પ્રાપ્ત કરવી વગેરે માટે લાગણીપૂર્વકની સક્રિયતા રાખી અનન્ય લાભ લીધો.

- સુખધામ તીર્થ (પોસાલિયા)ના નિર્માતા શ્રી બાબુલાલજીના સુપુત્ર શ્રી ધીરજભાઈએ કોઈ જાતની પ્રેરણા વગર પણ બાળમુનિના ઉપચારોની વ્યવસ્થા સાચવીને ઉત્તમ લાભ લીધો છે.

- **Dr. Vaibhav Shah (Goregaon)**
- **Dr. Saurabh Jain (Reliance Hosp.)**
- **Dr. Roshan Bhandari (Nandurbar)**
- **Dr. Shyam (Ahmedabad)**
- **Dr. Patrawala (Walkeshwar)**
- **Dr. M. M. Bhattacharya (Songadh)**
- **Dr. Neha Jaiswal**
- **વૈદ્ય શ્રી દેવચંદભાઈ ગાલા (માટુંગા)**
- **વૈદ્ય શ્રી મનોજભાઈ (સુરત)**
- **વૈદ્ય શ્રી આદિત્યભાઈ (સુરત)**
- **વૈદ્ય શ્રી નીતિનભાઈ (સુરત)**
- **Dr. M. M. Begani (Bombay Hospital)**
- **Dr. Dhiren Shah (Gowalia Tank)**
- **Dr. Shilpa Bhandari (Nandurbar)**
- **Dr. Farouque Master (Gowalia Tank)**
- **Dr. Bharat Bhai (Bardoli)**
- **Dr. Neeta Jain**
- **Dr. Sanjay Shah (Surat)**
- **વૈદ્ય શ્રી ભરતભાઈ (B.C.) (નવસારી)**
- **વૈદ્ય શ્રી ભૂષણભાઈ આગીવાલ (નંદુરબાર)**
- **વૈદ્ય શ્રી ગૌતમભાઈ (સુરત)**
- **વૈદ્ય શ્રી તુષારભાઈ (અમદાવાદ)**

આ ભાવિકોએ ઉત્તમ સેવાનો લાભ લીધો છે.

- **જવાહર નગર જૈન સંઘ**ના ટ્રસ્ટીગણ તથા સક્રિય યુવાનોએ ખડે પગે સેવા કરી હતી. વિશેષ કરી નીલેશભાઈ, પરેશભાઈ, રીંકુભાઈ, ધીરજભાઈ, કલ્પેશભાઈ, રાકેશભાઈ, ભાવેશભાઈ, સાગરભાઈ, ધર્મેશભાઈ, સત્યેનભાઈ, કેવીનભાઈ, મોક્ષિતભાઈ, ઈશાનભાઈ, દેવાંગભાઈ, ભાવિકાબેન આદિ ભાવિકોએ વૈયાવચ્ચનો સરસ લાભ લીધો હતો.

- **શ્રી સમ્યગ્ ઉપાસના જૈન સંઘ** (કાલાચોકી-લાલબાગ)ની સમજદારીને ખૂબ ધન્યવાદ છે. જેમણે બન્ને આચાર્યભગવંતનું ચોમાસું પોતાના સંઘમાં નક્કી થઈ ગયા છતાં જ્યારે બાળમુનિના ઉપચાર તથા સમાધિ હેતુ ગુરૂભગવંતોએ અન્યત્ર ચોમાસું કરવાનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે સમજદારીપૂર્વક તે વાત સ્વીકારી. ૨ આચાર્ય ભગવંતોનું ચોમાસું ૨ સાધુ ભગવંતના ચોમાસામાં ફેરવાઈ ગયું. આચાર્ય ભગવંતના ચોમાસા માટે સંઘમાં



અત્યંત ઉલ્લાસ અને આગ્રહભરી પુનઃ વિનંતી હોવા છતાં આચાર્યભગવંતની ઈચ્છાને વધાવી ટ્રસ્ટીગણે જિનશાસનને એક ઉત્તમ સમર્પિત સંઘનું આદર્શ પુરૂ પાડ્યું છે.

- **વ્યારા જૈન સંઘ** :- પ્રકાશભાઈ
- **શ્રી નંદુરબાર જૈન સંઘ** :- પોખરચંદજી શ્રીશ્રીમાલ, નેમાભાઈ, પ્રકાશભાઈ, વિરલભાઈ, નીલેશભાઈ, ભરતભાઈ, વિમલભાઈ, મનોજભાઈ, સુભાષભાઈ, સંજયભાઈ, વૈભવકુમાર, મોંટુકુમાર, સમકિતકુમાર, સુરેખા કવાડ, પ્રીતિબેન, મિતાબેન, નીતુબેન, પેરીનબેન, જૈનમ્, મિતેશકુમાર, સારિકા કવાડ
- **શ્રી ધુલિયા જૈન સંઘ** :- નીલેશભાઈ, રોહિતભાઈ, મયુરીબેન, શ્વેતાબેન
- શાસનરત્ન સુશ્રાવક શ્રી કુમારપાલભાઈ વી. શાહ તથા
- **ગોવાલિયા ટેંક જૈન સંઘ**ના ગિરીશભાઈ (મહાજન), સમીરભાઈ હેક્કડ, રીતેશભાઈ, રમણભાઈ, અશોકભાઈ, શ્રેયકભાઈ, કિરણબેન, દર્શનાબેન, નૃપલબેન, સીમાબેન, રીંકુબેન, ભૂમિબેન, ધારિણીબેન, રતનબેન, જયશ્રીબેન, જિતાબેન, જાગૃતિબેન
- શેષ મુંબઈના :- મહેશભાઈ (રોહિડાવાળા), પંકજભાઈ (પિંડવાડાવાળા), નરેશભાઈ (મહાત્મા), ચંદ્રકાંતભાઈ (દાદર), શ્રીપાલભાઈ (દાદર), દિલીપભાઈ (કાલાચૌકી), ભાવેશભાઈ (કાલાચોકી), પ્રકાશભાઈ, મદનભાઈ, પ્રદીપભાઈ, પ્રફુલભાઈ, સાગરભાઈ આદિ ઘંટાવાળા પરિવાર, જિતુભાઈ (દાદર), અમરીશભાઈ, પ્રકાશભાઈ (ગુંદેચા ગાર્ડન)
- **સુરત ઉમરા જૈન સંઘ** :- દીલીપભાઈ, પરેશભાઈ દાઢી, ભદ્રેશભાઈ, આશિષભાઈ, સુનિલભાઈ, રાજેશભાઈ, હીનાબેન, વર્ષાબેન, ભાવિતાબેન, કવિતાબેન, સ્મિતાબેન, ભારતીબેન, રેખાબેન, ડૉ. પ્રવીણ ભંડારી
- **ભટાર રોડ જૈન સંઘ** :- ગિરીશભાઈ, વિલીયમભાઈ, ચંદુભાઈ.
- **કૈલાશનગર જૈન સંઘ** :- વિનોદભાઈ, અનિલભાઈ, રાજુભાઈ, મોંટુભાઈ.
- **અઠવાગેટ જૈન સંઘ** :- અનિલભાઈ અને જિતુભાઈ વૈયાવચ્ચી.
- અડાજન પાટીયા :- જીગરભાઈ



- ભરતભાઈ ગુલેચ્છા (પાલી)
- અક્ષયભાઈ (વિજયવાડા)
- મયૂરભાઈ દોશી (દિલ્લી)
- સચિનભાઈ (રંગત Studio)
- સુનિલભાઈ બાલડ (ભીલવાડા)
- જનકભાઈ (માતર)

આદિ ભાવિકોએ દિલથી બાળમુનિની સેવા કરી હતી.

જવાહરનગર, ગોરેગામના **નગરસેવક (Corporator) શ્રી હર્ષભાઈ પટેલ**ના સહયોગના કારણે lockdown વખતે પાલખીયાત્રામાં શ્રદ્ધાળુઓની ભીડ હોવા છતાં પ્રશાસન તરફથી કોઈ જાતની પ્રતિકૂળતા ન થઈ.

## દાન-સંવેદના



પ્રશમપયોધિ સમતા સાગર, પ્યારા અમારા દાનમુનિવર !
દિલ તો તમારૂં ફુલશુ કોમલ, યાદ કરંતા નયન છલોછલ...

કર્ણ તમારા ઝંખે હરપલ, હિતવચનો ક્યાં ઝરશે કલકલ,
ચરણ તમારા દોડવા લાગે, ભક્તિ કરંતા થાક ન લાગે...

ઉપકારીના ઉપકારોને, ભીના હૈયે યાદ કરીને,
નયને ઝરંતા અશ્રુ ઝરમર, સંવેદન ઘટ થાયે ભરભર...

તર્કશક્તિ તો ગજબ મળેલી, તો યે કોમલતા પૂરી ખીલેલી,
ઋજુતા મુખ પર એવી છલકતી, યુગલિક જીવની તુલના કરતી...

કર્મ ઉદયથી રોગો આવ્યા ઉપચારો કોઈ કામ ન આવ્યા,
જે કોઈ શાતા પૂછવા આવે, આશ્વાસન દેઈ હરખાવે...

ક્યારેય નહીં ફરિયાદ કરેલી, સમ્યક્ સમજણ એવી વરેલી,
ઉપસર્ગો શરમાઈ ગયા તા, મંદરસમ જબ અડગ રહ્યા તા...

હું પણ અંશ છું વીરપ્રભુનો, સર્વસ્વીકાર છે પંથપ્રભુનો,
હું તો આતમ શુદ્ધસ્વામી, પ્રભુજી મારા પરમપ્રભાવી...

ભાવના એવી હૃદયે ભાવી, કર્મોને પણ દે શરમાવી,
ક્રમે ક્રમે આશક્તિ વધી તી, આતમશક્તિ વધતી જતી તી...

વિદાયી આપની હૈયે વાગી, જાણે સૂર્ય જ ચાલ્યો ભાગી,
બાહિર દેહે વિદેહ થયા છો, પણ સ્મૃતિમાં સ્થિર રહ્યા છો...

ઈતિહાસ તમારો જગમાં ભારી ગાવશે ભાવિક સહુ નર-નારી,
જ્યાં સુધી આ ગગન ને વારી, **ત્રિભુવનમાં** રહેશે યાદ તમારી.

– મુનિ શ્રી ત્રિભુવનરત્નવિજયજી મ.સા.



## દુષ્કૃત ગર્હા
## સુકૃત અનુમોદના...




કાળધર્મના ૩ મહિના પહેલાની વાત છે... અમે Gowalia Tank રોકાયા હતા. બાલમુનિના શરીરની શક્તિ ઘટતી જ હતી. ખોરાક પણ ઓછો થતાં - થતાં હવે એક ટંકમાં માત્ર ૩ ચમચી જેટલું વાપરી શકતા હતા, પેટ ભરાઈ જતું. ઘણીવાર એમનું Sugar Level ઓછું થઈ જતું હતું, માટે વૈદ્યે એવી પરિસ્થિતિમાં શરબત વાપરવા કહ્યું હતું. બાલમુનિને પસંદ પડે તેવા શરબતના Powder જયણાપૂર્વક ઉત્પાદન કરનાર એક શ્રાવકના ત્યાંથી જંબૂભાઈએ મંગાવી બાળમુનિને ૪ Packet બતાવ્યા. મનગમતા શરબતના Powder જોઈને બાલમુનિ પહેલા ખુશ થયા પછી બીજી જ ક્ષણે મોઢાના હાવભાવ બદલીને મને કહેવા લાગ્યા ''આ શું છે ? જુઓ શું આવ્યું છે ?''

''શું આવ્યું ?'' મેં પૂછ્યું.

''આ પુદ્ગલ આવ્યો છે, પુદ્ગલ !'' આટલું બોલી હાથમાં રાખેલ Packet Table પર ફેકી દીધુ અને કહ્યું ''આ પુદ્ગલ છે, ફસાવનાર છે, હવે ૧૫-૨૦ મિનિટ પહેલા તો હાથમાં લેવા જ નથી. ચાલો! થોડા Round લગાવીને આવીએ.'' મારો હાથ પકડી ઉપાશ્રયમાં ચાલવા માંડ્યા. પોતાના મનમાં ઉત્પન્ન થયેલા રાગની તપાસ કરી રહ્યા હતા કે ''રાગ થયો છે તો થોડુ મનને રાહ જોવા દે ! ૨૦ મિનિટ પહેલા તો મનને એની ગમતી વસ્તુ નહીં જ આપું.''

ચાલતાં-ચાલતાં ગોચરી માંડલીમાં અમે પહોચ્યાં અને ત્યાં કહેવા લાગ્યા ''ગુરુ મ. ! આ શું. આવ્યું છે ? ૪-૪ પુદ્ગલ આવ્યા છે, ફસાવવા! **એક પુદ્ગલમાં કેટલી તાકાત છે ! આપણી આંખમાં ચમક લાવી દે છે.''**

સ્વાદિષ્ટ વસ્તુ રાગ કરાવે તે સહજ ઘટના છે પણ ઉત્પન્ન થતા રાગમાં ન ફસાઈ જવાની જાગૃતિ હતી એમનામાં !!! એ વધુ વાપરી શકતા ન હતા, પણ વપરાતી ૩-૩ ચમચીઓમાં પણ થતા રાગ માટે તે જાગૃત હતા અને વારંવાર તેની દુષ્કૃતગર્હા મનથી અને અમારી સામે વચનથી પણ કરતા હતા.

એમને પોતાના સુકૃતની અનુમોદના કરાવવી પડતી હતી કેમકે એ પોતે સુકૃત કરીને ભૂલી જતા હતા. એક દિવસ અશક્તિના લીધે થોડા અસ્વસ્થ હતા. મેં પાસે જઈને જરા સ્વસ્થ કરવા માટે થોડી વાતો કરી પછી એમને યાદ અપાવી ''બાળમુનિ ! ખ્યાલ છે ? આપણે બધા લાખોમાં એક છીએ.''

''કેમ ?''

''અરે ! લાખો નહીં, કરોડોમાં એક છીએ.''

''પણ કેવી રીતે ?''

''જુઓ, તમારો જન્મ થયો એ વખતે લાખોનો જન્મ થયો હશે, પણ આ રીતે જૈનકુળમાં સંસ્કાર મળવા, ઉત્તમ ગુરુદેવોનો ભેટો થવો, નાની ઉમરમાં સંયમ મળવું આ બધુ તો તમારા જેવા કોઈકને જ ભાગ્યથી પ્રાપ્ત થાય અને મળ્યા પછી પણ ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન થાય એવું તો એકેય ડગલુંભર્યું જ નથી. આજીવન ગુરુની આજ્ઞાની મર્યાદામાં

જીવ્યા, આવુ જીવન તો કરોડોમાં એક ને જ મળે ને ?'' સ્મિત સાથે મોઢું હલાવતાં મને હોંકારો આપ્યો - ''હં...'' આગળ વાત ચલાવતાં મેં કહ્યું ''શરૂઆતના ૩ વર્ષ તમે રાજસ્થાન મેવાડના દરેક ઠેકાણે ગુરુદેવ જોડે વિચરણ કર્યું. ઓળીઓ કરી અને તેમાં નિર્દોષ રીતે પાણી અને રોટલીથી પણ આયંબિલ કર્યા છતાંય આવતી કાલે શું મળશે એની કોઈ ચિંતા નહીં અને મસ્તીથી નિર્દોષ રીતે સંયમનો આનંદ માણ્યો હતો.'' તે દિવસો યાદ કરતાં એમના મોઢા પર ચમક આવી ગઈ. મોઢું પ્રસન્નતાથી ખીલી ઉઠ્યું.

''હવે અનુમોદના કરો તે દિવસોની, તે કરેલી આરાધનાની. યાદ કરો શરૂઆતના ત્રણ ચોમાસામાં અમે બધા સવારે પાઠમાં બેસી જતા હતા. ગુરુદેવને નવકારસીમાં વાપરવા માટે પાણી તમે લઈ આવતા હતા. કરો અનુમોદના...'' મધુર સ્મિત સાથે તે અનુમોદનામાં મગ્ન થયા.

''કોઈ પણ જાતનો વિકલ્પ કર્યા વગર તમે આજીવન એકાસણાનો અભિગ્રહ લીધો હતો. પરિસ્થિતિ બદલાઈ, પણ તમે તો આજીવન એકાસણાનો લાભ લઈ લીધો.''

ગુરુદેવની ઈચ્છાથી તમે ૩ ઉપવાસ કર્યા... ૩ વર્ષ સુધી દર સુદ પાંચમના ઉપવાસ કર્યા...

ગયા વર્ષ સુધી ગુરુદેવને સાંજે વાપરવું હોય ત્યારે મોટા ભાગે તમે જ ગોચરી લઈ આવતા, રોજે બીજી વાર ગોચરી લાવવી હોય ત્યારે તમે ગોચરી જઈને ૬-૭ માળ પણ ચઢીને મહાત્માઓની ઉત્તમ ભક્તિ કરી છે...

૩ વર્ષ સુધી માત્ર પાણીમાં કાપ કાઢ્યો છે, સાબુનો ઉપયોગ નથી કર્યો...

ગુરુદેવના કાપની પાછળ પોતાનો કાપ કાઢ્યો છે, પોતાનો Special અલગથી કાપ કાઢ્યો નથી...

ગુરુદેવના ઉતરેલા કપડા જ પહેર્યા છે, પોતે ક્યારેય નવા કપડાનો ઉપયોગ નથી કર્યો...''

''હા ! કેટલું બધુ કર્યુ છે ? મને તો ખ્યાલ જ નહીં. આ તો તમે યાદ અપાવ્યુ એટલે... મજા આવી ગઈ.''

''બસ ! તો હવે અશક્તિ છે તો શક્તિકાળે કરેલી આરાધનાને વાગોળો...''

''પ્રવૃત્તિકાળે સાધના, નિવૃત્તિકાળે સમાધિ'' સરસ્વતીલબ્ધપ્રસાદ **પૂ. રત્નસુંદરસૂરિજી મ.સા.**ના આ વચનનું અમલીકરણ બાળમુનિએ કરી બતાવ્યું. તેમની સુકૃત અનુમોદનામાં પણ વિશેષતા દેખાતી કે જ્યારે છેલ્લા દિવસોમાં તેમના સુકૃતોની તેમને યાદ અપાવતા અને પ્રશંસા કરતાં ત્યારે તે કહેતા. ''તે બધુ તો ઠીક છે.'' અને જ્યારે બીજા મહાપુરુષોની અનુમોદના કરતા ત્યારે એકદમ પ્રસન્ન થઈને એકચિત્તે સાંભળતા. **અર્થાત્ સુકૃત અનુમોદના અને સ્વપ્રશંસા એ બન્નેની ભેદરેખા એ સારી રીતે જાણતા હતાં.**

આસક્તિ અને અહંકારને મટાડવા અને અશુભ અનુબંધોને શિથિલ કરવા દુષ્કૃત ગર્હાનો એક માર્ગ...

તેમજ હતાશા - નિરાશાને દૂર કરી સકારાત્મક ચેતનાને પુષ્ટ કરવા તથા શુભ અનુબંધો પાડવા માટે બીજો માર્ગ સુકૃત અનુમોદના...

આ બન્ને માર્ગે સમ્યક્ રીતે ચાલીને બાલમુનિ પોતાની પ્રતિકૂળતાઓને ભૂલી જતા હતા.

''ધન ધન તે મુનિવરા રે ! જે જિન આણા પાળે,
રાગ-દ્વેષથી મુક્ત થઈને આતમશુદ્ધિ ભાળે...''

# બાળમુનિએ છેલ્લી વાર...

કાળધર્મના મહિના પહેલાની વાત છે... જવાહરનગર જૈન સંઘમાં અમે આવ્યા; ચાતુર્માસ પ્રવેશ થયો. પહેલા દિવસે સાગરભાઈએ બાળમુનિના સ્વાસ્થ્યને અનુકૂળ હોય એવી વસ્તુ વહોરાવીને લાભ લીધો. પણ પછી ઘણા દિવસ સુધી એમને લાભ ન મળ્યો. હવે તેમને તે વસ્તુ માટે લાભ આપવાના સંજોગ ન હતા. તેઓ રોજે ઉપાશ્રયે આવીને કરગરીને વિનંતિ કરે, પણ ખપ ન હોવાને લીધે ના જ પાડવી પડતી હતી. છેલ્લે એક દિવસે એણે ખૂબ વિનંતિ કરી પણ મારા સમજાવવાથી તે માન્યા નહીં. ૫-૧૦ મિનિટની રકઝક ચાલી પછી બાળમુનિએ સાગરભાઈને પોતાની પાસે બોલાવ્યા. એમને કહ્યું ''બેસો ! એક મિનિટ...'' એ બેઠા. ''હું કહું તે સાંભળો.'' આટલું બોલી બાલમુનિ પોતાના મધુર કંઠે મંદસ્વરે થોડો શ્રમ કરીને ગાવા લાગ્યા.



''જીરણ શેઠજી ભાવના ભાવે મહાવીર પ્રભુ ઘેર આવે...
ઉભી શેરીએ જલ છંટકાવે, જાઈ કેતકી ફૂલ બિછાવે,
નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઈ થાળ ભરાવે... મહાવીર પ્રભુ ઘેર આવે...''

ધીમી ગતિએ આવી ૧-૨ કડીઓ ગાવી. સાંભળીને સાગરભાઈ તો ત્યાં જ સંતુષ્ટ થઈ ગયા. એમનો મીઠો કંઠ સાંભળીને પ્રસન્ન થઈ ગયા.

''જુઓ સાગરભાઈ ! ભગવાનને ૪ મહિનાના ઉપવાસના પારણાની ભાવના જીરણ શેઠે ભાવી હતી અને પારણું કરાવ્યા વગર જ ભાવનાથી એમનું કલ્યાણ થઈ ગયું. તમને લાભ ભલે નથી મળતો, પણ રોજની તમારી આ ભાવનાથી જીરણશેઠની જેમ તમારું પણ આત્મકલ્યાણ થઈ જ ગયુ સમજો'' સાગરભાઈને સંતોષ થઈ ગયો. ગોચરીનો લાભ ન મળ્યો પણ બાળમુનિએ પોતાની મીઠી વાણીથી એનું મન દુભાવવા ન દીધું. ના પાડવાથી એના મનમાં પીડા થશે માટે પીડાનું નિવારણ કેવી રીતે કરવું એનો સરસ ઉપાય ગોતી કાઢ્યો.

બાળમુનિનો કંઠ એટલો મધુર હતો કે મોટા આચાર્ય ભગવંતો પણ એમણે ફરમાઈશ કરતા કે 'એક સ્તવન અથવા સજ્ઝાય સંભળાવો... !' હું સૌભાગ્ય સમજુ છું આ સાગરભાઈનો જેના માટે બાળમુનિએ ૨ કડી ગાવી સંભળાવી કેમકે **આ છેલ્લો પ્રસંગ હતો કે બાળમુનિએ ગાયન કર્યું હોય,** આ પછી ગાવા માટે એમની શક્તિ જ ન રહી.

૪ મહિના પૂર્વે ગોવાલિયા ટેંકમાં જ્યારે અમે રોકાયા હતા, ત્યારે બાલમુનિ ચાલતાં-ફરતાં હતા. ત્યાંના શ્રાવક પ્રતીકભાઈ અને એમના શ્રાવિકા સીમાબહેનના સુપુત્રે **મુનિ ગુણહંસવિજયજી મ.સા.** પાસે દીક્ષા લીધી હતી અને મજાની વાત કે એમના દીકરા મહારાજ પણ બાળમુનિ છે. હવે આ બાળમુનિની દીક્ષાતિથિએ એમના સંસારી માતાજી સીમાબેન ઉપાશ્રયમાં આવ્યા. આમ તો રોજે **મુ. દાનરત્ન વિ.મ.સા.**ને તે Fruit Juice વહોરાવતા હતા પણ આજે બદામનો શીરો લઈ આવ્યા.

મુ. દાનરત્નવિજયજીએ કહ્યું, ''મારું તો પાચન ખૂબ નબળું છે, તમે જાણો જ છો, મને આ બદામનો શીરો ન પચે.''

સીમાબેન કહ્યું ''આ આપના માટે નથી બનાવ્યો, નિર્દોષ છે. આજે મારા દીકરા મહારાજ સાહેબનો દીક્ષા દિવસ છે માટે અમારા ઘરે બદામનો શીરો બનાવ્યો છે, નિર્દોષ છે, માટે લાભ આપો.''

એમની ભાવના હોવાથી પ્રતિકૂળ હોવા છતાં બાળમુનિએ અડધી ચમચી જેટલો શીરો એમના સંતોષ ખાતર વહોર્યો અને વાપર્યો.

દીકરા મહારાજની દીક્ષા તિથિ હોવાથી સીમાબેનને સંતોષકારક લાભ આપવાની ભાવના બાળમુનિને હતી પણ અડધી ચમચીથી વધારે શીરો તે વાપરી ન શકે માટે એટલો જ વહોર્યો. પોતે બીમાર છે માટે ઉપાશ્રયે લાવી વહોરાવેલી ગોચરી બાળમુનિને ચાલે પણ બીજા મહાત્મા માટે અકલ્પ્ય છે માટે સીમાબેનને સંતોષકારક લાભ આપવાનો વિચાર કરીને એમના ગયા પછી વૈયાવચ્ચ તત્પર **મુનિશ્રી હિરણ્યરત્ન વિ.મ.સા.**ને બાળમુનિએ કહ્યું ''ચાલો ! આપણે સીમાબેનના ઘરદેરાસરે દર્શન કરી આવીએ અને એમના ઘરે ગોચરીનો લાભ પણ આપી આવીએ. આજે ભલે એમના દીકરા મહારાજ અહીં નથી, ચેન્નઈ છે પણ આપણે આજે એમના ઘરે જઈ લાભ આપશું તો એમણે ખૂબ આનંદ થશે.''

મુ. દાનરત્ન વિ.મ.ને એવો ભાવ હતો કે આ શ્રાવિકા મારી આટલી સેવાભક્તિ કરતા હોય તો આજે એમના ભાવોલ્લાસની વૃદ્ધિ કરાવવી મારી ફરજ છે. દાદરા ચઢવાની શક્તિ ન હતી, પણ વૈયાવચ્ચનિષ્ઠ મુનિ હિરણ્યરત્ન વિ.મ.સા. એ એમને ઉચકી ઘર દેરાસરે લઈ ગયા. અણધારેલી બાલમુનિની પધરામણીથી સીમાબેનના આનંદનો પાર ન રહ્યો. બાળમુનિએ એમના હાથથી શીરો વહોર્યો અને ઉપાશ્રયે આવી મહાત્માની ભક્તિ કરી. સીમાબેનનું ખરું સૌભાગ્ય કહેવાય કેમકે **આ છેલ્લો પ્રસંગ હતો કે બીજા મહાત્માની ભક્તિ કરવા માટે બાળમુનિ કોઈના ઘરે ગોચરી વહોરવા ગયા હોય.**

વિશેષ કરીને હું પોતાને સૌભાગી માનું છું કેમકે બાળમુનિ **મારી ભક્તિ કરવા માટે જ છેલ્લી વાર વહોરવા ગયા હતા**, તેમણે એ શીરો મને જ વપરાવ્યો હતો.

# એક વિહંગાવલોકન.... બાલમુનિના વ્યક્તિત્વ પર...



## • શક્તિપાત •

બાલમુનિને દીક્ષાનું પહેલુ વર્ષ... સંસ્કૃતનું અધ્યયન ચાલતું હતું... અમુક શબ્દ પ્રયોગ સમજાયા નહીં અને ગુરુદેવને પૂછવા લાગ્યા. ગુરુદેવે એમના પાછળના કરેલા પાઠોની પરીક્ષા કરી. ખ્યાલ આવ્યો કે પાછળના પાઠો કાચા છે નિયમો બરોબર યાદ નથી એટલે ગુરુદેવે એમને ઠપકો આપ્યો ‘‘તમારા પાછળના નિયમો કાચા છે તો નવું સમજાય કેવી રીતે ? આમ પાછળનું બધું કાચુ રાખો એ ન ચાલે. નિયમો બરોબર યાદ રહેવા જોઈએ...’’ ધીરે-ધીરે ગુરુદેવનો સ્વર પ્રતાપી થવા લાગ્યો અને અંતે... હા ! તમારો અંદાજો સાચો છે... એમની સહિષ્ણુતા ખુટી અને રડવા લાગ્યા. પહેલી વાર ગુરુમહારાજની કડકાઈ એમના પર થઈ અને પહેલી વાર બધાએ એમને રડતાં જોયા. પણ આ કડકાઈનો ભોગ બનવા છતાં મનમાં સમર્પણભાવ એવો જ હતો માટે મનથી પણ ગુરુદેવ ઉપર અસદ્‌ભાવ કર્યો નથી. સહજ રીતે ઠપકાનો સ્વીકાર કર્યો અને ચમત્કાર થયો... આ સ્વીકારભાવ એમના માટે શક્તિપાત બની ગયો. હા ! એ દિવસ બાદ ક્યારેય એમનો પાઠ કાચો રહ્યો નથી અને સડસડાટ રીતે સંસ્કૃત વાંચન કરતા થયા. ન્યાય ભણતી વખતે પણ માત્ર ઉંડા-ઉંડા પ્રશ્ન ઉપાડી પદાર્થને વધુ સ્પષ્ટ કરે પણ ક્યારેય અઘરા પદાર્થો પણ બીજી-ત્રીજી વાર સમજાવવા ન પડ્યા. નિગ્રહ કૃપાને સ્વીકારીને ઉંચા ફળ ચાખવાની એમની ક્ષમતા ગજબની હતી.

આ શક્તિપાતના કારણે એમનો સ્વાધ્યાય એવો ચીવટભર્યો બન્યો કે કોઈ પણ પદાર્થ પંક્તિપ્રમાણે સમજાયા પછી ઊંડાણથી પૂરે પૂરો સ્પષ્ટ ન થાય ત્યાં સુધી આગળ નહોતા વધતા. એક જ પદાર્થ પાછળ સ્પષ્ટતા માટે ૧૦-૧૨ કલાક કે ૨-૪ દિવસ પણ કાઢવા પડે તો ય પૂરા ખંતથી મેહનત કરતા હતા. તે માટે ૨-૪ વાર વાંચવુ પડે, વિચારવુ પડે કે ૨-૪ મહાત્મા પાસે સમજવું પડે અને ૨-૪ ગ્રંથમાંથી પદાર્થ સમજવો પડે તો ય આખી પ્રક્રિયા ઉત્સાહથી કરતાં હતા. આવી પદાર્થસ્પષ્ટતા કર્યા બાદ એમનો બોધ એવો થઈ જતો કે પદાર્થ ઉપર પૂરો નિબંધ લખી શકે. આવા તલસ્પર્શી અધ્યયનના કારણે ન્યાયના ગ્રંથોના વિદ્વાનો દ્વારા કરેલા અનુવાદોમાં અર્થઘટનોમાં પણ તેમને ઘણી ભૂલો કાઢી બતાવી હતી પણ ક્યારેય તેનો પ્રચાર નહોતો કર્યો... અનુવાદકની ભૂલની ટીકા-ટિપ્પણ કરી નથી. ન્યાયના શુષ્ક અધ્યયનમાં પણ એમનું ચિત્ત ઘણુ આર્દ્ર હતું. ‘પ્રમાણનયતત્ત્વાલોક’ ના અધ્યયનમાં વાત આવી કે ‘‘આશુ ક્રિયા (ઉતાવળથી થતી ક્રિયા) ઉપયોગને



ચંચલ બનાવે છે.’’ વાત સાંભળતાં જ એમણે Diaryમાં આ વાત નોંધી લીધી. ગમે તેવો વિષય ચાલતો હોય પણ આત્મલક્ષી વાત જાણવા મળે તો તરત જ એમના કામ સવળાં થઈ જતા. કોઈ પણ પરિસ્થિતિમાં આત્મજાગૃતિ એમનું મુખ્ય લક્ષ્ય હતું. સાધન શું છે ? સાધ્ય શું છે ? તે બાબતમાં તે અત્યંત સ્પષ્ટ હતા.

એમના સમર્પણભાવની પણ એક લાક્ષણિક વિશેષતા હતી - **નિર્વિકલ્પતા...** બાલમુનિને operation કરાવીને અઠવાડિયું થયું હતું. હજુ ટાંકા ખોલ્યા ન હતા અને ચાલતાં ચાલતાં આંચકો આવે તો ટાંકાની જગ્યાએ દુખાવો થતો હતો માટે સાવધાનીપૂર્વક ધીમે ધીમે ચાલતાં હતા. દેરાસર દર્શન કરી અમે બાહર આવ્યા. આજે તિથિ હોવાથી ગુરુદેવ ૫ દેરાસર દર્શન કરવા નીકળ્યા હતા. બાલમુનિ હજુ અવઢવમાં હતા કે ‘‘જવુ કે નહીં ?’’ એટલામાં ગુરુદેવે એમને કહેવડાવ્યું ‘‘બાલમુનિને આવવું હોય તો ચાલે...’’ અનુકૂલતા ઓછી હોવા છતાં બાલમુનિ ગુરુદેવ જોડે નીકળ્યા. એક Building માં પાંચમે-છટ્ઠે માળે એક ઘર-દેરાસર દર્શન કરવા ગયા. ઉતરતી વખતે મુનિ યશરત્નવિજયજી મ.સા. એ બાલમુનિને પુછ્યું ‘‘અનુકૂળતા ઓછી હોય તો ગુરુમહારાજને જણાવી શકાય, તો તમે કેમ ન જણાવ્યું ?’’ ત્યારે એમણે કહ્યું ‘‘ગુરુદેવની આજ્ઞા હોય તો મારે મારી અનુકૂળતા વિચારવાની જ ક્યાં હોય ? કે હા - ના કહેવાનો પ્રશ્ન આવે.’’ સમર્પણ ઘણાને હોય છે પણ નિર્વિકલ્પ સમર્પણ બાબતે બાલમુનિનું સત્ત્વ બેજોડ હતું... ખરેખર બેજોડ !...

## • પ્રતિકૂળતામાં પણ પરમાર્થ સેવન •

શરીરની પ્રતિકૂળતામાં પણ સમર્પણ, સહાય આદિ ગુણોના કારણે ઘણી વાર તે પ્રતિકૂળતાને પણ ગૌણ કરી દેતા હતા. પોતાની શારીરિક અસ્વસ્થતા હતી અને બીજા મહાત્માની ઈચ્છા ખાતર એમને સંતોષ આપવા ખાતર... એમની ઈચ્છા પ્રમાણે જ પોતાના સ્વાધ્યાયની ગોઠવણ કરતાં હતાં... એ વખતે એમના વિદ્યાગુરુ મુનિ યશરત્નવિજયજી મ.સા.એ એમને પૂછ્યું ‘‘તમે આવી અસ્વસ્થતામાં પણ બીજાને સમાધિ આપવા માટે આટલા ઉત્સાહિત કેમ રહો છો ?’’ ત્યારે બાલમુનિએ જણાવ્યું ‘‘બીજાની પીડા જોઈને મારાથી રહેવાતું નથી અને બીજાને સમાધિ આપવામાં મને ખૂબ જ પ્રસન્નતા રહે છે. આપણે તો થોડો સમય અને થોડા શબ્દો જ વાપરવાના છે. એનાથી બીજાને ઘણી રાહત મળે છે એ જોઈ મારૂં મન કાયમ ઉત્સાહિત રહે છે.’’ આ નાની ઉંમરમાં... આવી અસ્વસ્થતામાં પણ બીજાની પીડા પ્રત્યે અસહિષ્ણુતા અને બીજાને સમાધિ પમાડવાની તત્પરતા જે જોવા મળી, એ જ કારણ હતું કે કોઈ એમની પીડા જોઈ શકતું ન હતું અને બધા એમને સમાધિ પમાડવા તત્પર હતા.

બાલમુનિને સાધુભક્તિનો એક નશો હતો. અસ્વસ્થતા હોવા છતાં બીજા મહાત્માની સેવાનો એવો રસ હતો કે પોતા માટે પણ લાવેલી વસ્તુ જો બીજા મહાત્માને ભક્તિ યોગ્ય હોય તો બીજાની ભક્તિ કરવામાં જરા ય અચકાતા ન હતા. ગુરુદેવની વાચનામાં એમણે જાણ્યું કે સવારે ઉઠીને દરેક રત્નાધિકને વંદન કરવા જોઈએ અને બીજા જ દિવસથી અસ્વસ્થતામાં પણ રોજ સવારે ઊઠીને ગુરુદેવની ઉપરાંત દરેક રત્નાધિક મહાત્માને ચરણસ્પર્શ કરી ‘મત્થએણ વંદામિ’ કરી આવતા અને નાના મહાત્માઓને પણ ચરણ સ્પર્શ કરી ‘મત્થએણ વંદામિ’ કરવામાં એ બાકી રહ્યા નથી. દરેક સાધુભગવંત પ્રત્યેનો આ ઉત્તમ બહુમાનભાવ જોઈ અમે બધા ધન્ય થઈ ગયા.

એક વાર પોતાના આત્મીય મુનિ શ્રી યશરત્નવિજયજી મ.સા.ને પાસે બેસી અંતરની વેદના ઠાલવતા કહેવા લાગ્યા ''હું જેમની સેવા લઉ છું તે બધા મહાત્મા મારા વિદ્યાગુરુઓ છે.'' ઉપકારીને તો આપણા ચામડીના પગરખા કરી પહેરાવીએ તો ય ઋણ ઊતરતું નથી અને મારે તો આ ચામડા માટે એમની સેવા લેવી પડે છે. મારો કેવો પાપોદય?'' બાલ કહેવાતા આ મુનિભગવંતની સમજ એવી અબાલ હતી કે કદાચ જીવન પુરુ થઈ જશે તો ય આ કૃતજ્ઞતા મને સ્પર્શસે કે શું ? એ પ્રશ્ન છે ?

આ ઉત્તમ કોટિના સાધુ બહુમાન તથા કૃતજ્ઞતાના પ્રભાવે એમની સેવામાં ક્યારેય વિઘ્ન આવ્યા નથી. નવસારીમાં એક વાર એમના વૈયાવચ્ચી મુનિ શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.ને દાદરા ઊતરતા પગમાં મોચ આવી અને એવી હાલત થઈ કે ચાલવાની તો વાત જ દૂર પણ પગ હલાવી પણ ન શકે. એમણે મનથી પ્રાર્થના કરી કે ''હે પ્રભુ ! મારે બાલમુનિની સેવા કરવી છે. કૃપા કરી મને સ્વસ્થતા પ્રદાન કરો જેથી હું મારો યોગ સાચવી શકું'' અને ચમત્કાર થયો... આ અવસ્થામાંથી ક્યારે સ્વસ્થ થશે એનો અમને અંદાજો પણ ન હતો અને થોડી જ વારમાં એવા સ્વસ્થ થઈ ગયા કે પૂર્વવત્ પોતાના યોગમાં જોડાઈ ગયા અને બાલમુનિની સેવામાં જરાય ખલેલ ન પડી. આવુ એક વાર નહીં બીજી વાર પણ બન્યું. નંદુરબાર તરફ વિહારમાં ચાલતાં ખાડામાં પગ પડ્યો અને પગ મચકોડાયો. વિહાર કરવા માટે Wheel Chair મંગાવવી પડી પણ આવી જ પ્રાર્થનાના પ્રભાવે બાલમુનિની સેવા અને ચાલીને વિહાર પણ કરી શક્યા.

આ પ્રભાવ બાલમુનિની ઉત્તમ સાધુભક્તિ અને સાધુ બહુમાનનો જ છે કે એમણે સેવા લેવાના અવસરે કોઈ વિઘ્ન આવ્યું નથી.

## • સજાગતા અને સમજ •

તબિયતના કારણે ગોચરીમાં સેવાતા અપવાદોમાં એમણે જે વારંવાર ગમગીની રહેતી હતી તે દૂર કરવા એમને અમે કહેતા કે ''બાલમુનિ ! આ બધુ કારણિક છે માટે તમે નિર્દોષ છો.'' ત્યારે બાલમુનિ હસતાં-હસતાં મજાકમાં કહેતા કે ''બાહરનું કારણ જુદું અને અંદરનું કારણ જુદું'' ભલે પરિસ્થિતિવશ અપવાદ સેવન કરવું પડે પણ મનમાં જે રાગદશા ઉત્પન્ન થાય તેને તે સારી રીતે ઓળખતા હતા. એમનું આત્મનિરીક્ષણ એટલું પારદર્શી હતુ કે ક્યારેય તેમણે પોતાની જાતને છેતરી નથી.

બીમારીની શરુઆતમાં એકવાર બાલસહજ લાગણીની એમણે આછી ઝલક ઉભરાઈ હતી. મુનિશ્રી યશરત્નવિજયજીને એમણે કહ્યું ''બધા બાલમુનિઓ બધું વાપરી શકે છે, જે ઈચ્છે જ્યારે ઈચ્છે બધુ અનુકૂલ રહે છે. મારો કેટલો અંતરાય જોર કરે છે !'' ત્યારે મુનિશ્રી યશરત્નવિજયજી મ.સા.એ જણાવ્યું કે ''આ અંતરાય નથી આ તો આરાધનાની શ્રેષ્ઠ અનુકૂલતા છે. પુદ્ગલોની દુનિયાથી દૂર રહેવા માટે પ્રભુએ કેવી સરસ અનુકૂળતા ગોઠવી આપી છે! પ્રભુની વરસી રહેલી નિગ્રહ કૃપા ઝીલવા માટે આપણું પાત્ર ગોઠવાયું એ આપણો પ્રબળ પુણ્યોદય છે.'' આ વાત થયા પછી અનેકવાર એમણે કહ્યું હતું કે ''પ્રભુએ આપેલી સુરક્ષાથી હું કેટલો બધો બચી ગયો'' આવા અનેક પ્રસંગોમાં જોવા મળ્યું કે વાણી અને વર્તન તો ઠીક પણ વિચારોના ક્ષેત્રે પણ તેઓ ખૂબ જ પ્રજ્ઞાપનીય હતા. વિભાવમાંથી સ્વભાવમાં વળવું એમના માટે ખૂબ સરલ હતું.

અઠવાલાઈન્સમાં (સૂરત) મુનિ યશરત્નવિજયજીને એમણે જણાવ્યું કે ''મને શરીરભાવ બહું નડે છે. એના કારણે વિકલ્પો થયા કરે છે તો એ માટે શું કરવું ?'' ત્યારે એમણે ઉપાય બતાવ્યો ''ભેદજ્ઞાન અને ધ્યાન-અભાસથી શરીરભાવ ખાસ્સો ઓછો થશે.'' ત્યારબાદ બાલમુનિ દરરોજ સવારે ૧૦ મિનિટ ભેદજ્ઞાન અને ધ્યાનનો અભ્યાસ કરતાં હતા. જેમાં તેઓ વિચારતા હતા કે ''શરીર તે હું નથી અને હું એ શરીર નથી. હું શુદ્ધ, અજર, અરોગી અને અમર આત્મા છું.'' આ ધ્યાનાભ્યાસ કરવાથી બાલમુનિએ પોતાના વિકલ્પો ઉપર સારો અંકુશ કેળવ્યો હતો.






છેલ્લી પરિસ્થિતિમાં પણ એમને આંખો મીંચાવી શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરાવી પછી શરીરમુક્ત અવસ્થાનો અનુભવ કરવા અભ્યાસ કરાવતા ત્યારે આંખો ખોલ્યા બાદ એમની વાતોથી અમને જણાતુ હતું કે ધ્યાનદશાની પ્રારંભિક કક્ષામાં તે પ્રવેશી ચૂક્યા હતા. થોડી શરીરની અનુકૂળતા હોત તો આગળ પણ વધવાની સંભાવના હતી.

આમ પણ મનને વાળી લેવાની ઉત્તમ કળા એમની પૂરબહાર ખીલેલી હતી. જ્યારે શરીર અત્યંત નબળુ પડી ગયું અને મૃત્યુના અણસાર આવવા લાગ્યા ત્યારે એમણી સ્વસ્થતા ટકાવી રાખવા હું એમને ભાવના કરાવતો કે ''બાલમુનિ તમે આ ભવમાં આવ્યા તો વિચારીને અહીંયાં આવ્યા હતા ?''

''ના''

''દીક્ષાના પંથ સુધી તમારે કોઈ વિશેષ પુરૂષાર્થ કરવો પડ્યો ?''

''ના''

''તો સમજી જાઓ કે પ્રભુ આપણા જીવનની લગામ સંભાળી રહ્યા છે, અહીં આપણુ કલ્યાણ કર્યું છે તો આગળ પણ બધી જ ગોઠવણ પ્રભુએ કરી જ રાખી છે. આપણે જરા ય ચિંતા કરવા જેવી નથી. પ્રભુનું શરણ સ્વીકારો અને આગળ કલ્યાણ જ કલ્યાણ છે.''

આ બધી વાતોનો તે એવો પ્રતિભાવ આપતા કે એમની સમાધિ ચૂકાઈ જશે એવો અમને કોઈ ભય ન હતો.

છેલ્લા દિવસે પ્રાયઃ અંતસમયનો અમને પૂરો અંદાજો આવી ગયો હતો અને બાલમુનિને પણ ખ્યાલ આવી ગયો હતો. ત્યારે મુનિશ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.એ સામેના શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચિત્ર સામે ધ્યાન દોરાવતા કહ્યું ''બાલમુનિ ! આ પાર્શ્વનાથ પ્રભુ... તમે સમાધિમરણ માટે દર વદ દશમના એકાસણું કરતા હતા ને ?... આજે પ્રભુ આગળ સમાધિમૃત્યુની પ્રાર્થના કરો અને અભિગ્રહ ધારણ કરો'' એ વખતે બાલમુનિએ આંખો મીંચીને દિલથી પ્રાર્થના કરી અને મુનિ હિરણ્યરત્નવિજયજી મ.સા. એ એમણે એ નિમિત્તે અભિગ્રહનું પચ્ચક્ખાણ પણ આપ્યું હતું.

મહાપુરૂષના ચિત્રો બતાવી અવંતિ સુકુમાલ આદિ મહામુનિઓની કથા સંભળાવી. એ અવસ્થામાં પણ બાળમુનિ એટલા સજાગ અને ઉપયોગવંત હતા કે એમને પૂછ્યું ''અવંતિ સુકુમાલ કાળ કરીને ક્યાં ગયા ?'' અને હોઠ હલાવતાં બાળમુનિએ જવાબ આપ્યો ''નલિની ગુલ્મ !''

આવા હતા તે બાલમુનિ જેમણે યાદ કરીને બધા કહે છે

''એ બાલમુનિ નહીં મહામુનિ હતા.''

# હૃદયોદ્ગાર....

❖ દર્દની વચ્ચે મનને જરા કલુષિત કે આર્તધ્યાનવાળુ થવા દીધું નહીં, આ એક એમની સમજણપૂર્વકની આત્મપરિણતિ હતી. સૌના વ્હાલા બાળમુનિ સમુદાયમાં સૌના અતિપ્રિય હતા. ખરેખર કસોટીના સમયે સત્ત્વના બળે અંતિમ નિર્યામણા સાથે સમાધિ સાધી ગયા.

**– ગચ્છાધિપતિશ્રી આ.ભ. શ્રી રાજેન્દ્રસૂરિજી મ.સા.**

---

❖ બાળમુનિનો સમાધિમય કાળધર્મ અદ્ભુત રત્નત્રય, આત્મજાગૃતિની અનુમોદના.

**– અંચલગચ્છાધિપતિશ્રી આ.ભ. શ્રી કલાપ્રભસૂરિજી મ.સા.**

---

❖ બાલમુનિરાજની આરાધના અને આંતરિક પરિણતિ વિશે વાંચી મસ્તક અહોભાવથી ઝૂકી ગયું. તેમના જેવું મરણ અમને પણ મળશે કે નહીં એની ચિંતા થાય છે.

**– આ.ભ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા.**

---

❖ આ બધો ય ગુણ વૈભવ, એ પણ આટલી નાની વયમાં, દિલને આનંદ અને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે અને એમની સાથે કુદરતે આ જે વિચિત્ર ખેલ ખેલ્યો છે એનાથી દિલ આઘાતમાં ય ડૂબી જાય છે.

**– આ.ભ. શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ.સા.**

---

❖ નાની વયમાં અજોડ સમાધિને ધારણ કરેલા જ જોયા, ક્યારેય ફરિયાદ નહીં. હમેશા હસતાંને હસતાં રહેતા અને છેલ્લે-છેલ્લે ઘણી-ઘણી વેદના હોવા છતા મોઢા ઉપરની એક રેખા નહીં બદલાઈ, કમાલ-કમાલની સમાધિ. એમનું પંડિત મરણ જોઈ ભલભલાના મસ્તક ઝૂકી જાય છે. એમના માટે અહો-અહોનો ભાવ પ્રગટ થાય છે ‘‘અહોદાનમ્-અહોદાનમ્.’’

**– આ.ભ. શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.,**
**આ. રશ્મિરત્નસૂરિજી મ.સા., આ. પદ્મભૂષણરત્નસૂરિજી મ.સા.**

---



❖ અલ્પવયે પણ જાલિમ રોગ સામે સહનશીલતાને જે સહજતાથી કેળવી હતી અને અલ્પ પર્યાયમાં પણ સમત્વનું જે શિખર એમણે હસ્તગત કર્યું હતું... સાચે જ આપણા સહુ માટે એ અપૂર્વ આદર્શ હતો.

**– આ.ભ. શ્રી જગવલ્લભસૂરિજી મ.સા.**

---

❖ અશાતાના તીવ્ર ઉદય વચ્ચે પણ ચહેરા પરના સ્મિતને છેક સુધી અકબંધ રાખવામાં સફળ બનેલા આ મુનિવરના ભવ્યતમ સમાધિના પરાક્રમને બિરૂદાવવા માટે કોઈ શબ્દો નથી જડતા.

**– આ.ભ. શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.**

---

❖ છેલ્લે સત્યેનભાઈએ એમની સાધનાની જાણ કરી કે... ‘‘તેઓ શરીરને આત્માથી જુદો પાડીને શ્વાસ લઈ રહ્યા હતા.’’ આ વાક્યથી એમની સાધનાની ઉંડાણની અનુભૂતિ થઈ. અહોભાવથી નયનો ઝરવા લાગ્યા... આવા ગુણ સમૃદ્ધ ઉત્તમ સાધકાત્માની ખોટ અનુભવાઈ રહી છે.

**– આ.ભ. શ્રી જયસુંદરસૂરિજી મ.સા.**

---

❖ આ મહાત્મા એક વિશિષ્ટ કોટિની બીમારીમાં પણ, છેલ્લે ૩-૪ વર્ષથી ખૂબ પ્રસન્નતાથી સંયમ જીવન જીવી રહ્યા હતાં. તે તો અમે નજરો નજર જોયું છે... ચારિત્રમાં નાના પર્યાયમાં પણ સમતા ભાવને કેળવી ગયા તેની અનુમોદના કરીએ એટલી ઓછી છે.

**– આ.ભ. શ્રી વરબોધિસૂરિજી મ.સા.**

---

❖ ધન્ય માતા જેણે ઉદરે ધરીયા... ધન્ય પિતા જેના કુલે અવતરીયા...
ધન્ય ગુરુ જેણે દિક્ખીયાએ... સ્વભાવ સુંદર... સાધના સુંદર...
સમર્પણ સુંદર... સ્વાધ્યાય સુંદર... સહનશીલતા સુંદર...
સમતા સુંદર... સમાધિ સુંદર... જાણે કશું જ અસુંદર હતું જ નહીં.

**– આ.ભ. શ્રી અભયશેખરસૂરિજી મ.સા.**

---

❖ ૬ પાનાનો તમારો પત્ર વાંચી આંખમાંથી આંસુ સરવા લાગ્યા. માત્ર ૨૦ વર્ષની ઉંમરના એ દાનરત્નવિજયજી જાણે ૪૦ વર્ષ જેવા લાગતા હતા.

**– આ.ભ. શ્રી પદ્મસુંદરસૂરિજી મ.સા.**

---

❖ મૃત્યુ એમને શું જીતી શકે ? મૃત્યુને તેમને જીતી લીધું... નાની વયને મોટી પીડા... છતાંય એનાથી કઈ ગુણી મોટી મહામોટી એમની જાગૃતિ... સંયમ પરિણતિ... આત્મભાવને ગુણગરિમા... ધન્ય બાળમુનિરાજ...

**- આ.ભ. શ્રી વિશ્વકલ્યાણસૂરિજી મ.સા.**

---

❖ શ્રી સીમંધરસ્વામી પાસે ચારિત્ર સ્વીકારી કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે એવો જીવ જાણે આપણને આદર્શ જીવન દર્શાવી ગયો હોય.

**- આ.ભ. શ્રી અભયચંદ્રસૂરિજી મ.સા.**

---

❖ નાની ઉંમરમાં આપ બન્નેની પાસે સંયમ પામીને વીર મૃત્યુ પ્રાપ્ત કર્યું અનેકોને માટે સમાધિનો આદર્શ મૂકતા ગયા.

**- આ.ભ. શ્રી કુલબોધિસૂરિજી મ.સા.**

---

❖ વિગતો વાંચી હૈયું ખરેખર અનુમોદનાથી તર-બ-તર થઈ ગયું. માત્ર છ વર્ષનો સંયમ પર્યાય, વીશ જ વર્ષનું કુલ આયુષ્ય અને એમાં અંતિમ ચાર વર્ષમાં ઉત્તરોત્તર વધતી જતી વ્યાધિની વિકરાલતા ! આમ છતાં એમણે આત્મ જાગૃતિના બળે આરાધનાથી લઈને આત્મ સમાધિ સુધીની જે આદર્શરુપ સંપદા પ્રાપ્ત કરી જાણી એ સાચે જ સ્પૃહણીય છે... વંદનીય છે...

**- આ.ભ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા. (આ. ધર્મસૂરિ સમુદાય)**

---

❖ જતાં જતાં સહુને સાવચેત કરતા ગયા કે ''ભાઈ ! જીવનનું પાંદડુ ગમે ત્યારે ખરી પડશે.''

**- આ.ભ. શ્રી યોગતિલકસૂરિજી મ.સા. (આ. શાંતિચંદ્રસૂરિ સમુદાય)**

---

❖ શરીરની અસ્વસ્થતા સાથે આંખ સામે મૃત્યુ અને તેમાં ઉત્તમ સમાધિ પામ્યા, ખૂબ-ખૂબ અનુમોદના. જીવન લાંબુ જીવાય કે ટૂંકુ જીવાય તેનું કોઈ મહત્વ નથી, પરંતુ સમાધિ જળવાય તેનું જ મહત્ત્વ છે.

**- આ.ભ. શ્રી નયભદ્રસૂરિજી મ.સા. (આ. રામચંદ્રસૂરિ સમુદાય)**

---



❖ આવા સ્વાસ્થ્યમાં પણ એમની સમાધિ-સમતા અનુમોદનીય હતી. છેલ્લે સુધી સમાધિમાં રહ્યા એ એમના જીવનનો સરવાળો છે.

**- આ.ભ. શ્રી રાજહંસસૂરિજી મ.સા. (આ. નેમિસૂરિ સમુદાય)**

---

❖ પૂર્વભવના કર્મના ઉદયે વ્યાધિ આવી પણ સમતાભાવે ભોગવીને સંયમવેશમાં સમાધિમૃત્યુ પ્રાપ્ત થયું... એ મોટી વસ્તુ છે.

**- આ.ભ. શ્રી તીર્થભદ્રસૂરિજી મ.સા. (આ. કલાપૂર્ણસૂરિ સમુદાય)**

---

❖ આપશ્રીનું મીઠું, પ્યારુ સાન્નિધ્ય પામી બાળમુનિરાજશ્રી ખૂબ જ આત્મવિશુદ્ધિ અને ગુણ નિષ્ઠાપૂર્વક બાળમનકવત્ સમાધિના શણગાર સાથે દિવ્યગતિ વર્યાનું જાણી ખેદ/આનંદ અનુભવાયો.

**- આ.ભ. શ્રી ઉદયપ્રભસૂરિજી મ.સા. (આ. હેમપ્રભસૂરિ સમુદાય)**

---

❖ આવા ગુણિયલ સાધુ મળવાય મુશ્કેલ છે. સેંકડો સાધુમાંય એક હશે.

**- આ.ભ. શ્રી વિમલપ્રભસૂરિજી મ.સા. (આ. કલાપૂર્ણસૂરિ સમુદાય)**

---

❖ દેહ આત્માની ભિન્નતા કેટલી આત્મસાત્ કરી... છેલ્લા - કેટલા સમયથી ઘોર અશાતા વચ્ચે આત્માની અદ્ભૂત મસ્તી જાળવી રાખી. આપ સર્વેએ કુશળતાપૂર્વક પ્રભુવચનોનું સિંચન, સુસંસ્કારોનું સિંચન કર્યું તેનું પ્રત્યક્ષ ઉદાહરણ બાળમુનિએ પંડિત મરણ પામી-મોક્ષે તરફ પ્રયાણ કર્યું.

**- આ.ભ. શ્રી અનંતયશસૂરિ મ.સા. (આ. કલાપૂર્ણસૂરિ સમુદાય)**

---

❖ છ વર્ષમાં એમની રત્નત્રયીની સાધના વાંચતા નયનો ભીના થઈ ગયા. મુનિશ્રી નક્કી ગતજન્મમાં અપૂર્વ સાધના કરીને આવ્યા હશે ! અટલે જ વિનય, વિવેક, વૈયાવચ્ચ, ગાંભીર્યાદિ ગુણો એમને સહજતયા સિદ્ધ હતા.

**- આ.ભ. શ્રી મહાબોધિસૂરિજી મ.સા.**

---

❖ મુનિશ્રીનું જીવન એક પ્રેરણાગ્રંથ જેવું હતું.

**- આ.ભ. શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ.સા.**

---

❖ નાની ઉંમરમાં જ દીક્ષા અને નાની ઉંમરમાં જ મરણાંત ઉપસર્ગને અદ્‌ભુત સમભાવથી મુનિવરે ખૂબ સહન કર્યું. તેમના આત્માની કેવી અદ્‌ભૂત પરિણતિ કે જેથી મોતને પણ મહોત્સવ બનાવી શક્યા.

**– આ.ભ. શ્રી જિનસુંદરસૂરિજી મ.સા.**

---

❖ એમની શક્તિ + શુદ્ધિનો સમન્વય જોઈને હૃદય ભીનું-ભીનું થઈ ગયું. આવી નાનકડી વય હોવા છતા કેવી આત્મજાગૃતિ ! ભેદ વિજ્ઞાનની જીવંત પરિણતિ ! એમના માતા-પિતાને પણ ખરેખર લાખ-લાખ ધન્યવાદ છે કે આવું ઉત્તમ રત્ન શાસનને ચરણે અને સદ્‌ગુરુના શરણે ધર્યું. એ બાળમુનિ નહીં પણ મહામુનિ તરીકે જીવીને આપણી વચ્ચેથી ગયા છે.

**– આ.ભ. શ્રી યશોવિજયસૂરિજી મ.સા.**

---

❖ સંયમની સફરને મસ્તીથી માણતા, એ બાળશ્રમણની તસવીર નજરની સામેથી ખસતી નથી. તેઓ એ સંયમજીવન કેટલા વર્ષ પાળ્યું એ નહીં, પણ કેવું પાળ્યું એ વિચારતાં હૈયું ગદ્‌ગદ્ બની જાય છે.

**– આ.ભ. શ્રી મુનીશરત્નસૂરિજી મ.સા.**

---

❖ सच्चे साधक, अच्छे आराधक, उत्तम उपासक, बालमुनिवर श्री दानरत्नविजयजी म. के छोटे से संयम जीवन की विराट साधना कहानी का अवलोकन कर दिल में विशिष्ट अहोभाव ने जन्म लिया... आश्चर्य ! इस युग में भी ऐसी विभूति का दर्शन... ! सहिष्णुता क्या होती है ? बालमुनि से सीख सकते हैं। एक बात कहुं... ? ६० साल की संयम साधना के बाद हम जो नहीं पा सके, वह इस बालमुनि ने सिर्फ ६ साल की साधना से पा लिया है।

**– પં. શ્રી વીરરત્નવિજયજી મ.સા.**

---

❖ નાની ઉમરમાં જ વસમી વિદાય દિલને કરન્ટ લગાવી ગઈ છે.

**– પં. શ્રી નંદીભૂષણવિજયજી મ.સા.**

---

❖ બાળમુનિરાજ શ્રી દાનરત્નવિજયજી મ.સા.ની સંયમ સુવાસને, અત્યુત્કષ્ટ સહનશીલતાને અને દુર્લભ એવી સમાધિને સ્પષ્ટ કરતો અનુમોદના પત્ર મળ્યો. વાચતાં વાચતાં આંખ અને અંતર બન્ને ય અહોભાવથી ભાવિત થઈ ગયા...

**– મુનિ શ્રી શીલચંદ્રવિજયજી મ.સા. (હહેલાવાળા)**

---



❖ એમના ગુણોથી આકર્ષાઈને રોજ એમની પાસે જતો અને બેસતો ક્યારેક કોઈ સ્તવન, કોઈક આધ્યાત્મિક પદો ભજનો અને ક્યારેક ખડખડાટ હસાવતાં જોક્સ મારા સૂર દરમિયાન એમની વેદનાનો સૂર ગાયબ થઈ જતો અને મારી સાથે પોતે પણ સૂર રેલાવતા. મુનિરાજને જેટલો સમય મને સમાધિ અને શાતા પમાડવાનો લાભ મળ્યો એ પ્રભુનો ઉપકાર.

**– મુનિ શ્રી નેમિહંસવિજયજી મ.સા. (આ. નેમિસૂરિ સમુદાય)**

---

❖ આ બાળમુનિનું પંડિત મરણ જેને પણ જોયું, સાંભળ્યું તે બધાને એક નવું જ અશબ્દ-શિક્ષણ મળ્યું છે. એમની સાથેના મધુર સંસ્મરણો આંખો ભીની કરે છે. કેટલા નમ્ર ? મૃદુ, સરળ, પ્રજ્ઞાપનીય...

**– પં. શ્રી લબ્ધિવલ્લભવિજયજી મ.સા.**

---

❖ દાનરત્ન મ.ને જોતા – પં ભદ્રંકરવિજયજી મ.સા.ની યાદ આવતી.

**– પં. શ્રી હર્ષરત્નવિજયજી મ.સા.**

---

❖ આવીજ Short & Sweet ‘સાધના’ જો ૨/૪ વાર પણ મળી જાય તો મોહરાજાની હાલત પણ ૨-૪ વર્ષમાં જ એમના શરીર જેવી જ થઈને નામશેષ રહી જાય.

**– મુનિ શ્રી ન્યાયરત્નવિજયજી મ.સા.**

---

❖ દીક્ષા પછી જ્યારે મળવાનું થયું ત્યારે એમની નમ્રતા, સરલતા, સમર્પણ અને સંયમૈકલક્ષિતા ખરેખર નજરે ચઢી ગઈ.

**– મુનિ શ્રી પ્રીતદર્શનવિજયજી મ.સા.**

---

❖ જીવનની નાની વયમાં જ એટલી બધી સદ્‌ગુણોની સફળતા મેળવી લીધી કે જેને મેળવવા મારો આખો જન્મારો ય કામિયાબ થશે કે નહીં તે પ્રશ્ન છે.

**– મુનિ શ્રી યશરત્નવિજયજી મ.સા.**

---

❖ એમની સમાધિની ઈર્ષ્યા જાગે છે, જો આવી સમાધિ મળતી હોય તો હું આજે મરવા તૈયાર છું.

**– મુનિ શ્રી ત્રિભુવનરત્નવિજયજી મ.સા.**

---

❖ મુખ પરની અપાર પ્રસન્નતા એમના સંયમને પ્રતિબિંબિત કરતી હતી. જે વસ્તુ મેળવવા આખું સંયમજીવન વ્યતીત કરે પછી પણ Result હાથમાં ન આવે. દાન મ.સા. એ ખૂબ જ ટૂંક સમયમાં તે મેળવી લીધું, સાધી ગયા.

**– મુનિ શ્રી તત્ત્વરત્નવિજયજી મ.સા.**

---

❖ તેઓ ૨૦ વર્ષના સમયમાં જેટલું સાધી ગયા. તેટલું સાધતાં-સાધતાં તો મને ૨૦ જન્મ લાગી જશે.

**– મુનિ શ્રી ત્રિપદીરત્નવિજયજી મ.સા.**

---

❖ પૂર્વે મારે ફક્ત ૨-૩ કલાક માટે જોડે રહેવાનું બન્યું એમાં જીંદગીભરની મૈત્રીની ગાંઠ બંધાઈ ગઈ. ગોરેગાવમાં આટલી સખત પ્રતિકૂળતા વચ્ચે પણ એમની સમાધિ જોયા પછી 'સમાધિ મરણ' કોને કહેવાય એ ખબર પડી.

**– મુનિ શ્રી જ્ઞાનરૂચિવિજયજી મ.સા.**

---

❖ ૧૩-૧૩ વર્ષના દીક્ષા જીવન બાદ હજુ સુધી જે નથી પામ્યો અને કદાચ જીવનપૂર્ણતાએ પણ મારી પાસે હશે કે નહી તેનો પ્રશ્ન છે. અરે ! આવતા ૫-૨૫ ભવે પણ મળશે કે કેમ ? એવી નિર્મળ પરિણતિ આ વિષમ કાળમાં માત્ર ૬ વર્ષના પર્યાયે ૨૦ વર્ષની કુમળી વયે ? ધન્ય મુનિરાજ...

**– મુનિ શ્રી જ્ઞાનસારવિજયજી મ.સા.**

---

❖ એમની અંતિમ સમાધિ સાંભળતા આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યા. ખૂબ-ખૂબ અનુમોદના બાલમુનિશ્રીની સમતા - સાધનાને.

**– પ્રવર્તિની સા. શ્રી પુણ્યરેખાશ્રીજી મ.સા.**

---

❖ ''જીવન કેટલું જીવ્યા તે નહીં પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.'' બાળમુનિએ આ પંક્તિ યથાર્થ કરી દીધી. મૃત્યુને મહોત્સવ બનાવી હસતાં-હસતાં પરમ સમાધિ પામી ગયા.

**– સા. શ્રી મનીષરેખાશ્રીજી મ.**

---



❖ જેટલી વાર જઈએ તેટલી વાર તે જ પ્રસન્ન મુદ્રા જોઈને જ ઠરી જવાય. ઘણી વાતો પણ થતી તે બધી વાતોનો એક જ સાર ''ગુરુદેવની કૃપા જ સમાધિ અર્પે.''

**– સા. શ્રી મહાવીરરેખાશ્રીજી મ.**

---

❖ બાળમુનિ ! એટલું જ બોલતાં સર્વેની આંખો અશ્રુભીની થઈ જાય છે, સર્વને પ્રિય બને એવું વ્યક્તિત્વ હતુ. સ્વ-પર સમુદાયમાં સર્વના હૃદયમાં ઉચ્ચ સ્થાન એમને પ્રાપ્ત કર્યું હતું. વીર પ્રભુએ ઘણા ઉપસર્ગો સહન કર્યા પણ બાળમુનિએ જે ઉપસર્ગ સહન કર્યો છે, એ પ્રભુ કરતાં ઓછો નથી. પોતે તો સમાધિમાં રહ્યા અને બધાને સમાધિ આપતા ગયા.

**– સા. શ્રી ધર્માંશુરેખાશ્રીજી મ.**

---

❖ આપના શિષ્ય પૂ. મુનિરાજ દાનરત્ન વિ.મ.સા.નું જીવન ચરિત્ર વાંચતા આજે પણ હૈયું અહોભાવથી અને આંખો અશ્રુથી છલકાઈ જાય છે. સાહેબ ! એમણે પ્રભુ પૂરેપૂરા મળી ગયા હતા.

**– સા. શ્રી વર્ધમાનરેખાશ્રીજી મ. / સા. શ્રી હિતૈષીરેખારેખાશ્રીજી મ.**

---

❖ પૂર્વકાળના આવા સમતા સાધક મહાપુરૂષોને તો જોયા નથી, પણ આકાળમાં તો આ મુનિરાજને જોયા છે.

**– શ્રી સમીરભાઈ હેક્કડ (ગોવિલાયા ટેંક)**

---

❖ નાની વય છતાં જે સમજણ, સહજ સ્વીકારભાવ અને સાધક દશા ! ખૂબ અનુમોદનીય છે. તેઓ શુક્રના તારા જેવા હતા જિનશાસનરૂપી ગગનમાં માત્ર થોડા સમય માટે આવ્યા અને પોતાના ગુણોની આભા-પ્રભા પ્રસરાવી આ સંસારમાંથી વિલય પામી ગયા.

**– સુશ્રાવિકા નૃપલબેન (ગોવિલાયા ટેંક)**

---

❖ પૂ. શ્રી દાનરત્ન મ.સા. અમારા અવિસ્મરણીય મહાત્મા રહેશે. આ સંઘમાં અણુ પરમાણુમાં હજી સુધી એમનો વાસ છે. પૂજ્યશ્રીના મુખની સૌમ્યતા, પૂર્ણિમાના ચંદ્ર જેવી નિર્મલ હતી. પ્રસન્નતા... પ્રસન્નતા... પ્રસન્નતા... Smile... Smile... Smile...

**– સુશ્રાવિકા રીંકુબેન (ગોવાલિયા ટેંક)**

---

❖ એમનો હસતો ચેહરો એમની પ્રસન્નતાભર્યું સંયમજીવનની ચાડી ખાતો હતો. એક હાડપિંજર જેવું શરીર થઈ ગયું હતું છતાં પણ તેમની પ્રસન્નતા અકબંધ એવીને એવી જ હતી.

**– સુશ્રાવિકા સીમાબેન (ગોવાલિયા ટેંક)**

---

❖ અમારા Time Waver ora machine માં બાળમુનિની ઓરાનું નિરીક્ષણ કરતાં કોઈ પણ વ્યક્તિ (Healer) ને અહો ! અહો ! થઈ જાય. તેમના શારીરિક organ બધા down માં હતા પણ માનસિક રીતે તેમના ભાવો મેરૂની જેમ અડગ ને ઉંચા હતા. મન પર અસર નહોતી જણાતી. તેમનો willpower 100% માંથી પ્રાયઃ 75% હતો, તેમ જ આજ્ઞા ચક્ર, જેનાથી clearity of mind સ્થિરતા જણાય, તે પણ તેમની ઘણી High Rate પર હતી. Predict થાય કે વ્યક્તિ શારીરિક તકલીફમાં સ્વના ઉપયોગમાં રમતા હોય.

**– સુશ્રાવિકા ભાવિકાબેન (જવાહર નગર)**

---

❖ પૂ. બાલમુનિ એક મનમોહક અસ્તિત્વ ! સદાય નિર્દોષતા મુખ ઉપર રમે. દીર્ઘ બીમારી જેમાંથી બહાર નીકળવાનું આશાનું એકેય કિરણ નહીં છતાંય મુખ ઉપર ક્યાંય વિષાદુ દીનતાની એકેય છાંટ માત્ર નહીં.

**– શ્રી હીનાબેન (ઉમરા-સૂરત)**

---

❖ જે એમના સર્વસ્વ કહેવાય, એમના ગુરુમાંને અંદર કેવો આઘાત લાગ્યો હશે ? અને એ આઘાત કેટલી ગંભીરતાથી પચાવીને છેલ્લી ઘડીની સમાધિ એવી આપી છે કે છેક આચાર્યપદ પર બિરાજેલ જ્ઞાની ભગવંતોને પણ શંકા થાય કે આવી સમાધિ અમને મળશે કે કેમ ?

**– શ્રી જંબુભાઈ**

---



કરી જાત્રા મેં શરૂ જ્યારથી... ગુરુ બન્યા છે મારા સારથી...
આંગળી ઝાલી મારી સંગાથે ડગલાભર્યા...
ગુરુ એવા મળ્યા... ગુરુ એવા મળ્યા...

યાદ આવે છે તે ૨૦૫૫નું પૂ.આ.ભ. **શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.**નું નવસારી ચાતુર્માસ. તે ચાતુર્માસમાં સંયમ (બાળમુનિ)નો જન્મ... પૂજ્યશ્રી એ અમારા ઘરે ભર બપોરે પગલા કર્યા... છ મહિનાના સંયમને પૂજ્યશ્રીના ખોળામાં વહોરાવ્યો... પૂર્વના કોઈ ઋણાનુબંધ – પૂજ્યશ્રીની નિર્દોષ ચર્યા તપત્યાગમય જીવન જોઈને એમના તરફનું અમારૂં આકર્ષણ વધવા લાગ્યું. પૂર્વના સંસ્કારો લઈને આવેલ સંયમને વધારે કહેવાની ક્યારેય જરૂર નથી પડી. તેમાં પણ સદ્‌ગુરુનો ભેટો થતા જેમ શિલ્પી ટાંકણા લગાવી પત્થરને પ્રતિમા બનાવે તેમ પૂજ્યશ્રીએ બાલમુનિનું ઘડતર કર્યું.

મારા દીકરા મ.સા.ની સમાધિ ખૂબ જ જોરદાર હતી. મને ગર્વ છે કે મારો દીકરો શાસન માટે શહીદ થયો. સમાધિ મળવી ત્યારે જ શક્ય બને છે જ્યારે વૈયાવચ્ચ કરવાવાળા જોરદાર હોય.

**ધન્ય છે** પૂ.આ.ભ. **શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.** ને...
**ધન્ય છે** પૂ.આ.ભ. **શ્રી પુણ્યરત્નસૂરિજી મ.સા.** ને...
**ધન્ય છે** પૂ.આ.ભ. **શ્રી યશોરત્નસૂરિજી મ.સા.** ને...
**ધન્ય છે** સહવર્તી **મુનિભગવંતોને...** કે જે સેવા કદાચ અમારા ઘરે પણ શક્ય ન બની શકે તેવી સેવા આપે કરી અમને નિશ્ચિંત કર્યા.

**અરૂણભાઈ** તથા **જંબુભાઈ**એ પણ પોતાના ઘરની જવાબદારી ગૌણ કરીને બાલમુનિની ખૂબ જ વૈયાવચ્ચ કરી, ગોરેગાંવ શ્રીસંઘની અને ડૉ. વૈભવ શાહની પણ જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

આપ સહુ ગુરુભગવંતોને પ્રાર્થના છે કે ભવોભવ અમારા તારણહાર બનજો.

**લિ.**

**– મુનિ દાનરત્નવિજયજી મ.સા.ના**
**સંસારી માતા-પિતા**

# મને યાદ આવશે તારો સથવારો...

હે પ્રિય ! બાલમુનિરાજ શ્રી દાનરત્નવિજયજી મ.સા.

તમે મારા હૃદયમંદિરમાં એક મનોહર પ્રતિમા છો.
જ્યારે પણ દર્શન કરું આનંદ, આનંદને આનંદ...

તમે મારા જીવન ઉપવનમાં એક મનોહર કલ્પવૃક્ષ છો,
જેના દર્શન માત્રથી મારું મન પ્રસન્ન - પ્રસન્ન થઈ જાય છે...

**સંયમજીવનનો સાર પામ્યા છે આ અણગાર,**
**આનંદ-સમાધિમૃત્યુ-ઉપશમ દયા ગુણસાર,**
**આ મુનિવર તો સૌના પ્યારા છે, શાસનના સિતારા છે. (રાગ : સોના-રુપાના...)**

તમારા જીવન સરોવરમાં અનેક ગુણકમલો મધમધાયમાન શોભતા હતા. એક-એક ગુણને નજીકથી માણવાનો અવસર તમારા સહવાસે પ્રાપ્ત થયો, તેથી હું ધન્ય થઈ ગયો.

આ ૬ વર્ષના સાધનાકાલમાં તમારી **આત્માની પરિણતિ, જીવનની શુદ્ધિ** અને **ગુણોની ઉત્તમતા** ત્રણેયના દર્શન થયા, તે મારી આત્માને અત્યંત સ્પર્શી ગયા. આ ૬ વર્ષમાં તો તમે એવી સાધના કરી કે જીવનપર્યંત તમારી સ્મૃતિ હૃદયમાં ધબકતી રહેશે. આ ૬ વર્ષ મારા શ્રમણ જીવનના પરમ પાવન ક્ષણો હતા, જે મારું પરમ સૌભાગ્ય છે. અને હવે પરમ દુર્ભાગ્ય કે આવા ગુણિયલ કલ્યાણમિત્રનો સાથ ગુમાવ્યો.



ચિત્તનું દર્પણ મુખ છે. તમારા ચિત્તમાં રહેલી આનંદાનુભૂતિ તમારી મુખની પ્રસન્નતા જોવાથી ખબર પડતી હતી. કોઈ પણ પરિસ્થિતિમાં તમારી મુખાકૃતિ હમેશા **પ્રસન્ન-પ્રસન્ન** રહેતી હતી.

મુનિવર ! તમારી સાથે વીતાવેલી દરેક ક્ષણ હૃદયસ્પર્શી બની ગઈ. અધ્યયન કાલે તમારો **વિનયગુણ** હોય કે પાઠમાં ઠપકાનો અને દંડનો સહર્ષ સ્વીકાર. ગુરુદેવનું આસન લેવા માટે તમારી **વિવેકમતિ**એ દોડ હોય કે મહાત્માઓની સેવા ભક્તિ માટે તમારી ઉત્કંઠા અને ઉલ્લાસ, ગુરુદેવ પ્રત્યેનો ઉચ્ચ કોટિનો **સમર્પણ** હોય કે સહવર્તી પ્રત્યેનો સદૈવ **પ્રેમાળ વ્યવહાર...** તમારા મધુરકંઠે પ્રભુભક્તિનું શ્રવણ હોય કે યોગ્યકાલે સહવર્તીને આપેલી હુંફ... અશાતાના ઉદયમાં **સમતા પ્રસન્નતા** હોય કે મૃત્યુકાલે અદીનભાવે **સમાધિની મસ્તી...** તમારા દરેક ગુણો અને તમારું જીવન મારા માટે અંતકાલસુધી આલંબનભૂત રહેશે અને સહુ માટે પ્રેરણાદાયક રહેશે.

**હે મુનિવર ! હું પ્રસન્ન છું.**
**તમે પણ પ્રસન્ન રહેજો...**

તમે દેહની ક્ષીણતા અનુભવતા છતાં અનિત્યતાનો બોધ અને સ્વકૃત કર્મની વિચારણા કરી નશ્વર દેહની મમતા ઓછી કરી હતી.

**જેના જીવનના ગુણ ગાતા ગાતા વરસે આંસુની ધારા...**
**આવા બાલમુનિ છે પ્યારા...**
**સંયમ સમતામાં રમતાં-રમતાં કષ્ટોને સહનારા...**
**આવા બાલમુનિ છે પ્યારા...**
(રાગ : જેના રોમ-રોમ)




તમારા ઉત્કટ ગુણોની સુવાસથી મારું મન ભ્રમર બની ગયું હતું. તમારા ગુણોને શબ્દોમાં ઢાળવા અઘરા પડે છે, કારણ કે તમારા આત્મિક ગુણો શબ્દાતીત છે.

ઉત્કૃષ્ટ ગુરુસમર્પણભાવ, અદ્ભુત ગુરુભક્તિ, સ્વભાવની કોમલતા, સમજણશક્તિ, સંયમક્રિયાની રુચિ, સરલતા, સહિષ્ણુતા, ગુણાનુરાગ, શ્રવણરુચિ, ઔચિત્ય, દુષ્કૃતગર્હા, દાક્ષિણ્ય, ધીરતા, સમતા, સમાધિ, આત્મજાગૃતિ અને સહુથી વિશેષ દરેક પરિસ્થિતિનો સમભાવપૂર્વક સ્વીકાર, તમારા બધા ગુણો પ્રત્યક્ષ નિહાળ્યા છે અને માણ્યા છે. હે ગુણવાન ! તમારો એક ગુણ પણ મારામાં આવે તો આ જન્મ સફલ માનીશ. સામાન્ય રોગમાં (પ્રતિકૂલતામાં) મારા જેવો આકુલ-વ્યાકુલ થઈ જાય. અસામાન્ય રોગને સહન કરવા છતાં તમે ખેદ-ફરિયાદ, સંકલ્પ-વિકલ્પથી પર હતા. તમારો પ્રેમાળ સહવાસ અને હેત ભરેલા શબ્દો હમેશા ચિત્તદેશમાં અંકિત રહેશે. તમને હું ભૂલી શકીશ નહીં...

પૂજ્યપાદ ગુરુદેવની અસીમકૃપાથી છેલ્લા ૪ વર્ષથી તમારી સેવા-સમાધિદાનનો મને ઉત્તમ લાભ મળ્યો, તે મારા જીવનનું અમૂલ્ય સંભારણું રહેશે. અખંડ સેવા તો કરી ન શક્યો પણ સેવાનો અખંડ ભાવ રહ્યો. તે ભવો-ભવ સાનુબંધ બને અને નિઃસ્વાર્થ સેવાભાવ મારામાં આવે તેવી પ્રભુને પ્રાર્થના...

હે બાલમુનિવર ! બીમારીમાં માત્ર આડા પડીને સ્વાધ્યાય કરવો પણ દિવસે નિદ્રા ન કરવાનો તમારો **પુરુષાર્થ,** ગુરુદેવશ્રીના અઠ્ઠમના પારણા વખતે અને ઉણોદરી વખતે કરગરીને કરેલી ગોચરીની **ભક્તિ**, પાઠ આપતા મારી ભૂલ થાય તો પ્રશ્ન પૂછીને મને સાવધ કરવાનો તમારો **વિવેક...** મારા કમરના દુખાવામાં ૧ મહીના સુધી કરેલી અદ્ભુત **સેવા.** નંદુરબારમાં પેટના દુખાવામાં પણ પ્રભુ... પ્રભુના નામે રાખેલી **સમાધિ.** બલસાણામાં અત્યંત સંવેદનાઓથી કરેલી તમારી **પ્રભુભક્તિ.** નાકોડામાં જિતેન્દ્રસૂરિજી મ.સા. ગુણાનુવાદમાં जितः इन्द्रः येन सः जितेन्द्रः આવું તમારું ૫ મિનિટનું પહેલું **મોહક પ્રવચન,** રીસાએલા વ્યક્તિને પણ પ્રેમથી સમજાવીને શાંત કરવાની તમારી **સહાનુભૂતિ,** જગતને ગુણદષ્ટિથી અને જાતને દોષદષ્ટિથી જોવાની તમારી **શ્રેષ્ઠકલા** કોઈ પણ મળવા આવે ત્યારે એમની સાથે કરેલો મીઠો આવકાર અને **અદ્ભુત વ્યવહાર**. તમારો **પુણ્ય-યશ-સૌભાગ્ય**નામકર્મ પણ વિશિષ્ટ હતું.

તમારી દરેક પસંદગી વિશિષ્ટ હતી, યોગ-ભક્તિ અને અધ્યાત્મ તમારી દરેક વિશેષતા અદ્ભુત-અદ્ભુત-અદ્ભુત હતી. અને તમે પણ અદ્ભુત હતા... અને વિશિષ્ટ હતા...

તમે મારા વિદ્યાર્થી પણ હતા, વિદ્યાગુરુ પણ હતા...

ગુરુભાઈ પણ હતા, શિષ્ય પણ હતા...

સમાધિદાતા પણ હતા. આત્મીય કલ્યાણમિત્ર પણ હતા... અને છો.

હે ગ્લાન મુનિવર ! તમે મને તીર્થંકરની સેવાનો લાભ આપ્યો...

હે કલ્યાણમિત્ર ! તમે જે સાધી ગયા છો તે સાધતા તો મારા જન્મોજન્મ નિકળી જશે... કેવી અદ્ભુત આત્મશુદ્ધિના ધારક હતા... ? કેવું ગુરુપ્રત્યે સમર્પણભાવ કેળવ્યો હશે ? જેથી ગુરુદેવશ્રીના હૃદયમાં આજીવન સ્થાન પ્રાપ્ત કર્યું સહુના હૃદયને જીતી લીધા.

પરમકૃપાલુ ગુરુદેવોએ પણ શ્રેષ્ઠરીતે તમારો યોગક્ષેમ કરી તમને વિધિપૂર્વક નિર્યામણા કરાવી. દુર્લભ સમાધિમરણના શિખર પર આરોહણ કરાવ્યા એમનો અનંત ઉપકાર શે ભૂલી શકાય ?

**સાચા ગુરુને પામી સમતાથી ભાનમાં, સમાધિમરણ પામી પહોંચ્યા દેવલોકમાં...**

પંન્યાસજી ભગવંત અને સહુસહવર્તીઓએ આત્મીયભાવે ખૂબ સેવા કરી તથા મારા બન્ને ઉપકારી કલ્યાણમિત્રો અને વિદ્યાગુરુ મુનિ શ્રી મૌર્યરત્નવિજયજી મ.સા. તથા મુનિ શ્રી ક્ષમારત્નવિજયજીએ પણ રાત-દિવસ તમારી ઉત્તમ સેવા ભક્તિ કરીને તમને સમાધિ આપી છે. તેની સાચા ભાવે અનુમોદના કરું છું.

તમારા સંસારી માતા-પિતાએ પણ જે હિમ્મત - ધીરજ રાખી સેવા ભક્તિ કરી છે અને સમાધિમાં સહાયક બન્યા છે તે અનુમોદનીય છે. તમારી સમાધિમાં સહાયક થનારા સર્વ આચાર્ય તથા સકલ શ્રમણ-શ્રમણી ભગવંત અને શ્રાવક-શ્રાવિકાઓ અને શ્રી સંઘના ભાવપૂર્વક આભાર માનું છું. કોઈ આનંદ સમાધિ દ્વારા, કોઈ તપ-જપથી, કોઈ તન-મન-ધન, કોઈ સેવા ભક્તિથી કરી છે, તેની અનુમોદના કરું છું.

મુનિ ક્ષમારત્નવિજયજીએ પણ આ તમારી પુસ્તક લખીને કમાલ કરી છે... તમારું આદર્શમયજીવન વાંચનાર દરેક આત્માઓને અવશ્ય ભાવોલ્લાસની વૃદ્ધિ થશે. અશાતા કર્મોદયમાં હિમ્મત મળશે... રોગ-વ્યાધિમાં સહિષ્ણુતા, જીવનમાં સમતા-પ્રસન્નતા રાખવાનો ભાવ જાગશે. શાસન તથા મુનિ ભગવંતો પ્રત્યે અહોભાવ - બહુમાનભાવ વધશે. બોધિબીજ - સમ્યક્દર્શન - વિરતિ પ્રાપ્ત કરશે. મૃત્યુકાલે આત્મજાગૃતિ - સમાધિ રાખવાનો આલંબન મળશે, શાસ્ત્રવર્ણિત પંડિતમરણની ઝંખના સહુને થશે.

**સમતા સમાધિના આદર્શ જગાવ્યા છે. સાધી સમાધિને જગે ઘોષ ગજાવ્યા છે.**
**રોગોની પીડામાં રહેતા સદા હસતા. કષ્ટો બધા સહ્યાં સાધી મહાસમતા,**
**ઉજ્જવલ કીધો પરભવ કર્મોના નિકંદનમાં...** (રાગ : ઓઘો છે અણમોલો...)

હે બાલમુનિ ! તમે મહાનિર્જરા સાધી પોતાનું કલ્યાણ કરી ગયા અને ઉચ્ચ આદર્શ પ્રદાન કરી પરકલ્યાણ પણ કરી ગયા... અનંત ભવોમાં આવી દુર્લભ ઘટનાઓ ઘટે છે, એક પંડિતમરણથી ભવોભવ સુધરી જાય છે... મોક્ષ નજીક આવે છે. આત્મા પરમાત્મા બને છે.

આ દશ્ય જોવા કદાચ દેવલોકથી દેવો પણ આવ્યા હશે. આ પંચમકાલમાં આવા સમતાધારી બાલમુનિના દર્શન દુર્લભ છે. જરૂર પૂર્વભવમાં કોઈ મહાન સાધક પુરુષ હશે ? નહીંતર આવી સમાધિ-સમતા એ પણ ભયંકર વ્યાધિ અને અશાતાના ઉદયમાં... ? Impossible. એમને માત્ર અંતકાલે જ સમાધિ રાખી નથી પરંતુ આજીવન... ક્ષણ-ક્ષણ સમાધિના પગથિયા ચઢી અંતે શિખર પર ચઢ્યા છે. મારા ઉપર ભવોભવ ઉપકાર કરતા રહેજો. સહાય કરતા રહેજો... અને મોક્ષમાર્ગમાં ફરી મળજો... અને ફલજો...

તમને મારા કારણે જરા પણ તકલીફ પડી હોય તેનો મિચ્છામિ દુક્કડમ્. તમારો આત્મા શીઘ્રાતિશીઘ્ર વિશ્વોપકાર કરવા દ્વારા મોક્ષસુખને પામે, ઓ મુનિવર ! તમારા જેવી પ્રસન્નતા-જાગૃતિ અને સમાધિ સહુમાં અને મારામાં આવે, સહુ જીવો મોક્ષસુખને પામે એ જ અંતરની શુદ્ધ ભાવના....

તમારો કૃપાકાંક્ષી

**બાલસેવક** મુનિ હિરણ્યરત્નવિજય



|| ॐ सद्गुरुभ्यो नमः || || ॐ अर्हं नमः || || ऐं नमः ||
|| ॐ ह्रीँ ''अनंतसमताधारक'' मुनिवरेभ्यो नमो नमः ||

# દાન અષ્ટક

**● આદર્શ મુનિવર ●**

કલિકાલમાં 'આદર્શ મુનિવર' શ્રેષ્ઠ ગુણથી રાજતા,
'સમતા-પ્રશમતા' જીવનના ક્ષણ-ક્ષણ મહીં વિરાજતા,
ગુરૂવચનથી શુભધ્યાનમાં અંતિમ 'સમાધિ' સાધતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● ગુણ ઐશ્વર્ય ●**

''દાક્ષિણ્ય ગુણ''થી ઓપતા ''મહાસત્ત્વગુણ''ને રોપતા,
ગુણસુકૃતોને ગોપતા ગુરૂઆણને નવિ લોપતા,
ભવિજન વિષે નવિ કોપતા પણ 'પ્રેમ' સહુને સોપતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● પ્રસન્ન મુનિવર ●**

સમતાધરી વ્રતસંયમે જે જીવનને અજુવાળતા,
આતમસમાધે મનપ્રસાદે 'કૃશદેહમાં' ઝળહળતા;
''પ્રસન્ન વદને'' શોભતા ''સમભાવે જીવન'' ગાળતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● ભાવ ઐશ્વર્ય ●**

'મૈત્રી-ગુણાનુરાગથી' શુભભાવમાં જે નંદતા,
ને ''વિનય-ગુણ'' બહુમાનથી સવિ-જીવને આનંદતા,
ગદ્ગદ્સ્વરે ધિક્કારતા, નિજ-આતમાને નિંદતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● શ્રમણ શણગાર ●**

''વૈરાગ્યભાવે'' વિચરતા વસુધાતલે ન ''મમત્વતા'',
''સ્વજન-ધૂનન'' સમ્યક્ કરી, મનમાં ધરી ''એકત્વતા'',
ચઉમાસી વસિયા નિજપુરે પણ મન નહિ ''પ્રતિબંધતા'',
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● પરમતત્ત્વ રસ ●**

છે સર્વયોગો માંહિ ''સમતાયોગ''ની જ પ્રધાનતા,
''વર વિનયસેવા જ્ઞાનતપને ધ્યાનભક્તિમગ્નતા,''
''સમભાવ વિણ મુક્તિ નથી'' આ તત્ત્વરસને ધારતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● ધન્ના અણગાર ●**

મુખ ''સૌમ્યમુદ્રા'' ચંદ્રસમ ને દેહ ''ધન્ના મુનિવરા'',
''આનંદ, ઉપશમને સરલતા'' ચિત્તના ભૂષણવરા,
''નિંદા નહિ'' દીનતા નહિ, અંતર ગુણોથી શોભતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**● સંયમસુધારસ ●**

'સરસગુરૂસેવારસે' જે અશુભરસ ને ટાળતા,
સરસ-વિરસ આહાર રસથી રસનાદોષને ટાળતા,
''સંયમસુધારસપાને રસતા'' લોકરસમાં વિરસતા,
'સમતાધારીને' વંદના શિવમાર્ગને જે સાધતા.

**મુનિ શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.**

सत्त्वेषु 'मैत्रीं' गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु 'कृपापरत्वम्' ।
माध्यस्थ-भावं विपरीतवृत्तौ, सदा 'ममात्मा' विदधातु देव ! ||

# સાધના અષ્ટક

**● મોક્ષયોગ - શ્રવણરૂચિ ●**

'તત્ત્વશ્રવણ'નો રંગ કેવો ? 'દેહપીડા' ભૂલતા,
'ગંભીરતત્ત્વ' રસિક બની જિનવાણી-શ્રવણે ઝૂલતા,
'વિસ્મયવદન' 'પુલકિત નયન' અહોભાવને પ્રગટાવતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● સહજ સમતાવાન ●**

'દોષિતગ્રહણ'માં રડતા-રડતા 'કર્મમળ'ને શોષતા,
'આપત્તિઓ'માં રમતા-રમતા 'પાપને' જે શોધતા,
જાણીને 'મૃત્યુ' અંતકાળે મન થકી નવિ શોકતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● મોક્ષયોગ - બોધિરત્ન ●**

ભાવિત થઈ શુભભાવથી 'સમ્યક્ત્વરત્નને' યાચતા,
નિજ ગુરૂતણાં 'ઉપકારશ્રવણે' હૃદયમાં જે નાચતા,
'ગુરૂવચનને સ્વીકાર' કરતા 'બોધિરત્ન'ને પામતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● સદ્-ગુરૂબહુમાન ●**

પ્રક્ષાલ કરી 'ગુરુચરણનો', નિજાત્મરજને ક્ષાલતા,
હિતકર 'ગુરૂવચનો' સુણી નિજભાવ દોષને ગાળતા,
'ગુરૂદેવને' કરી પ્રાર્થના 'ભવોભવ મળે સાંનિધ્યતા'
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● સ્વકર્મ - દોષવિચાર ●**

અશાતા દીધી જીવને તે કર્મ આજે પાકતા,
તનુ રોગમાં સમતા ધરી ઈહ ભોગવી વિપાકતા,
નિજ કર્મ દોષ વિચાર કરતા શુદ્ધગુણને સાધતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● ગુરૂગુણરત્ન ●**

**'ગુણરત્ન'** નિર્મલ નિરખતા સવિ પ્રેમથી 'બહુચાહતા'
'પ્રસન્નતા' નિરખી સહુ આશ્ચર્યથી 'આહ્લાદતા'
ગુણતેજથી ''પુણ્યવંતના'' આતમકમલ વિકસાવતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● સ્વકાર્ય - ઔચિત્યવિચાર ●**

'સદ્ભાવ' સદ્વ્યવહારથી ગુણવૈભવે જે ઝળહળે,
'વિવેક' સદ્વિચારથી બહુપ્રેમથી જે હળીમળે,
'ઔચિત્યમાં' હતી 'સહજ પ્રજ્ઞા' શુભકરણમાં 'દક્ષતા',
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

**● ગુરૂ પુણ્યયશ ●**

**'ગુરૂપુણ્યયશ'** સૌભાગ્ય તાહરો વિશ્વમાં હી ગાજતો,
ગુણવંતના ગુણગાન સુણી 'આનંદ' ઘટમાં રાજતો,
'સ્વાધ્યાયને સેવા સમર્પણ' જીવનના પ્રાણો હતા,
તે 'બાળમુનિ'ને વંદના શિવમાર્ગને જે સાધતા.

दुःखे सुखे वैरिणि - बन्धुवर्गे, योगे वियोगे भवने वने वा ।
निराकृताशेष-ममत्व-बुद्धेः, 'समं' मनो मेऽस्तु सदाऽपि नाथ ! ॥





# સમાધિ અષ્ટક

**● સમાધિ સિદ્ધ ●**

'સમતાધણી', 'સમતામુનિ' સમતાધરીને જીવતા,
'સમાધિસિદ્ધ' બાળમુનિના ગુણગણો સહુ ગાવતા,
''શાસનપ્રભાવક'' સૂરિવરા પણ, આ ''સમાધિ'' ઝંખતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● લક્ષ્ય સમાધિ ●**

સિંહસત્ત્વને ધારી તમે સહુ કામનાઓ પરિહરી,
બની 'વીર-યોદ્ધા' અંતકાળે 'લક્ષ્યસિદ્ધિ'ને કરી,
**'ગુરૂપુણ્યયશ'** પ્રસાદથી જે 'રાધાવેધ'ને સાધતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● સમાધિ પ્રાર્થના ●**

મહારોગ સામે યુદ્ધ કરતા 'કર્મરાજા' થરથરે,
ઘનઘોર વ્યાધિ, તાપ સહતા 'મોહસૈન્ય' જરજરે,
આરોગ્ય નહિ 'સુંદરસમાધિ' પ્રાર્થના અભિલાષતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● સમાધિમરણ યાચના ●**

'સમાધિમરણ'નો 'દાન-રત્ન' અંતકાળે આપજો,
કરી પ્રાર્થના ! 'મુનિ દાનરત્ને' અષ્ટકર્મને કાપજો,
પ્રેમદાનના 'દાનરત્નથી' દારિદ્રતા મુજ કાપતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● સમાધિ સાધક ●**

સાધી ''સમાધિ'' આત્મબળથી ભાવરોગો ઉપશમે,
પામી ''સમાધિમરણને'' ભવોભવતણાં દુઃખ વિરમે,
લાગી 'સમાધિધૂન' મહીં જે ઘોર વ્યાધિ વિસરતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● જીવન સમાધિ ●**

'મુનિ દાનનું' 'શુભ નામ' લેતા જીવ 'શાતા' પામતા,
'મુનિ દાન' ગુણચરિત્ર સુણતાં 'પ્રશમરસ'ને પામતા,
'પંડિત મરણ-જીવન સમાધિ' સત્ત્વ ગુણને પામતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● વીર સમાધિ ●**

મૃત્યુ તણો સ્વીકાર કરતા 'હોશમાં બહુજોશથી',
અંતિમસમય 'પ્રભુને' સ્મરતાં સર્વ 'આતમદેશથી',
થઈ 'ધીરને' વળી 'વીર' જે મહાવેદનાને જીતતા,
સમાધિધરને વંદના જે આત્મહિતને સાધતા

**● 'સેવક' સમાધિ પ્રાર્થના ●**

'ભાવ મોક્ષ' વેગે પામવા મુજ આતમા બહુ ઝંખતો,
'ભાવે સમાધિ' પામવા મુજ મન મયૂર હરખતો,
તે 'ભાવ મુનિ'ને વંદતા મુજ 'કર્મ રજ' દૂરે જતા,
તે 'ભાવમુનિ'ને વંદના મુજને સમાધિ જે આપતા

'अनायासेन मरणं', विना दैन्येन जीवनम् ।
'देहान्ते तव सान्निध्यं', देहि 'मे' परमेश्वर ! ॥






**• સુવર્ણ કળશ •**

દિન પંચમી આષાઢ સુદ ‘ગોરેગાંવ’ ધન્ય કરી જતા,
‘સાધી’ સમાધિ મરણને નશ્વર તનુ છોડી જતા,
શુભ પરિણામે જે વર્તતા ભવભ્રમણને સંકોચતા,
તે ‘દાનમુનિ’ને વંદના શિવશર્મને જે સાધતા.

**• માલારોપણ •**

‘સમભાવ, સમતા’ડડલંબને જિનશાસને જસ ગાજતો,
‘પંડિત મરણ’ને પામીને જિનશાસને જય પામતો,
ભવોભવ તણા કર્મો ખપાવી ‘કૈવલ્ય પામી સિદ્ધશે’
તે ‘દાનમુનિ’ને વંદના શિવશર્મને જે સાધશે.



**• પ્રશસ્તિ •**

**‘સુવર્ણ’** દિવસે સ્વર્ણક્ષણમાં ભાવ સ્વર્ણિમ જાગતા,
પામી **કૃપા ‘ગુણરત્નની’** સાધી છે આજે **સફલતા,**
ભવકોટિ દુર્લભ **‘સદ્‌ગુરુ’** સૂરિ **‘પુણ્યયશ’**ની સંગતા,
‘‘સેવક **બાલમુનિ**’’ કહે સહુ જીવ પામો **‘‘સિદ્ધતા’’.**









# ‘‘બાલમુનિ’’નું પવિત્ર ‘‘સમતામય’’ જીવન દર્શન

**રચયિતા : મુનિ શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.**

(**રાગ :** સોના રુપાને કલશે પ્રભુને નવરાવો હર્ષે...)

‘‘સંયમ જીવન’’નો સાર પામ્યા છે આ અણગાર, **‘‘આનંદ, સમાધિ-મૃત્યુ ઉપશમ, દયા-ગુણસાર’’**
આ મુનિવર તો સૌના પ્યારા છે શાસનના સિતારા છે...

ભરતક્ષેત્રમાં પંચમકાલે પુણ્યભૂમિ અવતાર... ‘‘બાલવય’’ ભવસાગર તરવા પામ્યા સુસંસ્કાર...
તારક સદ્‌ગુરુ મલિયા સવિ મનના મનોરથ ફલિયા, ‘‘સંયમ વિરતિ’’ મન ગમિયા સંસારથી ચિત્ત હલિયા...
**આ મુનિવર તો... ૧**

માતપિતા અનુરાગ તજીને છોડ્યો આ સંસાર, ‘‘ગુરુયશો’’ના ચરણ કમલમાં મૂકીને અહંકાર...
સ્વાધ્યાય સંયમ સેવા સદ્‌ગુરુ આણાએ કરતા, પરિષહ કષ્ટોને સહતા આતમને નિર્મલ કરતા...
**આ મુનિવર તો... ૨**

અણુ અણુમાં તત્ત્વજ્ઞાનનો બોધ ધરીને સાર, સુખ-દુ:ખમાં સમભાવે રહ્યા જિનશાસન શણગાર,
ગુરુ આદેશો શુભપાલી આતમશક્તિ અજુવાલી, દેહમમતાથી મતિ ટાલી સ્વાધ્યાયમાં જીવન ગાલી...
**આ મુનિવર તો... ૩**

અઠ્ઠમ તપના નિત્યતપસ્વી **‘‘ગુરુપુણ્યરત્નસૂરિ’’** શોભે, સૂક્ષ્મસંયમી આગમજ્ઞાની **‘‘ગુરુ યશોરત્નસૂરિ’’** શોભે,
ઉલ્લાસ ધરીને ભક્તિ કરતા ગુરુગુણમાં મન લોભે, ‘ઉપશમભાવે’ નિત રમતા, ‘કષાયદોષ’ને તજતા...
દુર્જય ઈંદ્રિય મન દમતા, તપત્યાગ ધર્મને ભજતા...
**આ મુનિવર તો... ૪**

સંયમ રાજે રાજા થઈને શાસન કરતા જ્યારે, પૂર્વભવનો શત્રુ થઈને આવી અશાતા ત્યારે,
જિનવાણી અમૃત પીતા ભવભ્રમણથી અતિ બીતા, થઈ ‘‘પ્રસન્ન દુ:ખમાં જીતા’’ ‘‘સાધી સમાધિને જીતા’’
**આ મુનિવર તો... ૫**

ક્રૂર કર્મોના તીવ્રવિપાકે કાયા દુર્બલ ભારે, ખેદ નહિ ફરિયાદ નહિ પણ સમતા ધરવી મારે,
કાયાની માયા છોડી પ્રભુ ભક્તિમાં મન જોડી, ભવોભવના બંધન તોડી **‘‘આત્મા’’** શિવગતિ એ દોડી...
**આ મુનિવર તો... ૬**

॥ उवसमसारं खु सामण्णं ॥
॥ ''समताधारी बालमुनिराज'' श्री दानरत्नविजयाय नमो नमः ॥

# સમતાના સાગર દાનમુનિવર

રચયિતા : મુનિ શ્રી હિરણ્યરત્નવિજયજી મ.સા.

(રાગ : સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરે જે જોગી... )

''ઉપશમ-ગુણ''ના જે રાગી, ''પ્રસન્નમુખી'' ને વૈરાગી,
સરાગ-સંયમે ધૂન લાગી, વિનયીને ગુરુગુણરાગી...
ગુણીજન ! મુનિવરને વંદો, ગુણીજન ! મુનિવરને વંદો... ૧

ગુણીજન ! મુનિવરને ધ્યાવો, ગુણીજન ! મુનિવરને ધ્યાવો,
''સમતારસ'' ચિત્તે લાવો, ભવસાગર પાર ને પાવો...

બાલપણે ગંભીરતા શોભે, પરનિંદાથી મન થોભે (૨),
''ગુરુભક્તિ''માં મન લોભે, સ્વાધ્યાય સંયમથી શોભે... ગુણીજન ! ૨

નિજદૂષણ ને પરિહરતા, શ્રદ્ધાગુણને જે ધરતા (૨),
રોગપરિષહને બહુ સહતા, મહામોહકર્મને દહતા... ગુણીજન ! ૩

ન્યાયતર્કશાસ્ત્ર દઢ ભજતાં, પણ ''ગર્વ'' કદી નવિ કરતા (૨),
ગુરુ આણાએ નિત્ય રહતા, ''સંતોષસુખ''ને વહતા... ગુણીજન ! ૪

મીઠી વાણીએ સહુને બોલાવે, ''સ્મિતમુદ્રા'' મન હરખાવે (૨),
મૈત્રી-પ્રમોદ ચિત્ત લાવે, બહુમાનથી પ્રભુગુણ ગાવે... ગુણીજન ! ૫

''પ્રશમરસમાં નિત રાજે'' તત્ત્વશ્રવણે સુરુચિ છાજે (૨),
શાસને મહાયશ ગાજે, ''વંદુ તે બાલમુનિ આજે''... ગુણીજન ! ૬

''સમતા તેજે ઝળહળતા'' શુભધ્યાનથી કર્મને દળતા (૨),
અંતિમશ્વાસે પણ હસતા, ''જે **ભાવસમાધિએ** વસતા''... ગુણીજન ! ૭

''**પુણ્યવંત**'' તે સદ્‌ગુરુરાયા, યોગ-ક્ષેમ કરી ''**યશ**'' પાયા (૨),
અંતિમ સમાધિ વરાયા, દેવલોકે ગયા ઋષિરાયા... ગુણીજન ! ૮

પામી ''ગુરુકૃપા'' સવાયા, આતમવિકાસને પાયા (૨),
''**મુનિદાને**'' મોહ હરાયા, ''શાશ્વત આનંદ પદ પાયા'' ગુણીજન ! ૯



''સમાધિસૂત્ર'' - જે થાય તે સારા માટે, દેહમાં રોગ છે સહન કરી કર્મ ખપાવશું...
દેહ નિરોગી છે સુંદર આરાધના કરશું...

# બાળમુનિની *Diary*માં સ્વહસ્તે લખેલી પ્રાર્થનાઓ...

હે પ્રભુ! આ આપની નિગ્રહ નહીં પણ અનુગ્રહ કૃપા જ છે, આ પરિસ્થિતિ સર્જાઇ અને આવા બે મહાન ગુરૂદેવોનો અંદરનો પ્રેમ માણવા મળ્યો, અન્ય વિશિષ્ટ મહાત્માઓનો અંતરના આશીર્વાદ - આશીર્વચનો મળ્યા, પૂજ્ય ગચ્છાધિપતિ - જયસુંદરસૂરિજી - રત્નસુંદરસૂરિજી - રાજહંસ સૂરિજી આદિ સ્વ-પર સમુદાયના મોટા ② આચાર્યો - તથા મહાત્માઓનો અંતરનો પ્રેમ માણવા મળી રહ્યો છે. હે પ્રભુ! આ તારી અનંત કરૂણા-પ્રેમ છે. કષ્ટ સહન કર્યા વગર તો પ્રભુ! આપનેય કેવળજ્ઞાન મળ્યું નથી આપને કષ્ટ ઓછા પડ્યા માટે આપ તો અનાર્ય દેશમાં સામેથી કષ્ટો વેઠવા ગયા. માટે કષ્ટો એ ખરેખર દુઃખ નથી પણ કર્મો દૂર કરવાનું તથા કેવળજ્ઞાનની નજીક જવાનું અમોઘ બાણ છે.

હે પ્રભુ ખરેખર આપની આ કેવી અનહદ કરૂણા છે, ---- કર્મસત્તાએ આ કર્મનો ઉદય આપ્યો પણ એની સામે સતત આટલા બધા મહાત્માઓ નો પ્રેમ; તેમના હિતવચનો, આચાર્યભગવંતોની વાચના - હિતવચનો - પ્રેમ આપ્યો જેના પ્રતાપે મને સાક્ષાત્ સમાધિ નું પ્રદાન કર્યું. જો સંસારમાં હોત તો મારા ભુક્કા નીકળી જાત કેવા આર્તધ્યાન માં હોત, પ્રભુ! બસ એક જ પ્રાર્થના કરૂં છું કે ગમે તેવા દુઃખમાં સમાધિ ટકાવી શકું એ માટે ની જાગૃતિ રહે અને એ જાગૃતિ સમ્યગ્ દર્શન વિના નહીં જ મળે માટે પ્રભુ! મને સમ્યગ્ દર્શન રૂપી રત્ન આપજો બસ એ રત્ન આવ્યું એટલે આપ આવ્યા અને આપ મારી સાથે હશો તો ચોક્કસ મને કોઇ પણ અસમાધિમાં નહી લઇ જઇ શકે.

હે પ્રભુ! પેલા પશુઓની તો કેવી ભયાનક સ્થિતિ છે, સામે પોતાનો સાથી જીવતો ચિરાય છે અને ફફડે છે, આ દ્રશ્ય જોઇને એને પણ ચોક્કસ ખબર તો પડી જ ગઇ છે કે ---- મારી પણ આવી જ હાલત થવાની છે, ત્યાં તેને સમાધિ આપનાર કોઇ જ પારેખળો નથી, નથી કોઇ પ્રેમ આપનાર, કે નથી કોઇ આશ્વાસન આપનાર, કરૂણ રૂદન સિવાય એની પાસે કોઇ જ ઉપાય નથી. જ્યારે અહીં તો થોડી ગણી માંદગીમાં આટલા બધા અપવાદોનું સેવન કરીને સમાધિને સાચવવાના પ્રયત્નો કરાય છે. હે પ્રભુ!



## દોષિત ગોચરી વાપરતા પહેલા કરાતી પ્રાર્થના...

1) શિવમસ્તુ... 2) અણુપરમાણુ... 3) ખામેમિ સવ્વજીવે...

4) ઓ અરીહંત! મિચ્છામિદુક્કડમ્ 3 વાર

5) 3 નવકાર

6) હે પ્રભુ! આ દેહની કાળજી માટે હમણાં મારે દોષિત ગોચરી વાપરવી પડે છે આપ એવી કૃપા વરસાવો કે જલ્દીમાં જલ્દી હું પણ બધા મહાત્માઓની જેમ નિર્દોષ ગોચરી વાપરું અને સંયમ જીવનને શુદ્ધ બનાવુ

7) હે વનસ્પતિના જીવો તમે તમારાં જીવનનું બલિદાન આપીને મારા દેહની પુષ્ટિ કરો છો, તે બદલ તમારો ખુબ ② આભાર. આપને મારા માટે પોતાનું જીવન સમર્પણ કરવું પડ્યું એ બદલ આપને મારા હૃદયથી વારંવાર મિચ્છામિદુક્કડમ. મને માફ કરજો.

## પોતાની જાગૃતિ માટે કરેલી નોંધ...

આપણા માથે Death નક્કી છે પણ Date નક્કી નથી.

ઇચ્છા જેવો દુનિયામાં કોઇ રોગ નથી. ઇચ્છા જેવું કોઇ દુઃખ નથી. ઇચ્છા જેવું કોઈ પાપ નથી.

ગાંઠનું વરસ જાય તેનું નામ વરસગાંઠ.

જ = જન્મ [પછી] ન = નક્કી મ = મરણ ⇒ જનમ

દેહવિલય થાય તે પહેલાં દોષવિલય થવો જરૂરી છે.

દોષવિલય વિનાનો દેહવિલય દુષ્ટ મૃત્યુ છે.

દુનિયામાં 3 વસ્તુ ક્યારેય કોઇની રાહ નથી જોતું

1) સમય 2) ગ્રાહક 3) મૃત્યુ

વ્યક્તિએ સદ્ધ્યાનમાં રહેવા માટે સત્પ્રવૃત્તિની જરૂરત છે, અને એથીય વધુ સત્પરિણતિની અનિવાર્યતા છે.



વ્યાધિ તનથી ન ખસે,

મનમાં સમાધિગાન...

પ્રસન્નતા મુખ પર વસે,

તેનું નામ છે

“દાન”

Created by :
Kirit B. Vadecha
✆ 23737600 / 7977406533